# ઉપમિતિ ○ સારોદ્ધાર

ભાગ ૧



# *Upamiti Bhavaprapancha Kathasaroddhar*

**[ Vol. I : Parts 1-2-3 ]**

*by*

## Acharya Shree Devendrasuriji



**Translated in Gujarati**

*by*

## Muni Kshamasagarji

**The disciple of**

**Revered Acharya Shree Kailassagarsuriji**

પ્રકાશક :-
**શ્રી વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક વિદ્યાલય** વતી

અધ્યાપક :-
**જેશીંગભાઈ ચુનીલાલ શાહ**
મુ. પો. શિવગંજ (રાજસ્થાન)

*

અવતરણકાર :-
પરમપૂજ્ય પ્રવચનકાર આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીના શિષ્ય
**મુનિ ક્ષમાસાગરજી**

*

પ્રથમાવૃત્તિ : ૧૨૫૦
વીર સં. ૨૪૯૩
વિક્રમ સં. ૨૦૨૩

*

મૂલ્ય : રૂપીઆ ચાર

*

મુદ્રક :-
**મહેતા અમરચંદ બહેચરદાસ**
શ્રી બહાદૂરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસ
મુ. પો. પાલીતાણા (સૌરાષ્ટ્ર)

પ્રાપ્તિસ્થાનો :-

૧ **શ્રી શાંતિલાલ જગજીવન**
ઠે. માણેકચોક, સાંકડી શેરીના નાકે, યુનાઇટેડ બેંક નીચે,
**મુ. અમદાવાદ**

૨ **સરસ્વતી પુસ્તક ભંડાર**
ઠે. હાથીખાના, રતનપોળ
**મુ. અમદાવાદ**

૩ **રતિલાલ બાહરચંદ શાહ**
ઠે. દોશીવાડાની પોળ
**મુ. અમદાવાદ**

૪ **સોમચંદ ડી. શાહ**
**મુ. પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

૫ **શ્રી વર્ધમાન જૈ. ત. પ્ર. વિદ્યાલય**
મુ.પો. શિવગંજ (રાજસ્થાન)

*

॥ णमो वीयरागाणं ॥

# શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર

નું

## ગુજરાતી અવતરણ

[ ભાગ ૧ :: પ્રસ્તાવ ૧-૨-૩ ]

શેઠશ્રી સુમતિલાલ છોટાલાલના

ધર્મપત્ની

સ્વ. શ્રી શારદાબેન તરફથી ભેટ

અ મ દા વા દ.

: પ્રેરક :

પરમપૂજ્ય શાંતમૂર્તિ આચાર્યદેવશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી
મહારાજના શિષ્યરત્ન ત્યાગમૂર્તિ પંન્યાસપ્રવર

શ્રી મંગળવિજયજી ગણીન્દ્ર

# પ્રકાશકીયમ્

જડવાદના જડબામાં જકડાએલી જનતાને જગાડવા અમારી સંસ્થા પ્રભુશ્રી મહાવીર ભગવંતે પ્રકાશિત કરેલા તત્ત્વોના સાહિત્યને લોકભાષામાં રજુ કરે છે.

આ સંસ્થા પાછળ કોઇ બળ કામ કરતું હોય તો એ છે ત્યાગમૂર્તિ પન્યાસ પ્રવર શ્રી મંગળવિજયજી મહારાજના પવિત્ર આશીર્વાદ. એ વિના આ સંસ્થા જ્યોતિ વિહૂણા દીપક જેવી હોત.

એ સ્વનામધન્ય પુરૂષે અમને રાહ ચિંધ્યો. અમે એ સ્વીકાર્યો, એટલે આટલું કાર્ય થઈ શક્યું છે. શ્રી ઉપદેશ પ્રાસાદ ભાગ ૫ હિન્દી, શ્રી શાન્તસુધારસ ભાગ ૨ ગુજરાતી અને ઉચ્ચપ્રકાશના પંથે પ્રકાશિત કર્યા બાદ એ ગુણશીલ ગુરુદેવે મુનિવરશ્રી ક્ષમાસાગરજી દ્વારા અવતરણ કરાવી આપેલ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધારને ત્રણ ભાગમાં આ સંસ્થા રજુ કરે છે.

પૂ. અવતરણકાર મુનિની અમે અનુમોદના કરીએ છીએ, સાથોસાથ પ્રથમ ભાગમાં નિષ્કામભાવે અવિરત સેવા અર્પનારા સુશ્રાવક શ્રી ચિમનલાલ જેચંદભાઇ અમદાવાદવાળાની પણ અનુમોદના કરીએ છીએ.

આ પ્રકાશનમાં ક્યાંય ક્ષતિ જણાય તો એની જાણ કરવા આપને વિનંતિ કરીએ છીએ. જેથી દ્વિતીયાવૃત્તિમાં એનું પરિમાર્જન થઈ શકે.

જૈન તત્ત્વજ્ઞાનનું સાહિત્ય પ્રકાશિત કરવાનું અમને નીતિપૂર્વકનું બળ મળો એ જ મુનિભગવંતોના આશીર્વચનને અમે ઇચ્છીએ છીએ.

વિ. સં. ૨૦૨૩ — લી. અધ્યાપક
ભાદરવા વદ ૧૨ — જેશીંગલાલ ચુનીલાલ શાહ



આચાર્ય વિજય નીતિસૂરીશ્વરજીના પટ્ટાલંકાર આચાર્ય
**વિજય હર્ષસૂરીશ્વરજીના શિષ્યરત્ન પંન્યાસ મંગલવિજય ગણીવર**




વિવેચન કર્તા મુનિ ક્ષમાસાગરજી

# અર્ઘ્ય

જે મહાત્મા પુરૂષે મને
આ ગ્રન્થરત્નના
અવતરણનો સન્માર્ગ ચિંધ્યો
એ
મંગળમૂર્તિ પન્યાસવરિષ્ઠ
**શ્રી મંગળવિજય મહારાજના**
કરકમલોમાં
ભાવભીની સ્નેહાંજલિરૂપે
અર્ઘ્ય ધરું છું.

ભવદીય
**ક્ષમાસાગર**



# શ્રી શ્રુતજ્ઞાન ભક્તિનો લાભ લેનારા મહાનુભાવોની
# શુભ નામાવલી

★

| | નામ | ગામ |
|---|---|---|
| ૫૦૦) | શાહ મૂળચંદ હરિલાલ જૈન | મુંબઇ |
| ૩૫૦) | શેઠ જેશીંગભાઈ કાલિદાસ ચેરીટી ટ્રસ્ટ | અમદાવાદ |
| ૩૦૦) | શાહ માણેકચંદ ખેમચંદ તથા<br>હુખમચંદ ખેમચંદના સુપુત્રો | વિહાર (વિજાપુર) |
| ૨૦૦) | સંઘવી વોરીદાસ પ્રતાપજી | વાંકલી |
| ૨૦૦) | શાહ સરદારમલજી જુહારમલજી | પાદરલી |
| ૧૭૫) | શાહ ત્રીકમચંદ હીરાચંદ | બેલગામ |
| ૧૭૫) | શાહ મનુભાઈ ભોગીલાલ | ગોધાવી |
| ૧૭૫) | શાહ સુમતિલાલ છોટાલાલ | અમદાવાદ |
| ૧૭૫) | શાહ ગીરધારીલાલ પ્રેમચંદ | બેડા (રાજસ્થાન) |
| ૧૭૫) | શાહ બાબુલાલ ખુમાજી | તખતગઢ |
| ૧૭૫) | શાહ કાનજી ભીમશી તથા લાલજી કુરપાર | તગડી (કચ્છ) |
| ૧૨૦) | શાહ ભીમરાજ હંસરાજ | વાસા |
| ૧૦૦) | શાહ કુંટરમલ હીરાચંદ | ચાંદરાઈ |
| ૫૦) | શાહ નંદલાલ મોહનલાલ ફોજદાર | અમદાવાદ |

★



શેઠશ્રી સુમતિલાલ છોટાલાલના ધર્મપત્ની

**સ્વ. શ્રી. શારદાબેન**

અમદાવાદ.

## સ્વ૦ શ્રી શારદાબેન

સ્વર્ગસ્થ શ્રી શારદાબેનનો જન્મ વિક્રમ સંવત ૧૯૭૩ ના કારતક શુદ પાંચમના રોજ બારેજા ખાતે થયો. પિતાજીનું નામ શ્રી ત્રીકમલાલ વાડીલાલ અને માતાજીનું નામ શ્રી ચંપાબેન હતું. માતાજી શ્રી ચંપાબેનનું અવસાન ઘણી જ નાની ઉંમરે એટલે ૩૩ વર્ષની ઉંમરે થએલું. તેઓ ધનપીપળીની ખડકી મદન ગોપાળની હવેલી, રાયપુરમાં રહેતાં હતાં. પિતાજી શ્રી ત્રીકમલાલ ૬૪ વર્ષની ઉંમરે અવસાન પામ્યા હતા.

શ્રી શારદાબેનનું લગ્ન સ્વ૦ શ્રી છોટાલાલ રવચંદ અમદાવાદ, રાયપુર, વાઘેશ્વરની પોળમાં રહેતા. તેમના નાના પુત્ર શ્રી સુમતિલાલ સાથે થયા. સંસારી અનેક કષ્ટો હોવા છતાં શ્રી શારદાબેન ધર્મિષ્ઠ, પરગજુ હ્રુદયના સરળ અને દયાળુ હતા. તેઓ શાંતિથી ધર્મકાર્ય કરતા અને દરેક પર્વતિથિએ ઉપવાસ, એકાસણા, બિયાસણા આદિ તપ બની શકે તે મુજબ હંમેશ કરતા.

પરન્તુ સંસારમાં હંમેશાં કસોટી હોય જ છે, તે મુજબ શારદાબેનની તબિયત લથડી અને માંદગી લંબાઇ તો પણ તેઓ ઉપવાસ એકાસણા વિગેરે નિત્ય

## તૃતીય પ્રસ્તાવ

| | | પૃષ્ઠ |
|---|---|---|
| તૃતીય પ્રસ્તાવના પાત્રો | ... ... ... | ૧૧૮ |
| પ્રકરણ પહેલું નંદિવર્ધન | ... ... ... | ૧૨૩ |
| પ્રકરણ બીજું સુધારનો ઉપાય | ... ... | ૧૪૪ |
| પ્રકરણ ત્રીજું સ્પર્શન કથાનક | ... ... | ૧૫૨ |
| પ્રકરણ ચોથું સ્પર્શનની યોગશક્તિ | ... ... | ૧૭૭ |
| પ્રકરણ પાંચમું મધ્યમબુદ્ધિ અને મિથુન યુગલ | ... | ૧૮૯ |
| પ્રકરણ છઠ્ઠું બાળની વિડંબનાઓ | ... ... | ૨૧૪ |
| પ્રકરણ સાતમું આચાર્યશ્રી પ્રબોધનરતિજી ... | ... | ૨૫૦ |
| પ્રકરણ આઠમું મનીષીકુમાર વિગેરેનું અભિનિષ્ક્રમણ | ... | ૨૭૭ |
| પ્રકરણ નવમું કનકશેખર | ... ... ... | ૩૧૧ |
| પ્રકરણ દસમું યુદ્ધમાં વિજય અને વિવાહ | ... | ૩૩૭ |
| પ્રકરણ અગ્યારમું વિજયપતાકા | ... ... ... | ૩૭૦ |
| પ્રકરણ બારમું વિધિની વક્રતા | ... ... | ૩૮૨ |
| પ્રકરણ તેરમું મહારાજા અરિદમન | ... ... | ૪૦૪ |
| પ્રકરણ ચૌદમું ઉપસંહાર | ... ... ... | ૪૨૩ |

# નિવેદન

શ્રી સર્વજ્ઞ જિનેશ્વર પ્રભુના શાસનમાં પ્રભાવક મહાપુરૂષો સિદ્ધાન્તના તત્ત્વોને વિશ્વના ઉદ્ધાર માટે ઉચ્ચ કોટીના ગ્રંથોમાં ગૂંથી પરમ તારક બન્યા છે. શ્રી ઉમાસ્વાતિજી રચિત "તત્ત્વાર્થાધિગમ સૂત્ર" અને ચિરંતનાચાર્ય રચિત શ્રી "પંચસૂત્ર" ગ્રંથો છે. આ ગ્રંથોમાં તત્ત્વ ઘણું સમાએલું છે.

એ રીતે શ્રી સિદ્ધર્ષિ ગણી દ્વારા વિરચિત શ્રી "ઉપમિતિ ભવપ્રપંચા કથા" ગ્રંથ પણ અગાધ છે. એ દુષમ કાળમાં પણ સુષમ કાળના સમયના સ્વાદને ચખાવે છે.

આ ગ્રંથ કથાનુયોગનો હોવા છતાં, એમાં દ્રવ્યાનુયોગનું સુંદર વર્ણન, શબ્દોની વ્યાખ્યા, કથાની રસધારા છે. આ ગ્રંથ જૈન અને જૈનેતરોમાં પણ સુપ્રસિદ્ધિને વરેલો છે. આ ગ્રંથ સોળ હજાર શ્લોકના પ્રમાણનો છે. આચાર્ય દેવેન્દ્રસૂરીશ્વરજીએ એમાં સંક્ષેપ કરી "ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર" ગ્રંથ રચ્યો. એનું પ્રમાણ છ હજાર શ્લોક જેટલું છે. એ દ્વારા "ટુંકું ને ટચ" જાણવાની ઇચ્છાવાળા ભવ્યો ઉપર સુંદર ઉપકાર કર્યો ગણાય.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજકૃત "વૈરાગ્ય કલ્પલતા" ગ્રંથ પણ પ્રસ્તુત ગ્રંથનું રૂપાંતર છે. શ્રી "ભુવનભાનુ કેવલી"

ચરિત્રમાં પણ આની ઘણી છાયા દેખાય છે. શ્રીયુત્ મોતીલાલ ગીરધરચંદ કાપડીયાએ ઉપમિતિ ગ્રંથ ઉપર સુંદર અને સરલ વર્ણન કર્યું છે.

જૈનેતરોમાં શ્રી હર્મન જેકોબી અને પીટરસન જેવા પાશ્ચાત્યોએ આ ગ્રંથની મુક્ત કંઠે પ્રશંસા કરી છે, એ વિદ્વાનો પણ આ રચના માટે મસ્તક નમાવે છે.

આજના યુગમાં જીવન જીવી રહેલો અને ભરપૂર ઉપાધિમાં અટવાઈ ગયેલો માનવ એ મહાગ્રંથોને સ્વતઃ વાંચે એ શક્ય નથી. કદાચ વાંચવા જાય તો એને રસ ન આવે, કાં સમજાય નહિ. એટલા ખાતર "ઉપમિતિ ભવ પ્રપંચા કથા સારોદ્ધાર" ઉપર ગુજરાતી અવતરણ લખાવવાની ભાવના થઈ. એ અવતરણ કરવું મારે માટે અશક્યપ્રાય હતું.

એ કાર્ય કોને સોંપવું ? આમાં ઘણો સમય ગયો. સંવત ૨૦૨૦ નું ચાતુર્માસ અમારૂં સિદ્ધક્ષેત્રની છત્રછાયામાં થયું. ત્યાં એ વર્ષે શાસનરાગી શાન્તમૂર્તિ ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી મહારાજ પણ ચાતુર્માસ હતા. એમના શિષ્ય મુનિ શ્રી ક્ષમાસાગરજી મહારાજને મેં આ કાર્ય કરવા જણાવ્યું. એમણે જીવનમાં વિશિષ્ટ લેખનકાર્ય કરેલ નહિ એટલે કાર્ય સ્વીકાર માટે સંકોચ અનુભવતા હતા. છતાં મારી લાગણી એમણે સ્વીકારી અને અવતરણ લખવાનું કાર્ય ચાલુ કર્યું.

અવતરણ શાસ્ત્ર રહસ્યજ્ઞ ઉપાધ્યાયજી શ્રી કૈલાસસાગરજી મહારાજે વાંચ્યું અને યોગ્ય પણ લાગ્યું એટલે છપાવવાનો નિર્ણય કર્યો જો કે ધાર્યા કરતાં અવતરણનું કદ મોટું થયું પણ સરસ હોવાથી તેમજ સંક્ષેપ કરવામાં પાછો ઘણો સમય આપવો પડે અને એમ કરવા

જતાં રસધારા તૂટવાની આછી આછી સંભાવના જણાતી હતી, એટલે એ અવતરણ મુદ્રિત કરવાનું નક્કી કર્યું.

મૂળ ગ્રંથકારે કથાપાત્રો અને કથાઓનો ભાવ એટલો સરસ આલેખ્યો છે કે જેને વાંચતા આપણું હૈયું ડોલી ઉઠે. પ્રથમ પ્રસ્તાવમાં નિષ્પુણ્યક દ્રમકની વાત વાંચીએ ત્યારે આપણને આપણો આત્મા કેવો દ્રમક છે એનો ખ્યાલ આવી જાય છે. બીજા પ્રસ્તાવમાં આત્મા નિગોદથી નીકળી કયા ક્રમે ઉન્નતિ પામે છે. એની વિગત રમૂજી ભાષામાં લખી છે. અને ત્રીજા પ્રસ્તાવથી હિંસા–વૈશ્વાનર–સ્પર્શનાદિને લગતી વાતો ચાલુ થાય છે.

ચોથા પ્રસ્તાવનું તત્ત્વજ્ઞાન એટલે કર્મસાહિત્યનો ભંડાર. મોહાદિ આઠ રાજવીઓ એ મોહનીયાદિ કર્મોના પ્રતીકો બતાવી ગ્રંથકારે પોતાની શક્તિનો અપૂર્વ પરિચય બતાવ્યો છે. પાંચમા–છઠ્ઠા–સાતમા પ્રસ્તાવ સુધી સંસારભ્રમણનું ભાન કરાવી આઠમા પ્રસ્તાવમાં આત્માની સિદ્ધ દશાનો ખ્યાલ અને પ્રાપ્તિ એ ખૂબ મજેદાર છે.

આ રીતે આઠ પ્રસ્તાવોમાં જીવ નિગોદથી નીકળી મોક્ષે જાય ત્યાં સુધી સ્વચ્છ (યથાર્થ) ઇતિહાસ રજુ થાય છે. આ ગ્રંથ ખરી રીતે આત્મદર્શનનો નિર્મળ આરીસો છે. એમાં આપણા જીવનની અવનતિ અને ઉન્નતિનો ઇતિહાસ પ્રતિબિંબિત થએલો જણાય છે. આત્માની વિભાવદશામાં થતાં મનોવિકારો, કષાયો, તૃષ્ણાઓ અને એના કારણે થતી યાતનાઓ વિગેરે હૂબહૂ જણાવ્યા છે.

આ ગ્રંથના અવતરણનું કાર્ય વડિલોના આશીર્વાદના કારણે મુનિ ક્ષમાસાગરજીએ પૂર્ણ કર્યું છે, એ અનુમોદનાપાત્ર છે સાથે એઓને અનેક આવા શાસનની સેવાના અને સુરક્ષાના કાર્યો કરવાનું બળ મળે એવી ભાવના રાખું છું.

આ ગ્રંથની ઉપયોગિતા અને લોકપ્રિયતા કેવી બને છે, એનો ખ્યાલ અમૂક સમયના વહી ગયા પછી આવશે.

કથાનુયોગની ઉપયોગિતા, આર્ય સાહિત્યકારો અને આર્ય સાહિત્યની ઉચ્ચતા, મૂળ ગ્રંથની ઉપાદેયતા વિગેરે બાબતો ઉપર અવતરણકારે પ્રસ્તાવનામાં ઘણો પ્રકાશ પાડેલો છે એટલે અત્ર વધુ લખતો નથી. ગચ્છમાં વ્યવસ્થા અને સંરક્ષણની ઘણી જવાબદારીઓ હોવાથી વિશેષ લખવા માટેનો બહોળો સમય પણ નથી.

અંતમાં મરુધરની ભૂમિ ઉપર શાસનરત્ન શ્રી ગોમરાજજી ફતેચંદજી સંઘવી આદિ પુણ્યવાનો દ્વારા શિવગંજમાં સંસ્થાપિત "શ્રી વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક વિદ્યાલય" દ્વારા અનેક અભ્યાસીઓ તૈયાર કરાય છે તેમજ ધર્મશ્રદ્ધાનાં હેતુભૂત–વૈરાગ્યમય તત્ત્વજ્ઞાનના ગ્રંથો પણ પ્રકાશિત થાય છે.

ઉપદેશપ્રાસાદ ગ્રંથનો હિન્દી અનુવાદ કરાવી પાંચ ભાગો બહાર પાડયા. શ્રી મો. ગી. કાપડીયાના વિવેચનવાળા શાન્ત સુધારસનું તૃતીય મુદ્રણ કરાવ્યું. પંચસૂત્રનું (ઉચ્ચ પ્રકાશના પંથે) પુસ્તક દ્વિતીય આવૃત્તિમાં છપાવ્યું. અને આ શ્રી "ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર" અવતરણને ત્રણ ભાગમાં પ્રકાશિત કરે છે. એટલે ભવ્યાત્માઓને મુમુક્ષુ કરવા અને જૈનશાસનમાં જ્ઞાનપ્રભાવનાની લાગણી માટે આ સંસ્થાના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે.

આ સંસ્થા ઉત્તરોત્તર સારા તત્ત્વજ્ઞાનના સારા પુસ્તકોને પ્રકાશિત કરે, એ જ શાસનદેવ પ્રતિ અભ્યર્થના.

વિક્રમ સં. ૨૦૨૩
શ્રાવણ વદ ૧૨
લુહારની પોળ, જૈન ઉપાશ્રય
અમદાવાદ

લી૦
પં૦ મંગળવિજયજી ગણી.

" णमो वीयरागाणं "

# પ્રસ્તાવના

પરમ તારક શ્રી જિનાગમમાં ચાર અનુયોગ આવેલા છે. એમાં કથાનુયોગ એક વિશિષ્ટ અનુયોગ છે કે જે મહાબુદ્ધિધનોને અને સામાન્યબુદ્ધિવાળાઓને પણ પરમ ઉપયોગી બને છે. કથાનુયોગ ઘણાંને ધર્મમાં જોડવા દ્વારા ચરણકરણાનુયોગનું સાધન બની જાય છે.

અનુયોગની સંખ્યા ચારની છે.

૧ દ્રવ્યાનુયોગ—ષડ્દ્રવ્ય, નય, નિક્ષેપાદિ તત્ત્વજ્ઞાનની મુખ્યતા રાખતા ગ્રંથો. શ્રી સમવાયાંગ સૂત્ર વિગેરે.

૨ ગણિતાનુયોગ—ગણિત વિષયક ભૂગોળ ખગોળ સંબંધી માહિતી આપતા ગ્રંથો. ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ વિગેરે આગમગ્રંથો.

૩ ચરણ–કરણાનુયોગ—આચાર પ્રધાન માહિતીવાળા ગ્રંથો. શ્રી આચારાંગસૂત્ર, શ્રી દશવૈકાલિકસૂત્ર વિગેરે આગમગ્રંથો.

૪ ધર્મકથાનુયોગ.—મોક્ષગામી આત્માઓની સંવેગજનક કથાઓ અને નરકાદિગામી આત્માઓની નિર્વેદવાહી કથાઓ પ્રધાન ગ્રંથો. શ્રી જ્ઞાતાધર્મકથાંગ, શ્રી વિપાકસૂત્ર વિગેરે આગમગ્રંથો.

આજે તેમજ પૂર્વકાળે ધર્મકથાનુયોગનું મહત્વ કે પ્રભુત્વ રહેતું આવ્યું છે. એ દ્વારા મોક્ષમાર્ગી જીવનો વિકાસ થતો જોવાય છે.

રાજગૃહી નગરીના પ્રજાજનો સુજ્ઞ હતા. છતાં ચૈત્રમાસની નવપદજીની શાશ્વતીઓળીની આરાધના કરાવવા પરમ તારક પ્રભુ

મહાવીર ભગવંતની ભવતારણી આજ્ઞાથી શાસનશિરચ્છત્ર શ્રી ગૌતમગણધર ભગવંત પધાર્યા.

શ્રી ગૌતમ ગણધર ભગવંતે શ્રી નવપદજીનું માહાત્મ્ય સુમધુર અને હૃદયંગમ શૈલિમાં વર્ણવ્યું. અન્તમાં કહ્યું કે હે ભવ્યજીવો! જે રીતે શ્રી શ્રીપાળ મહારાજા અને શ્રી મદનાસુંદરીએ નવપદની પરમશ્રેષ્ઠ અને પ્રણિધાન પૂર્વકની આરાધના કરી એમ મુમુક્ષુઓએ પણ સાત્વિક આરાધના કરવી જોઈએ.

આ વખતે મગધ સમ્રાટ્ શ્રી શ્રેણિક મહારાજાએ વિનંતિ કરી કે હે પ્રભો! શ્રી નવપદની આરાધના કરનારા એ મહાભાગ રાજવી શ્રી શ્રીપાળ અને વડભાગી મહારાણી મદનાસુંદરી કોણ હતા? એમની વિશિષ્ટ આરાધના કેવી હતી? એમનું ઉદાહરણ આપ અમને જણાવો.[1]

આ સ્થળે શ્રી ગૌતમ ગણધર ભગવંત એ કથાનક સવિસ્તર જણાવે છે. આવા દૃષ્ટાન્તો, કથાનકો જૈન ઉપદેશ ગ્રંથો કે કથાગ્રંથોમાં ઘણા સ્થળે જોઈ શકાય છે.

આ પદ્ધતિના દૃષ્ટાન્તો શ્રી જિનાગમો અને જૈન ઉપદેશ કથાગ્રંથોમાં સ્થળે સ્થળે ઉપલબ્ધ થતાં જોઈ શકાય છે. "નગરના બાહ્ય ઉપવન કે ઉદ્યાનમાં કોઈ પરમતારક ચતુર્જ્ઞાની, ત્રણજ્ઞાનધારી કે વિશિષ્ટશ્રુતસંપન્ન મુનિભગવંત પધાર્યા અને સંવેગમય દેશના આપી. એમાં શ્રોતાઓને સરલ સમજૂતિ માટે એક આદર્શ દૃષ્ટાન્ત આપ્યું."

---

[1] तो पुच्छइ मगहेसो, को एसो मुणिवरिंद ! सिरिपालो ? ।
कह तेण सिद्धचक्कं, आराहिय पावियं सुक्खं ॥ ३५
तो भणइ मुणी, निसुणसु नरवर ! अक्खाणयं इमं रम्मं ।
सिरि-सिद्ध चक्क माहप्प सुंदरं परमचुज्जकरं ॥ ३६

[ सिरिसिरिवालकहा ]

જ્ઞાનપંચમી, મૌન એકાદશી, રોહિણી વિગેરે ઉપદેશક ગ્રંથોમાં આવી કથા પદ્ધતિ જોઈ શકાય છે.

કહેવાનો ભાવ એજ છે કે કથાનું પ્રભુત્વ નાના નાના ભુલકાંઓથી લગાવી સુજ્ઞ અને વૃદ્ધ વ્યક્તિઓના જીવનમાં પણ હોય છે. કથા વાંચતાં અન્ય ચિત્ત થતું નથી. માનસિક નિયંત્રણ સ્વતઃ અલ્પ પરિશ્રમે એ સમયે થતું અનુભવાય છે,

આ ગ્રંથ પણ એક કથાગ્રંથ છે, છતાં બીજા કથાગ્રંથ કરતાં આમાં વિશેષ વિશિષ્ટતાઓ જોવા મળે છે. આ કથા રૂપકકથા છે, છતાં એમાં આવતી દરેક ઘટનાઓ દરેકના જીવનમાં કયારેને ક્યારે સ્પર્શી ચૂકેલી હોય છે. કેટલી ઘટનાઓ વર્તમાન સમયમાં પણ આપણા સૌના જીવનમાં અનુભવાતી હોય છે. આ તથ્ય વાચક સૂક્ષ્મબુદ્ધિથી વિચારશે તો એને સ્વતઃ જણાઈ જશે.

ઉપમાન કથાગ્રંથને આવી આગવી ખૂબીથી હજુ સુધી કોઈ આલેખી શકયું હોય એ જાણી શકાયું નથી. કાલ્પનિક કથાગ્રંથો ઘણા છે. પણ ઉપમા છતાં સ્વાનુભૂતિમાં આવે, એમ ઉભય ગુણયુક્ત કથાના દર્શન થવાં દુર્લભ છે.

આ ગ્રંથ રૂપકકથાનો હોવા છતાં એમાં ખૂબીથી તત્ત્વજ્ઞાન વણી લેવામાં આવ્યું છે. સ્પર્શનાદિ પાંચ ઈન્દ્રિયો, ક્રોધાદિ કષાયોની ભયાનકતા, કર્મવાદ, એના બાહ્ય–આંતર પાત્રો, મનોવિકારો, વિશ્લેષણ; યોગ્યસંયોજના, રોચકશૈલીથી લેખન આ વિગેરે બાબતો ગ્રંથકાર પ્રતિ નતમસ્તક બનાવી દે છે.

મૂળગ્રંથનું નામ શ્રી "ઉપમિતિ ભવપ્રપંચા કથા" છે. અને પૂજ્ય પ્રવર પુણ્ય શ્લોક સિદ્ધહસ્ત કથાકાર મુનિવરેન્દ્ર શ્રી સિદ્ધર્ષિ ગણિવર દ્વારા એ વિરચિત છે. એ ગ્રંથ વિશાળકાય અને

મહદ્ ઉપયોગી છે. ગૌરવભરી સુસંસ્કૃત ભાષામાં કંડારેલો છે. એમની સર્વતો મુખી પ્રતિભાનું એમાં દર્શન થાય છે.

એ મૂળ ગ્રંથ ઉપરથી સિદ્ધહસ્ત સંક્ષિપ્ત અનુકરણકાર પૂજ્યવર આચાર્યદેવશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ટુંકાવીને "ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર" ગ્રંથ બનાવ્યો છે.

ટુંકાવવામાં ટુંકુ છતાં મહત્ત્વનું કારણ પણ એમણે દર્શાવ્યું છે. "संक्षिप्तरुचिर्लोकानामुपकाराय" આજના લોકો સંક્ષેપમાં જાણવાની ભાવનાવાળા છે." "ટુંકું ને ટચ," અને "મીઠું અને મધુરૂં" જોઈએ. આ વાતનો અનુભવ આપણે પણ આજે કરી રહ્યા છીએ. આજના મહાનુભાવો લંબાણને પસંદગી આપતાં નથી.

આ પ્રસ્તુત અવતરણ સંસ્કૃતભાષાના "ઉપમિતિ કથા સારોદ્ધાર ગ્રંથને નજર સમક્ષ રાખી કરવામાં આવ્યું છે".

વિ. સંવત ૨૦૨૦ની સાલમાં શ્રી સિદ્ધગિરિરાજની શીળી છાયામાં ગુરૂદેવશ્રીની નિશ્રામાં ચાતુર્માસ અમારૂં થયું હતું. એ ગિરિવરની નિર્મળ છાયામાં શ્રીઉપમિતિભવપ્રપંચા કથા સારોદ્ધારનું વાચન ચાલુ કરેલું. એ વાચનામાં પ.પૂ. ત્યાગમૂર્તિ ગુણજ્ઞવિજયજી મહારાજ પણ પધારતા હતા.

એમણે પોતાના પમતારક સમ્યગ્રત્નજ્યોતિર્ધર મંગળમૂર્તિ પન્યાસપ્રવર પૂ. મંગળવિજયજી ગણીન્દ્રશ્રીને વિજ્ઞપ્તિ પૂર્વક જણાવ્યું કે આ ગ્રન્થનું વાચન સંવેગ અને નિર્વેદના ભાવોને જાગૃત રાખનારૂં છે. જો આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં અવતરણ આલેખાય તો એ મહાલાભનું કાર્ય બની જશે. અવિરલ ગુણ વિભૂતિ સમા એ ગુરૂદેવને વિનેયની વાત ગમી ગઈ

આ કાર્ય કોને સોંપવું આ એક પ્રશ્ન ઊભો થયો. વિચારણા કરતાં એમની અમીભરી ભાવદષ્ટિ મારા ઉપર સ્થિર થઇ. તાતપાદ સમા પૂજ્યપ્રવર પંન્યાસજી મહારાજે મને એ કાર્ય કરવા જણાવ્યું. વાત સાંભળતા જ હું વિચારમાં ગૂંચાઇ પડયો. મને એવી કલ્પના ન હતી કે આ ગ્રંથ વંચાવતા લેખન કાર્યની વાત રજુ થશે.

નમ્રતા પૂર્વક મેં જણાવ્યું, સાહેબજી! મેં હજુ લેખન વિષયક અભ્યાસ નથી કર્યો. એ માટે સ્વલ્પ પ્રયત્ન નથી કર્યો. વાંચવું વંચાવવું અને લખવું એ ત્રણે ભિન્ન શકિતઓ છે. લખવાનો અભ્યાસ ન હોવાથી લેખનકળાના મંગળપ્રવેશમાં જ આવા ગૌરવભર્યા ગ્રંથ ઉપર લખવું જવાબદારી ભર્યું ગણાય. ભાષાદોષ કરતા શાસ્ત્રાજ્ઞા વિરૂદ્ધ લખાણનો મહાભય આવી પડવાનો સંભવ રહે.

નમ્રતાની એ જીવંતમૂર્તિએ કહ્યું, પુણ્યવાન! તમે ગભરાઓ નહિ. સુપ્રયત્ન કરો. દેવગુરૂની પુણ્ય કૃપાથી સૌ સારાવાના થશે.

આજના વિષભર્યા વિલાસી યુગમાં પણ પૂર્વ મહર્ષિઓના જીવનની વાનગી સમા એ મહાત્મા પુરૂષની આભામાં હું અંજાઇ ગયો. મેં કહ્યું, "આપશ્રીની જેવી આજ્ઞા." એ મહામના પુરૂષની આજ્ઞા પાછી ઠેલવા હું નિર્બળ બની ગયો.

વિજયાદશમીના મંગળદિને એ મંગળમૂર્તિના પવિત્રહસ્તે વાસક્ષેપનો સ્વીકાર કરી આ કાર્યનો પ્રારંભ કર્યો. એમના આશીર્વાદ અને દરેક પ્રકારના સહયોગથી કાર્ય મૂર્તિમંત થતું ચાલ્યું.

લેખનના અભ્યાસનો અભાવ એટલે પ્રથમ પ્રસ્તાવનું અવતરણ જેવું જોઇએ એવું ન બન્યું. એ રહેવા દઇ ફરી લખાણ કરવું ચાલુ કર્યું. કાંઇક ઠીકઠાક થતું લાગ્યું. પુનરપિનો સિદ્ધાંત અપનાવી

તૃતીયવેળા અખેદભાવે લખવાનો પ્રયાસ કર્યો. આ વખતે કાર્ય થઇ શકશે એવી આશા ફલવતી દેખાણી.

ગુણગરિષ્ઠ પન્યાસજી મહારાજની આજ્ઞા પ્રેરણા અને સહયોગ ન હોત તો આ કાર્ય કદાચ મારા આ જીવનમાં કરવા હું ભાગ્યશાળી ન બનત. એ માનવંતા મહાત્માનો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે. એમના ઉપકાર તળે રહેવું એ પણ એક આનંદની અનુભૂતિ કરાવનારી ઘટના છે.

લોકૈષણાની ખેવના નહિ રાખનારા પ. પૂ. આચાર્યભગવંત શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા "ઉપમિતિભવપ્રપંચા કથા સારોદ્ધાર" ગ્રંથના પ્રારંભના શ્લોકોમાં જણાવે છે કે, આ ગ્રંથ પ. પૂ. સિદ્ધર્ષિ ગણી-ન્દ્ર રચિત "ઉપમિતિ ભવપ્રપંચા કથા" ગ્રંથના આધારે લખવામાં આવ્યો છે. એનું અનુકરણ જોઇ શકાશે. કથાપાત્રો એના એજ રાખ્યા છે. કેટલેક સ્થળે એજ શ્લોકો કે શ્લોકના ચરણો લીધા છે. માત્ર શબ્દની નવરચના ટૂંકાણ કરવા ખાતર કરી છે. ભાવ તો એનો એજ જાળવવા સતત પ્રયત્ન કર્યો છે. મૂળ કથાકાર હું નથી. આ શબ્દોમાં આપણને પરમ આદર્શ સરલતા અને નીતિમત્તાગુણના દર્શન થાય છે.

મારે પણ આજ પદ્ધતિએ નમ્રપણે એક વાત જણાવવાની છે કે આ અવતરણમાં મુખ્યરીતે શ્રી "ઉપમિતિ ભવપ્રપંચાકથા સારોદ્ધાર" ગ્રંથને રાખ્યો છે. એમ બીજી તરફ સાક્ષરવર્ય શ્રીયુત્ સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા દ્વારા સંપ્રયોજિત ઉપમિતિ ભવપ્રપંચા કથાના અવતરણને પણ સન્મુખ રાખ્યું છે. એ ગ્રંથે ગુજરાતી અવતરણમાં ઘણોજ સહયોગ આપ્યો છે. પ્રકરણો, મથાળાઓ, વિવરણોમાં ઘણે સ્થળે મદદ કરી છે. અલબત સંક્ષેપ જરૂર કરેલો છે.

કોઇ મહાનુભાવને થાય કે આ અવતરણમાં શ્રીયુત્ મોતીચંદભાઇનો ઉતારો કે છાયા છે તો હું એ વાતનો ઇન્કાર નહિ કરૂં. કારણ કે

મેં એ અવતરણનો ઘણો આશ્રય લીધો છે. આશ્રય લેવા છતાં એની છાયા ન આવે એમ કેમ મનાય?

સહૃદયતા પૂર્વક મારે જણાવવું જોઇએ કે શ્રીયુત્ મોતીચંદભાઇનું અવતરણ ઘણું વિશદ, ઉપયોગી અરે વાંચવા જેવું છે.

વાચકવર્ગને નમ્રભાવે જણાવું છું કે આપ આ ગ્રંથને વાંચો તો એ પછી શ્રી મોતીચંદભાઇએ લખેલ અવતરણને વાંચજો. એમાં ઘણા તત્ત્વોનું જ્ઞાન સ્પષ્ટ થશે. એ કથાગ્રંથ કરતાં અભ્યાસ ગ્રંથમાં ગણી શકાય એવો આલેખાયો છે. એકાદવાર અને એ પણ ઉપર છલ્લી નજરથી વાંચવાથી મર્મો નહિ મેળવી શકાય, મનન પૂર્વક વધુ વખત વાંચવાથી આનંદપ્રદ બનશે.

પૂજ્યવર મુનિરાજશ્રી મનોહરસાગરજી સહૃદયતા પૂર્વક પ્રાથમિક પ્રુફોનું શોધન કરી આપતા હતા. એ માટે પૂજ્યવર મુનિરાજશ્રી મનોહરસાગરજીની અનુમોદના કરૂં છું

આ અવતરણ કેટલું ઉપયોગી થશે અને કેટલે અંશે આદરણીય બનશે એ સહૃદયી વિદ્દ્વર્યો જાણી શકે અને લોકપ્રિયતા કેટલી મેળવશે એ વાચકવર્ગ ઉપર આધારિત છે.

સંસ્કૃત ઉપમિતિભવપ્રપંચાકથા સારોદ્ધારના સંશોધક અને સંપાદક સ્વ. પૂજ્યપાદ અવિરલગુણસંપન્ન પન્યાસજી મહારાજશ્રી કાંતિવિજયજી ગણિવરશ્રીએ આ અવતરણ લખતા અગાઉ જણાવેલું હતું કે લખવામાં ભાષાને સાદી રાખશો. વધુ પડતા ભભકાદાર શબ્દો મૂકવાની જરૂર નથી. અંલકારો અને સ્વૈચ્છિક ઉપમાઓની ભરતી વધુ ન થઇ જાય એ લક્ષ રાખશો. નહિ તો મૂળ આશય ગૌણ બની જવાની અને કથાગ્રંથ નવલિકા બની જવાની શકયતાની ભીતિ ઉભી થશે.

આ વાતોને લક્ષમાં રાખી કાર્ય કરવાનો પ્રયત્ન કર્યો છે. મૂળ આશય ગૌણ ન બને એ સતત લક્ષ રાખેલું છે. રસધાર જાળવવા પ્રયત્ન કર્યો છે છતા. આ પ્રયાસ પહેલો હોઇ ક્ષતિઓની સંભાવના નકારી ન શકાય.

પ્રારંભમાં કથાસાર મૂક્યો છે. એકવાર આ ગ્રંથ વંચાયા પછી કથાસાર વાંચતા સંપૂર્ણકથા માનસમાં તરવરવા લાગશે. એ ઉપયોગી થઇ પડશે.

અન્તમાં એટલું જણાવવાનું કે આ અવતરણમાં જે કાંઇ ક્ષતિઓ રહેવા પામી હોય તો તેમાં મારો દોષ ગણજો અને એની મને જાણ કરશો તો હું આપનો ઉપકાર માનીશ.

પરમકરુણાશીલ પરમાત્માશ્રી વીતરાગદેવની આજ્ઞાવિરૂદ્ધ કાંઇ લખાયું હોય તો અંતઃકરણ પૂર્વક નિર્મળભાવથી હું ક્ષમાપના ઇચ્છું છું.

વિ.સં. ૨૦૨૩
જેઠવદ ૧૨ મંગળવાર
સિદ્ધક્ષેત્ર ( સૌરાષ્ટ્ર )

મુનિ ક્ષમાસાગર
॥ जयउ सव्वण्णुसासणं ॥

" णमो वीयरागाणं "

# કથાસાર

## પ્રથમ પ્રસ્તાવ :

"અદૃષ્ટમૂલપર્યન્ત" નામના નગરમાં નિષ્પુણ્યક ભીખારી રહેતો હતો. ચીંથરેહાલ દશામાં ભીખ માટે આખા શહેરમાં ફરતો અને છોકરાઓના ત્રાસ ભોગવતો. સંતો માટે કરુણાપાત્ર બન્યો. મળેલી ખરાબ ભીક્ષા ખાવાથી ક્ષુધા તૃપ્ત ન થતી. એને ભૂખ વધુ લાગતી અને પેટમાં દુઃખાવો ઉભો થતો. નગરમાં રઝળતા ઘણો સમય વહી ગયો.

નિષ્પુણ્યક ભટકતો રાજદ્વારે પહોંચ્યો અને સ્વકર્મ વિવરે મહેલમાં પ્રવેશ કરવા અનુકૂળતા કરી આપી. સાતમે માળે બિરાજેલા "સુસ્થિત" મહારાજાની કૃપાનજર ભીખારી ઉપર પડવાથી "ધર્મબોધકર" ભીક્ષા આપવા એકાંતમાં લઇ ગયો. છોકરાઓ નાશી ગયા.

"તદ્દયા" પુત્રીને દાન આપવાની ધર્મબોધકરે આજ્ઞા આપવાના કારણે એ "મહાકલ્યાણક" ભોજન લઇ નિષ્પુણ્યકની સામે હાજર થઇ.

નિષ્પુણ્યકના મનમાં થયું કે આ લોકો એકાતમાં લાવી દગો રમશે એવા વિચારમાં મહાકલ્યાણક આપવા આવેલી તદ્દયા તરફ એની નજર ના ગઈ. આથી ધર્મબોધકરે એના નયનોમાં "વિમળાલોક" અંજન બળજબરીએ આંજી દીધું અને તત્ત્વપ્રીતિકર જલપાન કરાવી દીધું.

આ પ્રયોગથી ભીખારીને શાંતિ થઇ છતાં પોતાના અશુદ્ધ ભોજનને તજવાની ભાવના ન થઇ. ધર્મબોધકરે ઘણું સમજાવ્યો છતાં તે ન માન્યો. પોતાના ભોજનને રહેવા દીધું અને ધર્મબોધકરના ભોજનને પણ આરોગવા લાગ્યો.

ધર્મબોધકરે ઔષધનો આમ્નાય જણાવ્યો. સુસાધ્ય, કૃચ્છ્રસાધ્ય અને અસાધ્ય એમ ત્રણ જાતના રોગી બતાવી કૃચ્છ્રસાધ્યમાં નિષ્પુણ્યકનો ક્રમ આવ્યો.

પરમાન્ન વિગેરે નિષ્પુણ્યક લેતો પણ કુભોજન વધુ પ્રમાણમાં લેવાના કારણે એના રોગો નાબૂદ થતા નહિ. એણે તદ્દયાને કારણ પૂછતાં એણીએ "અપથ્ય સેવન" કારણ બતાવ્યું. નિષ્પુણ્યકને વાત સાચી લાગી અને ધીરેધીરે કુભોજન ઘટાડી દીધું.

તદ્દયા ઘણાની સારવારમાં રહેવાના કારણે નિષ્પુણ્યક પાસે આવવાનો સમય ઘટી ગયો. એ પોલનો લાભ લઈ એણે એક દિવસે કુભોજન અતિપ્રમાણમાં ખાઈ લીધું અને રોગોએ જબરો ઉથલો માર્યો. એ રીબાવા લાગ્યો. ધર્મબોધકરે "સદ્દબુદ્ધિ" નામની પરિચારિકા સેવામાં ગોઠવી.

સદ્દબુદ્ધિની સમજાવટથી નિષ્પુણ્યકે કુભોજન સર્વથા તજી દેવાની તૈયારી બતાવી. સૌ ધર્મબોધકર પાસે ગયા. નિશ્ચય દૃઢ હોવાથી સંમતિ આપી. કુભોજન સર્વથા તજ્યું. સૌ રાજી થઈ ગયા. સપુણ્યક નામ રાખવામાં આવ્યું.

સપુણ્યક રાજમહેલમાં રહેવા લાગ્યો. તદ્દયા અને સદ્દબુદ્ધિના પરિચયના લીધે નિયમિત અને પ્રમાણયુક્ત ત્રણે ઔષધોનું આસેવન કરતાં રોગો ઘટ્યા. શરીરની જ્યોતિ વધી ગઈ. તદ્દન તંદુરસ્ત બની ગયો.

એકદા સપુણ્યકે સદ્દબુદ્ધિને પુછ્યું. ત્રણ ઔષધો શાથી મલ્યા અને ફરી કઈ રીતે મળશે?

ઉત્તર મલ્યો કે આપવાથી મળે છે એટલે સુપુણ્યક એ ઔષધો સૌને આપવા જાય છે પણ કોઈ લેવા તૈયાર થતું નથી. આખરે સદ્દબુદ્ધિના બતાવેલ ઉપાય પ્રમાણે કાષ્ઠપાત્ર બનાવી ત્રણ ઔષધો ગોઠવ્યા અને એનો કોઈ ઉપયોગ કરનાર નીકળે તો બેડોપાર થયો એમ જાણી લેવું

# દ્વિતીય પ્રસ્તાવ:

"મનુજગતિ" નામની એક વિશાળ નગરી હતી. મનોવાંછિત વસ્તુઓ આમાં મળી શકતી. અનેક મહોલ્લા, પરા, વિભાગો આ નગરીના હતા.

"કર્મપરિણામ" આ નગરીનો રાજા હતો. એ ઘણો બલિષ્ઠ અને પ્રચંડ શાસનવાળો હતો. કૌતુકી પણ ભારે. નાટકનો પૂરો શોખીન. અનેક પાત્રો અને સાજો ઉભા કરી નાટક ભજવવાના આદેશ આપતો. "કાળપરિણતિ" એના મહારાણી હતા. એની આજ્ઞા શિરોમાન્ય કરતો.

રાણીને પુત્ર ન હોવાથી દુઃખ થાય છે અને રાજા એનો સહભાગી બને છે. શુભસ્વપ્ન સૂચિત એક પુત્ર થયો. મહોત્સવ ઉજવી "ભવ્યપુરૂષ" એનું નામ રાખવામાં આવ્યું પણ રાણીએ "સુમતિ" કુમાર નામ આપ્યું.

આ નગરીમાં "અગૃહીતસંકેતા" બ્રાહ્મણી હતી. એને "પ્રજ્ઞા-વિશાલા" સાથે મિત્રતા હતી. અગૃહીતસંકેતાએ સખીને પૂછ્યું. અલી સખી! રાજા નપુંસક છે અને રાણી વંધ્યા છે. એમને પુત્ર ક્યાંથી થયો? પ્રજ્ઞાવિશાલાએ ભોળી સખીના સમાધાનો આપ્યા. વળી કહ્યું કે આ પુત્રના જન્મથી સદાગમ ખૂબ ખૂશી થયા છે. સંકેતાએ સદાગમના પરિચયની ભાવના દર્શાવી. પ્રજ્ઞાવિશાલા સખીને સદાગમના દર્શને લઈ ગઈ. સખી સદાગમને જોતાં આનંદિત બની ગઈ. અવારનવાર બંને સખીઓ ત્યાં આવવા લાગી.

સદાગમે એક દિવસે પ્રજ્ઞાવિશાલાને ભવ્ય સુમતિની ધાવમાતા બનાવવાનું જણાવ્યું. એણે એ વાત માન્ય રાખી અને ધાવમાતા

બની સુમતિને સદાગમ પાસે લાવતી થઈ. રાજાએ સદાગમને સુમ-
તિના અધ્યાપક બનાવ્યા.

એક વખતે રસ્તાપર કોલાહલ સંભળાયો. સૌએ જાણ્યું કે ચોરને ફાંસી આપવા વધસ્થળે લઈ જવાય છે. પ્રજ્ઞાના કહેવાથી ચોરે સદાગમનો આશ્રય લીધો અને એને અભય મલ્યું. અગૃહીતાએ પૂછ્યું હે ભાઈ! તને કયા અપરાધ બદલ દેહાંતદંડની સજા થઈ? ઉત્તરમાં "સંસારીજીવ" નામના ચોરે સ્વદોષની વાર્તા જણાવી. સાંભળનારા તરીકે માત્ર અગૃહીતસંકેતા, પ્રજ્ઞાવિશાલા, ભવ્યપુરૂષ—સુમતિ અને શ્રી સદાગમ હતા.

સંસારીજીવ—તસ્કરે કથા ચાલુ કરી. "અસંવ્યવહાર" નગર હતું, એના માલિક કર્મપરિણામ રાજા હતા. "અત્યન્તઅબોધ" સેનાપતિ અને તીવ્રમોહોદય મહત્તમને સંરક્ષણ માટે આપેલું. ત્યાંના વાસીઓને ન્નિગોદ નામના ઓરડામાં ભરી રાખતા. હું પણ ત્યાં વસતો હતો. સદાગમે એક જીવને "નિર્વૃત્તિ" નગરીમાં મોકલી આપ્યો એટલે "તન્નિયોગ" દૂત જગ્યા પૂર્તિ માટે કેટલાક જીવો લેવા આવેલો. ભવિતવ્યતા મારી પત્ની હતી. એણીની આજ્ઞાથી હું અને મારા જેવા બીજા ઘણા ત્યાંથી રવાના થયા. અમને એકાક્ષ નિવાસમાં લઈ ગયા. ત્યાં "બાદરવનસ્પતિ" સાધારણ પ્રત્યેકના રૂપો કરાવ્યા. "એકભવવેદ્ય ગુટિકાઓ બનાવી મને એક એક આપતી. એના પ્રતાપે હું પાર્થિવ, આપ્ય, તેજસ્કાય, વાયવીય વિગેરે ક્રમે અક્રમે વારંવાર બનતો રહ્યો.

પછી વિકલાક્ષ નિવાસમાં લઈ જવામાં આવ્યો, દ્વિહૃષિક, ત્રિકરણ, ચતુરક્ષના વિવિધ રૂપો બનાવરાવ્યા. અહીંથી પંચાક્ષપશુ સંસ્થાનમાં લઈ જવામાં આવ્યો ત્યાં ગર્ભજ સમૂર્ચ્છિમ જળચારી, સ્થળચારી, ભૂચારી બનાવ્યો. હરણ બનાવી ગીત રસીક બનાવ્યો. હાથી બનાવી, દાવાનળના સમયે દોડાવ્યો અને કુવામાં ગબડાવ્યો.

કર્મની અકામ નિર્જરા કરાવી. ભવિતવ્યતા પ્રસન્ન બની અને પુણ્યોદયને મારી સેવામાં મૂકયો. આર્યપુત્ર! તમારે ઉત્તમ સ્થળે જવાનું છે. મેં પત્નીની આજ્ઞામસ્તકે ચડાવી. જયસ્થળ નગરે જવા રવાના થઈ ગયો.

## તૃતીયઃ પ્રસ્તાવઃ

મનુજગતિના ભરતમાં "જયસ્થળ" નામનું નગર હતું. પદ્મ રાજા રાજ્ય કરતો હતો. નંદા મહારાણીની કુખે હું અવતર્યો અને નંદિવર્ધન મારું નામ રાખ્યું. મિત્ર પુણ્યોદય સાથે હતો. મારા આંતર પરિવારમાં અવિવેકતાએ વૈશ્વાનરનો જન્મ આપ્યો અને તે મારો પ્રિયમિત્ર બન્યો. પુણ્યોદયને આથી દુઃખ થયું.

બુદ્ધિસમુદ્ર પાસે મને ભણવા મોકલ્યો. અવિનય, ક્રોધ અને અપશબ્દો મારા પરાક્રમો લેખાતા. વિદ્યાગુરૂ સાથે અવિવેકી વર્તન રાખતો. મારી ધાક બેસી. વૈશ્વાનર મિત્રે ક્રૂરચિત્ત વડા ખાવા આપ્યા તેથી મારો પ્રતાપ ઓર વધી ગયો.

પિતાજીએ વિદુરને મારી તપાસ કરવા મોકલ્યો. એ તો મારા વર્તનને જોતા આભો બની ગયો. તાતને વાત કરી. વૈશ્વાનર મુક્તિના ઉપાયો વિચારવા લાગ્યા. કળાચાર્યને બોલાવ્યા. એમણે જિનમતજ્ઞ જ્યોતિષિની સલાહ લેવા જણાવ્યું.

જિનમતજ્ઞ આવ્યા અને એમણે જણાવ્યું. હે રાજન્! ચિત્તસૌંદર્ય નગરના શુભપરિણામ રાજા છે. "નિષ્પ્રકંપતા" મહારાણી છે. એમને "ક્ષાંતિ" પુત્રી છે એના લગ્ન નંદીવર્ધન સાથે થશે ત્યારે વૈશ્વાનરની મિત્રતા છૂટી જશે.

રાજાએ કન્યા લાવવા મંત્રીને જણાવ્યું ત્યારે જિનમતજ્ઞે કહ્યું. રાજન્! એ વિષય આપણો નથી. અંતરંગ વિભાગ છે. કર્મ પરિ-

ણામ, લોકસ્થિતિ. કાળપરિણતિ, સ્વભાવ ભવિતવ્યતા વિગેરે મળી એક નિર્ણય કરશે ત્યારે ક્ષાંતિ આપશે અને નંદિવર્ધન સુધરશે.

રાજા નિરાશ બન્યો. વિદૂરને મોકલી પ્રયત્નો ચાલુ રાખ્યા. એક દિવસ વિદૂર ન ગયો. નંદિવર્ધને પૂછયું કાલે કેમ નતો આવ્યો? વિદૂરે જણાવ્યું કે એક સુંદર કથા સાંભળવામાં રોકાઈ ગયો હતો. કુમારે કથા સંભળાવવાનું કહેતાં વિદૂરે કથા ચાલુ કરી.

## આંતર કથાનક :

" ક્ષિતિપ્રતિષ્ઠિત નગર હતું. કર્મવિલાસ રાજા હતા, "શુભસુંદરી" અને "અકુશળમાળા" રાણીઓ હતી. મનીષી અને બાળ, એમના પુત્રો હતા. આ બંને ભાઈઓ "સ્વદેહ" બગીચામાં રમતા હતા. ત્યાં એક માનવી ફાંસો ખાઈ મરતા જોયો. કુમારોએ દોરડું કાપી નાખી એને બચાવ્યો. ફાંસાનું કારણ કુમારોએ પૂછયું.

ભાઈ! મારૂ નામ સ્પર્શન છે. ભવ્યજંતુ મારો મિત્ર હતો. સદાગમે એને ફોસલાવી નિર્વૃત્તિ નગરે રવાના કર્યો. અમારી મિત્રતા તૂટી. મિત્રના વિરહ દુઃખથી મૃત્યુનો આશ્રય લેવો છે, બાળે દિલાસો બતાવી મિત્ર બનાવ્યો. મનીષી વ્યવહારથી મિત્ર બન્યો. ત્રણે નગરમાં આવ્યા.

સ્પર્શનનો મનીષી સાથે મનમેળ ના મળ્યો. મનીષીએ સ્પર્શનના મૂળશોધની બોધને આજ્ઞા કરી. બોધે પોતાના સેવક પ્રભાવને મોકલ્યો. પ્રભાવ પરદેશમાં જઈ માહિતી લાવીને સ્વામી બોધ પાસે નિવેદન કર્યું.

અંતરંગ "રાજચિત્ત" નગર છે. ત્યાં રાગકેશરી રાજા છે. વિષયાભિલાષ મહામંત્રી છે. એ નગરમાં ખૂબ ખળભળાટ જોતાં વિપાકને મેં કારણ પૂછયું. ઉત્તરમાં એણે જણાવ્યું કે અમારા રાજાએ વિશ્વ-

વિજય માટે અમાત્યના સ્પર્શન વિગેરે પાંચ અંગત માણસોને મો- કલેલા, પણ સંતોષ કેટલાયને વીણી વીણી નિર્વૃત્તિ નગરીમાં ધકેલી દેતો. રાગકેશરીને જાણ થતાં એ યુદ્ધમાં ઉતરવા તૈયાર થયા. પિતા- જીને વંદન કરી વાત કરી એટલે મહામોહ પોતે યુદ્ધ માટે રવાના થયા. આ એની તૈયારીનો ખળભળાટ છે. સ્પર્શનની બાતમી બોધે મનીષીને જણાવી

મનીષી, બાળ અને સ્પર્શન એ ત્રણે મિત્રો ગપાટે ચડયાં હતા. લાગ જોઈ મનીષીએ પૂછ્યું "ભવ્યજંતુ સાથે બીજો કોણ હતો. સ્પર્શને કહ્યું, "સંતોષ" મનીષીને થયું સ્પર્શન સારો નથી. ચેતીને ચાલવા જેવું ખરૂ. અવસરે વાત.

એકવાર સ્પર્શને પોતાની શકિત બતાવવા ધ્યાન–સમાધિનો ડોળ કર્યો અને બંને કુમારોના શરીરમાં પ્રવેશ્યો. એના પ્રતાપે બાળ સ્પ- ર્શ સુખમાં મગ્ન બની ગયો. માતા અકુશળમાળા એની મૂર્ખતામાં વધારો કરતી ગઈ. મનીષી તો સ્પર્શનને મૂર્ખ બનાવતો ગયો. શુભસુંદરીએ પુત્ર મનીષીને સાવધ રહેવા જણાવ્યું.

કર્મવિલાસને 'સામાન્યરૂપા" નામની રાણી હતી. તેનો પુત્ર મધ્યમબુદ્ધિ હતો. એ પરદેશ ગએલો. પાછો આવ્યો ત્યારે એ પણ સ્પર્શનનો મિત્ર બન્યો. મનીષીએ સાવધ રહેવા જણાવ્યું એટલે માતા સામાન્યરૂપાની સલાહ લીધી. "કાલક્ષેપ" કરવા માતાએ કહ્યું અને એ ઉપર મિથુનયુગલની વાર્તા સંભળાવી.

"તથાવિધ" નગરમાં ઋજુરાજાને "ત્રિગુણા" રાણી હતી. "મુગ્ધ" એમનો પુત્ર અને અકુટિલા પુત્રવધૂ હતી. મુગ્ધ અને અકુટિલા વનવિહારે ગયા અને ફુલો ચૂંટવાની સ્પર્ધામાં બંનેએ જુદી જુદી દિશા લીધી. આ વખતે આકાશમાં પસાર થઈ રહેલા વ્યંતર વ્યંતરી આ બન્નેને જોઈ કામાતુર બની ગયા. કાલજ્ઞવ્યંતરે મુગ્ધનું અને વિચક્ષણા

વ્યંતરીએ અકુટિલાનું રૂપ લઈ મૂળ દંપતીને છેતર્યાં. ભોળા મુગ્ધે માન્યું કે વનદેવતાની કૃપાથી અમારા બે રૂપો થયા. રાજાને વાત કરી એ સૌ હર્ષઘેલા બની ગયા.

તથાવિધ નગરની બહાર "મોહવિલય" ઉદ્યાન હતું. ત્યાં "પ્રતિબોધક આચાર્યશ્રી પધારતા ઋજુરાજા પોતાના પરિવાર સાથે આવ્યા. આચાર્યશ્રીએ શમરસમયી દેશના આપી. કાલજ્ઞ અને વિચક્ષણાને પશ્ચાતાપ થયો. એમના શરીરમાંથી શયામવર્ણ સ્ત્રી નીકળી અને દૂર જઇને બેઠી.

કાલજ્ઞે અતિ પશ્ચાતાપ કર્યો. આચાર્યશ્રીએ કહ્યું કે આ બધો દોષ પેલી સ્ત્રીનો છે. "ભોગતૃષ્ણા" એનું નામ છે. સમ્યગ્દર્શન મુદ્ગરનો ઉપયોગ કરવા જણાવ્યું.

આ વાત સાંભળી રાજા, રાણી મુગ્ધ અને અકુટિલાને અપાર દુઃખ થયું. એ વખતે એમના શરીરમાંથી એક બાળક બહાર આવ્યું. અને ગુરૂદેવની સામે બેસી ગયું. એ પછી બીજું બાળક અને ત્રીજું બાળક શરીરમાંથી બહાર આવ્યા. એ કદરૂપા અને ભયંકર હતા.

ત્રીજું બાળક ખૂબ મોટું થવા લાગ્યું એટલે પહેલા રૂપાળા બાળકે માથામાં મુક્કી મારી આગળ વધતા અટકાવી દીધું એટલે બંને બાળકો સભાસ્થળ છોડી બહાર આવ્યા.

આચાર્યશ્રીએ જણાવ્યું કે પ્રથમ બાળક આર્જવ હતું. બીજું અજ્ઞાન અને ત્રીજું "પાપ" હતું. આર્જવ પાપને અટકાવે છે. અજ્ઞાનને દૂર કરે છે. ઉપદેશ સાંભળી રાજા, રાણી, મુગ્ધ અને અકુટિલા સંયમમાર્ગનું સ્વીકાર કરે છે. વ્યંતરદંપતીએ સમ્યકત્વ સ્વીકાર્યું. કાળક્ષેપથી સૌને લાભ થયો.

આ વાત સાંભળી મધ્યમબુદ્ધિએ માતાની આજ્ઞા વધાવી લીધી.

સ્પર્શનની અસર બાળ ઉપર વધુ થવા લાગી. વિવેકભ્રષ્ટ બન્યો. અવિવેકી અને નિંદાને પાત્ર બન્યો. વસન્ત ઋતુમાં બાળ સ્પર્શનને સાથે લઈ લીલાધર ઉદ્યાનમાં ગયો. કામદેવના મંદિરમાં ગયો. બાજુમાં વાસભુવન હતું. એમાં અતિકોમળ દેવશય્યા હતી, એ ઉપર બાળ સુઈ ગયો.

આ નગરમાં "શત્રુમર્દન" રાજા હતો. મદનકંદલી મહારાણી હતી. એ કામદેવના મંદિરે પૂજા કરવા આવી. બાળનો સ્પર્શ થઈ ગયો. બાળને અત્યંત રાગ થઈ આવ્યો. વિરહ વેદનામાં અકળાવા લાગ્યો. મધ્યમબુદ્ધિ અંદર આવ્યો અને દેવશય્યામાં સુતેલો જોઈ ઠપકો આપ્યો. એટલામાં અધિષ્ઠાયક વ્યંતરે બાળને પછાડયો, અને ફજેતો કર્યો. લોકોમાં ફીટકાર થયો. મહામુશિબતે જીવતો રહ્યો.

મધ્યમબુદ્ધિ પાસેથી મદનકંદલીનું નામ જાણી વધુ ઘેલો બન્યો. રાત્રે મહેલ તરફ જવા નીકળ્યો. મધ્યમબુદ્ધિ બન્ધુપ્રેમથી પાછળ ગયો. આકાશગામી કોઇએ બાળને પકડયો અને કયાંય લઈ ગયો. સાતદિવસની શોધના અંતે કુવામાં પડતું મૂકતા જોઇ નંદન રાજપુરૂષે કારણ પૂછ્યું.

ઉત્તરમાં મધ્યમે પોતાના બન્ધુના ગૂમ થયાની વાત કરી. નંદને જણાવ્યું, અમારા રાજા હરિશ્ચંદ્રની વિદ્યાસિદ્ધિ માટે રતિકેલિધર વિદ્યાધરે બાળનું હરણ કર્યું હતું. એના લોહીમાંસથી સાત દિવસ હવનક્રિયા થઇ. બાળ મૃતક જેવો હતો. મધ્યમ ખભે ઉપાડીને ઘેર લાવ્યો. બાળે પોતાની ઉપર વીતેલા સીતમો વર્ણવ્યા.

લોકાચાર પ્રમાણે મનીષી ખબર પૂછવા આવ્યો અને મધ્યમને એકાંતમાં બાળનો સંગ તજવા જણાવ્યું. મધ્યમે એ વાતનો મોડે મોડે પણ સ્વીકાર કર્યો.

અકુશળમાળા બાળ ઉપર વધુ અસર જમાવતી ગઈ. હરિશ્ચંદના ત્યાં પડેલાં દુઃખો ભૂલી ગયો અને રાત્રે મદનકંદલીના મહેલ તરફ રવાના થયો. ચૌર્યકળાથી મદનકંદલીના શયનખંડમાં આવી એની શય્યા ખાલી જોતાં પોતે સુઈ ગયો. સમય થતાં શત્રુમર્દનરાજા ત્યાં આવ્યા અને રાજતેજને સહન નહિ કરવાથી બાળ શય્યામાંથી ગબડી પડયો. પકડાઇ ગયો. સજા માટે બિભીષણને સોંપ્યો. રાજાજ્ઞાથી આખી રાત્રી વિભીષણે ગરમ તેલનો છંટકાવ કર્યા કર્યો અને સવારે ગધેડે બેસાડી ગામ બહાર ફાંસીએ લટકાવી દીધો. ભાગ્યયોગે દોરડું તૂટી ગયું અને ઘેર આવ્યો. ગુપ્ત રહ્યો.

નિજવિલસિત ઉદ્યાનમાં પ્રબોધનરતિ આચાર્ય પધાર્યા. ત્રણે ભાઇઓ આવ્યા. શત્રુમર્દનરાજા, મદનકંદલી રાણી અને, સુબુદ્ધિ મંત્રી પણ આવ્યા. શ્રીઆદિનાથ પ્રભુના મંદિરમાં પૂજા વગેરે કરી આચાર્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રીએ વૈરાગ્યમયી દેશના આપી.

રાજા શત્રુમર્દને પ્રશ્ન કર્યો. સુખ શાથી મળે?

ઉત્તર મલ્યો, ઇંદ્રિય વિજેતા બનવાથી. સાથે ઈંદ્રિયોનું દુર્જયપણું, સ્પર્શનથી અધોગતિ, ભવ્યજંતુએ કઇ રીતે વિજય મેળવ્યો અને ઉત્તમ, મધ્યમ અને અધમ વ્યકિતઓનું વર્ણન કર્યું. મનીષી અને મધ્યમને બોધ લાગી ગયો.

ઉપદેશ વેળાએ બાળ તો મદનકંદલીના મુખારવિંદ જોવામાં જ તન્મય હતો. સ્પર્શનની ઉશ્કેરણીથી સભામાં જ મદનમંજરી તરફ ધસ્યો. રાજાએ હાકોટો કર્યો અને બાળનો મદનજ્વર ઉતરી ગયો. પાછો ગયો. આચાર્યશ્રીએ કહ્યું કે સ્પર્શન અને અકુશળમાળાએ બાળની આ દશા કરી છે. કેટલા કર્મો જ્ઞાનીની નિશ્રામાં પણ છૂટી શકતા નથી. તીર્થંકરો આવાઓને બચાવી શકતા નથી.

"બાળનું શું થશે?" રાજાના પ્રશ્નોત્તરમાં આચાર્યશ્રીએ જણાવ્યું, રાજન્! અહીંથી રખડતો રખડતો એકદા એક સરોવરમાં ન્હાવા પડશે, ચંડાલણીનો સરોવરમાં સ્પર્શ થશે. ભોગ માટે એના ઉપર બલાત્કાર કરશે. ચંડાલણીના અવાજથી ચંડાલ આવશે અને બાણથી વિંધાશે. મરીને નરકે જશે. ત્યાંથી બીજી યોનિઓમાં દુ:ખો ભોગવશે.

શત્રુમર્દને પ્રશ્ન કર્યો, ભદંત ! સ્પર્શન અને અકુશળમાળા પોતાની શક્તિ બાળ ઉપર જ બતાવે છે કે બીજાઓને અડફેટે લે છે?

આચાર્યશ્રીએ જણાવ્યું, મહાભાગ ! સર્વ પ્રાણીઓ ઉપર ચાલે છે. એટલે રાજાએ સ્પર્શન અને અકુશળમાળાને દેહાન્તદંડની સજા ફરમાવી. આચાર્યશ્રીએ જણાવ્યું, રાજન્! એ અંતરંગ પ્રદેશના વ્યક્તિઓ છે. તમારી આજ્ઞા એના ઉપર ન ચાલે.

રાજાએ એના નાશનો ઉપાય પૂછ્યો.

આચાર્યશ્રીએ જણાવ્યું કે અપ્રમાદયંત્ર દ્વારા નાશ થઈ શકે. અને એના સ્વરૂપનું વર્ણન કર્યું. મનીષીએ જણાવ્યું. દીક્ષા અને અપ્રમાદયંત્ર એક જ વસ્તુ છે. એણે આચાર્યશ્રીને દીક્ષા આપવા વિનંતિ કરી. રાજાએ આચાર્યશ્રીને મનીષીનું સ્વરૂપ–ઓળખ પૂછતા ગુરૂદેવે ઓળખ આપી, પછી મધ્યમબુદ્ધિને ગૃહસ્થધર્મનું સ્વરૂપ જણાવ્યું.

શત્રુમર્દનરાજાએ ઉત્સવ નિમિત્તે દીક્ષાને ઢીલમાં રાખવા મનીષીને વિજ્ઞપ્તિ કરતાં દાક્ષિણ્યના લીધે સ્વીકાર કર્યો. રાજાએ મનીષીને અગ્રસ્થાન આપ્યું, સ્નાન, ભોજન, પ્રમોદ, વિલાસના અનેક સાધનો વચ્ચે એને રાખ્યો છતાં મન જરાય ભૌતિકપદાર્થો ભણી આકર્ષાયું નહિ. રાજાએ મંત્રીશ્વર સુબુદ્ધિનો આભાર માન્યો.

સુબુદ્ધિમંત્રી મધ્યમબુદ્ધિની ભક્તિ માટે પોતાના ભવને લઈ ગએલ તે પણ અહીં આવી પહોંચ્યો. રાજા વિગેરે સૌ મળ્યા. મંત્રીએ ચૈત્ય, ઉદ્યાન વિગેરેનો પ્રભાવ કહી બતાવ્યો. ક્ષેત્રની અસરો સંબંધી અને કર્મ વિલાસ રાજા સંબંધી મહત્વપૂર્ણ માહિતીઓ આપી.

રાજાને મનીષી ઉપર સ્નેહ જાગ્યો એથી દીક્ષા લંબાવવા વિનંતિ કરતાં, મંત્રીએ, એમ ન કરવા સમજાવ્યા. રાજાએ મહાઅભિનિષ્ક્રમણ ઉત્સવ કર્યો. ઉત્સવ આકર્ષક અને અદ્દ્ભુત હતો છતાં મનીષીના મુખ ઉપર આનંદ કે આકર્ષણની રેખા પણ જણાતી ન હતી. નિર્લેપ હતો.

આ પ્રસંગથી શત્રુમર્દન રાજા, મદનકંદલીરાણી અને સુબુદ્ધિ મંત્રી વિગેરેને દીક્ષાની ભાવના થઈ. સુલોચન પુત્રનો રાજ્યાભિષેક કર્યો અને સૌએ દીક્ષા લીધી. શુભસુંદરી, સામાન્યરૂપા અને અકુશળમાળાના પુત્રોની ઓળખ કરાવી. કર્તવ્યનો ઉપદેશ આપ્યો. અનુક્રમે મનીષી એજ ભવમાં મોક્ષે ગયા અને રાજા, મધ્યમબુદ્ધિ, મંત્રી, મદનકંદલી વિગેરે દેવલોકે ગયા.

(આંતર કથાનક પૂર્ણ.)

સંસારીજીવ મૂળવાર્તા ચાલુ કરે છે.

વિદુરે વાર્તા કહ્યા પછી નંદિવર્ધનને વૈશ્વાનરની મિત્રતા ન રાખવા સમજાવ્યું, નંદિવર્ધને તતડાવીને વિદુરને અપશબ્દો કહી તમાચો ચોડી દીધો. વિદુરે પદ્મરાજાને વાત કરી અને કુમારને વૈશ્વાનરની મિત્રતા છોડાવવી મુશ્કેલ છે, એવો અભિપ્રાય વ્યક્ત કર્યો.

નંદિવર્ધન યુવાવસ્થામાં આવતાં રાજાએ વૈભવ યુક્ત મહેલ રહેવા આપ્યો. એકવખત પિતાને નમી પાછો વળતો હતો ત્યાં "ધવલ" સેનાપતિએ પિતાજીનો સંદેશો કહ્યો. " કુશાવર્તનગરના "કનકચૂડ"

રાજાનો પુત્ર કનકશેખર નગરીની બહાર આવેલો છે; એની સન્માન-યાત્રામાં કુમારે આવવાનું છે." નંદિવર્ધને આજ્ઞા સ્વીકારી. ધવલ-સાથેની વાતમાં કનકશેખર મામાનો પુત્ર છે, એમ જાણવા મળ્યું. કનકશેખરનો ઉતારો નંદિવર્ધનના મહેલ જોડે રાખવામાં આવ્યો.

બંને કુમારોની મિત્રતા થઈ. નંદિવર્ધને અહીં આગમનનું કારણ પૂછ્યું, એટલે કનકશેખરે જણાવ્યું, ભાઈ નંદિ ! મારા નગરના વનવિભાગમાં "દત્ત" મુનીશ્વર આવેલા. એમનો ઉપદેશ મને ગમ્યો. મેં ધર્મનો સાર પૂછ્યો. ઉત્તરમાં મુનીશ્વરે જણાવ્યું કે ૧, અહિંસા, ૨, ધ્યાનયોગ, ૩, રાગાદિ નિગ્રહ અને ૪ સાધર્મિભક્તિ છે. મેં એમાંથી સાધર્મિભક્તિનો સ્વીકાર કર્યો. સાધર્મિઓને મેં કરમુક્ત કર્યા. લોકો ધર્મિ બન્યા. હું દાન દેવા લાગ્યો.

અમારા દુર્મુખ મંત્રીને એ વાત ન ગમી. રાજાને ચાડી ખાધી. રાજાએ એના દ્વારા મને ઉપાલંભ અપાવ્યો એટલે સ્વમાન ખાતર નીકળી પડ્યો. દુર્મુખે અનેક કાવાદાવા ઉભા કર્યા હતા. આ છે અહીં આવવાનું કારણ.

દશેક દિવસ પછી નંદિવર્ધન અને કનકશેખર પદ્મરાજાને વંદન કરવા આવેલા એ વખતે કનકચૂડ રાજાના સુમતિ, વરાંગ અને કેશરી એ ત્રણ મંત્રીઓ હાજર જોયા. એ મંત્રીઓએ પુત્ર વિરહથી માતાપિતાની કઈ હાલત છે એ જણાવ્યું અને "ચતુર" ના અનુમાનથી "જયસ્થળ" ગયાનું જાણ્યું. રાજાએ દુર્મુખને દેશવટો આપ્યો.

અહીં બીજી એક ઘટના બની.

વિશાળા નગરીના નંદનરાજાનો દૂત કુશાવર્ત નગરે આવ્યો. નંદનરાજાને પ્રભાવતી રાણીથી વિમલાનના પુત્રી થઈ અને પદ્માવતી

રાણીથી રત્નવતી પુત્રી થઈ. પ્રભાવતીનો ભાઈ પ્રભાકર હતો અને એ કનકપુરનો રાજા હતો.

એ ભાઈ બહેને સંતાનો થયા પહેલાં કોલકરારો કરેલા કે એક બીજાના પુત્ર–પુત્રીઓના પરસ્પર લગ્ન કરાવવા. એ શર્ત મુજબ વિમલાનનાના લગ્ન પ્રભાકરના પુત્ર વિભાકર સાથે થવા જોઈએ. પણ વિમલાનનાએ કનકશેખરના ગુણો સાંભળ્યા ત્યારથી તે તેની અત્યંત અનુરાગી બની બેઠી છે. પિતાએ વિમલાનનાને કુશાવર્તપુરે મોકલી અને બહેન રત્નવતી પણ સાથે જ આવી છે. અમને ત્રણને કુમારને લેવા મોકલ્યા છે. અને રત્નવતી સાથે લગ્ન કરવા નંદિવર્ધન કુમારને સાથે લેતા આવવા અમને જણાવ્યું છે. પદ્મરાજાએ મંત્રીની વાત સાંભળી કુમારોની સંમતિ મેળવી બંન્નેને કુશાવર્ત નગરે મોકલ્યા.

મારી (નંદિવર્ધનની) સાથે પુણ્યોદય મિત્ર અને વૈશ્વાનર પણ હતા. રસ્તામાં રૌદ્રચિત્ત નગર આવ્યું. વૈશ્વાનરની માતા અને દ્વેષગજેન્દ્રની પત્ની અવિવેકતાએ "હિંસા" સાથે લગ્ન કરાવી આપ્યાં, કે જે "દુષ્ટાભિસંધી" રાજા અને "નિષ્કરુણતા" રાણીની પુત્રી હતી. હિંસાને પ્રસન્ન રાખવા વૈશ્વાનરની સલાહથી હું અનેક હિંસાઓ, શિકારો કરવા લાગ્યો.

અમે આગળ વધ્યા. કુશાવર્તની ભાગોળે અંબરીષ બહારવટીઆઓ સાથે ભીષણ જંગ ખેલાયો. ડાકુ આગેવાન પ્રવરસેન નંદિવર્ધનના હાથે મૃત્યુ પામ્યો. સન્માન પૂર્વક નગરપ્રવેશ થયો. વિમલાનનાએ કનકશેખર સાથે લગ્ન કર્યા અને રત્નવતી નંદિવર્ધનને પરણી.

ત્રણ દિવસ પછી વિમલાનના અને રત્નવતી ઉપવનમાં ફરવા ગએલા. અચાનક કોઈએ અપહરણ કર્યું એટલે શોર–બકોર મચી ગયો. નંદિવર્ધન અને કનકશેખરે લશ્કર લઈ પીછો પકડયો. કન્યા

કરનાર વિભાકર હતો અને મદદમાં કલિંગનો રાજા "સમરસેન" અને વંગનો રાજા "દ્રુમ" હતા. ભીષણ યુદ્ધ જામ્યું. કનકચૂડના સૈન્યમાં ભંગાણ થવાની તૈયારી હતી પણ નંદિવર્ધને એવું પૌરૂષ બતાવ્યું કે હારમાંથી ઉગરી ગયા. સમરસેન અને દ્રુમ સ્વધામ પહોંચી ગયા. કનકશેખરે વિભાકરને હરાવ્યો અને જીવતો પકડયો, માન નંદિવર્ધનને મલ્યું અને નંદિવર્ધને હિંસા અને વૈશ્વાનરનો આભાર માન્યો. ભવ્ય સ્વાગત સાથે નગરપ્રવેશ થયો.

નગર પ્રવેશ વખતે ઝરુખામાં બેઠેલી લાવણ્યમૂર્તિ "કનકમંજરી" મારા જોવામાં આવી. હું આસક્ત બની ગયો. ચતુર સારથીના ખ્યાલમાં આ ભાવ ખ્યાલ આવી ગયો. મારો ફજેતો ન થાય એટલે રથ જલ્દી હંકારી ગયો. વિરહવેદનાની જ્વાળામાં તરફડતા રાત વીતાવી. ચાલાક સારથી મારી વાત કઢાવી ગયો અને મને શાન્ત્વના આપવા મશ્કરી કરી અને કહ્યું કે આપના દર્શન પછી કનકમંજરીની પણ આપના જેવી દશા છે. રાતદિવસ આપના નામનું રટણ કરતી હતી.

આપના યુદ્ધશૌર્યથી આકર્ષાઈને મહારાજા કનકચૂડે પુત્રી કનકમંજરી આપને આપવાનો નિર્ણય કર્યો છે. અને "મણિમંજરીના" લગ્ન સેનાપતિ શીલવર્ધન સાથે કરાવવા નિર્ણય કર્યો છે.

શીઘ્ર મીલનની ઉત્સુકતાના કારણે સારથીએ "રતિમન્મથ" ઉદ્યાનમાં મીલનની ગોઠવણ કરી અને સ્નેહીયુગલનું મીલન થયું. પ્રેમના કોલકરાર કર્યા અને બીજે દિવસે વિધિ પૂર્વક લગ્ન થયા. રાત્રી આનંદમાં પૂર્ણ કરી. હું મદભરી મંજરી સાથે આનંદમાં રહેતો હતો પણ વૈશ્વાનર અને હિંસાની પ્રેરણાથી શિકારનો વ્યસની બની ગયો. આ વાત દયાળુ કનકશેખરને ન ગમી. એના પિતાએ રાજ્યસભામાં મારી પ્રશંસા કરી અને વૈશ્વાનર તથા હિંસાની નિંદા કરી.

મને ક્રોધ ચડયો. જેમ તેમ બોલી અપમાન કર્યું. કનકશેખર હસ્યો. મેં તલવાર ઉપર હાથ મૂકયો. વાત આગળ ન વધી પણ અમારી મિત્રતા તૂટી. કનકશેખર મારો ન રહ્યો.

થોડા દિવસો ગયા ત્યાં પિતાજીનો દૂત આવ્યો. એણે જણાવ્યું કે મને ગુપ્તરીતે મંત્રીઓએ મોકલ્યો છે. જયસ્થળ ઉપર યવનરાજે આક્રમણ કર્યું છે. પિતાજી પદ્મરાજા મુકાબલો કરી શકવા અસમર્થ છે. તો કુમારશ્રી પધારી પોતાની વીરતાથી નગરના રક્ષણનું પુણ્ય કાર્ય કરે. હું તરત જ સૈન્ય અને કનકમંજરીને લઈ રવાના થયો. યવનરાજ સાથે યુદ્ધ કર્યું. વિજયમાળા મને પ્રાપ્ત થઈ. પિતાએ સન્માન યાત્રા સાથે નગર પ્રવેશ કરાવ્યો. મારા ઉપર ખૂબ સ્નેહ વર્ષાવવા લાગ્યા.

અહીં મારૂં શિકારનું વ્યસન ન છૂટ્યું. વિદુરે આ વાતની પિતાજીને જાણ કરી. પિતાજીને ઘણું દુઃખ થયું. જિનમતજ્ઞ જોષિની તપાસ કરી બોલાવ્યા. એણે કહ્યું કે ચિત્તસૌંદર્ય નગરના શુભપરિણામ રાજાને ચારૂતા રાણીથી થએલી દયા નામની સુકન્યા સાથે કર્મપરિણામ લગ્ન કરાવશે ત્યારે કુમાર દોષમુકત બનશે. આપનો પરિશ્રમ વ્યર્થ છે.

કેટલાક દિવસ પછી પિતાજીએ મને યુવરાજ બનાવવાની તૈયારી કરાવી. એ વખતે દૂત આવ્યો અને કહ્યું હે રાજન્ ! શાર્દૂલપુરના અરિદમન રાજાને મદનમંજુષા પુત્રી છે. તેના લગ્ન નંદિવર્ધન કુમાર સાથે કરાવવા મને મોકલ્યો છે.

રાજાએ મંત્રીના કહેવાથી સ્વીકાર્યું. મેં "સ્ફુટવચન" દૂતને પૂછ્યું કે તમારૂ નગર કેટલું દૂર છે. દૂતે જણાવ્યું ૨૫૦ યોજન. મેં કહ્યું એક ગાઉ ઓછું છે. એમાં અમારી વચ્ચે જામી પડી અને મેં દૂતને ત્યાંનો ત્યાં તલવારના ઘાટે ઉતારી દીધો. પિતાજી વચ્ચે પડયા એટલે એમને યમમંદિરે રવાના કર્યા. માતા રોતી આવી, એની એજ

દશા થઈ. શીલવર્ધન, મણિમંજરી, રત્નવતી, કનકમંજરી વિગેરે સમજાવવા આવ્યા. ત્યાં એ સૌને એક એક ઝાટકે કાપી નાખ્યા.

રંગમાં ભંગ પડયો. યૌવરાજ્ય ઉત્સવ દૂર રહ્યો. લોકોએ આખરે પકડયો અને જેલમાં પૂર્યો. એક માસ રહ્યો. ઉંદરડાએ મારા બંધનો કાપી નાખ્યા. નગરને સળગાવી હું ભાગ્યો.

જંગલમાં ગયો. મૂર્ચ્છાથી પડી ગયો. ભીલ લોકો ઉપાડી ગયા અને સ્વામીને આપ્યો. એણે વેચવાની દાનતથી તાજો માતો કરવા સેવકને આપ્યો. કનકપુરના રાજવીએ ભીલો ઉપર ચઢાઈ કરી એમાં ઘણાં નાઠા, ઘણાં પકડાયા, હું પણ પકડાયો.

વિભાકર રાજા પાસે હાજર કર્યો, મને ઓળખી પૂજ્યની જેમ સન્માન આપ્યું. આવી દશાનું કારણ પૂછયું અને મેં સત્ય ઘટના કહી એટલે મને માત–તાતના વધ માટે ઠપકો આપ્યો. વૈશ્વાનરે મને ઉશ્કેર્યો. રાત્રે અમે સાથે સુતાં. મેં ઉંઘમાં રહેલા વિભાકરનું ખૂન કર્યું અને ત્યાંથી નાસી છૂટયો.

કનકશેખરના કુશાવર્ત નગરે પહોંચ્યો. મને માન આપ્યું. અવદશાનું કારણ પૂછતાં મને ક્રોધ ચડયો. કનકશેખરના કમરમાંથી મેં છરી ખેંચી કાઢી અને સામે થયા. કનકચૂડ દોડી આવ્યો. દેવતાએ મને થંભાવી દીધો અને ત્યાંથી ઉપાડી સરહદ બહાર મૂકયો.

અંબરીષ ચોરોની પલ્લીમાં આવ્યો. વીરસેને ઓળખ્યો. મારી સ્થિતિનું કારણ પૂછતાં હું ઉશ્કેરાઈ ગયો. સામો થયો. પકડીને ગાડા સાથે બાંધી દઈ શાર્દૂલનગરના સીમાડે તજી ચાલ્યા ગયા. આ રીતે અનેક રીતે રખડેલ દશા ભોગવવા લાગ્યો.

એ શાર્દૂલપુરની બહારના ભાગમાં મલવિલય ઉદ્યાનમાં વિવેક કેવળી પધાર્યા હતાં. દેવો અને માનવો દેશના સાંભળવા આવ્યા.

અવસરે રાજાએ મારા સંબધી પ્રશ્નો પૂછ્યા. એ વિવેક કેવળીએ કહ્યું. કે નગરને પાદરે બંધાએલી દશામાં પીડાતો પુરુષ પોતે નંદિવર્ધન છે. એમ જણાવી મારી અવદશાના કારણો બતાવ્યા. એ દ્વારા સંપૂર્ણ ભવપ્રપંચ જણાવી દીધો.

સમતા નમ્રતા, વિગેરે અંતરંગ કુટુંબ. ક્રોધ, હિંસા, અવિવેક, મોહ વિગેરે આગંતુક કુટુંબ, બાહ્ય કુટુંબ એમ ત્રણ કુટુંબોનું વર્ણન કર્યું, પ્રથમનો સ્વીકાર, બીજાનો ત્યાગ એને ત્રીજાની સાધારણ આવશ્યકતા અને કાર્યસિદ્ધ થયે અનાવશ્યકતા વર્ણવી.

અરિદમન રાજવીને વૈરાગ્ય થયો. દીક્ષા લેવા તત્પર થયા. મંત્રીશ્વર વિમળમતિ પણ તૈયાર થયા. અંતઃપુરની રાણીયો તૈયાર થઈ. ઉત્સવ પૂર્વક દીક્ષા લીધી.

આવા ઉન્નત પ્રસંગે પણ મને વૈરાગ્ય ન થયો. મારામાં નિર્મળતા ન આવી. આચાર્યની વાત ન ગમી. મારી વગોવણી કરી એટલે મને રોષ આવ્યો. હું વિજયનગરના માર્ગે રવાના થયો. રસ્તામાં ધરાધર મલ્યો. એ પણ ક્રોધી હતો. અમારી બોલાચાલી થઈ અને અમે લડી પડયા. બંને મૃત્યુ પામી છઠ્ઠી નરકે ગયા.

ત્યાંથી નીકળી અમે સર્પ બન્યા. ત્યાં લડી મર્યા. પાંચમી નરકે અમે ગયા. સિંહનો ભવ કરી ચોથીએ ગયા. ત્યાંથી બાજ બન્યા અને મરી ત્રીજી નરકે ગયા. નોળીયાનો ભવ કરી બીજી નરકે ગયા. આમ અનેક સ્થળે અનેકવાર ગયા.

શ્વેતપુરમાં આહીર ભરવાડ બન્યો. અકામ નિર્જરાથી ગુણ પ્રાપ્તિ થઈ. પત્ની ભવિતવ્યતા પ્રસન્ન બની અને કહ્યું, યશસ્વિન્ આર્યપુત્ર ! આપે પુણ્યોદયની સાથે સિદ્ધાર્થપુરે જવાનું છે. મેં કહ્યું જેવી દેવીની આજ્ઞા.

હું સિદ્ધાર્થપુરે રવાના થયો.

---

* અહીંથી આગળની કથા બીજાભાગમાં ચોથા પ્રસ્તાવમાં ચાલુ થશે.

× × ×

નમો વીતરાગાય

# શ્રી

# ઉપમિતિ ભવપ્રપંચા કથા

## સારોદ્ધાર

પ્રસ્તાવ પ્રથમ

ગુજરાતી અવતરણ

# પ્રથમ પ્રસ્તાવના પાત્રો

**॥ जयउ सव्वण्णुसासणं ॥**

| | |
|---|---|
| અદૃષ્ટ મૂલપર્યન્ત | —એક મહાનગરનું નામ |
| સુસ્થિત મહારાજા | —મહાનગરના રાજા |
| સ્વકર્મ વિવર | —દયાળુ દ્વારપાળ. |
| ધર્મબોધકર | —સુસ્થિતરાજાના ભોજનગૃહના અધિપતિ. |
| નિષ્પુણ્યક | —મહાનગરમાં ભટકતો ભીખારી. |
| તદ્દયા | —ધર્મબોધકરની પુત્રી. |
| વિમલાલોક અંજન | —અજ્ઞાન દૂર કરનાર નેત્રાંજન. |
| તત્ત્વપ્રીતિકર તીર્થજળ. | —સમ્યક્ શ્રદ્ધા ઉત્પન્ન કરનારૂં જળ |
| મહાકલ્યાણ પરમાન્ન | —સાધુતાના સ્વીકારરૂપ મિષ્ટાન્ન |
| સદ્બુદ્ધિ | —ધર્મબોધકરની બીજી પુત્રી |
| સપુણ્યક | —ત્રણ ઔષધના પ્રતાપે બદલાઈ ગયેલા નિષ્પુણ્યકનું નામ |

સકલશાસ્ત્રોપનિષદ્દભૂત શ્રી નમસ્કાર–મહામંત્રાય નમઃ

# ઉપમિતિ ભવ પ્રપંચા કથા–
# સારોદ્ધારનું ગુજરાતી અવતરણ

## ગ્રંથકારશ્રી દેવેન્દ્રસૂરિજીની પ્રસ્તાવના

**મંગલાચરણ :** જે પરમાત્મા વિષય–વિકારોથી પર સ્વરૂપવાળા અને કામ–ક્રોધાદિ કર્મશત્રુઓના નાશથી મહા-આનંદદાયી સંપત્તિને પામેલા એવા પરમપુરૂષ પરમાત્માને નમસ્કાર થાઓ.

જે પરમતારક જિનેશ્વર પરમાત્માઓ કેવળજ્ઞાનના અપૂર્વ પ્રકાશમાં સંપૂર્ણ લોકાલોકને નીહાળી રહેલા છે, વળી લોકના અગ્રભાગે રહેલી સિદ્ધશિલા ઉપર રહેલા છે, એવા સઘળાય સિદ્ધ ભગવંતોને હું નમસ્કાર કરૂં છું.

જે શ્રી જિનેશ્વર પરમાત્માની વાણી ભૂત, ભવિષ્ય અને વર્તમાન રૂપ ત્રણકાળના પદાર્થોના સ્વરૂપને જણાવી શકે છે અને પ્રાણીયોના હૃદયમાં ઉત્પન્ન થતી શંકા કુશંકાના સમાધાન કરી શકે છે, તે દ્વાદશાંગી રૂપ શ્રી જિનેશ્વરદેવની પવિત્ર વાણીને મારા નમસ્કાર થાઓ.

ગુરુદેવની પવિત્ર કરૂણાથી આ ગ્રંથ હું રચી રહ્યો છું, ગુરુદેવની કરૂણા વિના આ રચનાનું ઉત્તમ કાર્ય જડ જેવા મારાથી ન બની શકત. વળી એ કરૂણાએ મને જગતમાં માનવંતો બનાવ્યો છે. માટે કરૂણાના સ્વામી પૂજ્ય ગુરુદેવને હું શતશઃ વંદના કરૂં છું.

મુનીશ્વર શ્રી સિદ્ધર્ષિ ગણીએ પોતાના અદ્દ્ભુત અને વિશાળ જ્ઞાન દ્વારા વિશ્વના પ્રત્યેક પ્રાણીયોના જીવન પ્રસંગોને આવરી લેનારી શ્રી ઉપમિતિ ભવપ્રપંચાકથા બનાવી છે કે જેમાં અનેક નાની નાની કથાઓ આવવાના કારણે નિધાન ભૂમિની તુલ્યતાને પામે છે. એ કથા વાચકોને આશ્ચર્યમાં ગરકાવ કરી નાખે છે. આ કથા દ્વારા અનેક સત્ત્વો પ્રાણીયો ઉપર પરમ ઉપકાર થયો છે. આવા અદ્દ્ભુત સિદ્ધહસ્ત કથાલેખનકાર શ્રી સિદ્ધર્ષિ મુનીશ્વરને મારા ભાવભીના વંદના હજો.

શ્રી સિદ્ધર્ષિ મુનીશ્વરની "ઉપમિતિ" કથા વાચવામાં અને સમજવામાં અતિ સુંદર છે, પરન્તુ વર્તમાન સમયના આત્માઓ સંક્ષેપમાં સાંભળવાની રુચિવાળા બની ગયા છે, એટલા ખાતર જ "ઉપમિતિ" કથા ગ્રંથમાંથી મુખ્ય મુદ્દા અને સાર–સાર ભાગ ગ્રહણ કરી સંક્ષેપ વિવરણ લખું છું.

## પ્રત્યેક પ્રસ્તાવોમાં આવતા વિષયોની રૂપરેખા :

(૧) પહેલાં પ્રસ્તાવમાં કથા બનાવવાના કારણો, મુદ્દાઓ, કથા ઉદ્દ્ભવ સ્થાન અને શ્રોતાનું વિવરણ બતાવવામાં આવશે.

(૨) બીજા પ્રસ્તાવમાં સંસારીજીવ પોતે નિગોદમાંથી કેવી રીતે નિકળે છે, પછી પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ વનસ્પતિ કાયની યોનિઓમાં–નિકાયોમાં ભમી અનુક્રમે બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચતુરિંદ્રિયપણાને પામી પંચેન્દ્રિય તિર્યંચ ગતિમાં ઉત્પત્તિ પામીને કઈ દશા ભોગવે છે તે જણાવવામાં આવ્યું છે.

(૩) ત્રીજા પ્રસ્તાવમાં હિંસા અને ક્રોધને વશ થવાથી તેમ જ સ્પર્શેન્દ્રિયને આધીન થવાથી શી શી યાતનાઓ, કેવા કેવા દુઃખો ભોગવવા પડયા તે સંસારી જીવ પોતે જ બતાવશે.

(૪) ચોથા પ્રસ્તાવમાં સંસારી જીવ માનની ઉન્મત્તતાને લીધે પડેલા દુઃખો, મૃષાવાદથી થયેલી યાતનાઓ–પીડાઓ અને રસનેન્દ્રિયની લંપટતાને કારણે ભોગવેલા દર્દોનું વર્ણન કરે છે.

(૫) પાંચમાં પ્રસ્તાવમાં માયાના કટુ પરિણામો, ચૌર્યવૃત્તિના ફળો, અને નાસિકેન્દ્રિયની આસક્તિના કારણે જે વેદનાઓ સહે છે તે સંસારી જીવ બતાવે છે.

(૬) છઠ્ઠા પ્રસ્તાવમાં લોભના નિમિત્તક જે વિડંબનાઓ સહન કરવી પડી, મૈથુન–કામેચ્છાના રાગમાં જે દુઃખો સહેવા પડયા અને ચક્ષુઇન્દ્રિયની ચંચળતાને કારણે ભોગવેલા કષ્ટોનું વર્ણન કરે છે.

(૭) સાતમાં પ્રસ્તાવમાં સંસારી જીવ પોતાને મહા-મોહના કારણે થયેલી મતિમૂઢતા, પરિગ્રહના પાપી પરિણામો

અને શ્રોતેન્દ્રિયના શોખને ખાતર શબ્દ રાગમાં થયેલી આસક્તિજન્ય વિડંબનાઓ સ્વમુખે વર્ણવે છે.

(૮) આઠમાં પ્રસ્તાવમાં પૂર્વના સાતે પ્રસ્તાવોમાં વર્ણવેલ કથાની સમીક્ષા કરવામાં આવી છે. અને સંસારી જીવ ભવચક્રનો અન્ત–નાશ કરી મહાનંદ પદ કેમ વરે છે તે બતાવશે.

આ રીતે આઠ પ્રસ્તાવોમાં આવતા વિષયોની ઝાંખી રૂપરેખા જણાવી છે.

હવે ગ્રંથકારશ્રી પોતાની લઘુતા–નમ્રતા જણાવવા ખાતર એક વાત ઉપસ્થિત કરે છે.

હું આ ગ્રંથ લખી રહ્યો છું તે સ્વતંત્ર ગ્રંથ નથી પણ "ઉપમિતિ" ગ્રંથનું સંક્ષેપીકરણ છે. એટલે આ ગ્રંથમાં મૂળભૂત "ઉપમિતિ" ગ્રંથના કેટલાક એના એજ શ્લોકો આવશે, કેટલાક અક્ષરશઃ પદો આવશે, એમ છતાં આ ગ્રંથ નાનો બને એટલા ખાતર મોટા ભાગની શ્લોક રચના નવીન કરવામાં આવી છે પણ કથાનો ભાવ તો એનો એજ રાખ્યો છે.

## ઉપોદ્ઘાતરૂપે દૃષ્ટાન્ત કથા

### મહાનગરનું વર્ણન :

આ જગતમાં લોક પ્રસિદ્ધ અને અનેક આશ્ચર્યોથી ભરપૂર "અદૃષ્ટમૂલ પર્યન્ત" નામનું મહાનગર છે. એ મહાનગરને ફરતો વિશાળકાય કિલ્લો છે અને એ કિલ્લાની ચો તરફ પહોળા પટવાળી ખાઈ રહેલી છે.

મોટા અને ઉંડા કૂવાઓ, વિશાળ તળાવો, નાના–મોટા ઉપવનો અને ઉદ્યાનો આ મહાનગરની શોભામાં વધારો કરી રહ્યાં છે.

રમત ગમતમાં મસ્ત ગભરૂ બાળકોના કલકલ અવાજથી આ નગર ગાજી રહ્યું છે અને ઉંચાઉંચા ધવલ મંદિરો ઠેર ઠેર શોભી રહ્યાં છે.

જે મહાનગરના મધ્ય બજારો અગણિત અને અમેય અમાપ કરીયાણાથી ઉભરાઈ રહેલી દુકાનો દ્વારા શોભી રહ્યા છે.

પ્રેક્ષકવૃન્દની આંખોને આશ્ચર્યમાં ગરકાવ કરી દેનાર આ મહાનગરનું વર્ણન કરવામાં કોણ સમર્થ છે?

**મહારાજાનું વર્ણન :**

આ નગરમાં શ્રી "સુસ્થિત" નામના મહારાજા છે. જેમના ચરણકમળની સેવા અનેક રાજાઓના સમુહ કરી રહ્યા છે. એમનો ધવલ યશ ચંદ્રની જ્યોત્સનાની જેમ સર્વત્ર ફેલાએલો છે. પોતાના પરાક્રમથી શત્રુ–સમૂહને પરાસ્ત કરી દીધેલ છે. સૌ પ્રાણીઓ ઉપર કરૂણાની દૃષ્ટિના કરનારા અને પ્રજાના પાલન અને રક્ષણમાં ઉદ્યમવંત છે.

ગંભીરતા, ઉદારતા, ધીરતા વિગેરે સાત્વિક ગુણ રૂપ રત્નો માટે રોહણાચલ પર્વત સમાન છે. સૌને મહા આનંદને દેનારા છે. આવા શ્રી સુસ્થિત મહારાજા આ નગરના સાર્વભૌમ અધિપતિ છે.

## નિષ્પુણ્યક ભીખારી :

આ નગરમાં નિષ્પુણ્યક નામનો એક ભીખારી વસે છે. તે બિચારો નિષ્પુણ્યક બંધુ-સ્વજન પરિવાર વિનાનો છે. બુદ્ધિનો બુઠ્ઠો છે. કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ માટે પરિશ્રમ કરવાની એનામાં જરાએ શક્તિ નથી. રોગોનું તો ઘર છે.

તે બિચારો ભૂખના દુઃખથી તદ્દન દુર્બલ બની ગયો છે, હાડપિંજર જેવો દેખાવે બની ગયો છે. એને આસરો આપનાર કોઇ નથી. આવા દુઃખોના કારણે ઉન્માદી-ગાંડા જેવો બની ગયો છે. સાક્ષાત્ પાપમૂર્તિ રાંક ગરીબ જેવો જણાય છે.

વળી ટીખળીયા મશ્કરા છોકરાઓ અને તોફાની બાળકો આ ભીખારીને પથરાના ઘા મારે છે. લાકડીયોથી મારે છે. કાછડી કાઢી નાખે છે અને આ બિચારો લાચારીથી સહન કરે છે સજ્જન પુરુષો માટે એ કરૂણાનું પાત્ર બની ગયો છે.

પાપી પેટના ખાતર આ નિષ્પુણ્યક ભીખારી ભિક્ષા-પાત્ર-ખપ્પર હાથમાં લઈ આખા નગરમાં ભીખ માટે ભટકે છે. "ઓ મારા બાપ મને કંઈક આપો, ઓ મારી માડી એક ટુકડો આપો, ભગવાન તમારૂં ભલુ કરશે, આ ભીખારીને બટકું રોટલો નાખો, કેટલાય દિવસનો ભૂખ્યો છું. દયા કરો મા-બાપ દયા કરો" આવા આવા દીનતા ભર્યાં વચનો બોલે છે. કરગરે છે. તો પણ રોટલીનો ટુકડો એના ભિક્ષાપાત્રમાં આવતો નથી.

ભાગ્યના યોગે કોઈ દાતાર મળી જાય અને નિષ્પુણ્યક ભીખારીના રામપાત્રમાં એઠું જુઠું ગંધાતુ ખાવાનું થોડું આપી દે એમાં તો આ ભીખારી એટલો બધો રાજી થઇ જતો કે જાણે પોતે કોઈ એક રાજ્યનો રાજા બની ગયો હોય !

સમુદ્રમાં ઉત્પન્ન થયેલો વડવાનલઅગ્નિ પાણીથી ઓલવાતો નથી તેમ આ ભીખારીની ભૂખને કુત્સિત-ગંધાતું ભોજન નથી ભાંગતું પણ ભૂખમાં વધારો ને વધારો કરે છે.

એટલું જ નહિ પણ ખાતર અને પાણીથી જેમ વૃક્ષ ફૂલે-ફાલે છે, તેમ આ ભીખારીના રોગો તુચ્છ અન્ન ખાવાથી દિવસે દિવસે વધતા જાય છે.

આવી પરિસ્થિતિમાં પણ ભીખારીને રોગ વધારનાર તુચ્છ અન્ન પ્રત્યેની ખાવાની લાલસા જરાએ ઘટતી નથી અને સ્વાસ્થ્યવર્ધક, સુંદર તેમજ સુસ્વાદિષ્ટ ભોજનના રસનો સ્વાદ એ સ્વપ્નમાં પણ મેળવી શકતો નથી.

**રાજમહેલમાં પ્રવેશ :**

દીન દુઃખી અને દુર્ભાગ્ય શિરોમણિ નિષ્પુણ્યક ભીખારી હરહંમેશ ભીખ માટે આ મહાનગરમાં રઝળ્યા કરે છે. થોડું મેળવે છે અને ખાય છે. આવી દયાજનક અવસ્થામાં રઝળતાં રઝળતાં કેટલોય કાળ પસાર થઇ જાય છે.

એક વેળા રઝળતાં-ભટકતાં તે ભીખારી રાજમંદિરના મુખ્ય તોરણ દ્વાર ઉપર જઇ ચઢે છે. પરન્તુ ત્યાં ચોકી ભરી રહેલા ઉત્કટમોહ અને મહાઅજ્ઞાન નામના સંત્રીઓ[1]

---

૧. અહીં મૂળમાં દ્વારપાળ શબ્દ છે. ચોકીદાર, પહેરેદાર, ગ્રામરક્ષક વિગેરે અર્થમાં ઘટે છે.

રાજમંદિરમાં પ્રવેશ કરતાં અટકાવે છે. આથી નિષ્પુણ્યક વિલખો થઇ ઉદાસ ચહેરે એક બાજુ ઉભો રહે છે.

થોડીવારમાં "સ્વકર્મવિવર" નામનો સંત્રી આવે છે. તે દિલનો દિલાવર અને સમજુ છે. ઉદાસ નિષ્પુણ્યક ભીખારીને રાજમંદિરમાં પ્રવેશ કરવા સાનુકૂળતા કરી આપે છે. એટલે તે રંક રાજમંદિરમાં દાખલ થઈ શકે છે.

## રાજમંદિરની શોભા અને નિષ્પુણ્યકની વિચારણા :

આ મંદિર દરેક રીતે અતિ સુંદર છે. જેમાં અનેક ખંડિયા રાજાઓ, મહાઅમાત્યો, અમાત્યો. સંત્રીયો, સેનાપતિઓ અન્ય અધિકારી વર્ગો અને ચતુરંગ સેનાના સૈનિકોથી ભરપૂર છે.

યોગ્ય સમયે સલાહ સૂચન આપનારા આપ્ત–વડિલ પુરૂષોથી યુક્ત છે. નાજુક નારી સમુહથી નયન–મનોહર બનેલો છે. મનગમતા પદાર્થોની સુંદર રચનાથી મનને ખૂબ આકર્ષી રહેલો છે. એ રાજમંદિરનું આકર્ષણ મનને અતિ આહ્લાદ અને પરમ શાંતિ આપે છે. વિશ્વની પ્રત્યેક સુંદર વસ્તુઓ આમાં રહેલી છે.

આવા રમણીય રાજમંદિરને જોઇ ભિક્ષુ આભો જ બની ગયો. એ તો વિચારે છે કે આવું પરમ પ્રીતિકર રાજમંદિર મેં તો કદી નિહાળ્યું નથી. મારૂં નામ નિષ્પુણ્યક છે તે ખરેખર સત્ય છે. "यथा नाम तथा गुणाः" જેવું મારૂં નામ તેવો જ સાચો નિષ્પુણ્યક છું.

આ મનોરમ રાજમંદિરના દ્વારે તો હું પહેલાં ઘણી ઘણી વાર આવી ગયો છું પરન્તુ પાપાત્મા મહામોહ અને અજ્ઞાન વિગેરે ચોકી ભરનારા સંત્રીયો અંદર જતાં અટકાવતા હતા.

વિશ્વમાં આ રાજમંદિર ખૂબ જ જોવા લાયક છે. સ્વકર્મવિવર નામનો દયાળુ દ્વારપાળ ન હોત તો હું રાજ–મંદિરને કદી પણ ન જોઇ શકત. ખરેખર તે મારો ઉપકારી છે. પ્રિય સ્વજન છે, પરમ હિતસ્વી છે.

અરે, જુવોને ! આ રાજમંદિરમાં સદા રહેનારા મહાનુ–ભાવો કેવા સુખી છે ? કોઇને કલેશના કાંટા ખૂંચતા નથી, કંકાશના કર્કશ કંકરો વાગતા નથી, દુઃખનું દર્દ દેખા દેતું નથી, બધા જ આનંદના ઝૂલે ઝૂલી રહ્યા છે. પરમ સુખ વિલસી રહ્યા છે. આ બધા અતિ ભાગ્યવંતા છે. ધન્યવાદને પાત્ર છે.

## મહારાજાની મહેર અને ધર્મબોધકરની વિચારણા :

નિષ્પુણ્યક ભિખારી રાજમંદિરની રમણીયતાનો વિચાર કરી રહ્યો છે, એટલામાં રાજમંદિરના સાતમે માળે અગાશીમાં બિરાજેલા આનંદ વિભોર શ્રી સુસ્થિત મહારાજા આ મહાન નગરીના બાહ્ય પ્રદેશો અને આંતરિક પ્રદેશો નિહાળી રહ્યા છે. અનાયાસ એઓશ્રીની કરૂણાવત્સલ દૃષ્ટિ આ નિષ્પુણ્યક ભિક્ષુ ઉપર પડે છે.

બીજી બાજુ શ્રી સુસ્થિત મહારાજાના ભોજનગૃહના અધ્યક્ષ શ્રી ધર્મબોધકર પોતાના સ્વામીની કરૂણાવત્સલ દૃષ્ટિ

આ ભિખારી ઉપર થઈ રહી છે એવું એ જોઇ રહ્યો છે, તેથી શ્રી ધર્મબોધકર પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે.

અરે! આ હું શું જોઈ રહ્યો છું, અમારા મહારાજાની કરૂણાવત્સલ દૃષ્ટિ જે મહાનુભાવ ઉપર પડે, તે તો અલ્પ સમયમાં ત્રણ લોકનો નાથ-સ્વામી બની જાય છે અને આ દૃશ્ય તો મને ખૂબ જ આશ્ચર્ય બતાવી રહ્યું છે.

કારણ કે આ ભીખારી નિષ્પુણ્યક છે, દરિદ્રતાની મૂર્તિ છે, મૂર્ખોમાં શિરોમણિ છે, દેખાવે બિહામણો છે, શરીર તો રોગોથી ખદબદી રહેલું છે, જગતમાં સૌને ઉદ્વેગ પેદા કરનાર છે, રંક છે, હીન પુણ્ય છે. પાપનો ભંડાર છે. આવા અત્યંત કનિષ્ઠ અને અધમાધમ અયોગ્ય આત્મા ઉપર મહારાજાની મમતાભરી મહેર થાય ખરી? આવા તુચ્છ દરિદ્રનારાયણને પરમાત્મા જુવે પણ ખરા?

ઓહ! હવે સમજાણું કે મહારાજાશ્રીએ કેમ કરૂણા-વત્સલ દૃષ્ટિ કરી. મહારાજાશ્રીએ દરવાજા ઉપર "સ્વકર્મ વિવર" નામના સંત્રીને રાખેલો છે. અને એ સંત્રી બુદ્ધિશાળી છે. ઉચ્ચકોટીનો પરીક્ષક અને ચોકસાઈથી નિરીક્ષણ કરનારો છે. વગર યોગ્યતાએ કોઇને પણ આ રાજમંદિરમાં દાખલ થવા દેતો નથી. જેઓ મહારાજાશ્રીની કરૂણાવત્સલ દૃષ્ટિની પ્રાપ્તિ માટે યોગ્યતા ધરાવતા હોય તેવાઓને જ દાખલ થવા દે છે. બીજાને તો પ્રવેશ મળી શકતો જ નથી.

સ્વકર્મવિવર સંત્રીએ આ નિષ્પુણ્યકને દાખલ થવા દીધો છે, માટે જ મહારાજાશ્રીએ પણ એના ઉપર કરૂણાવત્સલ દૃષ્ટિ કરી છે. માટે જ મહારાજા એને કરૂણાથી જોઈ રહેલા છે.

વળી આનંદપ્રદાયી રાજમંદિરને જોઈ જેઓના હૈયા પુલકિત થાય છે તેઓ શ્રી સુસ્થિત મહારાજાના પ્રીતિપાત્ર બની જાય છે.

રાજમહેલને જોઈ ભિક્ષુનું મોં મલકી રહ્યું છે. રોમરાજિ વિકસ્વર બની રહી છે. નેત્રો રાજમંદિરને અનિમેષ નયને નિહાળી રહ્યાં છે. હૃદય એનું આનંદથી ઊભરાઈ રહ્યું છે. આ બધા લક્ષણો ઉપરથી એમ જાણી શકાય છે કે નિષ્પુણ્યક ભીખારીને આ રાજમંદિર ખૂબ ગમી ગયું છે.

આજે નિષ્પુણ્યક ભલે દરિદ્રનારાયણની સાક્ષાત્ મૂર્તિ હોય પણ મહારાજાશ્રીની વાત્સલ્ય ભરી કરૂણા દૃષ્ટિના કારણે ગુણશીલ પણાને જરૂર પામશે જ. એની ઉન્નતિ અને આબાદી થશે જ.

આ પ્રમાણે મનોમન વિચારણા કરીને કરૂણાધન શ્રી ધર્મબોધકર નિષ્પુણ્યક ભીખારીને ભિક્ષા લેવા માટે બોલાવે છે. શ્રી ધર્મબોધકરે ભિક્ષા માટે બોલાવેલો જાણી નિષ્પુણ્યકને હેરાન કરનારા તોફાની છોકરાઓ ભયભીત બની ભાગી જાય છે. શ્રી ધર્મબોધકર નિષ્પુણ્યકને ભિક્ષા લેવાના નિયત સ્થળે જઈ દાન આપવા માટે સેવકોને આજ્ઞા આપે છે.

## ગુણવતી પુત્રી તદ્દયા :

મહાનસાધ્યક્ષ શ્રી ધર્મબોધકરની આજ્ઞા સાંભળી એમની ગુણવતી પુત્રી તદ્દયા ત્વરિત ગતિએ "મહાકલ્યાણક" નામનું સુંદર, સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યપ્રદ પરમાન્ન લઈ ત્યાં હાજર થાય છે.

આ પરમાન્ન આરોગવાથી ભીખારીના રોગો નાશ પામે તેમ છે, સુગંધ ભરપૂર છે. રંગ અને સ્વાદ પણ ખૂબ મજાનો છે, આરોગ્યની દૃષ્ટિએ લાભદાયક છે. શરીરના તેજ કાંતિ ઓજસ ગુણોને વધારનાર છે છતાં પણ નિષ્પુણ્યક ભીખારીના વિચારો ડામાડોળ થાય છે. એના વિચારોમાં ખૂબ જ ક્ષુદ્રતા પડેલી છે. એના મનમાં શંકા–કુશંકાના પરપોટા વારે ઘડીએ ઉઠ્યા કરે છે.

નિષ્પુણ્યક વિચારે છે કે "મને જાતે બોલાવીને આ માણસ અહીં લાવ્યો છે. જાતે જ ભિક્ષા માટે આટલો આગ્રહ કરે છે. આવી મારા પ્રત્યેની વર્તણુક મને સારી લાગતી નથી. આમાં કાંઇક ગુપ્ત રહસ્ય હોવું જોઈએ. મને લાગે છે કે ધર્મબોધકર આવી વર્તણુકથી મને વિશ્વાસમાં લઈ એકાંતમાં લઇ જશે અને ભિક્ષાના અન્નથી ભરેલું મારૂં આ રામપાત્ર ફગાવી દેશે, તોડી પાડશે, કાંતો પડાવીને પોતે હડપ કરી જશે."

"વાઘ અને નદી ન્યાય" જેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં મારે શું કરવું? શું મારે અહીંથી જલ્દી જલ્દી ભાગી જવું? ઝટ ઝટ આ રામપાત્રની ભિક્ષાને પેટમાં પધરાવી દઉં? અથવા તો ધર્મબોધકરને જણાવી દઉં કે ભાઇ સાહેબ! મારે તમારી ભિક્ષા નથી જોઈતી અને હું ચાલતી પકડું?

ભિક્ષાના રક્ષણની વિચારણાના રવાડે ચડી ગએલો નિષ્પુણ્યક તદ્દન ભાનભૂલો બની ગયો છે. આજુબાજુના વાતાવરણની પણ એને સમજ રહિ નથી. તદ્દયા કરૂણા અને

સ્નેહપૂર્વક પિતાજીની આજ્ઞાથી પરમાન્ન આપવા આવી છે, એ પણ નિષ્પુણ્યક જોઇ શકતો નથી. સામે જ ઊભી છે છતાં એનું એને ભાન નથી.

ભાનભૂલા ભીખારીની આ હાલત જોઈ તદ્દયા કહે છે. હે મહાનુભાવ! જો, મારા હાથમાં આ પરમાન્ન છે. એ સર્વ રોગોને હરનાર છે. દેવોને પણ દુર્લભ છે. પિતાજીએ તને આપવાની આજ્ઞા કરી છે; માટે હું આપવા આવી છું. તું પરમાન્ન ગ્રહણ કર અને શાંતિ પૂર્વક આરોગ. પરન્તુ નિષ્પુણ્યકના કાનમાં આ શબ્દોની જરાએ અસર થતી નથી. એ તો પોતાના તુચ્છ અન્નના રક્ષણની ક્ષુદ્ર વિચારણામાં ગળાડુબ ડૂબી ગયો છે.

## શ્રી ધર્મબોધકરની વિચારણા :

કાષ્ટમૂર્તિસમા જડ બનેલા નિષ્પુણ્યકને જોઈ શ્રી ધર્મબોધકર આશ્ચર્યચકિત બની જાય છે. એ પણ વિચારમાં ચડી ગયા. અરે! આ મૂર્ખ આત્મા શું વિચારે છે? તદ્દયા મહાકલ્યાણક પરમાન્ન આપી રહી છે તે કેમ લેતો નથી? અરે તદ્દયાનું કથન પણ સાંભળતો નથી અને ઉત્તર પણ કેમ કાંઈ આપતો નથી? આ પાપાત્મા મહાકલ્યાણક પરમાન્નની ભિક્ષા માટેની યોગ્યતા નહિ ધરાવતો હોય. "ખરેખર પાપી પુરૂષોને પુણ્યપ્રાપ્ય પવિત્ર પરમાન્નની પ્રાપ્તિ ક્યાંથી સંભવી શકે."

અથવા તો પરમાન્ન ગ્રહણ નહિ કરવામાં નિષ્પુણ્યકનો દોષ નથી, પરન્તુ ચેતનની ચતન્યતાને ઢાંકી દેનારા મહા-

રોગોનો એ વાંક છે. માટે કોઇ પણ ઉપાયના ભોગે અને પરિશ્રમના જોરે એ દોષો ટાળી નિષ્પુણ્યકને નીરોગી કરવો જોઈએ.

મહાપુરૂષોનું કથન છે કે "परोपकारः पुण्याय" પરોપકાર એ પુણ્ય પ્રાપ્તિનો પરમ સુંદર ઉપાય છે. અને મારી પાસે પણ ત્રણ ઉત્તમોત્તમ ઔષધો છે. જો એ ત્રણે ઔષધો વિધિ પૂર્વક લેવામાં આવે તો ભલભલાના મહારોગો પણ જડમૂળથી નાશ પામી શકે તેમ છે. થોડા સમયમાં જ એ સાજો-નરવો થઇ શકે છે.

**ત્રણ ઔષધો :**

પહેલું ઔષધ "વિમલાલોક" નામનું અંજન છે. જે વિધિવત્ આંખમાં આંજ્યું હોય તો સર્વ ભાવો, સર્વ પદાર્થોને જોઇ શકે તેવી સુંદર આંખો થઈ જાય છે.

બીજું ઔષધ "તત્ત્વ-પ્રીતિકર" નામનું પવિત્ર તીર્થ-જળ છે. તે શરીરના રોગો હળવા કરી સ્વસ્થતા પ્રાપ્ત કરાવી શકે છે. ઉન્માદનો પૂર્ણ નાશ કરી શકે છે.

ત્રીજું ઔષધ "મહાકલ્યાણક" નામનું પરમાન્ન છે. જે તદ્દયા અહીં લઇને જ ઉભી છે. જેના આસેવનથી શરીરની કાંતિ, મનની પ્રફુલ્લતા, બુદ્ધિની નિર્મલતા, વિચારોની પવિત્રતા વિગેરે ગુણોની પ્રાપ્તિ થાય છે. સર્વ રોગો નષ્ટ થઇ જાય છે.

આવી જાતનો મનોમન વિચાર કરી શ્રી ધર્મબોધકરે આંખમાં દવા આંજવાની શળી લાવીને તેના ઉપર ગુણકારી

અંજન લગાવી નિષ્પુણ્યકની ઘણી આનાકાની છે, ન આંજવા દેવા માથું ધુણાવે છે, છતાં બલજબરીથી તેની આંખમાં અંજન આંજી દીધું.

**અંજનની અદ્ભુતતા :**

ગુણકારી અંજન આંજવાના પ્રતાપે જડભરત જેવા બની ગએલા નિષ્પુણ્યકને સચેતનતા પ્રાપ્ત થાય છે. જડતા ઘટવા લાગે છે. બીડાયેલાં નેત્રો નિર્મળ અને વિકસ્વર બને છે. હૃદયમાં સાધારણ આનંદની ઝાંખી થતી જણાય છે. શીતળતા અને નિર્મળતા ઘણી થઇ જાય છે.

છતાં પણ મૂર્ચ્છાના સંસ્કારો હજુ ગાઢ છે, એથી પોતાના ઠીકરામાં રહેલા તુચ્છ–અન્નના રક્ષણની ભાવનાને તિલાંજલિ આપી શકતો નથી નિષ્પુણ્યકની કદન્નની આસક્તિ હળવી બની નથી.

"વિમલાલોક" અંજનના પ્રભાવથી નિષ્પુણ્યક કંઈક સ્વસ્થ બન્યો છે, એવું જાણીને શ્રી ધર્મબોધકર મધુરાવેણથી બોલે છે.

હે ભદ્ર ! "તું આ સ્વાદીષ્ટ પાણી જરા પીલે. આ પવિત્ર જળ પીવાથી તારા રોગ હળવા થશે તને સ્વસ્થતા, બળ અને સ્ફૂર્તિ પ્રાપ્ત થશે."

**જલપાનની અસર :**

શ્રી ધર્મબોધકરનાં હિતસ્વી અને મધુરાં વચનો છતાં નિષ્પુણ્યક ભીખારી વિચારે છે કે આ તીર્થજળ પીવાથી કોણ જાણે શું લાભ થશે ? કોઇ નવી બલા તો ઊભી નહિ થાય

ને? લાભના બદલે હાનિ થઈ તો? આવા શંકાશીલ વિચારોને લીધે તીર્થજળ પીવા માટે તેનું મન માનતું નથી.

શ્રી ધર્મબોધકરને નિષ્પુણ્યકની આવી સ્થિતિ જોઈ વધારે કરૂણા આવે છે. એ કરૂણાને લીધે જ એમણે ભીખારીનું મુખ બળજબરીથી ઉઘાડી એમાં "તત્ત્વપ્રીતિકર" તીર્થજળ નાખી દીધું.

તે પાણી અમૃત જેવું શીતળ અને સ્વાદિષ્ટ હતું. ભીખારીને આ પાણીથી ખૂબ આનંદ થયો. અલ્પ સમયમાં સ્વસ્થ બની જાય છે. એના શરીરમાં સ્ફૂર્તિ આવી જાય છે. મુખ ઉપર ચમક દેખા દે છે.

ગુણાવહ તીર્થજળના પ્રતાપે એ ભીખારીનું માનસ ખૂબ પ્રસન્ન બન્યું છે. હવે એ વિચારે છે કે અહો આ મહામના મહાપુરૂષની મહોપકારીતા કેવી મહાન્ છે? એ સજ્જનની સૌજન્યતા કેવી સુંદર છે? વિચારોમાં કેટલી વિશાળતા છે? ભાવનામાં કેવી ભવ્યતા ભરેલી છે?

આ ગુણશીલ પુરૂષે અંજનના આંજવા દ્વારા મારા નયનોની નિર્મળતા આણી દીધી છે. પવિત્ર તીર્થજળના પાન દ્વારા મને માનસિક સ્વસ્થતા અપાવી છે. આવા પરોપકારક આચરણો દ્વારા આ પુરૂષ એ એક ગુણશીલ અને કરૂણાનિધિ મહાસજ્જન પુરૂષ છે એમ સ્હેજે માની શકાય છે. એમાં સ્વભાવની નિખાલસતા અને સ્નેહની દૃષ્ટિ છે. છતાં આવા પરોપકાર પ્રવિણ પુરૂષ પ્રતિ મેં ધૂર્તપણાની કુટિલ કલ્પના કરી તેથી હું જ અધમાધમ છું. હીનાતિહીન છું.

## મહાકલ્યાણક માટે મનામણાં :

આ દરિદ્રનારાયણને હવે સુંદર સુંદર વિચારો આવે છે, છતાં પણ પોતાની સાથે લાવેલા રામપાત્રની ભિક્ષા ઉપરનો મોહ જરીકે ઓછો થતો નથી. આસક્તિ નબળી બનતી નથી, વારંવાર એ રામપાત્ર ઉપર નજર નાખ્યા કરે છે.

વારંવાર તુચ્છ ભોજન ઉપર નજર નાખવાથી ભીખારીના હૈયાના ભાવ શ્રી ધર્મબોધકર સમજી જાય છે અને એના પ્રત્યે મધુર સ્વરે કહે છે.

અરે મૂર્ખ ! દ્રમક ! આ મારી તદ્દયા કન્યા અમૃતથી અધિક મધુર પરમાન્ન તને આપે છે તે તું કેમ લેતો નથી ? અને તુચ્છ ભોજન ઉપરનો રાગ કેમ જતો કરતો નથી ? મને તો લાગે છે કે તારા જેવો મહામૂર્ખ અને નિર્ભાગી જગતમાં શોધવા જતાં કોઇ જડે તેમ નથી.

તને એક બીજી વાત કહું તે સાંભળ ! જો, આ રાજમંદિરની બહાર ઘણાં પ્રાણીઓ દુઃખથી રીબાઈ રહ્યાં છે, તેમને આ રાજમંદિર જોઇ આનંદ થયો નથી અને એ પ્રાણીઓ ઉપર અમારા રાજરાજેશ્વર શ્રી સુસ્થિત મહારાજાની કરૂણાવત્સલ દૃષ્ટિ પડી નથી, એટલે અમારો એ લોકો પ્રત્યે ખાસ સદ્ભાવ હોતો નથી.

સ્વકર્મવિવરે તને આવવા દીધો છે, વળી કરૂણાવત્સલ મહારાજાની તારા ઉપર દૃષ્ટિ પડી છે અને આ રાજમંદિર જોતાં તને હર્ષ થયો છે, માટે જ તારા તરફ અમે આદર બતાવીએ છીએ. "પોતાના સ્વામીને જે પ્રિય હોય

સેવકોએ કરવું જોઇએ" એટલે જ અમે તારા તરફ માયાળુ વર્તન રાખીએ છીએ.

માટે હે નિષ્પુણ્યક! તું તારા તુચ્છ ભોજનને તજી દે. આ પરમ સુંદર પરમાન્ન ભોજન જમી લે. ભલા! જો તો ખરો! આ રાજમંદિરમાં વસનારા પ્રાણીયો મહાકલ્યાણક પરમાન્નના આરોગવાથી કેવા આનંદ વિભોર બની ગયા છે? કેવા સુખને હિંડોળે ઝૂલી રહ્યાં છે? તું પણ પરમાન્ન જમી એ આનંદનો સ્હેજ સ્વાદ તો માણ.

## તુચ્છ અન્નનો અનુરાગ :

સૂદાધ્યક્ષ શ્રી ધર્મબોધકરની તુચ્છ અન્નના ત્યાગની વાતો સાંભળી નિષ્પુણ્યક ભીખારી રાંક–બાપડો બની ગયો, એનું મોઢું લેવાઈ ગયું. છતાં પણ કંઇક વિશ્વાસ બેસવાથી તે શ્રી ધર્મબોધપ્રત્યે દીન વદને ધીમે ધીમે બોલે છે.

"આપે જે વાતો કહી છે. તે બધી બરોબર છે. એમાં શંકા કરવા જેવું કાંઈ છે નહિ. છતાં મારી એક નમ્ર પ્રાર્થના સાંભળો."

આ ભોજન ભલે તુચ્છ હોય, ગંધાતું, ફેંકીદેવા જેવું, નુકશાન કરનારૂં હોય, છતાં પણ એ મને ખૂબ જ ગમે છે. હું એનો ત્યાગ કરૂં એ મારા માટે અશકય છે.

વળી આ ભોજન મેં ઘણી ઘણી મહેનત કરીને માંડ પ્રાપ્ત કર્યું છે. ભવિષ્યમાં અવસરે મારા પ્રાણોને ટકાવવામાં સહાય કરનારૂં નિવડશે. એવી મારા હૈયામાં સચોટ ખાત્રી

છે. પરન્તુ આપનું ભોજન કેવું છે તે હું જાણતો નથી. તેનામાં કયા ગુણો રહેલા છે અને કયા દોષો છે એનો મને જરાએ અનુભવ નથી.

એટલા માટે જ આપને હું નમ્રતા–અતિનમ્રતાથી વિનવું છું કે આપ મારા તુચ્છ ભોજનના ત્યાગની વાત ન કરો. હે નાથ ! આપને આપનું મહાકલ્યાણક ભોજન આપવું હોય તો સુખેથી આપો. હું એ લેવા તૈયાર છું પણ મારા ભોજનના ત્યાગની વાતો ન ઉચ્ચારશો.

શ્રી ધર્મબોધકર નિષ્પુણ્યકના અજ્ઞાન અને કાકલુદી ભર્યાં દીન વચનો સાંભળી મનમાં વિચાર કરે છે કે—

"અહો ! મહામોહનું સામ્રાજ્યતો જુવો ? એની કેટલી અચિંત્ય શક્તિ છે ? કેટલી એની ચૈતન્ય ઉપર સત્તા છે ? જુવો તો ખરા ! આ બિચારો નિષ્પુણ્યક સર્વ વ્યાધિને ઉત્પન્ન કરનાર પોતાના અતિતુચ્છ ભોજન ઉપર એટલો આસક્ત છે કે બિચારો મારા મહાકલ્યાણક ભોજનનું તૃણ જેટલું પણ મૂલ્યાંકન કરી શકતો નથી મારા ભોજનની એને જરાએ કિંમત નથી.

હશે ! આવી પરિસ્થિતિમાં પણ હજું કાંઈ હિતશિક્ષા આપું જેથી એનું કલ્યાણ થાય અને મહામોહનું જોર મંદ બને.

## શ્રી ધર્મબોધકરની સમજાવટ :

નિષ્પુણ્યકને સમજાવવાનો વિચાર કરી શ્રી ધર્મબોધકર મંજુલ સ્વરે બોલ્યા :—

હે સૌમ્ય! તારા શરીરમાં આ રોગો ખદબદી રહ્યાં છે તે તારા તુચ્છભોજનના પ્રતાપે છે, એનું પણ તને હજુ ભાન થતું નથી? શું તું આ તુચ્છ ભોજન ઉપર ખોટી મમતા નથી રાખી રહ્યો?

હે ભદ્ર! મોહધીનતાને લીધે આ તુચ્છ અન્ન તને પ્રીતિકર લાગે છે, પણ જ્યારે તું મારા સ્વાદિષ્ટ પરમાન્નને ચાખી લઈશ પછી તો તને તારા તુચ્છ ભોજનને તજવા માટે ના કહિશું, તો પણ તું એને તજી દઈશ. "અમૃતની પ્રાપ્તિ થયા બાદ એવો કોણ મૂર્ખ હશે કે જે ઝેર પીવાની ઝંખના કરે?"

હે દેવાનુપ્રિય! તેં કહ્યું કે "મેં આ તુચ્છ ભોજન બહુ મહેનતે મેળવ્યું છે, માટે ત્યાગ ન કરી શકું!" તો એ વિષયમાં મારી વાત સાંભળ.

જે ભોજન મેળવવામાં તને ઘણાં ક્લેશો થયા છે, ભોજન પણ પોતે ક્લેશરૂપ છે, ભવિષ્યમાં પણ ઘણાં ક્લેશોને નોતરનારૂં છે, માટે જ તારા તુચ્છ ભોજનના ત્યાગ માટે પુનઃ પુનઃ કહીએ છીએ.

હે ભાઈ! વળી તું એમ કહે છે કે:—"ભવિષ્યમાં અવસરે આ તુચ્છ ભોજન કામ લાગશે." પરન્તુ અનેક રોગોને વધારનાર, દુઃખોને દેનાર એવી નિર્વાહક વસ્તુ ઉપર પણ આસક્તિ શા કામની? એ તુચ્છ ભોજનથી તારૂં શું કાર્ય સરશે? શું એ તારી પાસે સદા ટકશે? જરા શાંતિથી વિચાર તો ખરો.

હે મહાનુભાવ! વળી તારૂં એમ કહેવું છે કે "આપ જે ભોજન આપો છો તે કેવું છે? તેના ગુણ દોષ શા છે, તે હું જાણતો નથી." તો આ વિષયમાં પણ સમજી લે.

તને કોઈ પણ જાતનો કલેશ ઉત્પન્ન ન કરે તેવું આ મારૂં ભોજન છે. તને જેટલા પ્રમાણમાં જોઈશે તેટલું મળશે. પ્રતિદિન તને આપવામાં આવશે. આ મંગળમય મહાકલ્યાણક દ્વારા તારા દુઃખદાયી અને ત્રાસવર્ધક દર્દો દૂર થઈ જશે. તું સ્વસ્થ અને સ્વરૂપવાન બની જઈશ. મહા આનંદથી છલકાતા અક્ષયપણાને તું મેળવી શકીશ. અલ્પ-સમયમાં ચક્રવર્તી મહાસમ્રાટ જેવો તું પણ રાજેશ્વર બની જઈશ.

હે નિષ્પુણ્યક! મેં તને બળજબરીએ જે "વિમલાલોક" અંજન આંજી દીધું હતું, એનો પ્રભાવ તું શું ભૂલી ગયો? અને જે "તત્ત્વપ્રીતિકર" તીર્થજળનું પાન કરાવ્યું હતું તેનું સામર્થ્ય ભૂલી ગયો? તેં અંજન અને તીર્થજળનો પ્રભાવ પ્રગટ રીતે જોયો છે, છતાં તું મારા વચનો કેમ સ્વીકારતો નથી? તને કેમ મારા ઉપર શ્રદ્ધા થતી નથી?

હે ભિક્ષુ! તું તારો કદગ્રહ તજી દે. રોગોને વધારનારૂં આ તુચ્છ ભોજન છોડી દે. સર્વ રોગ શામક મારા "મહા-કલ્યાણક" પરમાન્ન ઔષધને સ્વીકાર અને એને આરોગ.

**આસક્તિનું ગાંડપણ:**

મધુર અને હિતસ્વી વચનો દ્વારા અનેક રીતે નિષ્પુણ્યકને દિલાશો શ્રી ધર્મબોધકરે આપ્યો અને સત્યવસ્તુથી માહિતગાર કર્યો છતાં મોહઘેલો ભીખારી બોલે છે કે:—

હે સ્વામિન્! તુચ્છ ભોજન ઉપર મને ગાઢ પ્રેમ છે. એને છોડવાની વાતો સાંભળી હું બેબાકળો બની જાઉં છું. હાલમાં છોડી દઉં તો સંભવ છે કે મારૂં મૃત્યુ થઈ જાય. માટે દયા કરો અને મારૂં તુચ્છ ભોજન ભલે મારી પાસે રહે. અને આપનું પવિત્ર ગુણપ્રદ ભોજન પણ મને આપો.

ભોજનગૃહના અધિપતિ શ્રી ધર્મબોધકર વિચારે છે કે– નિષ્પુણ્યકની આસક્તિ તુચ્છભોજન ઉપર ઘણી જ છે, ત્યાગ કરાવવાની વાતથી ગાંડા જેવો બની જાય છે અને હાલમાં સમજાવવા માટે કોઈ ઉપાય નથી, તો ભલે એ એનું ભોજન પોતાની પાસે રાખે અને હું મારૂં પરમાન્ન ભોજન નિષ્પુણ્યકને આપું.

આ પરમાન્નના સેવનથી નિષ્પુણ્યક તત્ત્વજ્ઞ બની જશે. પછી સમજુ બનેલો તે પોતાની મેળે જ આ તુચ્છઅન્નને તજી દેશે.

આ જાતની વિચારણાને અંતે શ્રી ધર્મબોધકર પોતાની પુત્રી તદ્દયાના હાથે નિષ્પુણ્યકને પરમાન્ન અપાવે છે અને એનું તુચ્છ ભોજન એની પાસે જ રહેવા દે છે.

નિષ્પુણ્યક નિર્મળ પરમાન્ન ગ્રહણ કરીને વિચારે છે કે આ ખાવાથી શું લાભ થશે? આપત્તિ તો નહિ આવે ને? કોઇ નવી બલા તો ઉભી નહિ થાય ને? આવી જાતના વિચારોના વમળમાં ગોથા ખાતો, શંકિત હૃદયે ધીરે ધીરે તે મહાકલ્યાણક પરમાન્ન આરોગે છે.

**ભોજનથી થએલ લાભ:**

નિષ્પુણ્યક "મહાકલ્યાણક" ભોજન કરી લે છે. "વિમલા-

લોક” અંજન અને ‘તત્ત્વપ્રીતિકર” તીર્થજલ દ્વારા જે નિર્મળતા અને શાંતિ થઈ હતી, તેમાં અનંત ગણો વધારો આ ભોજન કરવા દ્વારા થઈ ગયો. કલેશના કારણભૂત એના રોગો નષ્ટપ્રાય થઈ ગયા. તેની ભૂખ પણ શાંત થઈ. હૈયે મહા પ્રમોદનો સાગર છલકાવા લાગ્યો.

નિષ્પુણ્યક હવે નિર્ભય બને છે શંકાઓએ વિદાયગિરી લીધી. ચિત્ત એનું સ્વસ્થ બન્યું. શ્રી ધર્મબોધકર પ્રતિ વિનય પૂર્વક બોલે છે. “આજથી આપ મારા નાથ છો. આપ વિના બીજાને હું સ્વામી તરીકે કદી સ્વીકારીશ નહિ. આપનું કામ કદીએ મેં કર્યું નથી, વળી હું અધમાધમ ક્ષુદ્રવૃત્તિવાળો પ્રાણી છું. છતાં કરૂણા નિધાન આપે જે કરૂણા કરીને મારા ઉપર ઉપગાર કર્યો છે. તેથી આપ મારા નાથ છો. આપ જ મારા સ્વામી છો.

શ્રી ધર્મબોધકર કહે છે :—જો તું એ હકિકત સ્વીકારવા તૈયાર હો અને મારી વાત રુચિકર લાગતી હોય તો તું અહીં શાંતિથી બેસ, હું કહું તે શાંતિથી સાંભળ અને એ મુજબ તારૂં વર્તન બનાવ.

## શ્રી ધર્મબોધકરનો બોધ :

વિશ્વાસ થવાના કારણે ભીખારી નિષ્પુણ્યક ત્યાં બેસે છે. શ્રી ધર્મબોધકર શું કહેશે એ જાણવાની એને જિજ્ઞાસા થઇ છે. માટે શ્રીધર્મબોધકર બોલ્યા.

હે ભદ્ર! “આપના સિવાય મારો કોઈ નાથ નથી,

સ્વામી નથી," એ તું હવે કદી ન બોલીશ કારણ કે શુભનામધેય શ્રી સુસ્થિત મહારાજા તારા નાથ છે. તારા એકલાનાં જ એ નાથ છે એમ નહિ, પરન્તુ ચરાચર પૂર્ણ વિશ્વના એ વિશ્વેશ છે. સ્વામી છે અને આ રાજમંદિરમાં વસનારાના તો વિશેષથ એ સ્વામી છે.

મહાભાગ્યવાન્ હોય તેવા જ આત્માઓ વાત્સલ્યમૂર્તિ શ્રી સુસ્થિત મહારાજાની સેવાનો લાભ લઈ શકે છે. જગતમાં કેટલાક પાપી આત્માઓ એવા પણ જીવી રહ્યાં છે કે જેમણે આ મહારાજાશ્રીનું નામ સાંભળ્યું પણ નથી. જાણ્યું પણ નથી. ત્યાં ઓળખવાની વાત તો કેમ સંભવે ?

હે મહાભાગ ! પૂર્વના પ્રબલ પુણ્યોદયના પ્રતાપે પવિત્રતમ રાજમંદિરની અંદર તારો પ્રવેશ થયો છે અને પ્રવેશ થયો તે સમયથી જ રાજરાજેશ્વર શ્રી સુસ્થિત મહારાજા તારા નાથ તરીકે થયા છે. હવે તું મારા કથનથી પણ આ ભવ અને પરભવમાં આનંદ અને શાંતિના દાતાર શ્રી સુસ્થિત મહારાજાને આજીવન સ્વામી તરીકે સ્વીકારી કૃતકૃત્ય થા.

મહારાજાશ્રીના ગુણો તું જેમ જેમ સમજતો જઈશ તેમ તેમ તારા શરીરના રોગો ઓછાં ઓછાં થતાં જશે. અને આ ત્રણ ઔષધોનું તું નિયમિત આસેવન કરીશ તો તારા રોગો ઘટતાં ઘટતાં સંપૂર્ણ નષ્ટ બની જશે.

હવેથી તું આ રાજમંદિરમાં રહે મારી પુત્રી તદ્દયા તને હેત પૂર્વક નિયમિત ત્રણે ઔષધો પ્રતિદિન આપ્યા કરશે પરન્તુ તારે એ ઔષધોનું આસેવન તો કરવું જોઈશે.

**શરત પૂર્વક સ્વીકાર :**

કર્ણપ્રિય કોમળ કથન સાંભળી નિષ્પુણ્યકનું હૈયું હચમચી ગયું. શંકાના શ્યામ વાદળોએ વિદાય લીધી. શ્રી ધર્મબોધકર પ્રતિ પૂર્ણ વિશ્વાસ બેઠો, છતાં પણ નમ્રતા અને સભ્યતા પૂર્વક તે બોલે છે.

હે નાથ! આપે જે કહ્યું તે બધું જ સત્ય છે એમાં અવિશ્વાસ કરવા જેવું કંઈ નથી, પણ હું એવો પાપી આત્મા છું કે, આ તુચ્છ ભોજનને તજવા જરીએ શક્તિ કે ઉત્સાહ ધરાવતો નથી. માટે કૃપા કરી "તુચ્છ અન્નના ત્યાગ સિવાય" બીજું કાંઈ પણ કરવા યોગ્ય હોય તે મને બતાવો.

શ્રી ધર્મબોધકર નિષ્પુણ્યકની વાત સાંભળી વિચારમાં પડી ગયાં. "આ ત્રણ ઔષધો તું શાંતિ અને આનંદથી ખા જોઈતા પ્રમાણમાં અને જ્યારે જોઈશે ત્યારે તને મળી રહેશે" આવું મેં જણાવેલું એના બદલામાં આ શું બોલી ગયો? શા માટે આવું હીણપત અને કાકલુદી ભર્યું બોલતો હશે?

ઓહ! ધ્યાનમાં આવ્યું. નિષ્પુણ્યક છીછરા મનવાળો છે. એના મનમાં હજુ એવા ભાવો તરી રહ્યાં છે કે "ધર્મબોધકર મને જે કાંઈ સભ્યતા પૂર્વક જણાવે છે તે માત્ર મને અન્ન ત્યાગ કરાવવના ઉદ્દેશથી જ બોલે છે."

સાચે જ જગતમાં દુષ્ટ અને તુચ્છ બુદ્ધિવાળા માનવીઓ સૌને દુષ્ટ અને તુચ્છ જ સમજે છે તિમિર ટાળનાર સવિતાનારાયણને પણ અન્ધ ઘુવડો તિમિર પુંજ

સમજે છે શ્યામ ગણે છે. એમાં એ પ્રાણીઓનો અજ્ઞાનતા જન્ય દોષ રહેલો હોય છે. આવી વિચારણાને અન્તે શ્રી ધર્મબોધકર બોલ્યા.

હે ભદ્ર ! તું ગભરાઈશ મા ! તું મુંઝાઈશ મા ! તારા હિતને લક્ષમાં લઈ તુચ્છ ભોજન તજવાની વાતો તને હું સમજાવતો આવ્યો છું એ છતાં હાલમાં તારી એ જાતની મનોવૃત્તિ નથી તો હું પણ તને બળજબરીથી છોડાવવા નથી માંગતો.

પરન્તુ તારી આગળ તુચ્છ ભોજન તજવા સંબંધી વાતો કરી. ઉપદેશ આપ્યો એમાંથી તેં થોડું ઘણું કંઈક સાભળ્યું છે કે નહિ ?

નિષ્પુણ્યકે કહ્યું, હે નાથ ! રોગોની પીડાના કારણે અને તુચ્છ ભોજનની આસક્તિના કારણે આપે જે કાંઈ પહેલાં કહ્યું હોય તેમાનું મને લગીરે યાદ નથી. માત્ર આપના મુખમાંથી નિકળતાં મધુર અને કોમળ શબ્દો દ્વારા મારૂં મન પ્રમુદિત બન્યું છે, એટલું હું જાણું છું

"મહામના પુરૂષોના વચનોનો ભાવાર્થ ન સમજાય તો પણ માનવીના હૃદયને કુણું અને પલ્લવિત કરે છે."

હે સ્વામિન્ ! હવે મારો ભય ભાંગી ભૂક્કો થયો છે. ચિત્તની ચંચળતા ચાલી ગઇ છે. એટલે હું મારા મનની વ્યગ્રતાનું કારણ કહું છુ તે આપ સાંભળો.

**નિર્ભય નિષ્પુણ્યકનું નિવેદન :**

શ્રી કર્મવિવરે રાજમંદિરમાં મને પ્રવેશ કરવા અનુ-

ફૂળતા કરી આપી, પછી આપે મને ભોજન માટે બોલાવ્યો ત્યારે મને મનમાં થયું કે, આ ધર્મબોધકર મને એકાંતમાં લઈ જઈ મારૂં રામપાત્ર તો પડાવી નહિ લેને ? એનાં કરતાં હું અહિંથી ભાગી જાઉં તો વધારે સારૂં.

પરન્તુ આપે તો બળજબરીથી "વિમલાલોક" અંજન મારી આંખોમાં આંજી દીધું અને એ જ રીતે "તત્ત્વ પ્રીતિકર" તીર્થજળનું પાન કરાવી દીધું. પછી મને સાધારણ સ્વસ્થતા થઈ અને મનમાં થયું કે શ્રી ધર્મબોધકર મારૂં ભિક્ષાપાત્ર તો નથી ખૂચવી લેવાના, મેં આપના માટે ઘણી ખોટી કલ્પનાઓ કરેલી તે બધી ટળી ગઈ.

આપે તો તુચ્છ ભોજનના ત્યાગની સવિસ્તર સમઝણ આપી પરન્તુ એ ભોજન ઉપર મારી ઘણી આસક્તિ છે, એટલે એ મારી પાસે રહે અને આપનું પરમાન્ન મને મળતું રહે એવી નમ્ર પ્રાર્થના કરી. છેવટમાં જણાવ્યું કે હું આકુળ વ્યાકુળ હતો એટલે આપના પૂર્ણ કથનને જાણતો નથી.

પરન્તુ આપે કહ્યું "હું હાલમાં તારૂં ભોજન છોડાવવા માગતો નથી" એથી મારૂ મન શાંત બન્યું. દિલ હળવું થયું. હવે આપ કહો કે મારે શું કરવું જોઈએ ?

## શ્રી ધર્મબોધકરનું વિવરણ :

સૂદાધ્યક્ષ શ્રી ધર્મબોધકર નિષ્પુણ્યકને સ્વસ્થ અને પ્રફુલ્લ જાણી એની આગળ કરુણાવત્સલ શ્રી સુસ્થિત મહારાજા,

વિમલાલોક અંજન, તત્ત્વપ્રીતિકર તીર્થજલ અને મહા-કલ્યાણક પરમાન્નનું વિશેષ સ્પષ્ટીકરણ કરવા માટે બોલે છે.

હે સૌમ્ય ! મને કરુણાવત્સલ મહારાજાએ આજ્ઞા આપેલી છે કે, હે વત્સ ! તારે યોગ્ય આત્માઓને આ ત્રણ ઔષધો ઉદારતાથી આપવા, પણ અયોગ્ય આત્માઓને આપવા નહિ. જો ભૂલેચૂકે આપી દઈશ તો જરાએ ઉપકાર તો નહિ થાય, પણ અનર્થ અને અહિતની પરંપરા ઊભી થશે. તેમ જ ઔષધોનો બગાડ થશે. સમયની નિરર્થકતા થશે. માટે યોગ્ય આત્માઓને જ આપજે.

મેં મહારાજાશ્રીને પૂછયું. હે સ્વામિન્ ! યોગ્ય કોણ અને અયોગ્ય કોણ ? મારે એમને ઓળખવા શી રીતે ? તો કૃપા કરી એના લક્ષણો મને જણાવો.

શ્રી સુસ્થિત મહારાજાએ કહ્યું.

હે વત્સ ! આપણા રાજમંદિરના મુખ્ય દ્વારે સ્વકર્મ-વિવર નામનો સત્રી દ્વારપાલ ચોકી ભરે છે, એ રાજમંદિરમાં જેને પ્રવેશ કરવા દે અને આ રાજમંદિરને જોઈ જેનું હૃદય આનંદિત થાય વળી વધુમાં મારી નજર જેના ઉપર ઠરે તે આત્માઓ ત્રણ ઔષધને આરોગવાની યોગ્યતા ધરાવે છે. જેઓ આનાથી વિરૂદ્ધ વર્તનવાળા છે તે યોગ્યતા ધરાવતા નથી, એમ તારે સમજી લેવું.

હે વત્સ ! એક વાત તું હજુ ધ્યાનમાં લે. આ ત્રણ ઔષધો લેવામાં જે આનંદ વ્યક્ત કરતાં હોય અને દેનારને

મુશ્કેલી કે પરિશ્રમ ન થતાં હોય, તેવા આત્માઓને આ ઔષધો શીઘ્ર ફલદાયી અને ગુણકારી બને છે. એવા રોગીયોને તારે "સુસાધ્ય કક્ષાના" સમજવા.

જેઓ આપવા છતાં લેવા તૈયાર નથી, ઉપરથી આનાકાની અને વક્રતા દર્શાવતા હોય છે, તેથી આ ઔષધો બલાત્કારે આપવા પડતાં હોય છે. તેવા આત્માઓને લાભ થવામાં વિલંબ થાય છે. આવી જાતના રોગીઓને તારે "કૃચ્છ સાધ્ય કક્ષાના" ગણવા.

વળી જેઓને આ ઔષધો ઉપર જરીએ પ્રીતિ હોતી નથી. ઔષધના દાતાર ઉપર ગુસ્સો અને તિરસ્કાર વર્ષાવતા હોય છે, તેવા આત્માઓને આ ઔષધો અંશમાત્ર પણ ગુણ આપી શકતા નથી. આવા પ્રકારના રોગી આત્માઓ "અસાધ્ય કક્ષાના" માનવા. આ પ્રાણી અધમ હોય છે.

હે નિષ્પુણ્યક ! અમારા સ્વામી શ્રી સુસ્થિત મહારાજાએ પૂર્વ પરંપરાથી આ આમ્નાય કહી રાખેલો છે. એ આમ્નાયથી વિચાર કરતાં તું "કૃચ્છ સાધ્ય કક્ષાનો" રોગી મને જણાય છે.

જો તું નિરોગી થવાની અભિલાષા ધરાવતો હો, તારે સ્વસ્થતા પ્રાપ્ત કરવાની મંગલ કામના હોય, તો તું અમારા રાજેશ્વરને તારા પોતાના નાથ તરીકે સ્વીકાર કર અને આ રાજમંદિરમાં આનંદથી તું રહે.

આ મારી ગુણવતી પુત્રી તદ્દયા છે. એ તને પ્રતિદિન સમયસર ત્રણે ઔષધો આપ્યા કરશે. એ ઔષધોના આસેવનથી તારૂં આરોગ્ય સુધરી જશે, તારૂં વર્તન પણ સુધરવા લાગશે.

જો તું આ પ્રમાણે વર્તીશ તો ધીરે ધીરે સર્વ રોગથી મુક્ત બની જઈશ. આ વાતમાં તું સ્હેજે શંકા લાવીશ નહિ. મારા બતાવેલા માર્ગે અનુસરનારા ઘણાં આત્માઓ તારી પહેલાં રોગ મુક્ત બન્યા છે.

## નિષ્પુણ્યકનું રાજમંદિરમાં રહેવું અને તેની દશા :

શ્રી ધર્મબોકરનો બોધ નિષ્પુણ્યકે ખૂબ કાળજીથી શાંતિ પૂર્વક સાંભળ્યો. એને મનમાં થવા લાગ્યું કે જો હું આ માર્ગને અનુસરૂં તો રોગ મુક્ત બનું. મારૂં જીવન ગુણીયલ બને. એમ મનમાં નિર્ણય કરી શ્રી ધર્મબોધકરની વાતનો સહર્ષ સ્વીકાર કરે છે. એટલે શ્રીધર્મબોધકર નિષ્પુણ્યકની સેવામાં પોતાની પુત્રી તદ્દયાને પરિચાયિકા તરીકે ગોઠવી દે છે.

નિષ્પુણ્યક રાજમંદિરના એક ઉપવિભાગમાં રહે છે. સાથોસાથ પેલું તુચ્છ ભોજનનું રામપાત્ર પણ સાચવી રાખે છે. આ રીતે કેટલાક કાળનું નિર્ગમન થાય છે.

રાજમંદિરમાં રહેવા છતાં અને ત્રણ ઔષધો ભરપૂર મળવા છતાં પૂર્વની આસક્તિ અને મતિની મૂઢતાને કારણે તુચ્છ અન્ન વધુ ખાય છે અને તદ્દયાએ આપેલા ત્રણ ઔષધો ને ચટણીની જેમ જરા જરા ખાય છે. વળી કેટલીકવાર એમાં પણ પોલ ચલાવી જરાએ ખાતો નથી.

તદ્દયાએ આપેલા પરમાન્ન વિગેરે ઔષધોને અલ્પ પ્રમાણમાં લેવા છતાં નિષ્પુણ્યકને ઘણો જ લાભ થયો. "ચાતક પંખીને વર્ષાનું એક બિંદુ પણ પ્રાપ્ત થઈ જાય તો એ

આનંદથી પ્રફુલ્લ બની જાય છે” તેમ નિષ્પુણ્યક પણ સાધારણ નિરોગી બન્યો અને આનંદિત પણ બન્યો.

નિષ્પુણ્યક તુચ્છ ભોજન ઘણું લે છે અને પરમાન્ન વિગેરે ત્રણ ઔષધો ઓછા લે છે. નિયમિતતા જાળવતો નથી. કદી તો ઔષધો લીધા વિનાના પણ દિવસો જાય છે એટલે એક દિવસે એના શરીરમાં રહેલા રોગોએ ઉથલો માર્યો. શરીરમાં વેદનાઓ ખૂબ વધી જાય છે વેદનાઓ સહેવી કઠણ પડે છે. તેથી બાળકની જેમ રડવા લાગે છે, એટલે તદ્દયા પરિચાયિકાએ નિષ્પુણ્યકને કહ્યું.

હે ભદ્ર ! મને પૂજ્ય પિતાજીએ કહી રાખ્યું છે, કે નિષ્પુણ્યક તુચ્છ ભોજન ઉપર ખૂબજ આસક્તિ ધરાવે છે. માટે તું તુચ્છ ભોજન તજવા સંબધ વાત ઉચ્ચારીશ નહિ એટલે હું એ વિષયમાં મૌન સેવું છું.

પરન્તુ હે નિષ્પુણ્યક ! તું તો પરમ કલ્યાણકારી પરમાન્ન વિગેરે ઔષધો લેવામાં શિથિલ છે. મહા આળસુ છે અને હાનિ કરનાર, રોગો વધારનાર એવા તુચ્છ ભોજનને આરોગવામા જરાએ કચાસ રાખતો નથી. વારવાર તુચ્છભોજન ખાય છે. એટલે જ આ દવાઓ તને લાગુ પડતી નથી અને રોગો મટતા નથી. વળી તુ પીડાય છે એ વધારામાં.

તું રોગોની અસહ્ય વેદનાથી રડવા લાગ્યો છે પણ આવી પરિસ્થિતિમાં તને કોઈએ બચાવવા સમર્થ નથી. કોઈ પણ તારી વેદનાનું શમન નહિ કરી શકે. તું રોજ આપથ્ય ભોજન કરે છે, એ હું જાણું છું. છતાં પણ તારા હૃદય ઉપર

માઠી અસર ન થાય, તું આકુળ-વ્યાકુળ ન બની જાય, એટલા ખાતર જ તને કાંઈ પણ કહેતી નથી અને આપથ્ય ખાતાં તને રોકતી નથી.

નિષ્પુણ્યક બોલ્યો, હે તદ્દયા ! ગાઢ આસક્તિના વશથી તુચ્છભોજન હું મારી મેળે તજવામાં અસમર્થ છું. પરન્તુ જ્યારે જ્યારે તુચ્છભોજન ગ્રહણ કરૂં ત્યારે ત્યારે મને તારે નિવારવો. આ પ્રયોગથી અને તારા પ્રભાવથી થોડું થોડું ત્યાગ કરતાં એક એવું રૂડું પ્રભાત ઉગશે કે હું તુચ્છભોજના સર્વથા ત્યાગની શક્તિને મેળવીશ.

હે ભદ્ર ! તને ધન્યવાદ છે. શાબાશી છે. તેં ઘણું સુંદર કહ્યું. "તારા જેવા માટે આ ભાવના ઘણી ઉત્તમ છે" આ પ્રમાણે તદ્દયાએ જણાવ્યું અને જ્યારે જ્યારે નિષ્પુણ્યક તુચ્છભોજન ખાવા લલચાતો ત્યારે ત્યારે મીઠાં શબ્દોથી નિવારવા પ્રયત્ન કરતી.

અપથ્યભોજનના આંશિક આંશિક ત્યાગથી નિષ્પુણ્યકના રોગો હળવા થતાં જાય છે. પીડાઓ ઓછી થતી જાય છે. ઔષધોના ગુણો એના શરીર અને મુખ ઉપર જણાવા લાગે છે.

## રોગોનો ફરી હુમલો.

શ્રી ધર્મબોધકરે તદ્દયાને અનેક પ્રાણીઓની માવજતમાં નિયુક્ત કરેલી હતી. એણીને માથે ઘણાની જવાબદારી હતી. એથી ઘણાં કામમાં જોડાએલી તદ્દયાને નિષ્પુણ્યક પાસે રહેવા ઘણો સમય મલતો નથી.

હાલમાં નિષ્પુણ્યકને અપથ્યભોજન ખાતી વેળા રોકનારૂં

કોઈ રહ્યું નહિ. એટલે નિષ્પુણ્યક તો કોઈક દિવસે અપથ્ય ભોજન પેટમાં ખૂબ ઠાંસીને પધરાવી દેતો.

અપથ્ય ભોજન વધુ પ્રમાણમાં ખાઈ જવાના કારણે એના શરીરમાં રહેલા જુગ જુગ જુના રોગો ફરીથી ઉથલો મારે છે. "એ ભાઈ એની એ" જેવા બની જાય છે. અને રોગોની અસહ્ય વેદનાથી રીબાય છે.

## શ્રી ધર્મબોધકરનું આગમન :

શ્રી ધર્મબોધકર એક દિવસ ત્યાં આવી ચડે છે. વેદનાથી પરાભવ પામેલા નિષ્પુણ્યકને જોઈ એમણે પૂછ્યું.

હે સૌમ્ય ! તું આજે કેમ અસ્વસ્થ જણાય છે ? શરીરમાં વેદના ખૂબ થતી લાગે છે ? કે બીજું કાંઈ કારણ છે ? ઉત્તરમાં નિષ્પુણ્યકે જણાવ્યું કે આ તો મારી જ ભૂલનું પરિણામ ભોગવી રહ્યો છું. પોતાની ભૂલોની સ્વીકૃતિ કરીને અન્તમાં કહ્યું કે તદ્દયાની ગેરહાજરીમાં આ રોગો ખૂબ જોર પકડી જાય છે.

હે સ્વામિન્ ! મારા શરીરમાં કદાપિ કોઈ રોગ ફરી ન થાય એવો નિરોગી મને બનાવવા કૃપા કરો.

શ્રી ધર્મબોધકરે જણાવ્યું. જો, તદ્દયા ઘણા આત્માઓની માવજતમાં રોકાએલી રહે છે માટે તને અપથ્યભોજન ખાતાં અટકાવી શકતી નથી અને તું "મારે અપથ્ય ન ખાવું જોઈએ, એમ સમજતો નથી" આવી પરિસ્થિતિમાં અમારે શું કરવું ? મને વિચાર થાય છે કે તારી સેવામાં બીજી

કોઈ સારી કન્યાને ગોઠવી દઉં, પરન્તુ સ્વચ્છંદી એવા તને એ પણ કાંઈ નહિ કરી શકે. બીજી પરિચાયિકા નીમું પણ એનું ય તું નહિ માને.

હે નાથ ! કૃપા કરી આપ એવું કદી ના બોલશો. હવેથી આપની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ થાય. હું અવશ્ય આપની આજ્ઞાનું બરોબર પાલન કરીશ. એમ નિષ્પુણ્યકે કહ્યું ત્યારે શ્રી ધર્મબોધકર બોલ્યા.

## સદ્બુદ્ધિ પરિચાયિકાની નિયુક્તિ :

હે વત્સ ! મારી એક બીજી પુત્રી છે એ બહુ ગુણવતી છે. આજ્ઞા પાળનારી છે. સદ્બુદ્ધિ એનું નામ છે. બીજા કામોનો બોજો પણ એના ઉપર વધારે નથી. તેથી સદ્બુદ્ધિને તારી ખાસ પરિચાયિકા તરીકે નિયુક્ત કરી દઉં.

પરન્તુ એ જે પ્રમાણે કહે એ રીતે તારે વર્તવું જોઈશે. એમાં જરાએ ફેરફાર નહિ કરાય. એ હમેશા તારી પાસે જ રહેશે. હમેશા તારી સંભાળ રાખશે અને તદ્દયા પણ તારી ખબરસાર પૂછવા આવ્યા કરશે.

વળી તું સદ્બુદ્ધિને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરજે. કારણ કે વિશ્વવત્સલા એ જેના ઉપર પ્રસન્ન થાય છે એના ઉપર શ્રી સુસ્થિત મહારાજા પણ અવશ્ય પ્રસન્ન થાય છે. હું પણ પ્રસન્ન થાઉં છું. જો તને સુખી થવાની અભીપ્સા હોય, દુ:ખથી ઉદ્વિગ્નતા અને ગભરામણ થતી હોય તો હે વત્સ ! તારે આ સદ્બુદ્ધિને પ્રસન્ન રાખવા પ્રતિપળે ઉદ્યમશીલ રહેવું.

નિષ્પુણ્યકે શ્રી ધર્મબોધકરની આજ્ઞાનો અક્ષરશઃ સ્વીકાર કર્યો એટલે તેઓ પોતાની સુપુત્રી સદ્બુદ્ધિને પરિચાયિકા તરીકે નિયુક્ત કરી દે છે અને એ વિષયમાં પોતે નિશ્ચિંત બને છે.

## સદ્બુદ્ધિની નિયુક્તિ પછી નિષ્પુણ્યકની દશા :

સદ્બુદ્ધિ સદા પાસે જ રહેતી હોવાથી અને પોતાની શરમાળ પ્રકૃતિના કારણે નિષ્પુણ્યક જરાએ અપથ્યભોજન કરી શકતો નથી. ત્રણે ઔષધોનું આસેવન નિયમિત કરે છે.

છતાં પણ અપથ્યભોજન કરવાની આદત એની ઘણી જ જુની હતી, એટલે અવસર મળતાં સદ્બુદ્ધિથી છાને છાને કોકવાર અપથ્યભોજન થોડું ખાઈ લે છે. પરન્તુ એ ભોજન ઉપર એને આસક્તિ રહી નથી, અત્યંત રાગ રહ્યો નથી. માટે ઉત્કટ વેદનાનું કારણ એ ભોજન બનતું નથી.

નિયમિતતાને કારણે નિષ્પુણ્યકના રોગો ખૂબ હળવા બનતા જાય છે. પૂર્વે જેવી વેદનાઓની પીડા ભોગવતો નથી. કોઈક વેળા વેદના થાય તો તે અલ્પદવાથી અને અલ્પસમયમાં શમી જાય છે.

એકદા એકાંતમાં નિષ્પુણ્યક ખૂશમિજાજમાં બેઠો છે. સદ્બુદ્ધિ ત્યાં આવી ચડે છે. ત્યારે નિષ્પુણ્યકે પૂછ્યું.

ભદ્રે ! મને અત્યંત આશ્ચર્ય થાય છે કે હું આટલો બધો સુખી કેમ બની ગયો ? મને આનંદ આનંદ કેમ લાગે છે ? મનમાં ચિંતા કે ઉદ્વેગ કેમ જણાતા નથી ?

સદ્‌બુદ્ધિએ ઉત્તર વાળ્યો. હે મહાભાગ ! અપથ્યભોજનના ત્યાગથી અને ગુણકારી ઔષધોના આસેવનથી આ સુખી અવસ્થાને તું પામ્યો છે.

## તુચ્છ ભોજનના ત્યાગની તત્પરતા :

તો શું આ અપથ્યભોજનનો સર્વથા ત્યાગ કરી દઉં ? જેથી હું અનંત અપાર સુખનો સાથી બનુ.

સદ્‌બુદ્ધિએ કહ્યું. તારી વાત તો ઘણી જ આદરણીય છે. અપથ્યભોજનનો ત્યાગ એ આત્મ–કલ્યાણનો માર્ગ છે. તું ત્યાગ કરતાં અગાઉ આગળ પાછળનો બધો વિચાર વિવેક પૂર્વક કરી જોજે. ભવિષ્યમાં મુંઝવણુ ન થાય "વિના વિચાર્યે કરેલા કાર્યોના પરિણામો સુંદર આવતાં નથી" એ ધ્યાનમાં લેજે.

અપથ્યભોજનનો સર્વથા તું ત્યાગ કરવા ઇચ્છતો હો તો સુખેથી ત્યાગ કર, પણ ફરીથી મેળવવાની અભિલાષા ન રાખીશ. જો ફરી મેળવવા પ્રયત્ન કરીશ તો હાલમાં જે સ્વસ્થતા અને શાંતિ મેળવ્યા છે તે પણ ઘટી જશે. માટે ખૂબ જ વિચાર કરી જોજે.

સદ્‌બુદ્ધિના શબ્દો સાંભળી નિષ્પુણ્યક તો વિચારોના ચગડોળે ચડી ગયો. મારે શું કરવું ? શું ન કરવું ? અપથ્ય-ભોજન તજી દઉ ? કે હાલમાં ભલે મારી પાસે રહ્યું ? એનું મન ઝખવાણું પડી ગયું "મોહ મહિપતિની આજ્ઞાનું ઉલ્લંઘન એ કાંઈ નાના બચ્ચાના ખેલ છે ?"

નિષ્પુણ્યક એકદિવસ પરમાન્ન ખાવા બેસે છે. પરન્તુ

એને કાંઇ ખ્યાલ રહ્યો નહિ અને વધારે પ્રમાણમાં આરોગી લેવાય છે અને બીજી બાજુ સદ્બુદ્ધિ પાસે જ હાજર છે છતાં એની દરકાર રાખ્યા વિના અપથ્યભોજન પણ થોડું પેટમાં પધરાવી દે છે.

આજે પેટમાં પરમાન્નનું પ્રમાણ વધુ છે પડખે સદ્બુદ્ધિની હાજરી છે એ કારણે જે એનું અતિપ્રિય તુચ્છ ભોજન હતું તે આજે એને પોતાને જ તુચ્છ જણાય છે. બેસ્વાદ અને દુર્ગંધ યુક્ત જણાય છે.

જ્યારે નિષ્પુણ્યકને પોતાનું પ્રિયભોજન તુચ્છ અને બેસ્વાદ જણાયું ત્યારે એ વિચાર કરે છે. "મારૂં આ ભોજન તુચ્છ અને બેસ્વાદ છે. દુર્ગંધથી ભરેલું છે. કોહાઈ ગએલું અને ફેંકી દેવા જેવું છે. છતાં પણ મને કેટલી બધી આસક્તિ છે? આ અન્નના ત્યાગ કર્યા વિના અક્ષય અખંડ આનંદની પ્રાપ્તિ થવાની જ નથી તો ગમે તેમ કરી સત્ત્વનું આલંબન લઈ, મનોબળની મક્કમતા કેળવી આ તુચ્છ ભોજનનો સર્વથા સર્વદા માટે ત્યાગ કરવો જોઈએ."

## તુચ્છ ભોજનનો સર્વથા ત્યાગ :

દૃઢ નિશ્ચય કરી નિષ્પુણ્યક સદ્બુદ્ધિને પોતાની પાસે બોલાવે છે. પછી કહે છે કે હે બહેન! તું આ મારા રામપાત્રને લઈજા. એમાં જે તુચ્છભોજન છે એને ફેંકી દે. પછી રામપાત્રને બરોબર માંજીને ધોઈ નાખ. એમાં તુચ્છ-ભોજનનો અંશ રહેવો ન જોઈએ.

મને હવે મહાકલ્યાણક ભોજન બહુ ભાવે છે. મારે તુચ્છઅન્ન ખાવાની મૂર્ખતા હવે નથી કરવી. અપથ્યભોજનનું જરાએ કામ નથી. "રાજ્ય લક્ષ્મી પ્રાપ્ત કર્યા પછી કયો હીણભાગી દરિદ્રતાને આમંત્રે ?"

એ અવસરે સદ્‌બુદ્ધિ કહે છે. ભાઈ ! સાંભળ. જો તેં ત્યાગ કરવાનો બરોબર દઢ નિશ્ચય કર્યો હોય, અપથ્યભોજન તજવાની અત્યંત તાલાવેલી લાગી હોય, તો તું જલ્દી પૂ. પિતાશ્રી પાસે જા. તારી ઉત્તમ ભાવના એમને જણાવ.

નિષ્પુણ્યક સદ્‌બુદ્ધિને સાથે લઈને જ શ્રી ધર્મબોધકર પાસે આવે છે અને અપથ્યભોજન તજવા સંબંધી પોતાને આવેલા વિચારો, સદ્‌બુદ્ધિ સાથે કરેલા વાર્તાલાપો અને આખરનો પોતાનો દઢ નિર્ણય વિગતવાર જણાવી દે છે.

હે વત્સ ! તારા વિચારો અતિઉત્તમ છે. મને એ સાંભળી આનંદ થયો છે. પણ તારો નિશ્ચય એવો જોઈએ કે પાછળથી તું બીજાઓ માટે હાસ્યનું પાત્ર ન બની જાય. જો તું હાસ્યનું પાત્ર બને તો એ વાત સારી ન ગણાય. આમ શ્રી ધર્મબોધકરે જણાવ્યું ત્યારે ઉત્તરમાં નિષ્પુણ્યક બોલ્યો કે–

હે સ્વામિન્ ! આપ વારે વારે એકનીએક વાત કેમ કહો છો? અરે ! હવે તો મારું મન કદાપિ અપથ્ય ભોજન પ્રતિ નહિ જાય. આપ વિશ્વાસ રાખો. કૃપાકરી આપ ખાત્રી કરી જુવો.

નિષ્પુણ્યકની વાત સાંભળી શ્રી ધર્મબોધકરે સારા સારા પુરૂષોની સલાહ લીધી. બધાની સંમતિ મેળવી. પછી તદ્દયાને બોલાવે છે. રામપાત્ર સોંપી તુચ્છભોજન ફેંકાવી દે છે. રામપાત્રને બરોબર માંજી, શુદ્ધ પાણીથી ધોઇ એમાં મહાકલ્યાણક પરમાન્ન ભરી નિષ્પુણ્યકને સોપી દે છે.

## નિષ્પુણ્યકનો સપુણ્યક :

રાજમંદિરના વાસીયો માટે આ દિવસ ખૂબ આનંદપ્રદ થાય છે. એ દિવસે ઉત્સવ કરાવવામાં આવે છે. શ્રી ધર્મબોધકર અતિપ્રસન્ન બન્યા છે. તદ્દયા તો હરખઘેલી બની ગઇ છે. સદ્બુદ્ધિના આનંદનો પાર નથી. રાજમહેલના રહેવાસીયો ખૂશ ખૂશ થઇ ગયા છે. નિષ્પુણ્યક તે નિષ્પુણ્યક મટીને સપુણ્યકની જાહેરાતને પામે છે. હવે સૌ સપુણ્યક નામથી બોલાવે છે.

સપુણ્યક આરામપ્રદ રાજમંદિરમાં આનંદ પૂર્વક રહે છે. તદ્દયા અને સદ્બુદ્ધિ સાથે સારા સંબંધ રાખે છે. અપથ્ય ભોજનનો સર્વથા ત્યાગી બની ગયો છે.

એના શરીરમાં જુના રોગો ઉથલો મારતાં નથી. રોગોની ભયાનકતા હતી તે તદ્દન મટી ગઈ છે. કોઇ વેળા સ્હેજ દેખાવ દે, તો સપુણ્યક આપ મેળેજ રોગોના શમનનો ઉપચાર પ્રારંભી દે છે. ત્રણે ઔષધો નિયમિત આરોગે છે. તે દ્વારા અલ્પ સમયમાં જ પુનઃ સ્વસ્થતા સંપાદન કરી લે છે.

સપુણ્યકનું વર્તન પૂર્ણરૂપે સુધરી ગયું છે. ત્રણે ઔષધો નિયમિત લેવાની કાળજી રાખે છે એટલે ખૂબ જ

સ્વસ્થતા મેળવતો ગયો. એનામાં ઉદારતાનો ગુણ વૃદ્ધિ પામવા લાગ્યો. શરીરમાં રૂપસૌંદર્ય ખીલવા લાગ્યા. ક્ષણે ક્ષણે સમતા નમ્રતા સરલતા વિગેરે સાત્ત્વિક ગુણો વિકાસને પામતા ગયા.

જો કે સપુણ્યકમાં રોગો અગણિત હતાં. આજ સુધી દરેક રોગો નિર્મૂળ બની ગયા અને પોતે પૂર્ણ નિરોગી બન્યો એવું નથી. છતાં પણ રોગો ઘણાં હળવાં થવાના કારણે એના શરીર, સ્વભાવ અને વર્તનમાં અપૂર્વ સત્પરિવર્તન થઈ ગયું.

આનંદમાં મહાલતાં સપુણ્યકે સદ્‌બુદ્ધિને સવાલ કર્યો, કે હે સદ્‌બુદ્ધિ ! વિમલાલોક અંજન, તત્ત્વ પ્રીતિકર તીર્થજળ અને મહાકલ્યાણક પરમાન્ન મેં કયા સત્કર્મના લીધે પ્રાપ્ત કર્યા છે ?

**દાનની દેવાની ઉત્કંઠા :**

હે ભદ્ર સપુણ્યક ! પૂર્વજન્મમાં આ ત્રણે ઔષધો કોઈ મહાભાગ પુરૂષના પાત્રમાં તેં દાનમાં આપ્યા હશે, તેથી આ જન્મમાં તને પ્રાપ્ત થયાં છે. જગતમાં એક કહેવત છે કે "વાવ્યું હોય તેવું લણાય." એમ તેં આપ્યું હશે માટે તું મેળવી રહ્યો છે. આવો ઉત્તર સદ્‌બુદ્ધિએ આપ્યો, એટલે સપુણ્યકે પુનઃ પૂછ્યું.

હે સૌમ્યે ! દાન કરવાથી વસ્તુની પ્રાપ્તિ થતી હોય તો આ જન્મમાં પણ આ ત્રણે ઔષધો ઉત્તમ પાત્રમાં આપું, જેથી ભવાંતરે મને આ ગુણકારી ઔષધોની પ્રાપ્તિ તરત થાય.

સદ્દબુદ્ધિએ જણાવ્યું આનંદથી આપો.

સપુણ્યક ઉત્સાહ ભેર એ ત્રણે ઔષધો ઉદારતા પૂર્વક આપવા જાય છે, પણ કોઈ મહાનુભાવ લેનાર નિકળતો નથી.

કારણ કે સપુણ્યક તો રાજમંદિરમાં રહેતા મહાનુભાવોને આપવા જતો હતો. પરંતુ તેઓ પાસે ઔષધો જોઈતા પ્રમાણમાં હતાં, જો બહારનાને આપવા જાય તો એ આત્માઓને સપુણ્યક કરતાં ચડિયાતા દાતારો મળી જતાં એટલે સપુણ્યક પાસેથી કોણ ઔષધો ગ્રહણ કરે ?

સપુણ્યકે દાન માટે ઘણાં પ્રયત્નો કરી જોયાં પણ એની સામું જોવા કોઈ તૈયાર નથી. ત્યાં લેવાની વાત જ ક્યાં રહી? એ છેવટે કંટાળી જાય છે. અને સદ્‌બુદ્ધિ પાસે આવીને પૂછે છે.

હે સદ્દબુદ્ધિ ! આ ત્રણ ઔષધના દાનનો કાંઈક તો ઉપાય બતાવ. મારી પાસેથી સરળતા પૂર્વક લેવા કોઈએ તૈયાર થતું નથી. માર્ગ બતાવ.

હે નિષ્પુણ્યક ! આ રીતે તારો માલ ખપવાનો નથી. એમને એમ કોઈ લઇ લેતું હશે ? પહેલાં તું એની જાહેરાત કર. ઘોષણા કર. "આ ત્રણ ઔષધો લો જોઇએ તેટલા લો. જોઈએ ત્યારે લો. અતિ ગુણ કરનારા છે. આનંદને દેનારા છે. આરોગ્ય વધારનારા છે. સ્વાદમાં સુંદર છે. જલ્દી જલ્દી લો. રખેને રહી જતાં. નહિ તો પસ્તાવું પડશે" આ ઉપાય સદ્દબુદ્ધિએ જણાવ્યો.

આ ઉપાયનો સપુણ્યકે હર્ષ પૂર્વક સ્વીકાર કર્યો. જાહેરાત કરે છે. ઘોષણા કરે છે. અને ત્રણ ઔષધો વિના મૂલ્યે આપે છે છતાં આમાં પણ એક વાંધો આવી પડયો.

થોડી સંખ્યાના તુચ્છ માનવીઓ ઔષધો ગ્રહણ કરે છે. કેટલા તો હસે છે. ત્યારે બીજા કેટલા તો જાહેરાતે જોતાં નથી અને ઘોષણા પણ સાંભળતા નથી. આવી પરિસ્થિતિથી સપુણ્યક ઝંખવાણો પડી ગયો. એનું મોં લેવાઈ ગયું. ચહેરા ઉપર ઉદાસીનતા ઘેરાઈ ગઈ. સદ્બુદ્ધિ પાસે આવીને કહે છે.

હે ભદ્રે ! સામાન્ય પરિસ્થિતિવાળા આત્માઓ તો આ ઔષધોમાંથી થોડા પ્રમાણમાં પણ લે છે. પરંતુ બીજા સજ્જનો તો સામું જોવા તૈયાર નથી. મારું સાંભળવા તૈયાર નથી. હું ઇચ્છા ધરાવું છું કે નાના-મોટા સૌ કોઇ આત્માઓ ઔષધોમાંથી કાંઈક તો ગ્રહણ કરે પણ એવું બનતું નથી. માટે તું એવો ઉપાય બતાવ કે નાના-મોટા સૌ કોઈ આત્માઓ જરૂર કાંઈને કાંઈ ગ્રહણ કરે.

સદ્બુદ્ધિએ કહ્યું કે :- નાના અને મોટા સૌ આત્માઓને ઔષધ આપવાનો એક માત્ર ઉપાય અજમાવવાનો બાકી છે. તે તું ધ્યાનથી સાંભળ.

વિશાળ કાષ્ઠપાત્રને જ્યાં માનવ સમુદાય વધુ પ્રમાણમાં આવ જા કરતો હોય, જ્યાં સૌનું ધ્યાન ખેંચાતું હોય, સૌની નજર તરત પડી શકતી હોય એવી જાહેર જગ્યામાં મૂકજે. ત્યારબાદ તારે એકબાજુ શાંતિથી બેસવું.

તું દરિદ્રી છે. ક્ષુદ્ર છે, એમ સમજીને તારા હાથથી

કોઈ લેવા માટે ઈચ્છતું નથી, પરંતુ કાષ્ઠપાત્ર પાસે કોઇને નહિ જોવાથી ઔષધના અભિલાષી આત્માઓ એમાંથી અવશ્ય આવશ્યકતા અનુસારે ગ્રહણ કરશે. જો એમાં કોઈ ગુણશીલ ભાગ્યવંત આત્મા નિકળી આવશે તો તારે સમજી લેવાનું કે "મારો બેડો પાર" એવું મારૂં માનવું છે.

સદ્બુદ્ધિના સુધા સરખા શબ્દો સાંભળી સપુણ્યક સહર્ષિત બની ગયો. એણીએ બતાવેલા ઉપાયને અમલમાં પણ મૂકી દીધો.

આ વિગત એટલા માટે કહેવામાં આવે છે કે દારિદ્રયમૂર્તિ જેવા જણાતા આત્માઓ પાસેથી પણ જે આ ત્રણ ઔષધો ગ્રહણ કરે છે, તેઓ રોગથી વિમુક્ત બને છે.

રોગ મુક્તિમાં આ ઔષધો જ કારણભૂત છે. દેનારની દરિદ્રતા કે મહાનતા એમાં કારણભૂત નથી.

જે કથા અત્ર આલેખવામાં આવે છે, એ સૌના આત્માએ અનુભવેલી ઘટનાઓ જ છે. માત્ર એ અનુભવોને કથાનું રૂપક પહેરાવી, સુંદર પાત્રોનું સર્જન કરી, શબ્દોની વાર્તા રૂપે ગોઠવણ કરી એક રૂપક કથા બનાવી છે.

આ કથા સૌને વાંચતા રુચે તેવી છે. સૌએ એ કથાનો ભાવ પોતાના જીવન સાથે કેટલો સંબંધ ધરાવે છે, એ વિચારી લેવા જેવું છે.

વિચાર કરતાં આ કથાના શબ્દે શબ્દ પોતાના જીવનના મણકા સાથે મેળવી શકાય તેમ છે. આપણો પ્રયત્ન માત્ર

આપણા જીવન સાથે સરખાવવા પૂરતો મર્યાદિત હોવો જોઈએ. બીજાના જીવન સાથે મેળવવાની ક્ષુદ્રવૃત્તિ આપણામાં ન આવે એ માટે જાગૃત રહેવું.

હવે આ કથાનો ઉપનય–સારાંશ સંક્ષેપમાં જણાવીશું.

**ઉપનય :**

આ કથામાં "અદૃષ્ટમૂલપર્યંત" નામના મહાનગરનું વર્ણન કરવામાં આવ્યું છે. તે આ સંસાર છે. જેનો આદિભાગ કે અન્તભાગ જોઇ શકાતો નથી. અને પાર પણ પામી શકાતો નથી.

એ મહાનગરને ફરતો કિલ્લો તે "મહામોહ" રૂપ સમજવો અને તૃષ્ણાને પરિખા સાથે સરખાવી છે. ઇષ્ટના વિયોગો અને અનિષ્ટના સંયોગો રૂપ ઉંડા કુવા સમજવા, પાચ ઈંદ્રિયોના સારા નરસા વિષયો એ તળાવો જાણવા. જુદી જુદી જાતના પ્રાણીઓના શરીરો એ ભયંકર અંધકાર ભર્યા જંગલની સાથે સરખાવ્યા. નિષ્પુણ્યકને હેરાન કરનાર બાળકો તે ક્રોધ માન માયા લોભ નામના ચાર તોફાની બાળકો છે.

દેવલોકના ઉજવળ ઉંચા અને દર્શનીય એવા મહાવિમાનો–દેવલોકો એ "સૌધ" સમજવા.

બૌદ્ધમત, વૈશેષિકમત, ન્યાયદર્શન, સાંખ્યદર્શન, જમિનીયદર્શન વિગેરે મત–દર્શનોને જુદા જુદા દેવમંદિરો સમજવા. સુખ અને દુઃખ એને વિવિધ કરીયાણાનું રૂપક

આપ્યું છે. એક પછી બીજો અને એના પછી ત્રીજો એમ જન્મપરંપરા તે જુદી જુદી દુકાનો જણાવી.

ભુવનના સાતમે માળે આનંદમગ્ન વિહરી રહેલા શ્રી સુસ્થિત મહારાજા તે વાત્સલ્ય સિંધુ પરમકૃપાળુ તરણતારણ હાર સર્વજ્ઞ પરમાત્મા શ્રી તીર્થંકર દેવ જાણવા.

સર્વજ્ઞ પરમાત્મા કથિત ધર્મની પ્રાપ્તિ વિહૂણો જીવ તે ભિક્ષુ "નિષ્પુણ્યક" છે. આને કોઈ સહાય નથી માટે "બન્ધુ વિહૂણો" કહ્યો. તત્ત્વાતત્ત્વની વિવેચના શક્તિ રહિત છે માટે "કુમતિ" જણાવ્યો. ધર્મનું ધન એની પાસે જરાએ નથી તેથી "નિર્ધન" બતાવ્યો. કર્મશત્રુઓના ત્રાસ અને માર સહન કરે છે છતાં સામનો કરી શકતો નથી એટલે "બલ-હીન" જણાવ્યો.

નિષ્પુણ્યકના કર્મો એ જ "રોગો" છે. વિષય ભોગોની ઝંખના તે ક્ષુધા છે. પરમાત્માને નાથ તરીકે એણે સ્વીકાર્યા નથી માટે "અનાથ" છે. મિથ્યાત્વની ગાંડપણભરી અવસ્થા એ "ઉન્માદ" છે. "અન્ય દર્શનના સાધુઓ" એનો પરાભવ કરનારા છે. તેમને આ કથામાં "તોફાની બાળકોની" ઉપમા આપી છે. અમાવાસ્યાની કાલિમા તે "વેદનાનું" રૂપક છે.

એક ભવમાં ભોગવી શકાય એટલું આયુષ્ય તે "ભિક્ષાપાત્ર-કર્પર" જાણવું. વિષયો, વિલાસો, હાવ, ભાવ, બિબ્બોક, કેલિ વિગેરે ક્રિડાઓ તે "કદન્ન-તુચ્છભોજન" છે.

શ્રી જિનેશ્વર દેવ પ્રકાશિત દર્શન તે પોતે જ ગુણ-સ્વરૂપ "રાજમંદિર" છે. અનાદિ અનંત કાળથી નહિ

ભેદાએલી ગ્રંથી તે જ દ્વાર છે. આ દ્વારે નિષ્પુણ્યક ઘણીવાર આવ્યો છતાં અંદર નથી જઈ શક્યો, તેમાં કથાકારનો એ આશય છે. આ જીવ "ગ્રંથીપ્રદેશ" સુધી ઘણીવાર આવ્યો છતાં ગ્રંથીભેદ નથી કરી શક્યો.

કારણ કે દ્વાર ઉપર સતત પહેરો ભરનાર નામ જેવા જ આકાર અને ગુણ ને ધારણ કરનાર "અજ્ઞાન–મહામોહ" દ્વારપાળો એને હાંકોટા કાઢી તગડી મૂકતા હતા.

દયાળુ દ્વારપાળ સ્વકર્મવિવર મલ્યો.. તે રાજમંદિરમાં દાખલ થવા દે છે એટલે નિષ્પુણ્યકના કર્મો ઘણાં આછા–પાતળાં થઈ ગયા અને અપૂર્વ વીર્યોલ્લાસથી "ગ્રંથીભેદ" દ્વારા જૈન દર્શનમાં પ્રવેશ કરે છે. નિષ્પુણ્યકનો રાજમંદિર પ્રવેશ કહો અથવા ગ્રંથીભેદ કહો એ બંને એક વસ્તુ છે.

પૂ. આચાર્યમહારાજાઓને રાજમંદિરમાં વસતાં "રાજવીઓ" સમજવા. પૂ. ઉપાધ્યાયજીની "મંત્રીશ્વર" તરીકેની ઘટામણી કરી છે. શાસ્ત્રના જ્ઞાતા ગીતાર્થ સાધુભગવંતોને "મહાયોદ્ધા"નું પદ આપી વિભૂષિત કર્યા છે. સાધુસમુદાય સંબંધી વ્યવસ્થાનો વિચાર કરનારા અને યોગ–ક્ષેમની ચિંતા કરનારા "ગણચિંતક" મુનિયોને "નિયોગીવર્ગ–અધિકારીવર્ગ" સમજવો.

સર્વસામાન્ય સાધના કરનાર સાધુવરોને "તલાટી" તરીકે જણાવેલા છે. શ્રાવકો તે "સૈનીકો" છે. બાળ યુવા સ્થવિર સાધ્વીજીઓ અને શ્રાવિકાઓ એ એમનો "પરિવાર" છે. એ સાધ્વીજી અને શ્રાવિકાઓ અવસરે સુસ્થિત મહારાજાના સૈન્યના "સૈનીકો" પણ બને છે.

મનુષ્યલોકથી ઉપરના સાત રાજલોક પ્રમાણ લોકને સાતમાળના "રાજમંદિર" તરીકે કલ્પેલો છે. લોકના ઉપરના ભાગમાં સિદ્ધશિલા છે. જેનું નામ ઈષદ્પ્રાગ્ભારા છે. શ્વેત-નિર્મળ સ્ફટિક રત્નની છે. એ અકૃત્રિમ અને શાશ્વત છે. આ સિદ્ધશિલાને જ રાજમંદિરના "શિખર" તરીકે જણાવવામાં આવેલ છે.

આ શિખર ઉપર શ્રી સુસ્થિત મહારાજા બિરાજમાન છે. તે જ પરમાત્મા પોતાના કેવળજ્ઞાન દ્વારા લોકાલોકને જોઈ રહ્યા છે. એમાં નિષ્પુણ્યકને પણ એ જુવે છે. કેવળ જ્ઞાન દ્વારા જોવું એ જ એમનો "દૃષ્ટિપાત" છે.

સારી રીતે સમ્યગ્ધર્મના બોધને આપનારા ગુરૂમહારાજાઓ તે ભોજનગૃહના અધ્યક્ષ "શ્રી ધર્મબોધકર" જાણવા. અને એ ગુરૂદેવની વાત્સલ્ય ભરી કરૂણા એ "તદ્દયા" એમની પુત્રી સ્વરૂપે છે. એ ગુરૂભગવંતના ઉપદેશ દ્વારા હૃદયમાં જાગૃત થતી સારી બુદ્ધિ "સદ્બુદ્ધિ" આ ધર્મબોધકરની બીજી ગુણવતી પુત્રી સમજવી. આ બંને નિષ્પુણ્યકની પરિચાયિકાઓ તરીકે રહી હતી,

**इति श्री आचार्यदेवेशश्रीदेवेन्द्रसूरीश्वररचिते उपमिति-भव-प्रपञ्च-कथा-सारोद्धारे प्रथमप्रस्तावः समाप्त. !**



# ઉપમિતિ ભવ પ્રપંચકથા સારોદ્ધાર

## પ્રસ્તાવ બીજો

## ગુજરાતી વિવરણ

# દ્વિતીય પ્રસ્તાવના પાત્રો.

| | | |
|---|---|---|
| મનુજગતિ નગરી | — | મનુષ્ય જ્યાં જન્મો પામે છે તે સ્થળ. |
| કર્મપરિણામ | — | મનુજગતિ નગરીનો મહારાજા. |
| કાળપરિણતિ | — | કર્મપરિણામ રાજાની પટરાણી. |
| અવિવેક | — | કર્મપરિણામ રાજાનો મંત્રી. |
| ભવ્યપુરૂષ અપર-નામ સુમતિ | — | કર્મપરિણામ રાજાનો પુત્ર. |
| અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાલા | — | બે બહેનપણીઓ |
| સદાગમ | — | વિદ્યા ગુરુ |

---

| | | |
|---|---|---|
| અસંવ્યવહાર નગર | — | અનાદિ નિગોદ. |
| અત્યન્તાબોધ | — | અસંવ્યવહાર નગરનો સરસેનાધિપતિ |
| તીવ્રમોહોદય | — | અસંવ્યવહાર નગરના વડાધિકારી. |
| સંસારીજીવ | — | કથા કહેનાર વ્યક્તિ. |
| તત્પરિણતિ | — | પ્રતિહારી. |
| તન્નિયોગ | — | કર્મપરિણામ રાજાનો દૂત |
| લોકસ્થિતિ | — | કર્મપરિણામ રાજાની મોટી બહેન. |
| ભવિતવ્યતા | — | સંસારીજીવની પત્ની. |

---

| | | |
|---|---|---|
| એકાક્ષનિવાસનગર | — | એકેન્દ્રિય જીવોને રહેવાના સ્થળો. |
| વિકલાક્ષનિવાસનગર | — | વિકલેન્દ્રિય જીવોને રહેનારા સ્થળો. |
| ઉન્માર્ગોપદેશ | — | વિકલાક્ષ નિવાસ અને પંચાક્ષપશુ સંસ્થાનનો વડાધિકારી વ્યકિત. |
| માયા | — | ઉન્માર્ગોપદેશની પત્ની. |
| પંચાક્ષપશુસંસ્થાન | — | પંચેન્દ્રિય તિર્યંચોને રહેવાના સ્થળો. |
| હરણ અને હાથી | — | સંસારી જીવના ભવો. |
| પુણ્યોદય | — | ગુપ્ત મિત્ર અને શાણો બંધુ તેમજ મનુજગતિનો સહાયક સખા. |

## પ્રકરણ પહેલું

## ભવ્યપુરૂષનો જન્મ

### [1]મનુજગતિ નગરી અને એની વિશાળતા :

આ લોકમાં મનુજગતિ નામની મહાનગરી આવેલી છે. કે જ્યાં અનંતાનંત તીર્થંકર પરમાત્માઓ જન્મ પામ્યા, મોટા થયા અને દીક્ષા લીધી છે. કેવળજ્ઞાન પામી જગતના ઉદ્ધાર માટે ધર્મતીર્થની સ્થાપનાઓ કરેલી છે. છેવટે કર્મમુક્ત બની મુક્તિપદને વર્યા છે.

વળી અનંતા ચક્રવર્તીઓ, પ્રતિવાસુદેવો, વાસુદેવો, બલદેવો, નારદમુનિઓ વગેરે શલાકા પુરૂષો અને ઉત્તમ કોટીના આત્માઓ અવતર્યા છે.

આ નગરીનો ફરતો કિલ્લો છે. જે અત્યંત ઉંચો,

---

૧. મનુજગતિ નગરી એટલે મનુષ્યો જે ક્ષેત્રમાં ઉત્પન્ન થાય તે. આમાં જંબુદ્વીપ, ધાતકીખંડ, અર્ધપુષ્કરાવર્ત એમ અઢી દ્વીપને મનુજગતિ નગરી નામ આપ્યું છેઃ ત્રેસઠ શલાકા પુરૂષો મનુષ્યગતિમાં જ હોય છે. સિદ્ધિપદ પણ અહીંથી મલે છે માટે સૌથી શ્રેષ્ઠ છે.

વાદળથી વાતો કરતો, ગોળાકારે [1]"માનુષોત્તર" પર્વત નામનો છે અને એ કિલ્લાની ચારે બાજુ અતિવિશાળ, અતિગંભીર સમુદ્ર રૂપ મહાખાઇ આવેલી છે. જે અતિદુર્લંઘ્ય છે.

[2]ભરત વિગેરે છ નાના મહોલ્લા છે અને આ મહોલ્લાઓના સિમાચિન્હ તરીકે [3]હિમવંત વિગેરે પર્વતો આવેલા છે, જે ગઢ અથવા મોટી દિવાલ તરીકેનું કામ કરે છે.

આ નગરીમાં "[4]વિદેહ" નામવાળો મહા બજાર આવેલ છે જેમાં સુંદર અને મૂલ્યવાન વસ્તુઓના સમુહથી

---

૧. અઢીદ્વીપ પછી માનુષોત્તર નામનો પર્વત આવેલો છે ત્યાર પછી કોઈ મનુષ્યના જન્મ–મરણ થતાં નથી. દેવશક્તિ કે લબ્ધિથી અઢીદ્વીપ બહાર જવાય પણ જન્મ–મરણ તો ન થાય એવી ક્ષેત્ર મર્યાદા છે.

૨. ભરત, ઐરવત, હિમવંત, હિરણ્યવંત, હરિવર્ષ અને રમ્યક્ આ છ ક્ષેત્રોને મનુજગતિ નગરીના મહોલ્લા ગણાવ્યા છે. વિશાળતાની દૃષ્ટિએ એ સુયોગ્ય છે.

૩. હિમવંત, મહાહિમવંત, નિષધ, નિલવંત, રૂકમી અને શિખરી આ વર્ષધર=ક્ષેત્રધર પર્વતો છે. જે ઉપર જણાવેલા ક્ષેત્રોના વિભાગોની મર્યાદા નક્કી કરે છે એને અહીં સીમાચિન્હ દિવાલ બતાવેલ છે.

૪. વિદેહ–મહાવિદેહ એ બન્ને એક જ છે. એને મહાબજાર એટલા માટે જણાવવામાં આવ્યો છે કે ત્યાંથી સમ્યકત્વ, દેશવિરતિ, સર્વવિરતિ અને મોક્ષ એ રૂપ કરીયાણા જોઈતા પ્રમાણમાં જ્યારે જોઈએ ત્યારે પ્રાપ્ત થાય છે. ભરતાદિ ક્ષેત્રમાં માત્ર ત્રીજા ચોથા પાંચમાં આરામાં જ મોક્ષ પ્રાપ્ત થાય છે, પણ મહાવિદેહ માટે એવો સમય પ્રતિબંધ નથી.

ભરપુર અને જ્યાં ક્રય-વિક્રય પણ શીઘ્રતા પૂર્વક તેમજ બહોળા પ્રમાણમાં થાય એવી દુકાનો આવેલી છે. અને એ દુકાનોને [૧]"વિજય" એ પ્રમાણેના શુભનામથી વ્યવહાર કરવામાં આવે છે.

[૨]"મેરૂ" વગેરે મોટા પ્રાસાદ–વિશાળ મહેલો આવેલા છે અને [૩]ભદ્રશાલ વગેરે નામના બગીચાઓ આ નગરીની રમણીયતાને વધારી રહ્યાં છે.

મત્સ, મગર, ગ્રાહ વિગેરે જલચર જંતુઓથી યુક્ત અને સ્વચ્છ જલથી પૂર્ણ એવી ગંગાદિ નદીયો આ નગરમાં શેરીયોના રસ્તાઓનું કામ આપે છે. અને આ ગંગાદિ નદીયો જ્યાં આગળ આવીને મળે છે તે લવણસમુદ્ર અને કાલોદધિ એ બે મહા રાજમાર્ગ છે.

આ બે રાજમાર્ગોથી મનુજગતિ નગરી ત્રણ વિભાગમાં વહેંચાઈ ગઇ છે. જંબુદ્વીપ ધાતકીખંડ અને પુષ્કરવર એમ ત્રણ વિભાગના નામો છે અને આ વિભાગોમાં અવાંતર મહોલ્લાઓ તો ઘણાં જ આવેલા છે.

---

૧. વળી "વિજય" દુકાનો બતાવી તે મહાવિદેહના ૩૨ ખંડો જાણવા. એ વિજયખંડ ભરત કરતાં વિશાળ છે. દરેકમાં ધર્મરૂપ કરિયાણા થોકબંધ પ્રાપ્ત થાય છે.

૨. મેરૂ પર્વત કુલ ૫ છે. ૧ જંબુદ્વીપમાં ૨ ધાતકીખંડમાં ૨ પુષ્કરવરાર્ધમાં. જંબુદ્વીપના મેરૂની ઊંચાઈ એક લાખ યોજનની છે, ત્યારે બીજા ચાર પંચાશી હજાર યોજનના ઉંચા છે.

૩. મેરૂની તળેટીમાં "ભદ્રશાલ" નામનું મહાવન આવેલું છે. દેવતાઓ આનંદ કરવા ખાતર અહીં આવતા હોય છે. આ વન મનુષ્યલોકમાં છે.

જે સ્થાન, જે દેશ અને જે ભૂમિના માલિકી ભોગવનારાઓ રાજાઓ તે કલ્પવૃક્ષ સમાન છે. રાજાઓ પ્રજાના સુખમાં કારણભૂત હોય છે એથી કલ્પવૃક્ષ જણાવેલાં છે.

આવી નગરીનું વર્ણન કોણ કરી શકે ? ક્રોડ મુખો બનાવે અને દીર્ઘાયુષ્ય હોય, તેમજ બધામુખ એક સાથે જુદા જુદા ગુણોનું વર્ણન કરવા મંડે તો પણ એ ગુણો વર્ણવી ન શકાય.

ખરેખર પુણ્યની પ્રબલતા અને ગુણની ગરિમાથી આ નગરી આગળ ઇંદ્રની અલકાપુરી પણ દિવસે દેખાતા ચંદ્ર જેવી નિસ્તેજ બની ગઈ.

## કર્મપરિણામ રાજા :

આ નગરીના અધિપતિ [1]શ્રી કર્મપરિણામ મહારાજા છે. જેઓ પોતાનું શાસન, પોતાની આજ્ઞા સુરેન્દ્રો, અસુરેન્દ્રો, નરેન્દ્રો વિગેરે મોટા ગણાતા વ્યક્તિઓ પાસે પણ સહેલાઈથી પળાવી શકે છે, અનેક શક્તિના સ્વામી સુરેન્દ્રો વિગેરે પણ ખૂબ જ નમ્રતા અને સભ્યતાથી કર્મપરિણામ મહારાજાની આજ્ઞા પોતાના મસ્તક ઉપર ધરે છે. અર્થાત્ આજ્ઞાનું પાલન કરે છે.

પોતાના પરાક્રમ દ્વારા પોતે આ પૂર્ણ ભૂમંડલનો અધિપતિ બન્યો છે. એના પરાક્રમને ખંડિત કરવું એ સ્હેલું

૧. કર્મપરિણામ : જ્ઞાનાવરણાદિ આઠ કર્મોરૂપ રાજા. કર્મ કોઈને છોડતું નથી. કર્મ જે ન બાંધે તેને કર્મ પકડતું પણ નથી.

નથી. એની રાજ્યનીતિમાં દયા, લાગણી, કુણાશ જેવા ગુણોનો અવકાશ જ નથી. દયા–પાત્ર કોઈનેય ગણતો નથી.

કોઈ જાતની લજ્જા-શેહ રાખ્યા વિના જ આકરા દંડ એ કરે છે. આજ્ઞાઓ પણ ખુબ આકરી ફરમાવવી એ એને મન રમત છે.

શ્રી કર્મપરિણામની મગરૂરી તો અજબની છે. એ મનમાં માને છે કે મારા જેવો સમર્થ પુરૂષ આ વિશ્વમાં અન્ય કોઇ છે જ નહિ. વિશ્વમાં હું જ સર્વથી શ્રેષ્ઠ, બલમાં બલિષ્ઠ છું. વિશ્વ તો મારી આગળ ઘાસના તણખલા જેવું તુચ્છ છે. અસમર્થ અને અસહાય છે.

એ ક્રૂરતાનો સમુદ્ર છે. દયા તો શોધી જડે તેમ નથી. રમત ગમતનો અત્યંત શોખીન છે. દુષ્ટલોભ વિગેરે સુભટોથી વીંટળાએલો રહે છે. નાટકના પાત્રો ભજવવામાં અતિકાબેલ છે. હેરત પમાડે તેવા પાત્રો દ્વારા "સંસાર" નાટક હંમેશાં કરાવે રાખે છે. એ નાટક જોતા કર્મપરિણામરાજા કદી થાકતો નથી.

## નાટકના સાજ અને પાત્રો :

"સંસાર" નાટકમાં રાગદ્વેષ નામના બે મુરજ–તબલાં છે. દુષ્ટાભિસંધી નામના હોશિયાર તબલચી એ તબલાનો વગાડનાર છે. ક્રોધ અને માન નામના બે મધુર કંઠે પદ્ધતિ પૂર્વકનું ગાનારા ઉસ્તાદ–ગવૈયા છે. "મહામોહ" નામનો સુત્રધાર છે અર્થાત્ આ નાટકનો દોર "મહામોહના" હાથમાં હોય છે.

"ભોગાભિલાષ" નાંદી છે, જે નાટકની પ્રારંભમાં મંગલાચરણ ગાય છે અને ત્યાર બાદ નાટકની શરૂઆત કરવામાં આવે છે.

અનેક જાતની શારીરિક ચેષ્ટાઓ, હાવ-ભાવ, અંગમરોડ વિગેરે ક્રિયાઓ અને વાણીના બોલવા દ્વારા ઠઠ્ઠા મશ્કરી કરી હાસ્યનું મોજું ફેલાવનારો "કામ" નામનો વિદુષક છે. નાટક જોતાં વચ્ચે વચ્ચે સભાને હસાવવાનું કામ આ વિદુષક કરે છે.

[1]ભય વિગેરે સંજ્ઞાઓ સુંદર રણકાર કરતાં મંજીરા અથવા તો કાંસીજોડાનું કામ આપે છે. [2]કૃષ્ણાદિ લેશ્યાઓ તે કાળા વિગેરે વિવિધ રંગો છે. નાટકના ભજવનારાઓને જે રંગ શોભતો હોય તે અહીંથી મળી શકતો હોય છે.

નાટક ભજવનારાઓને જે જાતનાં શરીર વસ્ત્ર વિગેરે જોઈતા હોય તે "યોનિ" નેપથ્યાદિ આપે છે જ્યાં પ્રાણીયો સુસજ્જિત થઈ "લોકાકાશોદર" નામના મહાવિશાલ રંગમંડપમાં નાટ્ય માટે હાજર થાય છે.

વળી અનેક '"સ્કન્ધ" નામના પુદ્ગલ સમૂહ ત્યાં હાજર હોય છે. નાટકમાં અન્ય જે કાંઈ રાચરચિલું જોઈએ તે એમાંથી બનાવી લેવામાં આવે છે. સંસારના અનેક પ્રાણીયો "મહા-

---

૧. ભય વિગેરે ૪ સંજ્ઞાઓ છે. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ. ૧૦ અને ૧૬ પણ આવે છે.

૨. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો પદ્મ અને શુકલ આ ૭ લેશ્યા છે અને કાળો, બ્લુ, ભૂખરો કબુતર જેવો, લાલ, પીળો, સફેદ આ એના રંગો છે.

મોહની" આજ્ઞા પ્રમાણે પાત્ર બની નાચ કરવા તૈયાર થતા હોય છે.

## નાટકમાં લેવા પડતાં જુદાં જુદાં પાત્રો :

અત્યંત સ્વચ્છંદી કર્મપરિણામ મહારાજા પોતાની મરજી મુજબ પ્રાણીયો પાસે પાત્રો લેવાની ફરજ પાડતો હોય છે.

આ નાટકમાં કેટલાક જીવોને નારકીનો વેશ ભજવવો પડતો હોય છે. એ વખતે બિચારાઓને ત્રાસ વેદના અને અત્યંત દુઃખને કારણે કરૂણ આક્રંદન કરીને કર્મપરિણામને ખુશ કરવાનો હોય છે.

કેટલીક વાર જીવોને અળશીયા, માંકણ, વિચ્છુ, સર્પ, કુતરા, વાંદરા, ગાય, ભેંસ, બકરા, વાઘ, વરૂ, સિંહ વિગેરે તિર્યંચોના રૂપો ધારણ કરવાના હોય છે અને એ વખતે તાડના, તર્જના, ભૂખ, તાપ, તૃષા, વિગેરેના અનેકાનેક કષ્ટો સહવાના હોય છે.

વળી કેટલી વખતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર, સ્પૃશ્ય, અસ્પૃશ્ય, એમાં સુખી, દુઃખી, રોગી, નીરોગી વિગેરે મનુષ્યના નેપથ્ય પહેરવાના હોય છે અને એ પાઠ ભજવવા દ્વારા શ્રી કર્મપરિણામને સંતોષ આપવો પડે છે.

કોઈવાર જીવોને મનગમતા પદાર્થોના વિયોગ દ્વારા શોકથી દુઃખ પ્રદર્શિત કરતો વેશ ભજવવાનો હોય છે, તો કોઈવાર મનગમતા પદાર્થોની પ્રાપ્તિથી આનંદ ઉછળતો નેપથ્ય પહેરવાનો હોય છે.

ઘણીવાર સંપત્તિમાં મહાલતાં તો ઘણીવાર દારિદ્રમાં ડુબતાનો વેશ, ઘણીવાર રોગથી ખદબદતા શરીરવાળા બનવાનું તો કોઈવાર નીરોગી કાયા પહેરી નાચવાનું, વળી સ્રીના લેબાશો પહેરીને નૃત્ય કરવાનું, તો કોઈવાર પુરૂષના દેહમાં પાઠ ભજવવાના, તો કોઈવાર ઉચ્ચકુળમાં ઉન્મત્ત થઈ બધાની વાહવાહ સાંભળવાની, તો ઘણીવાર નીચકુળમાં ઉત્પન્ન થઈ ટોણાં મેણા અને હલકુ કાર્ય કરી વેશ ભજવવાનો અને આ રીતે શ્રી કર્મપરિણામ મહારાજાને ખુશ ખુશ કરવાનો રહે છે.

આવા વિવિધ પ્રાણીયો દ્વારા વિવિધ અને આશ્ચર્યકારી પાઠો ભજવાતા જોઈ શ્રી કર્મપરિણામ ખુબ જ રાજી રાજી થાય છે. આસન ઉપરથી ઉંચો થઈને તાળીયો પાડી પ્રસન્નતા પ્રદર્શિત કરે છે.

## મહારાણી શ્રી કાલપરિણુતિ અને એની આજ્ઞા :

શ્રી કર્મપરિણામમહારાજાને નિયતિ, યદૃચ્છા વિગેરે ઘણી રાણીઓ છે પણ ગુણથી અને સુંદરતાથી એઓમાં આગળ પડતી “કાલપરિણુતિ” નામની રાણી છે. તે પટરાણી પદને શોભાવે છે.

આ કાલપરિણુતિ મહારાણી ઉપર શ્રી કર્મપરિણામને અત્યંત પ્રીતિ છે. અત્યંત રાગ છે. એણીના વિના જરાએ ચેન પડતું નથી. સદાએ પાસે જ હાજર જોઈએ. વિયોગનું નામ સાંભળવા તૈયાર નથી.

આ મહારાણી ક્ષણ, મુહૂર્ત અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, પૂર્વ, પલ્યોપમ, સાગરોપમ વિગેરે પરિવારથી પરિવરેલી છે અને સુષમાસુષમા, સુષમા, સુષમાદુષમા, દુષમાસુષમા, દુષમા અને દુષમાદુષમા નામની છ સખીયોથી વિંટળાએલી છે.

મહારાણીજી પ્રાણીઓને વચના પરિવર્તનો દ્વારા મોટે ભાગે દુઃખ જ આપ્યા કરે છે.

સૌ પ્રથમ જન્મેલા પ્રાણીને તરત આ દેવી આજ્ઞા છોડે છે. એ જીવ ! રડવાનું ચાલુ કરો. રડવું બંધ કરી દુધ પીવો. આખા શરીરે ધૂળવાળા થાઓ. શેરીમાં જમીન ઉપર આળોટો. લથડીયા ખાતા ચાલો. પડી જાઓ. તમારે પગે વાગો, રડો, શરીરને મલમૂત્રથી ખરડાવો. નાક લીંટથી ગંદુ રાખો, મોઢામાંથી લાળ ઝરાવો. આવા આવા સેંકડો હુકમ છૂટયા પછી નવો હુકમ છૂટે. અરે ! હવે યુવાન બની જાઓ.

યુવાનીમાં નવી હુકમ પરંપરા નિકળે : અરે એ ! કળાઓનો અભ્યાસ કરો. કામવાસનાના નખરાં શીખો. અર્થ નીતિ શીખો. પરસ્ત્રી ગમન કરો. કુળની મર્યાદા ન જુવો. નાચતાં શીખો. ઉન્માદી બનો. સ્ત્રીઓ સાથે વિલાસ કરો, સર્વ ઇંદ્રિયોને રાજી રાખો. પરભવ પુણ્ય–પાપ ન ગણકારો. પરાક્રમ કરો. ગમેતેમ કરી ધન ભેગું કરો. તમારી કોઈ વસ્તુ પડાવી લેવા આવે તેની સાથે લડી મારી નાખો. બીજાની વસ્તુ પચાવી જતાં શીખો. ચલો ! હવે વૃદ્ધ બની જાઓ.

વૃદ્ધત્વમાં નવા વટ હુકમો બહાર પડે : અરે જીવો ! તમે

શરીરથી જીર્ણ બનો. આંખે મોતીયા લાવો. આંધળા બની જાઓ, નાકમાંથી લીંટ ટપકાવે રાખો. કાને બહેરા થાઓ. કાળા સુંદરવાળને સફેદ કરી નાખો. હાથ પગ અને શરીરની ચામડીમાં કરચલી પાડો. લથડીયા ખાતાં વાંકા ચાલો. શ્વાસોશ્વાસની ગતિ વધારો, જ્યાં ત્યાં થૂંકના બળખા નાખો. સર્વ લોકોથી ઘૃણિત અને દયાપાત્ર બનો. રોગોથી ખદબદો, કડવા ઉકાળા અને કડવી દવા પીઓ. નાની પુત્રવધુઓના ટોણું મેણું સાંભળી વલોપાત અને આર્તધ્યાન કરો. રડયાં કરો. રડતાં રડતાં મરી બીજી યોનિમાં જાઓ અને સબડો.

આ રીતે મહારાજા અને મહારાણી વિવિધ ભાતના દૃશ્યો જુવે છે અને હૈયામાં હર્ષ ઉભરાતો રહે છે. બન્ને એક જ સ્વભાવના અને સરખા ગુણના હોવાથી પરસ્પરની પ્રીતિ અતિ રહે છે. આમ ઘણો સમય પસાર થઈ ગયો.

## પુત્ર પ્રાપ્તિ માટેના મનોરથ :

રાજા-રાણી આનંદમાં દિવસો વ્યતીત કરે છે ત્યાં એક વેળા મહારાણી વિનય પૂર્વક મહારાજાને કહે છે, હે સ્વામિન્ ! આપની કૃપાથી વિશ્વના તમામ સુખ-સાધનો મને પ્રાપ્ત થયા છે. ખાવા પીવાનો તોટો નથી. ભોગ વિલાસના સાધનોની કમીના નથી. ધનભંડાર ભરપૂર છે, પણ એકવાતની ઓછાશ સદા હૈયામાં ડંખ્યા કરે છે.

માત્ર સંતાનની પ્રાપ્તિ થાઓ એ જ ઝંખના છે. સંતાન વિનાની સાહ્યબી અને સુખ એ દુઃખ દેનારા છે. પુત્રની

ઇચ્છા આપની કૃપાથી પૂર્ણ થાઓ એટલું જ જોઈએ છે. એ જ મંગળ આકાંક્ષા.

હે પ્રિયે ! તારા હૃદયમાં જેમ પુત્ર પ્રાપ્તિની ઇચ્છા થઈ છે, એમ મને પણ પુત્ર થાય તો સારૂં એ ઇચ્છા થયા કરે છે. આપણા બેના એક જ વિચારો થવાથી તને ચોક્કસ એક સુંદર સુડોળ પુત્રરત્નની પ્રાપ્તિ થશે. તું નચિંત રહે. એમ મહારાજાએ ઉત્તરમાં જણાવ્યું.

"આપની મહાકૃપા" આપનો મંગળ આશીર્વાદ જરૂર ફળીભૂત થશે. હું આપના વચનમાં શ્રદ્ધા રાખું છું. આ પ્રમાણે બોલીને મહાદેવીએ મંગળ વચનની સ્મૃતિ રહે એ ખાતર પોતાના પાલવના છેડે ગાંઠ બાંધી.

## પુત્રરત્નનો જન્મ :

મહાદેવી અનેક સાધનોથી સુસજ્જ શયનખંડમાં પલંગના મૃદુ અને મુલાયમ ગાદલાં ઉપર પોઢી રહ્યાં છે. મંદનિદ્રાને લીધે નેત્રો બીડાએલા છે. રાત્રિના છેલ્લા પહોરનો સમય ચાલી રહ્યો છે. સ્વસ્થ અને શાંત વાતાવરણ વચ્ચે સુંદર સ્વપ્ન જોઈ પોતે જાગૃત બને છે.

"સ્વપ્નમાં એક મનોરમ્ય આકૃતિવાળા પુરૂષને નિહાળે છે. તે પુરૂષ આકાશમાંથી ધીરે ધીરે પોતાના પાસે આવી મુખમાં પ્રવેશે છે. ત્યાર બાદ ઉદરમાં જઈ બહાર નિકળી જાય છે. એને કોઈ મિત્ર મળવા આવે છે અને તે થોડી-વારમાં જ મિત્રની સાથે રવાના થઈ જાય છે."

આ સ્વપ્ન જોવાથી મહાદેવી ખુબ પ્રફુલ્લ બન્યા. છાતી હર્ષાવેશથી ગજ ગજ ફૂલી ગઇ. સાથે થોડું દુઃખ પણ થયું. પલંગમાંથી ઉઠી શયનખંડના બહાર આવી જ્યાં મહારાજા પોઢેલ હતાં ત્યાં હંસગતિએ જાય છે અને પોતાને આવેલા સ્વપ્નની વિગત સવિસ્તર જણાવે છે.

હે દેવી ! આ સ્વપ્ન ઉપરથી મારૂં માનવું છે કે તને પુત્રરત્નની પ્રાપ્તિ થશે. એ પુત્ર ઘણો દેખાવડો, જ્ઞાનવાન્, ગુણવાન્, નયનોને ઠારનાર, સૌને ગમી જાય તેવો થશે. તારા માટે એ ખુબ જ લાડકવાયો થશે, પરંતુ આપણા ઘરમાં વધુ સમય રહેશે નહિ. સદાગમ નામના મિત્રની સોબતથી અને એના સદુપદેશથી સર્પ જેમ પોતાની કાંચળી ઉતારે તેમ સંસારને તજી એમનો શિષ્ય બની જશે. આ છે તારા સ્વપ્નનું ફળ.

મહાદેવીએ કહ્યું કે "મને પુત્ર થાય તોય ઘણું" પુત્રના જન્મ થવા માત્રથી મને ઘણો આનંદ થશે. પછી જે થવાનું હશે તે થશે.

સ્વપ્નની રાત્રિથી મહારાણીની કુક્ષિમાં કોઇ જીવ ઉત્તમ ઠેકાણેથી ચવીને આવ્યો. રાણી ગર્ભવતી બન્યા. ગર્ભ દિન પ્રતિદિન વિકાશ પામતો જાય છે. રાણી સાવધાની પૂર્વક એનું જતન કરે છે. ગર્ભ વૃદ્ધિવાળો થતાં સુંદર દોહલા થવા લાગે છે.

"સર્વ પ્રાણીઓને અભયદાન આપું. સાધર્મિકોની ભક્તિ કરૂં. દરિદ્રીઓનું દારિદ્ર દૂર કરૂં. પૂજા ભણાવું.

આંગીરચાવું" વિગેરે દોહલા થવા લાગ્યા અને મહારાજાએ તે બધા જ દોહલા પૂર્ણ કર્યાં.

આ રીતે ગર્ભની સુંદર સંભાળ થતાં તેના દિવસો પૂર્ણ થવા આવ્યા અને એકદા મધ્યરાત્રિએ જ્યારે શુભદિન, શુભઘડી, શુભવેળા અને શુભમુહૂર્તનો યોગ આવ્યો ત્યારે આ બાળકનો જન્મ થયો.

મહારાજાને મંગળ સમાચાર જણાવ્યા. એમણે પુત્રનો ઉચિત રીતે જન્મોત્સવ કરાવ્યો અને "ભવ્યપુરૂષ" એ પ્રમાણે પુત્રરત્નનું શુભનામ સ્થાપ્યું. પરંતુ મહારાણીએ "સુમતિ" એ નામ રાખ્યું. આ રીતે સુમતિ અને ભવ્યપુરૂષ એમ બે નામથી રાજકુમાર ઓળખાવા લાગ્યો.



## પ્રકરણ બીજું

## અધ્યયન માટે ગમન

### અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાલાનો સંવાદ:

આ જ નગરીમાં અગૃહીતસંકેતા નામની એક બ્રાહ્મણી રહેતી હતી. તેણે સાંભળ્યું કે રાજાના ત્યાં મહારાણીએ પુત્રરત્નનો જન્મ આપ્યો અને એનો ઉત્સવ ચાલી રહ્યો છે. પુત્રનું નામ સુમતિ–ભવ્યપુરૂષ રાખવામાં આવ્યું છે. આ બધું સાંભળી એણીના હૃદયમાં આશ્ચર્યનો પાર રહેતો નથી. એ પોતાની સખી પાસે જાય છે અને ધીરેથી કહે છે.

અગૃહીતસંકેતા—હે પ્રજ્ઞાવિશાલા! શહેરમાં તો ભારે નવાઈ ઉપજાવે તેવી વાતો ચાલી રહી છે. તેં જાણ્યું કે નહિ? આપણા મહારાણીએ પુત્રરત્નનો જન્મ આપ્યો અને સુમતિ નામ રાખ્યું છે. આ શું?

પ્રજ્ઞાવિશાલા—વ્હાલી સખી! એમાં શું આશ્ચર્ય?

અગૃહીતસંકેતા—વાહ! આપણા મહારાજા સાહેબ તો નિર્બીજ (પુત્ર ન થાય એવો–નપુંસક) છે અને મહાદેવી

પણ વંધ્યા છે. નિર્બીજ અને વંધ્યાથી કદી પુત્રની પ્રાપ્તિ થાય ખરી? અને અહીં પુત્ર થયો તો આશ્ચર્ય ન ગણાય? બોલ જોઈએ?

પ્રજ્ઞા વિશાલા—વાહરે ભોળી વાહ! તારૂં નામ સાચેજ અગૃહીતસંકેતા છે. કોઈ પણ વાતના સંકેતોને સમજી શકતી નથી. રહસ્યોને જાણી શકતી નથી. પરમાર્થ શું છે? આ જાણવાની શક્તિ હજુ તારામાં ખીલી નથી.

સાંભળ! આ રાજા નિર્બીજ નથી પણ બહુબીજ છે. બીજા પુરૂષો કરતાં આમાં પુરૂષત્વ ઘણા પ્રમાણમાં છે. પુત્રોત્પાદક શક્તિ પણ ઘણી છે. અને મહારાણીને પણ અનંતા પુત્રો છે. વંધ્યા નથી. ખરી રીતે આ જ મહારાજા અને મહારાણી વિશ્વના સર્વ પ્રાણીઓના માત-તાત છે.

અગૃહીતસંકેતા—જો તું કહે તેમજ હોય તો મહારાજા નિર્બીજ અને મહારાણી વંધ્યા છે એવી લોકપ્રસિદ્ધિ શા કારણે થઈ?

પ્રજ્ઞા વિશાલા—હજુય તું ન સમજી? એમના અનંતા પુત્રો છે, એમાં કેટલાક બહુ દેખાવડા છે. એટલે આ પુત્રોને કોઈ ખરાબ માનવીની નજર ન લાગી જાય એટલા માટે "અવિવેક" વિગેરે મહામંત્રીઓએ રાજા-રાણીને નિર્બીજ અને વંધ્યા તરીકે જાહેર કર્યાં છે. આવી તદ્દન સાદી અને સરલ વાત પણ તું જાણતી નથી?

અગૃહીતસંકેતા—અલી સખી? કોઈની નજર ન લાગે એટલા માટે રાજપુત્રો જન્મવા છતાં જાહેર નથી કરતા, તો

પછી હમણાં જે રાજકુમારનો જન્મ થયો છે તેની જાહેરાત કેમ કરવામાં આવી ?

પ્રજ્ઞા વિશાલા—જરા ધીરી થઈ સાંભળ ! આપણી આજ નગરીમાં "સદાગમ" નામના સત્પુરૂષ રહે છે. જે મારા ચીર પરિચિત અને જુનાજાણીતા છે. અતિ ગુણશીલ અને આનંદી છે. એક દિવસ મેં એમના મુખ ઉપર ઘણી પ્રફુલ્લતા જોઈ. એટલે મેં એ સત્પુરૂષને પૂછ્યું.

આજ આમ આટલા બધા પ્રફુલ્લ કેમ છો ? એ સ્હેજ હસ્યા મેં વધુ આગ્રહ કર્યો એટલે એ બોલ્યા.

સાંભળ તારો આગ્રહ છે એટલે જણાવું છું.

શ્રી કાળપરિણતિ મહારાણી એકાંતમાં પોતાના પતિદેવને વાત કરે છે કે, હે પતિદેવ ! હું "વંધ્યા" શબ્દના ટોણા સાંભળીને કંટાળી ગઈ છું. મારે અનંતા પુત્રો છે, છતાં મારા ઉપર વંધ્યા તરીકેની ખોટી છાપ મારવામાં આવી છે. લોકો મને અપશુકનીયાળ ગણે છે. આ મારી આપત્તિ દૂર કરો.

અરે ! આપણા બાળકો પણ મુંઝાય છે. અમારે મા બાપ કોને કહેવા ? બાળકોને પણ ઘણી શરમ આવે છે.

રાજાએ કહ્યું હે દેવી ! જેમ તારા ઉપર "વંધ્યા"નો આરોપ છે. એમ મારા ઉપર પણ "નિર્બીજ—નપુંસક" પણાનો આરોપ છે. એ દુઃખ મને પણ ખટક્યા કરે છે. આપણે બંને સમાન દુઃખવાળા છીએ.

તને હવે જે પુત્ર થશે, તેની આપણે જાહેરાત કરી દઈશું. જેથી લોકમાંથી તારૂં વંધ્યાપણું દૂર થાય. નિંદા

અટકી જાય અને પુત્રવતી ગણાઈશ. અને મારા ઉપરનો આરોપ પણ ટળી જશે.

હે પ્રજ્ઞા વિશાલા! રાજા રાણીએ પોતાના આરોપ ટાળવા ખાતર આ પુત્રરત્નની જાહેરાત કરી છે. આ રાજપુત્ર મને અત્યંત પ્રિય છે. કારણ કે ભવિષ્યમાં એ મોટો થઈ મારી પાસે આવી મારો બનશે. એ મહારાજા પાસે ટકવાનો નથી પણ મારી પાસે રહેશે. આટલા માટે આજે હું આનંદમાં દેખાઉં છું.

હે ભદ્રે! તને રાજપુત્રના જન્મની જાહેરાતનું કારણ સમજાણું ને? ભવ્યપુરૂષ પુત્રને પ્રકાશિત કરવામાં રાજા-રાણીના કલંક ધોવાઈ જશે.

અગૃહીતસંકેતા—પ્રિય સખી! તેં કહ્યું તે બધું જ સમજાણું પણ સદાગમના હર્ષનું કારણ બરોબર ન જણાયું.

પ્રજ્ઞા વિશાલા—વાહ! કેટલું તારૂં ભોળપણ? રાજપુત્ર જ્યારે બાળપણ વટાવી જશે અને યોગ્ય વયનો થશે ત્યારે તે સદાગમના સમાગમમાં આવશે અને ધીરે ધીરે એવો રંગાઈ જશે કે એમનો શિષ્ય બની કાયમ માટે રહી જશે. સુમતિ રાજા-રાણી પાસે રહેશે નહિ આવા ગુણીયલ શિષ્યની પ્રાપ્તિમાં હર્ષ થાય કે નહિ?

અગૃહીતસંકેતા—બહેન! તારી વાત સાંભળીને તો મને તો એ ગુણશીલ સત્પુરૂષ સદાગમના દર્શનની હૈયામાં ઉત્કંઠા થઈ છે. તું મને એ મહાપુરૂષના દર્શન કરાવ.

પ્રજ્ઞા વિશાલા—ચાલ, સખી! ખુશીથી એ મહાપુરૂષના દર્શન કર. તને પણ લાભ થશે.

**શ્રી સદાગમના દર્શને :**

અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાલા એ બંને સખીઓ સદાગમના દર્શન માટે રવાના થયા છે.

જ્યાં "વિજય"નામની મોટી મોટી દુકાનો હતી, એવા 'વિદેહ" નામના બજારમાં આ બંને સખીઓ આવે છે. અને દૂરથી જ આ સત્પુરૂષને જુવે છે ત્યાં નયનોમાં આનંદ છવાણો, ગાત્રો પુલકિત બન્યા, રોમ રાજી વિકસ્વીર બની.

અનેક પુરૂષો મહાત્માની સેવા કરી રહ્યા હતા અને સદાગમ પણ યોગ્યતા મુજબ સૌને ધર્મતત્ત્વ સમજાવતાં. ચૈતન્યનું સ્વરૂપ, જડ ચેતનનો ભેદ, જ્ઞાન દર્શન ચારિત્રનો માર્ગ, ચારગતિરૂપ સંસાર, પાંચ ઇંદ્રિયો અને તેના વિષયો છ લેશ્યા, સાત નય, સપ્તભંગી, અષ્ટપ્રવચનમાતા, નવ તત્ત્વો, દશ યતિધર્મ, વિગેરે જુદા જુદા વિષય ઉપર સમજનારની યોગ્યતા જાણી સમજાવતા હતા.

વળી સ્યાદ્વાદની મહત્તા, શરીરની અનિત્યતા, પ્રાણીઓની અનાથતા, સંસારની અસારતા. આત્માનું એકત્વ, જડ અને અન્ય આત્માઓથી પૃથકત્વ–જુદાપણું, શરીરનું અશૌચ પણું અર્થાત મલિનતા, કર્મોને આવવાના કારણો, નવા કર્મોને આવતાં રોકવાના ઉપાયો, જુના કર્મોના નાશના ઉપાયો, લોકસ્વરૂપ, સમ્યકત્વ પ્રાપ્તિની દુર્લભતા, અને ધર્મ આરાધનની દુષ્કરતાદિ જણાવતાં હતાં.

આ બંને સખીઓ ત્યાં આવીને શ્રી સદાગમને વંદનાદિ કરી બેસે છે. અગૃહિતસંકેતા તો શ્રીસદાગમને જોતાં જ

ખૂબ હર્ષઘેલી બની ગઈ અને ત્યાર પછી તો રોજ પ્રજ્ઞા-વિશાલાની સાથે સદાગમને વંદન કરવા અને એમના ઉપદેશને સાંભળવા જવા લાગી. અગૃહીતસંકેતા પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગી.

## ભવ્યપુરૂષ–સુમતિનું શ્રી સદાગમ પાસે આગમન :

એકદા શ્રી સદાગમે ચતુર એવી પ્રજ્ઞાવિશાલાને કહ્યું, હે ભદ્રે ! તારે એક અતિ અગત્યનું કાર્ય કરવાનું છે. જે રાજપુત્ર ભવ્યપુરૂષનો જન્મ થયો છે એ ભવિષ્યમાં ઉત્તમ ગુણવાળો થવાનો છે. એના ખાતર તારે રાજપરિવાર સાથે સંબંધ રાખવાનો છે.

ધીરેધીરે રાજા અને રાણીનો તારે વિશ્વાસ મેળવવાનો છે અને ભવ્યપુરૂષની ધાવમાતા તરીકે રાજમંદિરમાં રહેવાનું છે. રાજપરિવાર, રાજમાતા અને રાજપુત્રનાં તારે દિલ જિતી લેવાના છે. પછી રાજપુત્રને બુદ્ધિથી અત્ર મારી પાસે લાવજે.

જો તું બાળઉછેર સુંદર કરીશ એટલે રાજપુત્ર તારી સાથે આનંદથી અહીં આવશે. આવવા માટેની આનાકાની પણ નહીં કરે. અહીં આવ્યા પછી તો રાજપુત્રને ખૂબ આનંદ આવશે. પૂર્વભવનો સંસ્કારી આત્મા છે.

પ્રજ્ઞાવિશાલા આજ્ઞાને ઉત્સાહથી સ્વીકારે છે. વિનયપૂર્વક હાથ જોડી કહ્યું કે, આપનું વચન મારે પ્રમાણ છે.

પ્રજ્ઞાવિશાલા ધીરેધીરે રાજપરિવારનો સંસર્ગ કરવા લાગી. રાજમાતા રાજપુત્ર સૌને એણીએ મધુરભાષા, વિનય, નમ્રતા વિગેરે ગુણથી આકર્ષી લીધા. રાજપુત્રની ધાત્રમાતા

પણ બની ગઈ અને રાજપુત્રને તો એટલો બધો હેવાયો કરી દીધો કે એને પોતાની માતા કરતાં પ્રજ્ઞાવિશાલા પાસે વધુ ગમતું.

પ્રજ્ઞાવિશાલા એક દિવસ સુમતિ રાજપુત્રને પોતાની સાથે જ સદાગમના દર્શને લઈ જાય છે અને રાજપુત્ર વિનયપૂર્વક સદાગમને નમસ્કાર કરે છે, ત્યારબાદ એમની નજીકમાં જ ઉપદેશ સાંભળવા બેસી જાય છે.

શ્રી સદાગમે રાજપુત્રને ઉદ્દેશી એની યોગ્યતા પ્રમાણે મધુર ભાષા અને સરલ શબ્દોમાં એવો સરસ ઉપદેશ આપ્યો કે એના હૃદયમાં થયું કે આવું રોજ સાંભળવા મળે તો કેવું મજાનું?

તે રોજ પ્રજ્ઞાવિશાલાની સાથે શ્રી સદાગમ પાસે આવવા લાગ્યો. રાજપુત્રના મનમાં થયું કે મને જો સદાગમ પાસે અધ્યયન કરવાનું થાય તો કેવું સારૂં? એ વિચાર પોતાની ધાવમાતાને જણાવ્યો અને પ્રજ્ઞાવિશાલાએ એ વિચાર શ્રી કર્મ-પરિણામ મહારાજાને જણાવ્યા.

રાજપુત્રને પોતાની મેળે સદાગમ પાસે અધ્યયન કરવાનું મન થયું એટલે મહારાજાએ આનંદપૂર્વક ધામધૂમથી મોટો વરઘોડો કાઢી રાજ્યની રીતિ પ્રમાણે શ્રી સદાગમની પાસે ભવ્યપુરૂષને ભણવા બેસાડે છે. સાથોસાથ રાજપુત્રની દેખભાળ માટે ધાવમાતા પ્રજ્ઞાવિશાલાને પણ ત્યાં જ રાખવામાં આવે છે.

★

# પ્રકરણ ત્રીજું

## સંસારીજીવ

**સંસારીજીવ–તસ્કર :**

સત્પુરૂષ શ્રી સદાગમ ઉપદેશરૂપ અમૃત રેલાવી રહ્યાં છે. ભવ્યપુરૂષ, પ્રજ્ઞાવિશાલા, અગૃહીતસંકેતા અને અન્ય શ્રોતાઓ ઉપદેશામૃતનું પાન કરી રહ્યાં છે. એવામાં પડખેની દિશામાંથી અત્યંત કોલાહલ સંભળાય છે.

કોલાહલના ઘોંઘાટના કારણે શ્રોતાગણનું ધ્યાન એ દિશા તરફ ગયું. સૌના મનમાં વિચાર થાય છે કે આ કોલાહલ શાનો છે? શું કાંઈ નવાજુની ઘટના બનવા પામી છે? હકિકત જાણવા માટે શ્રોતાજનો ઉત્કંઠિત બન્યાં છે.

એટલે શ્રી સદાગમ પોતે જ સભાને ઉદ્દેશીને ગંભીર અને કરુણા ભરી દૃષ્ટિએ બોલે છે.

હે મહાનુભાવો! સંસારીજીવ નામનો ચોર છે. તેને

રાજપુરૂષો પકડી શૂળી ઉપર ચડાવવા [1]વધ્યધામ ઉપર લઈ જાય છે એનો આ બધો કોલાહલ સંભળાય છે.

આ સંભળી શ્રોતાઓ સંસારીજીવ ચોરને જોવા માટે બારી બારણા અગાસી વિગેરે સ્થળે જઈ જોવા લાગે છે અને કરૂણા દૃષ્ટિથી ચારે તરફ જુવે છે.

**સંસારીજીવની દશા :**

ચોરના આખા શરીર ઉપર રખોડી–ભભૂતિ લગાવવામાં આવી છે. ગેરૂના હાથથી શરીર ઉપર છાપા મારવામાં આવેલા છે. શરીર ઉપર જ્યાં ત્યાં કાળી સાહીના ટીલા ટપકાં કરવામાં આવ્યાં છે.

કંઠમાં કાળાં કણેરની કાળી માળા પહેરાવવામાં આવી છે છાતી ઉપર માટીના કોડીયાનો હારડો લટકતો રાખવામાં આવ્યો છે જુનું અને કેટલાય કાણાંવાળું છાબડું છત્ર તરીકે એના માથે ધરવામાં આવ્યું છે. ડોકમાં મોટો મણીયો પાણો બાંધવામા આવ્યો છે.

વળી લબકર્ણ ગધેડા ઉપર એની સવારી કાઢવામાં આવી છે. ચારે બાજુ ક્રૂર અને બિહામણા રાજપુરૂષો વિંટળાઈને ઉભા રહેલાં છે. નગરવાસીઓ એના કુકર્મોની નિંદા કરી રહેલાં છે. છોકરાઓ હુરે....હુરે....બોલાવી તાડીયો પાડી ચોરને ચીડવી રહ્યાં છે.

મૃત્યુના ભયથી શરીર થર થર ધ્રુજી રહ્યું છે. નયનો બચવાની ઈચ્છા માટે જ્યાં ત્યાં દયામણી નજરે જોઈ રહ્યા.

૧ વધ્યધામ–ફાંસી, શૂળી, વિગેરે દ્વારા જે સ્થાને મારી નાખવામાં આવે તે સ્થાન.

છે. શોક અને વિશાદની છાયાથી મુખ શ્યામ અને તેજ વિહુણું બની ગયું છે. અંતરથી દયા માટે આજીજી કરી રહેલો છે. રંકમાં રંક જેવી દશાવાળા અને અનાથ એવા સંસારીજીવ નામના તસ્કરને સૌ નિહાળે છે.

## સંસારીજીવનું સદાગમ પાસે આવવું:

ચોરની આવી દશા જોઈ દયાળુ પ્રજ્ઞાવિશાળાના હૈયામાં ખુબ લાગણી થઈ આવે છે. શું આ ચોરને બચાવી શકાય એમ છે કે નહિ? કયો ઉપાય બચાવ માટે હોઈ શકે? હું આને બચાવ માટે કાંઈ કરી શકું? એ હ! યાદ આવી ગયું.

જો આ સંસારીજીવ સંતશેખર શ્રી સદાગમના શરણનો સ્વીકાર કરે તો સહેલાઈથી બચી જાય. શ્રી સદાગમ સિવાય એ રાંકનો રક્ષણહાર કોઈ થઈ શકે એમ નથી. અન્યમાં એ એ શક્તિ પણ નથી.

આ પ્રમાણે વિચાર કરી પ્રજ્ઞાવિશાલા ચોર તરફ દોડી અને ચોરને કહે છે.

હે ભદ્ર! તું શ્રીસદાગમનું શરણ સ્વીકાર. એ મહાપુરૂષ છે. દયાના સાગર છે. કરુણાના ભંડાર છે. તને બચાવી શકે એવા સમર્થ છે. તું એમના શરણે જઈશ તો જરૂર બચી જઈશ. તો જ તારો ઉદ્ધાર થશે. તું એમની સેવાથી એક સજ્જન કોટીનો ઉમદા માણસ બની જઈશ. માટે હે ભદ્ર! તું સદાગમનું શરણ શીઘ્ર સ્વીકાર.

પ્રજ્ઞાવિશાલાના વચનો સાંભળી સંસારીજીવ તરત

જ "त्राहि मां त्राहि मां" "મને બચાવો, બચાવોના" પોકાર કરતો શ્રીસદાગમના ચરણમાં આવી ઢળી પડે છે.

શ્રી સદાગમ સંસારીજીવને કહે છે, હે ભદ્ર! તને હવે "અભય" છે. તારે કોઈની ભીતિ રાખવાની જરૂર નથી. તને અહીં કોઈ પણ હેરાન કરશે નહિ. તું નિર્ભય બન.

શ્રી સદાગમના અભય વચનો સંભળી ચોરના હૃદયમાં અપૂર્વ શાંતી થઈ. એના ચહેરાની ફીકાશ ઓછી થઈ. આંખો આનંદને વ્યક્ત કરવા લાગી. મુખ ઉપર સ્મિત ચળકવા લાગ્યું. હૃદયમાંથી ભયે વિદાયગીરી લીધી અને તે પછી પુનઃ સંસારીજીવે ઉપકાર માનવાપૂર્વક શ્રી સદાગમના ચરણ પકડી એના ઉપર પોતાનું મસ્તક ધરી દીધું.

શ્રી સદાગમ સંસારીજીવને આશ્રય આપે છે. એટલે એ શાંતિ અનુભવવા લાગે છે. શ્વસોશ્વાસ હળવા થાય છે. શરીરની ધ્રુજારી અને કંપ દૂર થાય છે. એને વિંટીને રહેલા ક્રૂર રાજપુરૂષો વિચારમાં પડી જાય છે.

આ નગરમાં શ્રી સદાગમ એક વિશિષ્ટ અને શક્તિ સંપન્ન વ્યક્તિ ગણાતી હતી. કર્મ પરિણામ મહારાજા પણ શ્રી સદાગમથી ભય પામતા હતા. કર્મ પરિણામની સત્તા બધે ચાલતી, પણ શ્રી સદાગમ પાસે એ પાંગળી બની જતી. રાજા જેનાથી ભય પામે, તો એના કર્મચારીઓ ભય પામે, એમાં શી નવાઈ?

સંસારીજીવને વિંટળાઈ રહેલા ક્રૂર રાજપુરૂષો પણ ભય પામ્યા. અમારૂં સદાગમ પાસે કાંઈ વળવાનું નથી,

અમે ચોરને સદાગમ પાસેથી પાછો લઈ શકીએ એમ નથી. એટલે તેઓ ઉદાસ મુખડે પાછા વળ્યાં.

ત્યારબાદ સ્વસ્થ બનેલા સંસારીજીવને અગૃહીત–સંકેતાએ પૂછ્યું, હે ભાઈ! તેં એવો કયો અપરાધ કર્યો કે જેથી તને યમદૂત સમા બિહામણા આ રાજપુરૂષોએ પકડ્યો અને તને વધ્યધામ તરફ શૂળી ઉપર ચડાવવા લઈ જતાં હતાં?

હે બહેન! તું એ વાત પૂછવી જ જવાદે. એ વાત સાંભળવામાં આવે, તો સજ્જનોના હૃદયને વ્યથા થયા વિના ન રહે, જરૂર પીડા કરશે. મારી રામકહાણી સાંભળવામાં દુઃખ થશે, એ કહાણી સાંભળવા જેવી નથી. માટે એ આગ્રહ જવાદો.

અથવા તમારે જો સાંભળવી જ હોય, તો જેમણે ત્રણેલોકના અને ત્રણે કાળના પદાર્થો જોયા છે અને જાણ્યા છે, એવા મહાપુરૂષ શ્રી સદાગમ મારી દર્દભરી કથા અથથી ઇતિ સુધી જાણે છે. તો એમના જ પવિત્ર મુખેથી સાંભળો, એ વધુ ઉત્તમ રહેશે.

શ્રી સદાગમે કહ્યું. હે ભદ્ર! આ અગૃહીતસંકેતા તારૂં વૃત્તાન્ત સાંભળવા અતિ ઉત્કંઠા રાખે છે, તો તું એની જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે પણ તારૂં વૃત્તાન્ત કહી સંભળાવ એ સંભળાવવામાં કાંઈ પણ વાંધાજનક નથી. ખુશીથી કહે.

“જેવી આપની આજ્ઞા.” પરંતુ આ બધા સભાજનોની વચ્ચે બોલતાં મને શરમ આવે છે. હું મારા પાપવૃત્તાન્તને

બધા વચ્ચે જીભથી કેમ ઉચ્ચારૂં ? મારી જીભ ચાલતી નથી. માટે કૃપા કરી એકાંત જગ્યા જણાવો તો ત્યાં હું ખુલ્લા હૃદયથી એ સત્ય ઘટના સંભળાવી દઈશ. આ પ્રમાણે સંસારીજીવે જણાવ્યું.

શ્રી સદાગમ સભા તરફ નિહાળે છે. સભાજનો વિવેકી અને શાનમાં સમજે તેવા હતા એટલે તરત જ ઉભા થઈ જાય છે અને દૂર પ્રદેશમાં જઈ બેસે છે.

પ્રજ્ઞાવિશાલા પણ ઊભી થઈ દૂર જવા તયાર થઈ ત્યારે શ્રી સદાગમે જણાવ્યું, હે ભદ્રે ! તારે અને રાજપુત્રે જવાની જરૂર નથી. અહીં જ બેસો અને સંસારી જીવ જે કથા કહે તે સાંભળો.

એ સ્થાને શ્રી સદાગમ, પ્રજ્ઞાવિશાલા, અગૃહીતસંકેતા, ભવ્યપુરૂષ રાજપુત્ર, સંસારીજીવ તસ્કર આટલાં જ રહ્યાં. આ ચારમાંથી મુખ્ય રીતિએ સંસારી જીવ અગૃહીતસંકેતાને જ અનુલક્ષીને પોતાની અનુભવેલી વિડંબનાથી ભરપૂર કથા કહેવી ચાલુ કરે છે.



# પ્રકરણ ચોથું

## અસંવ્યવહાર નગર યાને અનાદિ નિગોદ

**અસંવ્યવહાર નગર :**

આ લોકમાં અતિપ્રસિદ્ધિને પામેલું "[1]અસંવ્યવહાર" નામનું નગર છે. આ નગરનું જેવું નામ છે એવા જ એના ગુણો રહેલા છે. અનંતાનંત લોકો આ નગરમાં વસેલા છે.

આ નગરમાં "[2]અનાદિવનસ્પતિ" નામના કુળપુત્રો રહે છે. અને કર્મપરિણામ મહારાજાએ આ કુળપુત્રો ઉપર પોતાની આજ્ઞાનું કડકાઈથી બરોબર પાલન કરાવી શકવામાં સમર્થ

---

૧ અસંવ્યવહાર—સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય. જે હજુ સુધી એ સ્થાન છોડીને આગળ ન ગએલ હોય. આનું વર્ણન આગળ આવશે. અનાદિ નિગોદ સમુહને અસંવ્યહાર નગરની ઉપમા આવી છે.

૨ અનાદિ વનસ્પતિ—ઉપર પ્રમાણે જ સમજવું. નિગોદી સમુહને અસંવ્યવહાર નગર જણાવ્યું છે ત્યારે તેમાં રહેલ જીવને અનાદિ વનસ્પતિ જણાવેલ છે.

એવા "[3]અત્યંતાબોધ" નામના સર સેનાપતિ અને "[4]તીવ્ર મોહોદય" નામના મહત્તમ પુરૂષ અર્થાત્ વડા અધિકારીને સદા માટે નીમેલા છે.

આ બન્ને જણા આ નગરમાં જ રહે છે અને મહારાજાની આજ્ઞા સૌ પાસે કડક રીતે પાલન કરાવે છે.

કર્મપરિણામ મહારાજાની આજ્ઞાથી કુળપુત્રોને નિગોદ નામના ઓરડાઓમાં રાખવામાં આવ્યા છે. એક એક ઓરડામાં અનંત અનંત કુળપુત્રોને રાખવામાં આવ્યા છે. ઓરડાઓ અસંખ્ય છે. અનંત અનંત જીવોએ મળીને એક પિંડ-શરીર રૂપે રહેવાનું હોય છે.

તીવ્રમોહ અને અત્યંતાબોધની આજ્ઞાથી દરેક કુળ-પુત્રોએ ગાઢ નિદ્રામાં પોઢી ગએલા પુરૂષની માફક સૂઈ રહેવાનું, મૂર્છા આવેલ પુરૂષની જેમ પડયા રહેવાનું, દારૂ પીધેલ પાગલની જેમ બેભાન રહેવાંનું અને જીવતા છતાં મડદાની જેમ પડયા રહી નિગોદ નામના ઓરડામાં ગોંધાઈને જીવન ગુજારવાનું હોય છે.

આ નિગોદ ઓરડામાં રહ્યા હોય ત્યારે સ્પષ્ટ ચેષ્ટા, સ્પષ્ટ ચૈતન્ય, સ્પષ્ટ ભાષા વિગેરે કોઈ પણ ગુણો વિકાસ પામેલા હોતા નથી. લગભગ સર્વ ગુણોથી રહિત જેવી દશા

---

૩ અત્યંતાબોધ—મહાઅજ્ઞાન, મિથ્યાત્વ, ૪ તીવ્રમોહોદય-મોહનીય કર્મનો ગાઢ ઉદય મહત્તમ—વડાધિકારી, સુબેદાર, કલેકટર જેને આજની ભાષામાં કહી શકાય.

હોય છે. અતીંદ્રિયજ્ઞાની સિવાય આ જડ છે કે ચૈતન્ય એ પણ ન સમજાય એવી આ અવસ્થા હોય છે.

અનંતજીવ હોવા છતાં શરીર [1]અતિસૂક્ષ્મતમ હોય છે. તેથી શસ્ત્ર દ્વારા એમાં છેદ–છીદ્ર કરી શકાતો નથી. તલવાર વિગેરેથી ભેદ–ટુકડા કરી શકાતા નથી. અગ્નિ દ્વારા દાહ કે તાપ પણ થઈ શકતાં નથી. પવન દ્વારા સૂકવી નાખવું કે ઉડાડી લઈ જવું એ પણ બનતું નથી. પાણી દ્વારા પલાળી દેવું તાણી જવું એ પણ બનતું નથી. આ જીવોને કોઈપણ આઘાત પ્રતિઘાત કે ઉપઘાત થઈ શકતો નથી. ટૂંકમાં બાહ્ય કોઈ પણ પદાર્થ દ્વારા કોઈ પણ જાતની વિક્રિયા આ નિગોદના શરીરોમાં કરી શકાતી નથી.

પોતાના સ્થાનેથી બીજા સ્થાને ગમન અથવા બીજા સ્થાનેથી પોતાને સ્થાને આગમન જેવા લોકવ્યવહારો પણ આ નિગોદ અપવરક–ઓરડામાં હોતા નથી. કદી પણ કરી શકાતાં નથી.

હે અગૃહીતસંકેતા ! એ અનંતજીવો સાથે નિગોદ-નામના ઓરડામાં મેં અનંતકાળ પસાર કર્યો છે. ગણત્રીમાં એ કાળ ગણી શકાય એમ નથી. મારૂં નામ સંસારીજીવ છે. અમારૂં કુટુંબ વિશાળ હતું. અમારા કુટુંબના અમે બધા બધી ક્રિયાઓ સાથે જ કરતા.

---

૧ અતિ સૂક્ષ્મતમ–ખૂબ જ નાના. સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી આવું શરીર મળે છે અને તે પાપપ્રકૃતિ છે.

## તન્નિયોગદૂત :

એક વેળા મહત્તમશ્રી તીવ્રમોહ સભા ભરીને બેઠા છે. એ વખતે "[1]તત્પરિણુતિ" નામના પ્રતિહારી સભામાં દાખલ થઈ અને તીવ્રમોહને વિનય પૂર્વક નમસ્કાર કરી મીઠી ભાષામાં બોલે છે.

હે દેવ! પરમ કૃપાળુ શ્રી કર્મ પરિણામ મહારાજાની આજ્ઞાથી "[2]તન્નિયોગ" નામનો કુશળ દૂત અહીં આપણે દ્વારે આવીને ઉભો છે અને આપના દર્શન કરવાની ઇચ્છા જણાવી રહેલો છે.

તીવ્રમોહ અને અત્યંતઅબોધે કહ્યું તન્નિયોગને જલ્દી મોકલો. અમારી અજ્ઞા છે. આ પ્રમાણે તત્પરિણુતિને જણાવવામાં આવ્યું એટલે એ સભાની બહાર આવી દ્વારે ઉભેલા તન્નિયોગને સભ્યતાપૂર્વક સભામાં પ્રવેશ કરાવ્યો.

તન્નિયોગ દૂત સભામાં પ્રવેશ કરી વિનય પૂર્વક મહત્તમ અને સરસેનાપતિને નમસ્કાર કરે છે બન્ને સ્હેજ હાસ્ય દ્વારા નમસ્કાર સ્વીકાર કરે છે અને બેસવા માટે ઉચિત આસન નયનની સંજ્ઞાથી દેખાડયું. એટલે તન્નિયોગ એ આસન ઉપર બેસે છે.

---

૧ તત્પરિણુતિ–તત્પ્રકારનીવૃત્તિ, મોહનીય કર્મના ક્ષયોપશમથી આ પરિણુતિ થાય છે.

૨ તન્નિયોગ–તત્=તે કર્મ અને કાળ પરિણુતિનો, નિઓગ-સંબંધ કરાવી આપે. (બેનો સંબંધ કરાવે માટે દૂત)

ત્યારબાદ તીવ્ર મોહોદયે પોતાના મહારાજા શ્રી કર્મ પરિણામ, મહારાણી શ્રી કાળપરિણતિ દેવીત થા અન્ય રાજ્યના વડા કર્મચારીઓ વિગેરેની અને પ્રજા—મંડળની ક્ષેમ—કુશળતા છે ને? એમ પ્રશ્ન કર્યો.

"હાજી સર્વે મજામાં છે" એમ ટુંકમાં તન્નિયોગે કહ્યું.

તીવ્ર મોહોદયે કહ્યું, હે દૂત શિરોમણિ! રાજરાજેશ્વર શ્રી કર્મપરિણામ મહારાજાએ આ સેવક પાસે તમને કયા કાર્ય માટે મોકલ્યો છે તે જણાવશો.

## આવવાનું કારણ અને લોકસ્થિતિ :

તન્નિયોગે સભ્યતા પૂર્વક જણાવ્યું કે હે મહત્તમજી! આપના સિવાય એવો કોણ ભાગ્યવાન પુરૂષ છે કે જે મહારાજાશ્રીની પરમકૃપાનું ભાજન બને? આપ જ મહારાજાના પ્રેમપાત્ર છો અને મહારાજાશ્રીએ મને અહીં શા માટે મોકલ્યો છે, તે તમે ધીરજથી સાંભળો.

આપણા મહારાજાને "[1]લોકસ્થિતિ" નામની મોટી બહેન છે. વિશ્વમાં સર્વ કોઈને એ માન્ય છે, એની આજ્ઞા કોઈપણ ઉત્થાપી શકતું નથી. એની આજ્ઞા સ્વીકારવી જ પડે છે અને લોકસ્થિતિને આપ પણ સારી રીતે ઓળખો છો જ. મહારાજા સાહેબ પણ અગત્યની બાબતોમાં એમની સલાહ લેતા હોય છે.

૧ સંસારનો એવો ક્રમ છે કે એક જીવ મોક્ષ જાય એટલે અવ્યવહાર રાશિમાંથી એક જીવ વ્યવહાર રાશિમાં આવે. એટલે વ્યવહાર રાશિના જીવોની સંખ્યા જેટલી હોય તેટલી કાયમ રહે છે. એમાં જરાય ફેરફાર થતો નથી. આનું નામ લોકસ્થિતિ.

એક દિવસે મહારાજા સાહેબ લોકસ્થિતિને જણાવે છે કે, હે બહેન! આપણા માથે પણ એક મોટો દુશ્મન છે. આપણે એને કદિ જિતી શકતા નથી. આપણાથી જરાએ ભય રાખતો નથી. આપણે એનાથી બીવું પડે છે. એના હૃદયમાં કદિ અશાંતિ, ચિંતા કે ગભરાટ થતાં નથી. ભીતિ–ભય એના દિલને સ્પર્શતા નથી. આપણે એનાથી ભય રાખતા હોઈએ છીએ. સદાગમ એનું નામ છે.

એ આપણા તાબાના પ્રદેશમાંથી કેટલાય મનુષ્યોને "નિવૃત્તિ નગરીમાં[1]" લઈ ગયો છે. હાલમાં પણ લઈ જાય છે. જો આપણે એ વાત ઉપર લક્ષ્ય નહિ આપીએ તો, કોણ જાણે કેટલાય મનુષ્યોને ભવિષ્યમાં ઉપાડી જશે. માટે આપણે ચાંપતી નજર અને કડક પગલાં લેવા જોઈએ.

વળી આપણે "નિવૃત્તિનગરીમાં" પગપેસારો કરી શકતા નથી. ભવિષ્યમાં પણ આપણે ત્યાં જઈ શકીશું નહિ. સદાગમને આપણે રોકી શકવા પણ સમર્થ નથી. એ આપણા મનુષ્યોને આપણી જોતાં જ ઉપાડી જાય અને આપણને હાથ ઘસતા મૂંગે મોઢે બેસી રહેવું પડે એ અઘટિત ગણાય.

હે બહેન! જો આવું જ ચાલ્યા કરશે તો, આપણી વસતી ધીરે ધીરે ઘટવા માંડશે, બહાર આપણી નિંદા થશે, અપયશ ફેલાશે. માટે કોઈ યોજના ઘડીએ કે જેથી આપણી વસતીમાં ઘટાડો ન થાય. વસતી ગણત્રીની સંખ્યામાં અંક એજ કાયમ રહેવો જોઈએ.

---

૧ નિવૃત્તિનગરી–મોક્ષ જ્યાં કોઈપણ કર્મની જરાય સત્તા ચાલી શકતી નથી.

તારે આપણી સંખ્યા જાળવવા એક કાર્ય કરવાનું છે, અને એટલા માટે જ તને બોલાવી છે. તારે આપણા અસંવ્યવહાર નગરમાં જવાનું છે. ત્યાં ઠાંસી ઠાંસી નિગોદો ભરેલી છે અને એક એક નિગોદમાં અનંત અનંત જીવો છે. જેટલા પુરૂષોને સદાગમ "નિવૃત્તિનગરીમાં" પોતાના બળથી મોકલી આપે તેટલા જ જીવોને આપણી નગરીઓમાં તારે લાવી મૂકી દેવાના છે.

આ ઉપાય અજમાવવાથી બહાર આપણો અપયશ ગવાશે નહિ, કોઈ વાંકુ બોલશે નહિ, કારણ કે સંખ્યામાં એટલા ને એટલા જીવો નજરમાં આવશે. જેથી 'નિવૃત્તિનગરીમાં' ગયેલા લોકોની વાત એમની જાણમાં જ નહિ આવે. એથી એ બાબતમાં કોઈ કોઈને પૂછશે પણ નહિ.

આ વિભાગનું કાર્ય તને સોંપવામાં આવે છે. તું આ કાર્ય કરવામાં સમર્થ છે, એટલા માટે જ આ જવાબદારી ભર્યું અગત્યનું કામ અને એની સત્તા તને સોંપું છું.

"જેવી આપની આજ્ઞા" એમ જણાવી શ્રી લોકસ્થિતિએ એ કાર્યની સત્તા પોતાના હાથમાં લીધી. આ વાત તન્નિયોગે તીવ્રમોહ મહત્તમને જણાવી અને સાથે જણાવ્યું કે—

હું પોતે પણ શ્રી કર્મપરિણામ મહારાજાનો નોકર છું. છતાં મોટે ભાગે મારે તો લોકસ્થિતિની આજ્ઞાને જ પ્રથમ માન આપવાનું હોય છે અને એથી જ "તન્નિયોગ" નામથી હું ઓળખાઉં છું.

છેલ્લા થોડા સમયમાં જ આપણી નગરીમાંથી કેટલા જીવોને પકડી સદાગમે નિવૃત્તિનગરિમાં મોકલી આપ્યા છે, એટલા માટે લોકસ્થિતિએ જેટલા જીવો નિવૃત્તિનગરીમાં ગયા તેટલા જીવોને લેવા માટે મને આપની પાસે મોકલ્યો છે.

મેં આપની પાસે અક્ષરશઃ વિગત રજૂ કરી છે. એ સંબંધમાં આપ યોગ્ય વિચાર કરો અને ત્યાર બાદ મને યોગ્ય આજ્ઞા કરો જેથી હું લોકસ્થિતિને એ વિગત જણાવી શકું.

"માનનીય શ્રી લોકસ્થિતિદેવીની જે આજ્ઞા છે, તે અમે સહર્ષ સ્વીકાર કરીએ છીએ." આ પ્રમાણે તીવ્રમોહે અને અત્યંતાબોધે જણાવ્યું.

તીવ્રમોહ—હે ભદ્ર તન્નિયોગ ! તું ઉભોથા. અમારી સાથે ચાલ. મહારાજાશ્રીએ અમને રખેવાળી માટે સોંપેલું આ નગર કેટલું વિશાળ છે એ તું જો. તારે પછી મહારાજાશ્રી પાસે જેવું જોયું હોય તેવું વર્ણન કરવાનું છે. એમાં ઓછું અધિકું કરવાની જરૂર નથી. જેથી મહારાજાશ્રીને પોતાનું નગર ખાલી થઈ જશે એ ચિંતા સતાવી રહી છે, તે ચિંતા દૂર થઈ જશે. અરે કલ્પના પણ નહિ આવે કે મારૂં નગર ખાલી થશે.

તન્નિયોગ—"જેવી આપની આજ્ઞા"

**અસંવ્યવહાર નગરદર્શન :**

વડાધિકારી તીવ્રમોહોદય, સરસેનાપતિ બલાધ્યક્ષ

અત્યન્તાબોધ અને કુશળ રાષ્ટ્રદૂત તન્નિયોગ એ ત્રણે જણા અસંવ્યવહાર નગરના નિરીક્ષણ માટે સભામાંથી બહાર નીકળે છે.

તીવ્રમોહે હાથ ઊંચો કરી તર્જની આંગળીથી તન્નિયોગ દૂતને નગરની વિશાળતા દેખાડે છે, પછી કહે છે, હે ભદ્ર! સદાગમની મૂર્ખતા તો જો! એ બિચારો મહારાજાના તાબાના જીવોને નિવૃત્તિનગરીમાં લઈ જવા ઈચ્છે છે પણ એ બિચારાને આપણી આ નગરીની વિશાળતાનો કયાં ખ્યાલ છે? એમાં વસનારા જીવોની સંખ્યા તો જાણતો જ નથી. સદાગમ મૂર્ખ છે અને નકામા ફાફા મારે છે. એનાથી કાંઈ વળવાનું નથી.

હે તન્નિયોગ! તેં તો સાક્ષાત્ જોયું ને? આ નગરમાં મોટા મોટા આવાસો—મહેલો આવેલા છે. જેનું નામ અમે "ગોલક"[૧] કહીએ છીએ. એક એક ગોલક મહેલમાં અસંખ્ય ઓરડા–રૂમો આવેલા છે અને એને અમે નિગોદ કહીએ છીએ. દરેક રૂમમાં અનંત અનંત જીવો અમે ભરી રાખ્યા છે.

એ દુરાત્મા દુશ્મન સદાગમને આપણી નગરીના લોકોને નિવૃત્તિનગરીમાં લઈ જવાની ટેવ પણ અનાદી કાળથી છે. તો પણ દ્વેષી અને માથાભારે દુશ્મન આપણા પ્રદેશના નિગોદ ઓરડામાં રહેલા જીવોના શતાંશમાંથી શતાંશને પણ લઇ જઇ શકયો નથી. એ બિચારા રાંકનું કેટલું ગજું?

૧ લોકમાં અસંખ્ય ગોળા છે. એક ગોળમાં અસંખ્ય નિગોદ છે અને એક નિગોદમાં અનંત જીવો રહેલા છે.

એ કદી પણ આપણા પ્રદેશને ખાલી કરાવી શકવાનોજ નથી. તો પછી મહારાજા શા માટે આવી નજીવી બાબતની ચિંતા વિચારણા કરે છે? લોક ખાલી થવાની ભીતિ અંશે પણ રાખવા જેવી નથી.

**તન્નિયોગ**–આપની વાત સર્વથા સત્ય છે. ખરેખર ગોલક નિગોદ, અને અંદર વસનારા જીવોની સંખ્યા જોઈ મને તો પૂર્ણપણે ખાતરી થઈ ગઇ છે કે, આપણા પ્રદેશોને ખાલી કરવાનું કાર્ય સદાગમની શક્તિ બહારનું છે. એનાથી કોઇપણ કાળે લોક ખાલી થઈ શકવાનો નથી. આ હકીકત હું મહારાજાની પાસે સ્પષ્ટ રજુ કરીશ. મને શ્રદ્ધા છે કે ત્યાર પછી મહારાજા ચિંતા મુક્ત થશે અને તમે કહેલી વાતો પણ મહારાજાને જણાવી દઇશ.

પરન્તુ હાલમાં તો મને લોકસ્થિતિએ એ આજ્ઞા આપી મોકલ્યો છે કે, જેટલા જીવો સદાગમ નિવૃત્તિ નગરીમાં લઇ ગયો એટલા જીવોને અસંવ્યવહાર નગરથી લઈ આવો, તે માટે આપનો શો ઉત્તર છે? લોકસ્થિતિની આજ્ઞા માનવી એ આપણું સૌ પ્રથમનું કર્તવ્ય છે.

## તીવ્રમોહ અને અત્યંતાબોધની એકાન્તમાં વિચારણા :

તીવ્રમોહ અને અત્યંતાબોધ એકાન્તમાં જઇ વિચારણા કરે છે કે કયા જીવોને આપણે મોકલીએ?

**અત્યંત અબોધ** – આ બાબતમાં આપણે લાંબી વિચારણા કરીને શું કામ છે? આખા જ અસંવ્યવહાર

નગરમાં ઘોષણા કરાવો કે "શ્રીમાન્ રાજરાજેશ્વર શ્રી કર્મ પરિણામ મહારાજાનો આદેશ છે કે, અસંવ્યવહાર નગરમાંથી અમુક જીવોએ અમારા વ્યવહાર નગરોમાં રહેવા આવવું, તો અમો જણાવીએ છીએ કે, જે જીવો પોતાની મેળે જવા ઈચ્છા ધરાવતા હશે એ જીવોને અમે પ્રથમ સ્થાન આપીશું. સૌ પ્રથમ એ લોકોને મોકલીશું." આપણા આ નગરમાં ઘણા વખતથી એક જ સ્થાનમાં રહેવાથી કેટલાય જીવો કંટાળી ગયા હશે, તે બધા જીવો જવાની ઈચ્છા બતાવશે. અને તૈયાર થઈ જશે. જો ગણવા લાગીશું તો લાખો ઉપરાંત થઈ જશે.

ત્યારબાદ આપણે ઉત્તમ દૂતને પૂછશું. ભાઇ! કેટલા જીવો તમારે જોઈએ છે? એ જે સંખ્યા કહેશે એટલી સંખ્યામાં આપણે જવા તૈયાર થએલા જીવોમાંથી ઠીક લાગશે એને તન્નિયોગ સાથે જ મોકલી આપીશું.

**તીવ્રમોહ**—હે અત્યંત અબોધ! તું તો હજુ પહેરેલી ચીજો કઇ છે અને પહેરવાની કઈ છે? એની પણ જાણકારી ધરાવતો નથી. સાવ ભોળો છે. જરા સાંભળ.

આપણા આ અસંવ્યવહાર નગરમાં રહેતાં લોકો એક બીજાના સંપર્કમાં કેટલાય કાળથી આવેલા છે અને એથી કરીને એક બીજાની પ્રીતિઓ ઘણી ગાઢ બની ગએલી છે. એ જીવો પોતાના પ્રિય સાથીદારો સિવાય બીજે જવા ઇચ્છે ખરાં?

વળી તું જો! આ બધા જીવો ખાય છે સાથે, જાજરૂ પણ સાથે જાય, શ્વાસ સાથે જ લે અને શ્વાસ મૂકે પણ ભેગા, જન્મે પણ સાથે અને મરે પણ ભેગા. આ બધા એટલી બધી સ્નેહની ગાંઠથી બંધાયા છે કે જરાય વિયોગ ઈચ્છતા નથી અને બધી જ ક્રિયાઓ સૌ મળીને સંપ પૂર્વક કરે છે. કહે જોઈએ બીજે જવા ઇચ્છે ખરાં ?

આટલા માટે જ કયા જીવોને મોકલવા અને કયા જીવોને ન મોકલવા એ જાણવા માટે બીજો કોઇ ઉપાય વિચારવો જોઈએ.

આ વાત સાંભળીને તો અત્યંત અબોધ વિચારમાં પડી ગયો. આતો તદ્દન નાનો જણાતો પ્રશ્ન પણ ગૂઢ અને નાજુક થઇ ગયો.

**ભવિતવ્યતા :**

સંસારીજીવ અગૃહીતસંકેતાને અનુલક્ષીને વાત આગળ ચલાવતાં કહે છે કે :–

હે અગૃહીતસંકેતા ! મારે ભવિતવ્યતા નામે એક પત્ની છે, તે કર્મપરિણામ મહારાજાને અતિ વ્હાલી છે. અનંતશક્તિને ધારણ કરનારી છે. દેવેન્દ્ર, નરેન્દ્ર, વાસુદેવ, બળદેવ વિગેરે મહાપુરૂષો પણ મારી પત્ની ભવિતવ્યતાને જ અનુકૂળ રાખતા હોય છે. એ બધા જ આનાથી દબાતા હોય છે. ભવિતવ્યતાની આગળ કોઈનું જરા પણ ચાલતું નથી. ત્યાં સૌ એક સામાન્ય દાસ જેવા બની જાય છે.

વળી ભવિતવ્યતાનો એવો સ્વભાવ છે કે તે પોતાને મનગમતું હોય તે જ કરે. આ મહાપુરૂષ છે. માટે દયા,

દાક્ષિણ્યતા રાખો, આ નરાધમ પાપી છે માટે આકરી સજા કરો વિગેરે ગુણો જરા પણ એનામાં નથી. દયા અને નરમાશથી કેટલાય ગાઉ દૂર છે. સામા વ્યક્તિની પરિસ્થિતિ અને સમયનો પણ ખ્યાલ લાવતી નથી. મન ધાર્યું જ કરે.

ભવિતવ્યતા કહેવાય છે મારી પત્ની, છતાંય હું સદા એનાથી ડરતો અને ધ્રુજતો રહું છું. એ શ્રીમતીની જે આજ્ઞા થાય તે મારે નોકરની જેમ અદા કરવાની હોય છે. વાસ્તવિકતાએ વિચારીએ તો એ મારા શેઠાણી છે અને હું એમનો તુચ્છ કોટિનો સામાન્ય ચાકર છું. મારી દશા આવી હિણપત ભરી છે અને આ વાતનો ખ્યાલ બલાધ્યક્ષ અત્યન્તઅબોધને પણ હતો.

કયા જીવોને તન્નિયોગ સાથે મોકલવા એની વિચારણામાં અત્યંતાબોધ હતાં ત્યાં એક વાતની સ્મૃતિ એમના મસ્તકમાં આવી ગઈ અને તેથી તે એકદમ હર્ષમાં આવી જાય છે અને વિચારે છે કે આ બધી ચિંતા કરી જાતને દુઃખમાં શા માટે નાખવી? હું ખરે જ અજ્ઞાની રહ્યો. મારે ચિંતાની શી જરૂર?

કયા જીવોને મોકલવા અને કયા જીવોને ન મોકલવા? આ વાત તે સંસારી જીવની પત્ની ભવિતવ્યતા સારી રીતે જાણે છે. માટે એને જ બોલાવીએ અને એની જ આ કાર્યમાં સંમતિ લઈએ અને ત્યાર પછી એ કાર્ય કરીએ.

આ જાતનો વિચાર કરી અત્યંતઅબોધે તીવ્રમોહને

વિગતપૂર્વક આ વાત જણાવી અને તીવ્રમોહ પણ આ યોજનામાં ઉપયોગી વાત સાંભળી ખુબ ખુશ થઈ જાય છે. ભવિંવ્યતાને રાજકીય સન્માનપૂર્વક બોલાવે છે.

## ભવિતવ્યતા સાથે મંત્રણા :—

ભવિતવ્યતા રાજ્યસભામાં પધારે છે. વડાધિકારી તીવ્રમોહ અને સેનાધિપતિ અત્યંતઅબોધ તરત ઊભા થઈ નમસ્કાર કરે છે. ઔચિત્યપૂર્વક તેમજ આદરની સાથે મોટા આસને ભવિતવ્યતાને બેસાડે છે.

તીવ્રમોહના સંકેતથી અત્યંતાબોધ ભવિતવ્યતાને શ્રી કર્મપરિણામ મહારાજાની આજ્ઞા સવિસ્તર કહી સંભળાવે છે. અને કયા જીવોને મોકલવા અને કયા જીવોને ન મોકલવા ? એની વિચારણામાં મડાગાંઠને ઉકેલી શકતા નથી માટે આપને યાદ કર્યા છે. આપ આ વિષયમાં સમર્થ છો માટે યોગ્ય માર્ગદર્શન દ્વારા યોગ્ય ઉકેલ જણાવો. આપનું માર્ગદર્શન મેળવવા જ આપને આમંત્રણ પાઠવ્યું છે.

આ હકીકત સાંભળતાં જ ભવિતવ્યતા હસી પડે છે.

**અત્યંતાબોધ**—ભદ્રે ! આ શું ? આપ કેમ હસ્યા ?

**ભવિતવ્યતા**—કાંઈ નહિ.

**અત્યંતાબોધ**—ત્યારે આવા કવખતે હસવાનું કારણ શું ?

**ભવિતવ્યતા**—તમે જે અગત્યના કાર્ય માટે મને અહીં બોલાવી છે, પણ તે કાર્યમાં કાંઈ દમ જેવું નથી. તદ્દન સરલ છે. એટલે મને હસવું આવ્યું. તમે અબોધ છો.

સર્વથા જ અબોધ અજ્ઞાન છો. તમારું નામ અત્યંત અબોધ છે, તે સાચે જ છે. તમારામાં ગુણ પણ નામ જેવા જ છે.

આ જાતના કાર્યમાં તો હું હરહંમેશ ઉદ્યમશીલ છું. કોને મોકલવા, ક્યાં મોકલવા, ક્યારે મોકલવા એ બધી વાતો મારાથી અજાણ નથી. એ વિષયની જાણકારી મને પૂર્ણ પણે છે. માટે એ સંબંધમાં વિચાર કરવાનો કાંઈ અર્થ નથી.

એક તો મારો પતિ સંસારીજીવ મોકલવા યોગ્ય છે. અને એની જાતના બીજા જીવો મોકલી આપવાના છે, એમ કહી આંગળીથી મોકલવા યોગ્ય જીવોને દેખાડે છે.

**અત્યંતાબોધ**—આ વિષયમાં આપ વિશેષજ્ઞ છો. માટે એમાં અમારાથી વચ્ચે ન બોલાય.



## પ્રકરણ પાંચમું

## એકાક્ષનિવાસ નગર ભણી

ભવિતવ્યતા અત્યંતઅબોધ અને તીવ્રમોહોદય પાસેથી નીકળી મારી પાસે આવે છે. અને ત્યાં થએલ વાર્તાલાપ મને સંભળાવી છેવટે જણાવ્યું કે તમારે અહીંથી હવે જવાનું છે.

ઉત્તરમાં મેં જણાવ્યું, "જેવી મહાદેવીની આજ્ઞા." તન્નિયોગદૂત જેટલી સંખ્યામાં જીવો લેવા આવ્યો હતો, તેમાં હું અને મારા જેવા બીજાઓને રવાના કરવામાં આવ્યા.

એ વખતે ભવિતવ્યતાએ સુબેદાર અને સરસેનાધિપતિને જણાવ્યું કે, તમારે અને મારે આ લોકોની સાથે જવું પડશે. સતીઓને તો પતિ દેવતુલ્ય ગણાય. માટે હું પતિથી વેગળી ન રહું.

વળી આ લોકોને સૌ પ્રથમ એકાક્ષનિવાસ[1] નગરે લઈ

---

૧ એક+અક્ષ= એક ઇન્દ્રિય. એકેંદ્રિય જીવોને રહેવાનું સ્થાન તે એકાક્ષનિવાસ. માત્ર સ્પર્શનેન્દ્રિય હોય છે.

જવાના છે. એ નગર તમારા તાબામાં આવેલું છે. અને આ જીવોને ત્યાં લઈ ગયા પછી રક્ષા કરવી—ચોકી કરવી. એ કાર્ય પણ તમારૂં જ છે. માટે તમારે પણ સાથે જ ચાલવું પડશે.

મહાદેવીની આજ્ઞા સરસુબેદાર અને સરસેનાધિપતિ મસ્તક ઉપર ચડાવે છે અને ત્યાર પછી તન્નિયોગની સાથે અમે સૌ "એકાક્ષનિવાસ" નગરમાં આવી પહોંચ્યા.

## પ્રથમ પાડો વનસ્પતિ

આ "એકાક્ષનિવાસ" નગરમાં પાંચ મોટા પાડાઓ છે[1] આ પાંચમાંથી એક પાડો તીવ્રમોહદય પોતાની આંગળી ઊંચી કરી મને બતાવીને કહે છે કે, તારે આ પાડામાં રહેવાનું છે. જરા પણ અધીરતા ન કરીશ. તને અહીં પણ આનંદ મળશે. જૂના રહેઠાણ જેવું જ આ રહેઠાણ છે.

હે અગૃહીતસંકેતા! જુના નગર અને આ નગરમાં ખાસ નવીનતા ન હતી. અસંવ્યવહાર નગરમાં ગોલક નામના મકાનોમાં જેમ એક શરીરમાં અમારે અનંતાએ સાથે રહેવાનું, સાથે ખાવાનું, સાથે શ્વાસોચ્છ્વાસ લેવા મુકવાના હતા, એજ પ્રમાણે આ એકાક્ષનિવાસ નગરમાં પણ છે.

માત્ર ફરક એટલો છે કે અસંવ્યવહાર નગરના લોકો બીજે જવું આવવું, એ વિગેરે વ્યાપારો–કાર્યોથીર હિત હોય

૧ પાડા, શેરી, મહોલ્લા, વિભાગ, Ward.

છે. સદાકાળ એક જ ઠેકાણે રહેવાનું હોય છે. ત્યારે આ એકાક્ષનિવાસ નગરની અંદર જવા આવવાના લોક વ્યવહારોની છૂટ હોય છે.

માટે જ અસંવ્યવહાર નગરના લોકોને "અવ્યવહારીયા" કહેવામાં આવે છે અને એ સિવાયના નગરોમાં રહેતા લોકોને "વ્યવહારીયા" કહેવામાં આવે છે.

વળી અસંવ્યવહાર નગરમાં રહેલા લોકોને અનાદિ વનસ્પતિ–અનાદિ નિગોદ કહેવામાં આવે છે. ત્યારે અહીં માત્ર વનસ્પતિ કહેવામાં આવે છે. અથવા નિગોદ પણ કહી શકાય છે.

તેમજ અહીં પ્રત્યેકચારિઓ પણ રહે છે. એમને મહેલ–ઓરડા વિગેરે હોતું નથી. સૌ સ્વતંત્ર રહેનારા હોય છે. એવા પણ અસંખ્ય જીવો આ "એકાક્ષનિવાસ" નગરની અંદર વસે છે.

તીવ્રમોહે મને ફરી જણાવ્યું, હે ભદ્ર તું અહીં રહે. મે જણાવ્યું, "જેવી આપની આજ્ઞા." ત્યાર પછી હું એમના બતાવેલા એક ઓરડામાં રહેવા ગયો.

અમે અહીં સુધી અસંવ્યવહારનગરથી ઘણાં જીવો સાથે આવેલાં, તેમાંથી કેટલાકને મારા ઓરડામાં રાખવામાં આવ્યા અને કેટલાકને જુદા જુદા ઓરડાઓમાં રહેવાની જગ્યા આપી.

**સાધારણ વનસ્પતિ :**

હું "સાધારણ શરીર[1]" નામના ઓરડામાં પૂર્વની જેમ રહેવા લાગ્યો. જાણે ઉંઘી ગએલો ન હોઉં ? દારૂ પીધેલ ન હોઉં ? મૂર્છિત ન હોઉં ? મરી ગએલો ન હોઉં ? એમ અનંત જીવોની સાથે રહેતો, સાથે જ આહાર કરતો. સૌની સાથે જ નિહાર કરતો. સાથે જ શ્વાસ લેતો અને સાથે જ શ્વાસ મૂકતો હતો. આ પ્રમાણે અનંતકાળ ત્યાં રહ્યો.

**પ્રત્યેક વનસ્પતિ :**

ત્યાર પછી ભવિતવ્યતાએ "સાધારણ શરીર" ઓરડામાંથી બહાર કાઢી "એકાક્ષનિવાસ" નગરના બીજા વિભાગોમાં અસંખ્યકાળ સુધી મને "પ્રત્યેકચારી[2]" તરીકે રાખ્યો.

આ બાજુ કર્મપરિણામ મહારાજા લોકસ્થિતિ, મહારાણી શ્રી કાલપરિણતિ વિગેરેને ભેગા કરી સલાહ લઈ, પોતાના પ્રભાવને સારી રીતે બતાવી શકે, એવા પરમાણુઓ દ્વારા ગોળીઓ—ગૂટિકાઓ બનાવે છે.

"એકભવવેદ્ય[3]" એ ગોળીઓનું નામ છે. સર્વકાર્યો

---

૧ સાધારણ શરીર = સાધારણ વનસ્પતિકાય. એક શરીરમાં અનંતા જીવોને રહેવાનું. સાધારણ વનસ્પતિના બે ભેદ. સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મમાંથી ન નિકળે ત્યાં સુધી અવ્યવહારીયો ગણાય અને ત્યાંથી નિકળી બાદરનિગોદમાં જાય, પુનઃ સૂક્ષ્મમાં જાય તો વ્યવહારીયો સૂક્ષ્મ નિગોદ ગણાય.

૨ પ્રત્યેકચારી = પ્રત્યેક વનસ્પતિકાય એક શરીરમાં એક જીવ.

૩ એકભવવેદ્ય = એક ભવમાં ભોગવી શકાય એવી. અર્થાત્ આયુષ્ય કર્મના સમુહને આ રૂપક આપ્યું છે. જે ભવનું આયુષ્ય બાંધ્યું હોય તે તે જ ભવમાં ભોગવું પડે.

એ ગોળીઓથી થઇ શકતા હોય છે. અનંત સંખ્યામાં એ ગોળીઓ બનાવવામાં આવી. ત્યાર બાદ મહારાજા ભવિતવ્યતાને પોતાની પાસે બોલાવે છે અને જણાવે છે કે—

હે ભવિતવ્યતા ! હે ભદ્રે ! બધો સમય તું દરેક જીવના સુખ દુઃખના જુદી જુદી જાતના ઘણા કામો કરતી રહે છે અને વધુ પડતા કામને લીધે તું થાકેલી જણાય છે માટે આ "એકભવવેદ્ય" ગોળીઓને તું સ્વીકાર કર.

દરેક જીવને એક એક ગોળીઓ આપવી અને જ્યારે એ ગોળીનો પ્રભાવ પૂરો થઈ જાય અને ગોળી ઘસાઇ જાય કે નષ્ટ થઈ જાય ત્યારે ત્યારે બીજી એક એક ગોળી આપતા રહેવું.

આ ગોળીયો આપવાથી તારૂં ધારેલું કાર્ય પાર પડશે. અને તને શ્રમ પણ ઓછો થશે. આ પ્રમાણે કહીને મહારાજાએ ભવિતવ્યતાને બધી ગોળીયો સોંપી દીધી.

"આપ સાહેબની મહાન્ કૃપા" એમ ભવિતવ્યતાએ મહારાજાને જણાવ્યું અને તે ગોળીયોનો સહર્ષ સ્વીકાર કર્યો. ત્યારબાદ અવસરે અવસરે દરેક પ્રાણીયોને એક એક ગોળી આપ્યા કરે છે.

**ગોળીયોનો પ્રભાવ :**

હું જ્યારે 'અસંવ્યવહાર' નગરમાં હતો. તે વખતે જ્યારે જ્યારે મને આપેલી ગોળી જીર્ણ થઈ જતી, ત્યારે ત્યારે મારી પત્ની મને બીજી ગોળીયો આપ્યા કરતી હતી, પણ એ ગોળીથી એ જ જુના આકારનું મારૂં સૂક્ષ્મ રૂપ રાખ્યા કરતી હતી.

પરન્તુ "એકાક્ષ-નિવાસ" નગરમાં આવ્યા બાદ તીવ્ર-મોહોદય અને અત્યન્તાબોધને હેરત પમાડવાને માટે જુદી જુદી ગોળીયો આપી, મારા જુદા જુદા રૂપ બનાવતી હતી.

કોઈવાર મને સૂક્ષ્મ બનાવે, તો કોઈવાર બાદર બનાવે, એમાં વળી [૧]પર્યાપ્ત બનાવે તો કોઈવાર અપર્યાપ્ત બનાવે, કોઈવાર અનંતકાયમાં રાખે, તો કોઈવાર પ્રત્યેકચારી-પ્રત્યેક વનસ્પતિમાં લઈ જાય.

પ્રત્યેક વનસ્પતિમાં પણ મને કંદ બનાવે, તો કોઈવાર મૂળીયા તરીકે બનાવે, કોઈવાર છાલ, કોઈવાર અંકુરો, કોઈવાર થડ, કોઈવાર ડાળ તરીકે બનાવે. કોઈ કોઈવાર પાંદડાં, ફૂલ, ફળ રૂપે પણ આકારો ધરાવે. કોઈવાર બીજનો રહેનારો કરે.

કોઈવાર [૨]મૂળબીજ, તો કોઈવાર [૩]સ્કંધબીજ તરીકે અને કોઈવાર [૪]પર્વબીજ અથવા [૫]અગ્રબીજ તરીકે રૂપ ધારણ કરનારો

---

૧ પર્યાપ્તિ :—આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન. આ ૭ પર્યાપ્તિ છે. એકેન્દ્રિયને પ્રારંભની ચાર, બે-ત્રણ-ચાર ઇંદ્રિયવાળાને પાંચ, પંચેન્દ્રિયને ૭ પર્યાપ્તિ હોય છે. પોતાને યોગ્ય પર્યાપ્તિને પૂર્ણ કરે તે પર્યાપ્ત, ન કરે તે અપર્યાપ્ત.

૨ મૂળ વાવવાથી ઉગે તે મૂળબીજ.

૩ ડાળ—કલમ વાવવાથી ઉગે તે સ્કંધબીજ.

૪ પર્વ એટલે સાંધાના ભાગો—આંખ વાવવાથી ઉગે જેમ શેરડી.

૫ આગળના ભાગ—બીજો ગોટલી દાણા વિગેરે વાવવાથી ઉગે તે અગ્રબીજ.

બનાવે. કોઈવાર ઝાડ રૂપે, કોઈવાર વેલડી રૂપે, કોઈવાર ગુલ્મ[1] રૂપે, કોઈવાર અન્ન અને ઘાસ રૂપે બનાવે.

આ રીતે ભવિતવ્યતાએ "એકાક્ષનિવાસ" નગરના મહોલ્લામાં વારંવાર મને જુદા જુદા રૂપના આકારો ધારણ કરાવ્યા.

બીજા નગરના વસનારા લોકો આવીને મને જો શાક રૂપે જોતા તો છેદી-ભેદી નાંખતા. કોથમીર-પોદીના વિગેરે રૂપમાં જોતાં તો ચટણી કરવા પીસી નાખતા. ઘઉં-બાજરા વિગેરે અનાજના રૂપમાં જોતાં તો દળીને લોટ બનાવી દેતા. વળી મને મરચા રૂપે નિહાળે તો મરડીને તોડી નાખતા. ભાજીના રૂપમાં જુવે તો ચૂંટી ચૂંટીને જુદા કરતાં. કારેલાં કે તુરીયાનાં રૂપમાં જોતાં તો ઉપરથી છોલી છોલી મને અતિદુઃખ આપતાં. કાચી વનસ્પતિના રૂપમાં મને જ્યારે જુએ ત્યારે અગ્નિ ઉપર ચડાવી બાફીને ખાઈ જતાં. આ બધી વેદના હું મારી પત્નીની સામે જ ભોગવતો હતો છતાં કદી પણ એ બચાવવાનો પ્રયત્ન કરતી ન હતી. અરે! ઉપરથી હસે અને બેદરકારી બતાવે.

આ જાતના જુદા જુદા દુઃખો ભોગવતાં ભોગવતાં મારો ત્યાં અનંતકાળ ચાલ્યો ગયો. આખરે મારી ગોળી જીર્ણ થઈ એટલે ભવિતવ્યતાએ મને બીજી ગોળી આપી.

૧ ગુલ્મ-ગુચ્છરૂપ જે વનસ્પતિ થાય તે. Bush. ગુલાબ-મોગરા વિગેરે.

## બીજો પાડો—પૃથ્વીકાય

મારી પત્ની ભવિતવ્યતાએ મને બીજી ગોળી આપી. એના પ્રતાપે હું થોડી જ ક્ષણોમાં બીજા મહોલ્લામાં પહોંચી ગયો. ત્યાં "પાર્થિવ[1]" નામના અસંખ્ય માનવો સદા વસનારા હોય છે. હું પણ ત્યાં વસનારો "પાર્થિવ" થયો. અહીંયા પણ જુદી જુદી ગોળીયો આપવા દ્વારા ઘણાં જુદા જુદા રૂપોને મેં ધારણ કર્યાં.

કોઈવાર પર્યાપ્ત અને કોઈવાર અપર્યાપ્ત. કોઇવાર સૂક્ષ્મ, તો કોઈવાર બાદર પાર્થિવ. કોઇવાર સોનું, રૂપુ, લોઢુ, વિગેરે ધાતુમાં તો કોઇવાર પત્થર, કાંકરા, રેતી, માટીમાં, કોઇવાર રાતો, પીળો, ધોળો તો કોઈવાર લીલો, જાંબુલી, કાળો વિગેરે રૂપો કરાવી મને ભવિતવ્યતા નચાવતી.

હે અગૃહીતસંકેતા ! પાર્થિવપણામાં પણ મેં ઘણાં દુઃખો અનુભવ્યા છે. કુંભારો મને ખોદી નાખતા, પત્થર ફોડ મને તોડી નાખતા, મીઠાના રૂપમાં હોઉં તો મને દળી નાખતા અને શાકમાં મરચાની સાથે રાંધી દેતાં. આવી રીતે મેં અસંખ્ય કાળ ત્યાં પૂરો કર્યો.

મારી ગોળી જીર્ણ થતાં મને નવી ગોળી આપવામાં આવે છે.

## ત્રીજો પાડો—અપકાય

ભવિતવ્યતાએ આપેલી ગોળીના પ્રભાવે હું શીઘ્ર

૧ પાર્થિવ–આ પૃથ્વીકાયનું રૂપક નામ છે.

ત્રીજા મહોલ્લામાં આવી પહોંચ્યો. ત્યાં "આપ્ય"[1] નામના કુટુંબીઓ વસે છે. હું પણ અહીં "આપ્ય" રૂપને પામ્યો. ભવિતવ્યતા અન્ય–અન્ય ગોળીયો આપતી જાય અને મારા રૂપો બદલતી જાય.

કોઈવાર હિમ બનાવે તો કોઈવાર ઝાંકળનું રૂપ બનાવે. કોઈવાર ધુમ્મસ તો કોઈવાર હરિતનું બનાવે. કોઈવાર વરસાદનું પાની તો કોઈવાર પૃથ્વીના પેટાળનું પાણી. આ રીતે મારા અનેક પ્રકારના રૂપો કરવામાં આવતાં.

"આપ્ય" જાતમાં હું જો શીતળ હોઉં તો લોકો મને ઉકાળી ગરમીનું દુઃખ આપતાં. અથવા ખાવા, પીવા, ધોવા વિગેરે અનેક જાતના કામમાં મારો ખુરદો બોલાવી દેતા અને હું મુંગે મુખડે સહી લેતો. અહીં પણ મેં અસંખ્યકાળ સુધી કષ્ટો જ ભોગવે રાખ્યા છે. છેલ્લે મને બીજી ગોળી આપવામાં આવી.

## ચોથો પાડો—તેજસ્કાય

ગુટિકાના પ્રભાવથી સ્હેજવારમાં ચોથા મહોલ્લામાં આવી પહોંચ્યો. આ મહોલ્લામાં "[2]તેજસ્કાય" નામના અસંખ્ય બ્રાહ્મણો રહે છે. હું પણ "તેજસ્કાય" બ્રાહ્મણ થયો. સોઇના જેવા તીક્ષ્ણ આકારને હું ધારણ કરતો હતો, પ્રકાશમાન અને બાળવાના સ્વભાવવાળો હતો.

---

૧ અપકાયના જીવનું નામ રાખ્યું છે. અથવા પાણીના જીવોનો સમૂહ.

૨ અગ્નિકાય.

ત્યાં કોઈવાર મને અંગારા રૂપે તો કોઈ વાર તણખા રૂપે. વળી કોઈ વાર જ્વાળા રૂપે તો કોઈવાર વાદળની વીજળી સ્વરૂપે ભવિતવ્યતા ખૂબ નચાવતી.

ભડભડ બળતા મારા ઉપર પાણી છાંટીને મને ઓલવી મારો નાશ કરતા, કામ પતી ગયા પછી ઘડામાં ભરી ઉપરથી મુખ ઢાંકી દેતા કે લોઢાની અંદર હોઉં તો ઘનનો આકરો પ્રહાર સહન કરતો. આવાં ત્રાસો મેં "તેજસ્કાય"માં અસંખ્ય કાળ સહન કર્યા.

છેવટે બીજી ગોળી મને આપવામાં આવી.

## પાંચમો પાડો—વાયુકાય

ગોળીના પ્રતાપે અલ્પસમયમાં હું પાંચમા મહોલ્લામાં આવી ગયો. આ મહોલ્લામાં "વાયવીય[1]" નામનો અસંખ્યાત ક્ષત્રીયો રહેતા હતા. હું પણ વાયવીય ક્ષત્રીય બન્યો. મારૂં શરીર ધજાના આકારવાળું થયું. મારો સ્પર્શ અનુષ્ણ—શીત[2]—ઠંડો પણ નહિ અને ગરમ પણ નહિ એવો થયો. ચર્મ-નેત્રવાળા તો મને જોઈ પણ શકે નહિ એવું શરીર મને પ્રાપ્ત થયું.

અહીંયા પણ મારી પત્ની જુદી જુદી ગોળીઓ આપતી અને એ દ્વારા જુદા જુદા શરીરો બનાવવામાં આવતાં. કોઈવાર

---

૧ વાયવીય—વાયુકાયના જીવોનું નામ.

૨ અનુષ્ણશીત—વાયુ જેની સાથે ભળે એવો એનો સ્પર્શ બને. જલ કે ઠંડીના અણુઓ ભળે તો શીત બને, સૂર્યકીરણ કે અગ્નિના સંયોગે ઉષ્ણ થાય.

સંવર્ત[1] વાયુ તો કોઈવાર ગુંજાવત[2] બનાવવામાં આવતો. કોઈવાર ઝંઝાવાત[3] તો કોઈવાર શુદ્ધવાત[4] રૂપે દેહધારણ કરતો.

કેટલાક લોકો મને મસકમાં ભરી રાખીને ગૂંગળાવતા, તો બાળકો ફુગ્ગામાં ભરીને કદર્થના કરતા. લુહારો ધમ્મણથી મને અગ્નિનો સંપર્ક કરાવતાં. આવી જાતના અનેક દુઃખો મેં અસંખ્યકાળ સુધી ચૂપચાપ સહન કર્યા. મારી છેલ્લી ગોળી જીર્ણ થઈ એટલે મને નવી ગોળી આપવામાં આવી.

## પાછી એજ રખડપટ્ટી:

આ ગોળીના પ્રતાપે હું પુનઃ પહેલા મહોલ્લામાં આવી પહોંચ્યો. ત્યાં સૂક્ષ્મ–બાદર પર્યાપ્ત–અપર્યાપ્ત વિગેરે બધે રખડપટ્ટીએ ચાલ્યો. વળી બીજા મહોલ્લામાં, પાછો ત્રીજા ચોથા પાંચમામાં વળી ફરી પહેલામાં કોઈવાર ત્યાંથી ત્રીજામાં અને ત્યાંથી પહેલામાં એમ ક્રમે ક્રમે કે વગર ક્રમે અસંખ્યકાળ રખડયો અને દુઃખો ભોગવ્યા.

આ પ્રમાણે મંત્રી અને સરસેનાપતિ સમક્ષ ભવિતવ્યતાએ અનંતીવાર અનંતકાળ સુધી ઇચ્છા મુજબ નચાવે રાખ્યો. ધારેલું રૂપ કરાવે રાખ્યું.

---

૧ સંવર્ત–ગોળ ગોળ ફરતો વાયું જે ભૂતડો પણ કહેવાય છે.

૨ ગુંજાવાત–ગુંજારવ કરતો પવન. "झंझावातः सवृष्टिकः" इत्यमरः

૩ ઝંઝાવાત–વરસાદની સાથે જોરથી ફુંકાતો પવન.

૪ શુદ્ધવાત–મનગમતો. ધીરે ધીરે વાતો પવન.

## પ્રકરણ છઠ્ઠું

# "વિકલાક્ષનિવાસ" નગર પ્રતિ

એક દિવસે ભવિતવ્યતા પ્રસન્ન થઈને મને કહે છે: હે આર્યપુત્ર! સ્વામિનાથ!! તમે આ સ્થાનમાં ઘણા કાળ સુધી રહ્યા એટલે આ સ્થાનનું અજીર્ણ થયું લાગે છે. ઘણો કાળ રહેવાથી કંટાળો ઉપજ્યો જણાય છે. કંટાળો મટાડવા બીજા સ્થાને જવાનું મન થતું હોય તો બીજે લઈ જાઉં!

મારે તો એ મારા મહાદેવી-પત્નીની આજ્ઞા જ માનવાની હતી એટલે ઉત્તરમાં મેં જણાવ્યું કે "જેવી મહાદેવીની આજ્ઞા" અને મહાદેવી ભવિતવ્યતાએ બીજી ગોળીઓ બનાવી મને આપી.

હે અગૃહીતસંકેતા! ત્યાર પછી એ ગોળીના પ્રતાપે હું ત્યાંથી "વિકલાક્ષ-નિવાસ" નગરમાં પહોંચી ગયો.

**ઉન્માર્ગોપદેશ[1] સુબો અને માયા પત્ની:**

---

૧ બે ઇન્દ્રિયોને ચેતના કંઈક વ્યક્ત હોય છે છતાં અજ્ઞાનને લીધે ઉન્માર્ગે ગમન કરનારા હોય છે.

આ વિકલાક્ષ નગરમાં મોટા મોટા ત્રણ મહોલ્લા છે. અને શ્રી કર્મપરિણામ મહારાજાએ આ નગર "ઉન્માર્ગોપદેશ" નામના બાહોશ વ્યક્તિને દેખરેખ માટે સોંપેલું છે. એ સરસુબાનું પદ સંભાળે છે. એને "માયા" નામે પતિવ્રતા પત્ની છે. એ માયાદેવી પણ જગપ્રસિદ્ધ છે.

ગોળીના પ્રભાવથી મને પહેલા મહોલ્લામાં સ્થાન મળ્યું. એ મહોલ્લામાં [1]"દ્વિહૃષિક" નામના કુળપુત્રો વસે છે. ગણત્રીમાં તો અસંખ્ય છે.

આ અગાઉના સ્થાનમાં, હું મૂર્ચ્છિત અવસ્થા, દારૂ પીધેલ જેવી બેભાન અવસ્થામાં હતો એના કરતાં દ્વિહૃષિક બનતાં સાધારણ જાગૃતિ આવી. ચેતના શક્તિ કંઈક વધુ સ્પષ્ટ બની. હું સ્થાવર મટી ત્રસ પણાને પામ્યો. સ્વેચ્છાએ ગમન કરવાની અલ્પશક્તિ પ્રાપ્ત થઈ.

## દ્વિહૃષિક પણામાં મારી દશા :

હજુ મારા પ્રારબ્ધમાં દુ:ખો જ હતા એટલે. અહીંયા મને જળોનું[2] શરીર રહેવા મળ્યું. લોકો મને દાબી દાબી

---

૧ દ્વિહૃષિક બેઇન્દ્રિય જીવ. આ જીવોને સ્પર્શના અને રસના–જીભ એમ બેઇન્દ્રિય હોય છે.

૨ જળો–શરીરમાંથી ખરાબ લોહી કાઢવા માટે અને શરીરના અમુક ભાગ ઉપર મૂકવાથી તે ખરાબ લોહી ચૂસી લે પણ જ્યારે એ ધરાઈ જાય ત્યારે જળોને દાબી એ લોહી પાછું કાઢી નાખવામાં આવે છે.

હેરાન કરતા પછી ગંડોલાનું શરીર મળ્યું. ત્યાં પણ હું ઘણી વેદના પામ્યો.

ત્યાર પછી તો મને એવા ઠેકાણે નાખ્યો કે જ્યાં દુઃખનો પાર નહિ. મનુષ્યના પેટમાં રહેલી દુર્ગંધ મારતી વિષ્ટામાં મને કરમીયાનો અવતાર ભવિતવ્યતાએ આપ્યો. એવી રીતે સડેલા લોહી માંસ પરૂ વિગેરેમાં છેવટે પોરા રૂપે મને બનાવ્યો.

આ રીતે ભવિતવ્યતાએ જુદી જુદી ગોળીયો આપી જુદા જુદા શરીરો બનાવી મને ઘણું જ કષ્ટ આપ્યું. અને તે પણ બે પાંચ વર્ષ નહિ પણ અસંખ્યાતા કાળ સુધી કષ્ટ આપ્યા કર્યું. મેં પણ બધું દુઃખ મને-કમને સહન કર્યું.

**બીજા મહોલ્લામાં ગમન અને ત્યાંની દશા :**

સ્વતંત્રતાને વરી ચૂકેલી ભવિતવ્યતાએ મને બીજી ગોળી આપી અને એ ગોળીના પ્રતાપે હું "વિકલાક્ષ નિવાસ"ના બીજા મહોલ્લામાં આવી પહોંચ્યો.

આ મહોલ્લામાં [1]"ત્રિકરણ" નામના અસંખ્યાત ગૃહસ્થો વસતા હતા. ત્યાં હું પણ "ત્રિકરણ" નામનો ગૃહસ્થ બન્યો.

હે અગૃહીત સંકેતા ! મને કુંથુઓ બનાવવામાં આવ્યો, મોટા જીવે આવી મને મારી નાખ્યો. બીજી ગોળીથી માંકણ

૧ ત્રિ-કરણ એટલે ત્રણ ઇંદ્રિય. સ્પર્શન, રસના અને નાસિકા એમ ત્રણ હોય છે.

બનાવ્યો તો કોઈએ તડકે નાખી મારો વિનાશ કર્યો. ખેતરમાં મકોડાના રૂપે થયો તો ખેડુતે ખેડતાં જમીનમાં ચાંપી નાખ્યો. રબારીના માથામાં જું થયો તો ત્યાં વીણીને કાંટાથી બાવળની શૂળથી વિંધી નાખ્યો. કીડી વિગેરે જીવ યોનીમાં ગયો તો ત્યાં છોકરાંના પગે અને મોટેરાઓનાં પગે ખૂંદાયો.

આ રીતે ભવિતવ્યતાએ મારા અનેક રૂપો કરાવ્યા અને મારી વિડંબના કરી મને દુઃખ આપ્યું.

**ત્રીજા મહોલ્લામાં ગમન :**

મારી પત્નીએ મને એક ગોળી આપી "વિકલાક્ષ નિવાસ"ના ત્રીજા મહોલ્લાની અંદર મને મોકલી આપ્યો ત્યાં "ચતુરક્ષ" નામના અસંખ્ય કુટુંબીયો હતા હું પણ ત્યાં "ચતુરક્ષ" નામનો કુટુંબી બન્યો.

મને પતંગીયો બનાવવામાં આવ્યો તો દીપકની જ્યોતમાં ઝપલાવતાં બળી મર્યો, માખી થયો ત્યારે દવાના પ્રયોગથી મારી નાખ્યો અને મચ્છર થયો ત્યારે પણ એજ દુઃખ, આગિયો બન્યો તો બાળકો રમતને ખાતર મને પકડીને હેરાન કરતાં, કરોળીયો થતો ત્યારે ચકલા વિગેરે મને ચાંચોથી મારી નાખતા.

ભવિતવ્યતાએ જુદી જુદી ગોળીયો આપી જુદા જુદા શરીર બનાવી મને ખૂબ જ નચાવ્યો અને પોતાના આનંદ

૧ ચતુરક્ષ એટલે ચાર ઈંદ્રિય. ચક્ષુ વધે છે બાકી ઉપર પ્રમાણે

ખાતર મને ઘણાં કારમાં દુઃખો દીધાં. અહીંયા પણ મેં અસંખ્યકાળ સુધી અસંખ્ય દુઃખો ભોગવ્યાં.

વળી ફરી પહેલા બીજા ત્રીજા મહોલ્લામાં મને લઈ જવામાં આવ્યો. અનેક દુઃખો સહન કર્યાં. આ દુઃખો સહન કરતાં કરતાં સંખ્યાતા હજારો વર્ષો પસાર થઈ ગયા.

એક વેળા ભવિતવ્યતા મારી પાસે આવીને બેસે છે અને મને જણાવે છે કે હે! આર્યપુત્ર!! આપને બીજે ક્યાંય લઈ જઉં? બીજા મોટા શહેરમાં જવા ઈચ્છા થઈ છે? ઘણો સમય અહીં જ રહેતા તમારામાં કાંઈક અધીરતા આવી જણાય છે. જગ્યાની બદલી કરવાનું તમને મન થયું લાગે છે. કારણ કે એક સ્થાને ઘણું રહિએ એટલે કંટાળો આવી જાય એ બનવા જોગ છે.

હે દેવી! જેમ આપને રૂચે તેમ કરો. એમ મેં નમ્રતાથી ઉત્તર વાળ્યો.

## "પંચાક્ષપશુ સંસ્થાન" નગર ભણી

આ લોકમાં [૧]"પંચાક્ષ પશુ સંસ્થાન" નામનું નગર છે. એ નગર ઉપર પણ ઉન્માર્ગોપદેશ સુબાની જ સત્તા ચાલે છે. આ નગરમાં અસંખ્ય પંચાક્ષો રહે છે. અહીંના રહેવાસીયોને "પંચાક્ષ" કહેવામાં આવે છે. ભવિતવ્યાતા એક ગોળી મને

૧ પંચાક્ષપશુ સંસ્થાન–પાંચ ઈંદ્રિયો સ્પર્શન, રસન, ઘ્રાણન, ચક્ષુ શ્રોત આ પાંચ ઈંદ્રિયો જેને પ્રાપ્ત થઈ હોય તેને પંચાક્ષ કહેવાય એમાં તિર્યંચોના નિવાસને એના ભવને લેખકે "પંચાક્ષપશુસંસ્થાન" નામ આપ્યું છે.

આપે છે અને એના બળે અહીં ઉપાડી લાવે છે. હું પંચાક્ષપશુ સંસ્થાનનો રહેવાસી બન્યો.

**સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદો :**

પંચાક્ષપશુ સંસ્થાન નગરમાં કેટલાક જીવોની ચેતના ઘણી સ્પષ્ટ જણાતી હતી અને વિચાર કરવાની શક્તિ પણ ઠીક પ્રમાણ હતી. આવી જાતના જીવોને સંજ્ઞી કહેવામાં આવતાં અને એમને ગર્ભજ પણ કહેવામાં આવતા.

વળી કેટલાક જીવોમાં ચેતના અલ્પ પ્રમાણમાં જણાતી અને એ જીવો માત-પિતાના સંયોગ વિના જ ઉત્પન્ન થતાં હતાં. એવા જીવોને અસંજ્ઞી અને સંમૂચ્છિંમ તરીકે ઓળખવામાં આવતાં.

ભવિતવ્યતાએ મને જુદી જુદી ગોળીયો આપી કેકડા, માછલા, મગર, ગ્રાહ, જલઘોડા, ઝૂંડ વિગેરે પાણીના આધારે જીવન જીવતાં જળચર જીવોમાં નચાવ્યો.

પછી સસલા, સુઅર, હરણ, રોઝ, ગાય, ભેંસ, વાઘ, સિંહ વિગેરે પશુના શરીરોમાં મારે અનેકવાર દુઃખો ભોગવવા પડયા. ત્યાં હું ભૂચર કહેવાયો.

ત્યારબાદ મને પક્ષિયોનિમાં લઇ ગયા. ત્યાં હું ખેચર કહેવાણો. મોર, શાહમૃગ, બગલો, ઘુવડ, કોયલ. કાગડો, પોપટ, કબુતર, ચકલા, બુલબુલ, ચામાચીડિયાં વિગેરે રૂપો ધારણ કર્યાં.

આ બધા સ્થાનોમાં રહેતા રહેતાં વચ્ચે કોઇવાર મને

ફરીથી જુના સ્થાનોની સફરે મારી પત્ની ગોળીના બળે લઇ જતી હતી અને ત્યાં વિડબંનાઓ હું ભોગવ્યા કરતો.

એકદા આ પંચાક્ષપશુ સંસ્થાન નગરમાં લાગલગાટ ત્રણ પલ્યોપમ અને ઉપરથી ક્રોડ પૂર્વ વર્ષ રહ્યો.

## સંગીતપ્રિય હરણ :

મારી પત્નીએ મને ગોળી આપી સુંદર, દેખાવડો, ચપલ હરણીયો બનાવી દીધો. જંગલમાં આનંદ પૂર્વક રહેતો ઘાસ ખાતો અને ઝરણાનાં પાણી પીતો. અમારૂં એક ટોળું હતું. અમે ઘણાં સાથે જ રહેતાં હતાં.

અમારા જંગલમાં એક શિકારી આવ્યો. સુંદર સ્વરોમાં ગાવા લાગ્યો, વાંસળીના મધુર સ્વરો અમને–અમારા ટોળાને ઘણા ગમી ગયા. અમે સંગીતના રંગમાં દોડાદોડ કરવી મુકી દીધી શાંત બની એક સ્થાને સ્થિર થઈ બેસી ગયા.

આ જોઈ પારધી અમારા ટોળા નજીક આવ્યો પણ રાગના રંગમાં અમને એની બદદાનતની ખબર ન પડી. એણે ધનુષ–બાણ તૈયાર કર્યાં અને દોર ઠેઠ કાન સુધી ખેંચી નિશાન તાકી મારા ઉપર બાણ ફેંક્યું.

હું એ બાણથી વિંધાઈ ગયો અને તરફડીયા મારતો મારતો થોડીવારમાં મૃત્યુ પામ્યો. અમારૂં ટોળી નાસી ગયું. મારી ગોળી ખલાસ થઈ ગઈ.

## યૂથપતિ મહાકાય હાથીમાં :

ભવિતવ્યતાએ મને બીજી ગોળી આપી. એના પ્રતાપે હું મહાવનમાં હાથી થયો. ધીરે ધીરે હું યૌવન પામ્યો.

બલવાન બન્યો. મદમસ્ત બની હું સ્વેચ્છાચારી બન્યો. કેટલીક હાથણીયોનો સ્વામી થયો.

મહાવનમાં હંમેશા હાથણીયોથી વિંટળાએલો આનંદના સાગરમાં મસ્ત રહેતો. અમને કોઇ ભય ન હતો. કોઈનો ય ત્રાસ ન હતો. અમારાથી બીજા વનપશુઓ ભયભીત રહેતા હતા. વન અમારૂં ક્રીડાંગણુ હતું. કોઈ જાતની રોક ટોક અમને ન હતી.

એક દિવસે અમારા મહાવનમાં દાવાનળ સળગ્યો. મોટા મોટા ઝાડો સળગવા લાગ્યા, વાંસોની ગાંઠો ફડાફડ ફુટવા લાગી. જનાવરો જ્યાં ત્યાં નાસવા લાગ્યા, અમારા આનંદમાં ભંગ પડયો, અમારૂં ટોળું ગભરાણું અને બચાવની ઇચ્છાથી મારા તરફ ટગર ટગર જોતું હતું. હું યૂથપતિ હતો. એટલે હાથણીયો મારી પાસે કંઇક જીવન જીવવાના ઉપાયની આશા રાખતી હતી.

પરન્તુ એ ભીષણુ દાવાનળમાં ધુવાંડાના ગોટેગોટા જોઇ હું પણુ મુંઝાઈ ગયો. મને મારા પ્રાણો કેમ બચાવવા એ ચિંતા ઉપજી. હું સ્વાર્થી બની બેઠો. મારા યૂથનો વિચાર કર્યા વિના બચવા માટે ગામ ભણી પૂરજોશમાં દોટ મૂકી.

સ્વાર્થાંધ બની મારા પ્રાણોના રક્ષણુ કાજે ગામ તરફ દોડતાં મને ખ્યાલ ન રહ્યો અને વચ્ચે એક કુવો આવ્યો, જે ઘણા વખતથી અવાવરો હતો અને ઉપર પણુ ઘાસ વિગેરે ચારે બાજુ ઘણું જ ઉગી નિકળેલું એનો મને ખ્યાલ ન રહ્યો અને ધબ દઇ એ કુવામાં હું ઉંધો પછડાયો.

મારા આગલા પગ ગબડયા એટલે મારૂં માથું નીચે અને પગ ઊપર એવી હાલતમાં કુવામાં ગબડયો. મને મુર્છા આવી ગઈ. હું બેભાન બની ગયો.

જ્યારે મારી મુર્છા ઉતરી ત્યારે મને મારી દશાનો ખ્યાલ આવ્યો, એ કુવામાં પડખું ફેરવી શકાય એટલી પણ જગ્યા ન હતી અને મને કોઇ બચાવે એ પણ જરાએ શકયતા ન હતી. અંધારપટ કુવામાંથી મને કાઢે પણ કોણ ? હવે મને પશ્ચાતાપ થવા લાગ્યો. મારા હૈયામાં વિચારણા ચાલી.

અરેરે ! ! ! આ મેં શું કર્યું ?

"हितमापद्गतं पोष्यं, संस्तुतं चोपकारकम्"

જેઓ હંમેશાં હિતકરનાર, ઉપકાર કરનાર, સેવા કરનાર એવા પોષ્યવર્ગ[1]ને પોતાના રક્ષણ ખાતર વિપત્તિમાં મૂકીને ચાલ્યા જાય છે, જેઓ આત્મવર્ગને પોતાના જીવ બચાવવાના સ્વાર્થે નિરાધાર મૂકીને ભાગી જાય છે, એવા લોકો કુટુંબના નાયકપણાનું નામ નકામું રાખે છે. હાથણીના વૃન્દ-યૂથના પતિ—યૂથપતિ તરીકેના બિરૂદને વગર ગુણે ધરાવે છે.

એમાંનો બેશરમ હું આવી દશાને ન પામું તો કઇ દશાને પામું ? યૂથપતિ શબ્દને વગોવતા મારા માટે આવી દુઃખી અવસ્થા જ ઘટે. જે હાથણીઓ સાથે વનમાં રહ્યો,

---

૧ પોષ્યવર્ગ : જે વ્યક્તિઓના પોષણની આપણી જવાબદારી હોય તે અર્થાત્ આપણા આધારે જીવન જીવનારો વર્ગ.

આનંદ અને મસ્તીમાં દિવસો ગાળ્યા, પણ ખરે અવસરે વિશ્વાસઘાત કરી કાયરની જેમ નાસી છૂટયો. હું આવા દુઃખને ભોગવવા માટે જ લાયક છું. કૃતઘ્ની માટે આજ દશા શોભે છે. મેં જેવા આચર્યા છે, તેવા હું ભોગવું છું.

આવા વિચારોથી મને મધ્યસ્થતા થઇ. મારા હૃદયમાં ભાવનાઓ સુધરી, શાંતચિત્તે સાત રાત અને સાત દિવસ સતત એ અંધારકૂપમાં અકથ્ય વેદનાનો અનુભવ કર્યો.

## પુણ્યોદયના દર્શન :

હે અગૃહીતસંકેતા ! સાત રાત અને સાત દિવસ શાંતપણે વેદના સહન કરવાથી મારી પત્ની ભવિતવ્યતા ખુશ થઇ અને મારી પાસે આવીને મને ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા. મને શાબાશી આપી મારી પીઠ થાબડી.

હે આર્યપુત્ર ! હું તમારા શાંત આચરણથી ખૂબ પ્રસન્ન બની છું. તેથી જ તમારા માટે અતિસુંદર અને સુખકર આ પુરુષ લાવી છું. એ તમને ઘણી સહાયતા કરશે. જ્યારે ત્યારે તમારી વહારે ધાશે. તમારા દરેક કાર્યો એ સરલ બનાવી દેશે. આની સાથે તમારે બીજા નગરમાં જવાનું છે, તે નગરનું નામ "જયસ્થલ" છે અને તે અતિસુંદર છે.

મેં કહ્યું "જેવી દેવીની આજ્ઞા."

મારી જૂની ગોળી ખલાસ થઈ અને ભવિતવ્યતાએ નવી આપી અને સાથે ભલામણ કરી કે હે આર્યપુત્ર ! તમે અહીંથી જશો એટલે આ પુણ્યોદય ગુપ્ત સહોદર, બન્ધુ, મિત્ર થઇને તારી સાથે રહેશે.

**ભવ્યપુરૂષનો પ્રજ્ઞાવિશાલને પ્રશ્ન :**

આ પ્રમાણે સંસારીજીવ નામનો ચોર પોતાની આપવીતિ કથા સાંભળતો હતો, ત્યાં ભવ્યપુરૂષ–સુમતિ ધાવમાતા પ્રાજ્ઞ વિશાલાને પૂછે છે.

હે માતાજી ! આ પુરૂષ કોણ છે ? આ બધું શું કહેવા માંડયું છે ? અસંવ્યવહાર, એકાક્ષનિવાસ અને પંચાક્ષપશુનિવાસ આ બધા નગરો કયાં ? વળી સુખદુઃખનો અનુભવ કરાવતી આ ગોળી કેવી ? એક જ પુરૂષ એક જ ઠેકાણે આટલો લાંબો સમય રહી શકે ખરો ? મનુષ્ય પોતે કીડી, જલો, માંકણ, વિચ્છી વિગેરેના રૂપો બનાવી શકે ખરો ? આ વાત મારા ભેજામાં તો ઠસતી નથી. આ માણસે ઉપજાવી તો નથી કાઢીને ? હે મા ! તમે મને આ વાતનું સ્પષ્ટીકરણ કરો. જેથી મને મગજમાં કાંઈક બેસે.

**પ્રજ્ઞાવિશાલાનું સ્પષ્ટીકરણ :**

પ્રજ્ઞાવિશાલાએ કહ્યું : હે રાજપુત્ર ! તું જે આ પુરુષને નિહાળી રહ્યો છે તેણે તે બાબતમાં તો હજુ કાંઈ જણાવ્યું જ નથી. એનું તો નિવેદન હજુ હવે આવશે.

સામાન્યરૂપે "સંસારીજીવ" નામનો પુરૂષ છે. તેણે આ નામથી જ પોતાનું ચિતક વિગતવાર કહેવા માંડયું છે. અને એ જે વાત જણાવી રહ્યો છે તે બધી જ બંધ બેસે તેવી છે. ભેજામાંથી કપોલકલ્પિત ઘડી કાઢી નથી. પણ પૂર્ણ સત્ય છે. તું સાંભળ.

હે પુત્ર ! જે અસંવ્યવહારરાશિના જીવો છે, તે જીવોને "અસંવ્યવહાર" નામનું નગર કલ્પવું. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય એ એકેન્દ્રિય જીવોના સ્થાનોને "એકાક્ષનિવાસ" નગર જણાવવામાં આવ્યું છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોના શરીર સમુહને 'વિકલાક્ષ નિવાસ" નગર જણાવેલ છે. અને પાંચ ઇન્દ્રિયોવાળા તિર્યંચોને વસવાના સ્થાનોને "પંચાક્ષપશુ સંસ્થાન" નામ આપવામાં આવ્યું છે.

એક ભવની અંદર ભોગવી શકાય એટલા કર્મ સમુહના જથ્થાને 'એક ભવવેદ્ય" ગોળી જણાવવામાં આવી છે. જે ગોળીની અંદર જે જાતના કર્મોના અણુઓ હોય એ જાતના સુખ દુઃખનો જીવોને અનુભવ કરવાનો હોય છે

હે વત્સ ! આ પુરૂષ જે બોલી રહ્યો છે તે અજર છે, અમર છે. કોઈ દિવસે એ આ જગતમાં ન હતો એમ નહિ પણ સદાસ્થિત છે. એટલે એ અનંતકાળ રહે, હરે ફરે નવા નવા રૂપો ધારણ કરે એમાં આશ્ચર્ય ન ગણાય. ભલે એ જલો થાય, કિડી થાય, માછલારૂપે થાય, બધું જ બંધ બેસે તેવું છે આ વિશ્વમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં આ પુરૂષ કોઈને કોઇ રૂપે જઈ ન આવ્યો હોય.

હે દિવ્યપુરૂષ ! તું હજુ બાળક છે. તારી વય નાની છે. બુદ્ધિ હજુ પરિપકવ નથી માટે આ વાત સમજતાં વાર લાગશે. અવસરે તને બધું જ સ્પષ્ટ સમજાશે. હમણાં તો

તું એ જે કહે તે શાંતિપૂર્વક સાંભળી લે. પછી હું જ તને એ ઘટના પૂર્ણ રીતે સમજાવીશ.

રાજકુમાર ભવ્યપુરૂષે એ કબુલ્યું. સારૂં માતા પછી સમજાવજો.

ઉપસંહાર : હે મહાનુભાવો ! અત્યંત ક્લિષ્ટ કર્મોના બંધનથી બંધાએલા સંસારીજીવના તિર્યંચ ગતિમાં થયેલા ફેરાઓનું વર્ણન કર્યું. સંસારીજીવ કેવી રીતે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી આવ્યો એ વિગતવાર જણાવ્યું. હવે મનુજગતિમાં કેવા પરિભ્રમણો કરે છે અને ત્યાં કેવી ઉન્નતિ અને અવનતિ થાય છે તે શાંતિથી સાંભળજો.





# ઉપમિતિ ભવ પ્રપંચકથા સારોદ્ધાર

## તૃતીય પ્રસ્તાવ

## ગુજરાતી વિવરણ

# તૃતીય પ્રસ્તાવના પાત્રો

| | | |
|---|---|---|
| જયસ્થળનગર | — | ભરતક્ષેત્રનું એક નગર. |
| પદ્મ | — | જયસ્થળનગરના મહારાજા. |
| નંદા | — | પદ્મરાજાની મહારાણી. |
| નંદિવર્ધન | — | પદ્મરાજાનો પુત્ર સંસારીજીવ. |
| વૈશ્વાનર | — | અવિવેકતા ધાવમાતાનો પુત્ર. અંતરંગ રાજ્યનો નંદિવર્ધનનો મિત્ર. અપરનામ ક્રોધ. |
| અવિવેકતા | — | વૈશ્વાનરની માતા બ્રાહ્મણી. |
| વિદુર | — | પદ્મરાજાનો વિશ્વાસુ સેવક. |
| જિનમતજ્ઞ | — | ભવિષ્યવેત્તા જ્યોતિષી. |

---

| | | |
|---|---|---|
| ચિત્તસૌંદર્ય | — | અંતરંગ પ્રદેશની રાજધાની. |
| શુભપરિણામ | — | ચિત્તસૌંદર્યના રાજા. |
| નિષ્પ્રકંપતા | — | શુભપરિણામ રાજાની રાણી. |
| ક્ષાંતિ | — | શુભપરિણામ રાજાની પુત્રી. |

## [અવાન્તર કથા]

## સ્પર્શન કથાનકના પાત્રો

| | | |
|---|---|---|
| ક્ષિતિપ્રતિષ્ઠિત | — | રાજધાની. |

| | | |
|---|---|---|
| કર્મવિલાસ | — | ક્ષિતપ્રતિષ્ઠિત નગરના રાજા. |
| શુભસુંદરી | — | કર્મવિલાસની રાણી. |
| અકુશલમાલા | — | કર્મવિલાસની રાણી. |
| સામાન્યરૂપા | — | કર્મવિલાસની રાણી. |
| મનીષી | — | કર્મવિલાસનો પુત્ર–શુભસુંદરીનો પુત્ર. |
| બાળ | — | કર્મવિલાસનો પુત્ર–અકુશલમાલાનો પુત્ર. |
| મધ્યમબુદ્ધિ | — | કર્મવિલાસનો પુત્ર–સામાન્યરૂપાનો પુત્ર. |
| સ્પર્શન | — | બાળનો ખાસ મિત્ર. |
| ભવ્યજંતુ | — | સ્પર્શનને તરછોડી મોક્ષે જનાર મહાપુરૂષ. |
| બોધ | — | મનીષીનો અંગરક્ષક. |
| પ્રભાવ | — | બોધનો સેવક અને ગુપ્તચર. |

---

| | | |
|---|---|---|
| રાજસચિત્તનગર | — | અંતરંગ નગર. |
| રાગકેશરી | — | રાજસચિત્તનો રાજા. |
| વિષયાભિલાષ | — | રાજકેસરીનો મંત્રી. |
| વિપાક | — | રાજસચિત્તનો અગ્રગણ્ય નાગરિક. |
| મહામોહ | — | રાગકેશરીના પિતા. |
| સંતોષ | — | સદાગમનો સેવક, સ્પર્શનનો વિરોધિ. |

---

| | | |
|---|---|---|
| તથાવિધ | — | નગરનું નામ. |
| ઋજુ | — | તથાવિધ નગરના રાજા. |
| પ્રગુણા | — | ઋજુરાજાની રાણી. |
| મુગ્ધ | — | ઋજુરાજાનો પુત્ર. |
| અકુટિલા | — | મુગ્ધકુમારની પત્ની. |
| કાલજ્ઞ | — | વ્યંતર. |
| વિચક્ષણા | — | વ્યંતરી. |
| પ્રતિબોધકાચાર્ય | — | ધર્મગુરુ. |

| | | |
|---|---|---|
| ભોગતૃષ્ણા | — | કાલજ્ઞવ્યંતરના શરીરમાંથી નિકળેલી શ્યામ રૂપા સ્ત્રી. |
| આર્જવ<br>અજ્ઞાન<br>પાપ | — | ઋજુ રાજા, પ્રગુણારાણી, મુગ્ધકુમાર અને અકુટિલાના શરીરમાંથી ઉત્પન્ન થએલા ત્રણ બાળકો. |
| શુભાચાર | — | ઋજુરાજાનો નાનો પુત્ર. |
| ક્ષિતિપ્રતિષ્ઠિત | — | નગરનું નામ. |
| શત્રુમર્દન | — | ક્ષિતિપ્રતિષ્ઠિતના રાજા. |
| મદનકંદલી | — | શત્રુમર્દન રાજાના રાણી. |
| વ્યંતર | — | કામદેવ મંદિરનો અધિષ્ઠાયક દેવ |
| કુશસ્થળ | — | નગરનું નામ. |
| હરિશ્ચંદ્ર | — | કુશસ્થળ નગરના રાજા. |
| રતિકેલિપ્રિય | — | હરિશ્ચંદ્ર રાજાનો મિત્ર વિદ્યાધર. |
| નંદ | — | હરિશ્ચંદ્ર રાજાનો સેવક. |
| બિભીષણ | — | શત્રુમર્દન રાજાનો સેવક. |
| પ્રબોધનરતિ | — | આચાર્ય ભગવંત. |
| નિજવિલસિત | — | ઉદ્યાનનું નામ. |
| પ્રમોદશેખર | — | મંદિરનું નામ. |
| સુબુદ્ધિ | — | શત્રુમર્દન રાજાનો મંત્રી. |
| સુલોચન | — | શત્રુમર્દન રાજાનો પુત્ર. |
| સિદ્ધાર્થ | — | જોષરાજ. |

---

| | | |
|---|---|---|
| કુશાવર્ત | — | નગરનું નામ. |
| કનકચૂડ | — | કુશાવર્તનના રાજા. નંદિવર્ધનના મામા. |
| ચૂતમંજરી | — | કનકચૂડ રાજાની રાણી. |
| કનકશેખર | — | કનકચૂડ રાજાનો પુત્ર નંદિવર્ધનના મામાનો પુત્ર. |
| શમાવહ | — | ઉદ્યાનનું નામ. |

| | |
|---|---|
| દત્ત | — મુનિરાજ. |
| દુર્મુખ | — કનકચૂડનો ખટપટી મંત્રી. |
| સુમતિ, કેશરી, વરાંગ | — કનકશેખરને તેડવા આવનારા ત્રણ અમાત્યો. |
| ચતુર | — કનકશેખરનો મંત્રી. |

| | |
|---|---|
| વિશાલા | — નગરીનું નામ. |
| નંદન | — વિશાલાના રાજા. |
| પ્રભાવતી | — નંદનરાજાના પહેલાં રાણી. |
| પદ્માવતી | — નંદનરાજાના બીજાં રાણી. |
| પ્રભાકર | — પ્રભાવતીનો ભાઈ. |
| વિમલાનના | — પ્રભાવતીની પુત્રી. કનકશેખરની પત્ની. |
| રત્નવતી | — પદ્માવતીની પુત્રી. નંદિવર્ધનની પત્ની. |

| | |
|---|---|
| રૌદ્રચિત્તનગર | — નગર. |
| દુષ્ટાભિસંધિ | — રૌદ્રચિત્તનગરના રાજા. |
| નિષ્કરુણતા | — દુષ્ટાભિસંધિની રાણી. |
| હિંસા | — દુષ્ટાભિસંધિની પુત્રી. |
| તામસચિત્ત | — નગર. |
| દ્વેષગજેન્દ્ર | — તામસચિત્તનો રાજા. |
| અવિવેકતા | — દ્વેષગજેન્દ્રની પત્ની. |
| વિકટ | — વિમલાનના અને રત્નવતીનો દૂત. |
| પ્રવરસેન | — અંબરિષ જાતના બહારવટીયાનો ઉપરી |
| સમરસેન | — કલિંગદેશનો રાજા. |
| દ્રુમ | — વંગ દેશનો રાજા. |
| મલયમંજરી | — કનકચૂડ રાજાના બીજી રાણી. |
| કનકમંજરી | — મલયમંજરાની પુત્રી અને નંદિવર્ધનની બીજી રાણી. |

મણીમંજરી — કનકમંજરીની મોટી બહેન.
તેતલી — નંદિવર્ધનના સારથી.
વિભાકર — કનકપુરના યુવરાજ અને વિમલાનનાને પરણવા ઇચ્છનાર.
દારૂક — જયસ્થળથી નંદિવર્ધનને બોલાવવા આવેલ દૂત.
યવનરાજ — વંગદેશના અધિપતિ.

---

શાર્દૂલપુર — નગર.
રિપુદમન — શાર્દૂલપુરના રાજા.
રતિચૂલા — અરિદમનના રાણી.
મદનમંજુષા — અરિદમન રાજાની પુત્રી.
સ્ફુટવચન — અરિદમન રાજાનો મંત્રી.
રણવીર — ભીમનિકેતન પલ્લીનો નાયક.
વિવેકાચાર્ય — કેવળી ભગવંત.
વિમલમતિ — અરિદમનનો મંત્રી.
શ્રીધર — અરિદમનનો પુત્ર.
ધરાધર — ત્રિજયનગરના શિખરી રાજાનો પુત્ર અને નંદિવર્ધન સાથે ભવોભવ વેર રાખનાર વ્યક્તિ.

## પ્રકરણ પહેલું

## નંદિવર્ધન

### નંદિવર્ધન અને પુણ્યોદયનો જન્મ :

આ આત્મા તિર્યંચ ગતિમાં હોય છે ત્યારે આત્માને કેવી કેવી વિચિત્ર દશાઓનો અનુભવ કરવાનો હોય છે. તે બધા પ્રસ્તાવમાં જોઇ ગયા.

મનુષ્યગતિમાં પણ કેવી કેવી વિચિત્રતાઓ હોય છે, તે હવે બતાવવામાં આવે છે.

શ્રી સદાગમની સાન્નિધ્યમાં પ્રજ્ઞાવિશાલા અને ભવ્ય-પુરૂષની હાજરીમાં અગૃહીતસંકેતાને ઉદ્દેશાને સંસારીજીવ પોતાની કથા આગળ લંબાવે છે.

હે અગૃહીતસંકેતા ! મારી જૂની ગૂટિકા જીર્ણ થઈ ગઈ એટલે ભવિતવ્યતાએ મને નવી ગૂટિકા આપી. એ ગૂટિકાના પ્રતાપે હું ક્યાં ગયો તે તમે ધ્યાન દઈ સાંભળો.

આ લોકમાં "મનુજગતિ" નામની નગરી છે. એમાં

"ભરત" નામનો મોટો પાડો[1]–મહોલ્લો છે. તે "ભરત"માં વિશિષ્ટ ગુણોવાળું "જયસ્થળ" નામનું અવાંતર નગર[2] આવેલું છે.

આ નગરમાં ઊંચા ઊંચા અને સ્વચ્છ ધવલ આવાસો આવેલ હતા અને જે આવાસોની અગાસીમાં ચંદ્રને નીરખવા નીકળેલ નારીયોના મુખ રૂપ ચંદ્રથી જાણે આ નગરમાં અનેક ચંદ્ર ઉદય પામેલા ન હોય ! તેવું સુશોભિત જણાતું હતું.

દુર્જય અને પરાક્રમી શત્રુઓની નારીઓના મુખ રૂપ કમલિનીયોને પોતાના અજેય પરાક્રમ રૂપ હિમપાત દ્વારા શ્યામ અને નિસ્તેજ બનાવી દેવા સમર્થ શ્રી "પદ્મ" નામના મહારાજા અહીં રાજ્યધુરાને વહન કરી રહ્યાં હતા.

મહારાજા શ્રી પદ્મનો પ્રતાપરૂપ અગ્નિ કોઈ વિશિષ્ટ ગુણવાળો હતો. આ પ્રતાપે મહારાજાના યશરૂપ સમુદ્રમાં ખૂબ ભરતી આણી.

ખરી રીતે વડવાનલ સમુદ્રને શોષવી નાખે છે, પણ મહારાજાના પ્રતાપ અગ્નિએ ચંદ્રની જેમ યશ સાગરમાં ભરતી લાવવાનું વિશિષ્ટ કાર્ય કર્યું, આ પ્રતાપની વિશિષ્ટતા હતી.

---

૧ પાડો મહોલ્લો, શેરી, એ અર્થમાં વપરાય છે. આજે પણ પાટણમાં શેરીનાં નામો પાડા ઉપર છે. કનાશાનો પાડો, મહાલક્ષ્મીનો પાડો વગેરે.

૨ નગર–મહાનગરમાં અવાંતર નગરોનો પણ સમાવેશ થતો હોય છે. અમદાવાદમાં શાહપુર, જમાલપુર, રાજપુર, સરસપુર વિગેરે ઘણાં સમાયેલા છે.

ઈન્દ્રમહારાજાને પટરાણી શચી છે, કૃષ્ણની પ્રિયતમા લક્ષ્મી છે, તેમ મહારાજા શ્રી પદ્મને "નંદા" નામની સુલક્ષણવંતી સુપત્ની હતી.

હે ભદ્રે ! ભવિતવ્યતાની પ્રેરણાથી હું મહારાણી શ્રી નંદાની કુક્ષીમાં આવ્યો. યોગ્ય રીતે ગર્ભનું પાલન પોષણ થયું અને પૂર્ણ સમય થયા બાદ શુભ દિને મારો જન્મ થયો.

મહારાજા શ્રી પદ્મને મારા જન્મની વધામણી આપવામાં આવી. તે અત્યંત આનંદિત થયાં. અમારે ત્યાં પુત્રરત્નનો જન્મ થયો છે એમ "[1] મિથ્યાભિમાન"થી મનમાં માનવા લાગ્યા.

મોટા આડંબર અને અઢલક ધનવ્યય દ્વારા પુત્રજન્મ–મહોત્સવ કરવામાં આવ્યો.

મહારાણી શ્રી નંદાની છાતી ગજ ગજ ફુલાણી અને પુત્રના મુખને નીરખી રોમે રોમમાં હરખ ઉભરાઈ ગયો.

જે સમયે મારો જન્મ થયો તે જ સમયે મારી સાથે જ પુણ્યોદયનો જન્મ થયો. સાથે જન્મ થવાથી તે સહોદર ગણાય. સગો ભાઈ ગણાય.

પરંતુ એ સહોદર રાજારાણીની નજરમાં ન આવ્યો.

---

૧ ગ્રંથકાર પુત્રજન્મ ઉત્સવના કારણમાં મિથ્યાભિમાન જણાવે છે. અધ્યાત્મ જગતમાં આત્મા કોઈનો પુત્ર નથી, પિતા નથી, પણ જગતના લોકો રાગના કારણે આ મારો પુત્ર, અમારા પિતા એવું મિથ્યાત્વના યોગે માને છે. તે મિથ્યાભિમાન જ કહેવાય.

કારણ કે અભ્યંતર ભાવો, અંતરંગ પદાર્થો ચર્મચક્ષુ દ્વારા આત્માઓ જોઈ શકતા નથી.

મહારાજા શ્રી પદ્મે "નંદિવર્ધન" એવું લાડકવાયું અને મનગમતું નામ આપ્યું અને મારી પુષ્ટિ, મારા ઉછેર તેમ જ સંરક્ષણ માટે પાંચ ધાવમાતાઓ રાખવામાં આવી. ધાવમાતાઓથી લાલન પાલન થતો હું ત્રણ વર્ષનો થયો.

## વૈશ્વાનરનો જન્મ અને તેનું સ્વરૂપ :

જ્યારે હું અસંવ્યવહાર નગરથી આગળ વધ્યો ત્યારથી જ મારે બે જાતનો પરિવાર હતો. એક "અભ્યંતર[1] પરિવાર" હતો કે જે ચક્ષુથી જોઇ ન શકાય. બીજો "બાહ્ય[2] પરિવાર" હતો. માતા પિતા ભાઇ બહેન વિગેરે પરિવાર બાહ્યપરિવાર ગણાતો.

મારા અભ્યંતર પરિવારની અંદર એક "અવિવેકતા[3] નામની ધાવમાતા હતી. તે બ્રાહ્મણ જાતની હતી. મારા

---

૧ અભ્યંતર પરિવાર—આત્મામાં રહેલા ગુણો અને કર્માવરણથી ઉત્પન્ન થયેલા અવગુણો એ અભ્યંતર પરિવાર છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, સમતા, નમ્રતા, સરલતા, સંતોષ વિગેરે શુભ પરિવાર છે અને હિંસા, અસત્ય, અદત્તસ્વીકાર, મૈથુન, પરિગ્રહવૃત્તિ, કષાય, કામ, ઇર્ષા, નિંદા વિગેરે અશુભ પરિવાર છે. જેમ કથા આગળ વાંચશો તેમ વધુ ખ્યાલ આવતો જશે.

૨ બાહ્યપરિવાર—જે આપણી આંખે જોઈ શકીએ અને જે વ્યવહારમાં પ્રચલિત છે તે. માત, તાત, ભ્રાત, ભગિની, ભાભી, કાકા, મામા શાળા બનેવી વિગેરે.

૩ અવિવેકતા—અવિવેક. અવિવેકમાં જ ક્રોધ વિગેરે દુર્ગુણોનો આવિર્ભાવ થાય છે. અભ્યાસથી આ વાત સમજાય તેવી છે.

જન્મના દિવસે જ એણીએ પણ એક પુત્રનો જન્મ આપ્યો. પુત્રનુ નામ "વૈશ્વાનર"* રાખવામાં આવ્યું હું જેમ દિવસે દિવસે મોટો થવા લાગ્યો તેમ વૈશ્વાનર પણ મોટો થવા લાગ્યો.

**વૈશ્વાનરની શરીર રચના :**

વૈશ્વાનરના વૈર અને કલહ નામના બે પગ હતા. દેખવામાં બહુ જ બેડોળ હતા. "ઈર્ષા"[1] અને "અસૂયા"[2] નામની જાડી અને ટૂંકી જાંઘો હતી. "અનુશય"[3] અને "અનુપશમ"[4] નામના ટૂંકા સાંથળ હતા.

"પૈશુન્ય"[5] નામની કેડ હતી અને તે વાંકી હતી. "પરમર્મોદ્ઘાટન"[6] નામનું મોટા ગોળા જેવું પેટ હતું. એની છાતી અત્યંત નાની—સાંકડી હતી અને 'અન્તસ્તાપ"[7] એનું નામ હતુ. "ક્ષાર"[8] અને "મત્સર"[9] નામના બે બાહુ હતા. એ બાહુ પ્રમાણમાં ઘણાં જ નાના હતા

---

* વૈશ્વાનર—અગ્નિ. અહીં ક્રોધ અર્થ સમજવો. ક્રોધ અને અગ્નિ બંને દાહક સ્વભાવનાં છે, પણ ક્રોધ વધુ ભયંકર છે.

| | | |
|---|---|---|
| ૧. ઈર્ષા | — | અન્યના ગુણો કે સંપત્તિ જોઈ બળતરા કરવી. |
| ૨. અસૂયા | — | અન્યના ગુણોમાં ઈર્ષ્યાથી દોષનું આરોપણુ કરવું. |
| ૩. અનુશય | — | ક્રોધથી ધગધગતું હૃદય. |
| ૪. અનુપશમ | — | સમતા રહિત હૃદય. |
| ૫. પૈશુન્ય | — | ચાડી—ચૂગલી કરવાનો સ્વભાવ. |
| ૬. પરમર્મોદ્ઘાટન | — | બીજાની ગુપ્ત વાતો જાહેર કરવી. |
| ૭. અન્તરસ્તાપ | — | હૃદયમાં બળતરા કર્યા કરવી. |
| ૮. ક્ષાર | — | અન્યની ઉન્નતિમાં દ્વેષ. |
| ૯. મત્સર | — | બળતરીયો સ્વભાવ. |

મોટી, વાંકીચૂકી બગલા જેવી એની ડોક હતી. ડોકનું નામ "ક્રૂરતા"[1] રાખવામા આવેલ હતું. "અસત્યભાષણ"[2] વિગેરે નામના એનાં દાંત હતાં. 'ચંડત્વ"[3] અને "અસહનત્વ"[4] એ નામના ટૂંકા કાન હતા. "તામસભાવ"[5] નામનું ટૂંકુ ચીબડું સપાટ જેવું નાક હતું.

આંખો અંગારા જેવી લાલચોળ, ગોળ તેમ જ બેડોળ હતી અને એના નામ "નૃશંસત્વ"[6] અને "રૌદ્રત્વ"[7] હતાં. "અનાર્યાચરણુ"[8] નામનું માથું હતું. તે ત્રિકોણીયું અને વધારે પડતું મોટું હતું તેથી બિહામણું જણાતું હતું.

એના માથાના વાળો અગ્નિની જ્વાળાઓ સાથે સરખાવી શકાય એવા લાલાશ–પિળાશ ઉપર હતાં. વાળથી એ વધુ બિહામણો જણાતો હતો.

આ પ્રમાણે અંગે અંગને નામ પ્રમાણે ગુણને સાર્થક કરતો અવિવેકિતા બ્રાહ્મણીના પુત્ર વૈશ્વાનરને મેં જોયો.

---

૧. ક્રૂરતા — નિર્દયતાભર્યું વર્તન.
૨. અસત્ય ભાષણ — ખોટું બોલવું.
૩. ચંડત્વ — વાતવાતમાં ઉગ્ર બની જવું.
૪. અસહનત્વ — સારી વાતને પણ સહન ન કરવી.
૫. તામસભાવ — શાંતિ અને સહનશીલતા વિનાનો સ્વભાવ.
૬. નૃશંસત્વ — દયા વિહૂણો વર્તાવ.
૭. રૌદ્રત્વ — ભયંકર વિચારધારા.
૮. અનાર્યાચરણ — આર્ય માનવીને ન શોભે એવું વર્તન.

## વૈશ્વાનર સાથે મૈત્રી:

વૈશ્વાનરને જોતાં જ એના પ્રત્યે મને પ્રેમ જાગ્યો. ખરી રીતે એ દુશ્મન હતો. મારા એકલાનો જ નહીં પણ જગતના પ્રાણી માત્રનો દુશ્મન હતો.

છતાં રોગીને અપથ્ય અન્ન બહુ ભાવે તેમ પૂર્વભવોના અભ્યાસના કારણે મને વૈરી વૈશ્વાનર ઉપર વહાલ જાગ્યું.

બ્રાહ્મણીપુત્ર વૈશ્વનર મારા હૃદયના ભાવો સમજી જાય છે. એણે શીઘ્ર કલ્પના કરી લીધી કે આ રાજકુમારને મારા ઉપર સ્નેહ જાગ્યો છે.

આવા અવસરનો લાભ જતો કરે એવો એ ન હતો. ધીરે ધીરે મારી સમીપમાં આવે છે અને અપૂર્વ પ્રેમને વર્ષાવતો મારા દરેક અંગને આલિંગન કરતો ભેટી પડે છે.

હૃદયમાં સ્નેહનો સાગર છલકતો હોય એવો ડોળ કરે છે. મારી સાથે મજાથી વાતો કરવા લાગ્યો. આ રીતે અમારી મિત્રતા થઇ અને તે ક્રમે ક્રમે વધતી જાય છે. તે એટલે સુધી કે હું વૈશ્વાનર વિના એકલો બહાર ફરવા ન જઇ શકું.

દરેક કાર્યમાં દરેક સમયે અમે સાથે જ રહેતા. વૈશ્વાનર પણ મને છોડવા કદી ઇચ્છતો જ ન હતો. નખ અને માંસ જેવી અમારી અત્યંત મૈત્રી થઈ જાય છે.

હે અગૃહિતસંકેતા! ભવિતવ્યતાએ પૂર્વભવમાંથી જ મારી સંભાળ માટે પુણ્યોદયને સાથે મોકલેલો તે પુણ્યોદય એક દિવસ વૈશ્વાનર સાથે મૈત્રી સંબંધ બાંધતાં મને જોઈ

જાય છે. આથી એના હૃદયમાં કોપ ચડી ગયો અને મનમાં વિચારે છે કે:

અરે! નંદિવર્ધન રાજકુમાર મહામૂર્ખ છે. મારા જેવા હિતસ્વી મિત્રનો ત્યાગ કરી દગલબાજ અને મહાદુશ્મન એવા વૈશ્વાનર સાથે મૈત્રી કરે છે, દિવસે દિવસે આ મૈત્રી ગાઢ બનતી જાય છે.

શું નંદિવર્ધનને એકાંતમાં જણાવું કે ભાઈ! આ વૈશ્વાનરની મિત્રતા કરવા લાયક નથી. એ ગુણીયલ નથી. એનાથી લાભ નહિ પણ મહાહાનિ થશે. જગતમાં અપયશ ગવાશે. ધિક્કારને પાત્ર બનવું પડશે. માટે એની મૈત્રી છોડી દે.

ચંદ્રમા પોતાના કલંકને ત્યાગ કરતો નથી, તેમ આ રાજકુમાર પણ વૈશ્વાનરનો ત્યાગ કરનાર નથી જ, તો શું હું એની મિત્રતા તજી દઉં?

ના, હાલમાં એમ કરવું ઉચિત નથી. મિત્ર તરીકે મારે પણ રહેવું જોઈએ. ભવિતવ્યતાની આજ્ઞા છે એટલે મારે એને સહયોગ આપવો જોઈએ.

પૂર્વ ભવમાં જ્યારે એ હાથી હતો, દાવાનળના કારણે જીવ બચાવવા નાઠો અને અંધાર કૂપ જેવા ખાડામાં ગબડી પડેલો. ત્યાં પાછળથી પશ્ચાતાપ અને માધ્યસ્થ ભાવ આવેલો. આવા વર્તન દ્વારા મને પ્રસન્ન કરેલો. એટલે વિના અવસરે વૈશ્વાનરની મિત્રતા છતાં નંદિવર્ધનનો ત્યાગ કરવો મારા માટે ઉચિત નથી.

આ જાતનો વિચાર કરી ઉદારદિલ પુણ્યોદય પૂર્વની જેમ જ રાજકુમારની પાસે જ ગુપ્તપણે રહી જાય છે.

## અસભ્યવર્તન અને અભિમાન :

આ બાજુ બાહ્ય પ્રદેશમાં પણ ઘણાં રાજપુત્રો મારા મિત્રો હતા. એ બધાની સાથે જુદી જુદી રમતગમત રમતો અને આનંદથી સમય વિતાવતો.

રાજપુત્રો ભાયાત થતા હતાં અને બીજા ક્ષત્રિય કુમારો પણ હતાં. કેટલાક મારાં કરતાં મોટા અને કેટલાક બળવાન પણ હતાં, છતાં ભયંકર [1]ભોરીંગને જોઇ નાના બાળકો બીએ તેમ વૈશ્વાનર સાથે મને જોઇ આ રાજકુમારો ડરતાં રહેતાં હતાં.

એ સૌ મને નમસ્કાર કરતાં, વિનય પૂર્વક મીઠી ભાષાથી મારે સાથે વાતો કરતા. મને ખુશ રાખવા પ્રયત્ન કરતા. પાયદળ સૈન્ય વિગેરે જેમ રાજાની આજ્ઞા સ્વીકારે તેમ આ કુમારોને હુ થપ્પડ મારૂં, મુક્કા કે પાટુ મારૂં તો પણ સહન કરતા હતાં. મારી આજ્ઞાનું પણ પાલન કરતા હતાં.

ક્ષત્રિય કુમારો મારાથી દબાતાં રહેતાં એમાં જો કોઈ કારણ હોય તો અચિંત્યશક્તિસંપન્ન એવા પુણ્યોદયની મિત્રતા હતી, છતાં મારા હૃદયમાં એ વાત રૂચતી નહિ અને હું એ માનતો પણ નહિ.

---

૧ ભોરીંગ–ભયંકર સર્પ.

પરન્તુ વૈશ્વાનરની મિત્રતાનો આ રૂડો પ્રતાપ છે એમ મારા હૃદયે સ્વીકાર્યું. વૈશ્વાનર ઉપર જે હેત હતું તે બમણું થઇ ગયું. મેં એને મારો પરમપ્રિય મિત્ર માન્યો. આ રીતે હું આઠ વર્ષનો થયો.

## કળા અભ્યાસ અને સહાધ્યાયીયો સાથેનું વર્તન :

મારા પિતા શ્રી પદ્મરાજાએ શુભ મુહૂર્ત જોવરાવી તે દિવસે મોટા ઉત્સવ અને મહા આડંબર પૂર્વક [1]કલાના અભ્યાસ માટે મને કલાચાર્ય–અધ્યાપકને સોંપી દીધો.

અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને ગોળધાણું ટોપરાં અને મિઠાઈઓ વહેંચવામાં આવી, કલાચાર્યને પણ સુંદર વસ્ત્ર આભૂષણ વિગેરે યોગ્ય ઉપહાર અને દક્ષિણા આપવામાં આવી.

આ કલાચાર્ય પાસે મેં અભ્યાસ કરવાનો પ્રારંભ કર્યો. મારા કેટલાક ભાયાત રાજપુત્રો અગાઉથી અહીં ભણતાં હતાં. પરન્તુ હું મોટા રાજાનો પુત્ર હોવાના કારણે કલાચાર્ય મને ભણાવવામાં વિશેષ પરિશ્રમ અને ખંત રાખતાં હતાં.

બાલ્યવયમાં કોઇ ચિંતા હોતી નથી વળી, પુણ્યોદયનો સાથ હતો, ભવિતવ્યતા અનુકૂળ હતી અને બુદ્ધિ પણ તેજસ્વી હતી એટલે થોડા જ સમયમાં હું મારા અગાઉના અભ્યાસ કરતાં રાજપુત્રોથી અભ્યાસમાં આગળ વધી ગયો

૧ કલા–પુરૂષોની ૭૨ કલા હોય છે. સ્ત્રીઓની ૬૪ કળા હોય છે. આનો અભ્યાસ કરાવનારને કલાચાર્ય કહેવાય છે. Teacher.

અને અલ્પ સમયમાં મેં લગભગ દરેક કળાઓનો અભ્યાસ સહેજ પરિશ્રમમાં પૂર્ણ કરી લીધો.

બુદ્ધિરૂપ નૌકામાં બેઠેલા મને પુણ્યરૂપ પવનની સહાયતા મળી એટલે કલારૂપ સમુદ્રનો પાર ઘણી જ સહેલાઈથી હું પામી શક્યો.

મારો પ્રિય મિત્ર વૈશ્વાનર પણ અભ્યાસના વખતે પણ સાથે જ રહેતો જ્યારે એ મિત્ર મને ભેટતો ત્યારે મારો રૂવાબ કોઈ ઓર પ્રકારનો જ બની જતો.

વૈશ્વાનર જ્યારે મને ભેટતો હોય ત્યારે મારા [1]સહાધ્યાયી સાથે લડવું, ઝગડવું એ તો રમત જેવું લાગતું. કોઈ સહાધ્યાયીની ચાડી–ચૂગલી કરવી એ મારે મન તદ્દન સરલ હતું. અસત્ય બોલવું એ મારી આદત બની ગએલી અભ્યાસને છોડી મેં ઝગડવું પસંદ કર્યું.

કોઈ હિતસ્વી મને હિતબુદ્ધિએ બેશબ્દ કહે તો હું એ સાંભળવા તૈયાર ન હતો. ભલેને ગમે તેવો પરગજુ ગમે તેટલી હિતશિક્ષા આપે પણ સાંભળનારો કોણ હતું ? મને એની કાંઈ અસર થતી જ નહિ.

સહાધ્યાયી રાજપુત્રો મારા તોફાનો અને ત્રાસથી ખૂબ જ કંટાળી ગયાં હતાં. તો પણ માતા–પિતાની આજ્ઞાના કારણે અહીં કળા અભ્યાસ કરતાં હતાં.

એ રાજપુત્રોનું મન મારા કારણે અહીં અભ્યાસ કરવા

૧ સહાધ્યાયી–સાથે ભણનાર વિદ્યાર્થી Class Fellows.

માનતું ન હતું. છતાં માત-પિતાઓના સ્નેહાળ હૃદયને દુઃખ ન થાય એટલા ખાતર મારા તોફાનો અને ત્રાસને સહન કરવા પૂર્વક પોતાનો અભ્યાસ કરતાં.

એ શાણા કુમારો કળાચાર્ય પાસે મારા સંબંધી કોઈ પણ ફરીયાદ કરતા ન હતાં કારણ કે એ રાજપુત્રો સમજતા હતાં કે જો અમો કળાચાર્ય પાસે નંદિવર્ધનની ફરીયાદ કરીશું તો અમારે નવી ઉપાધીમાં અટવાવું પડશે. અને અમારા માત-પિતાઓને દુઃખ થશે.

જો કે કોઈ પણ વિદ્યાર્થીઓ મારી ફરીયાદ કલાચાર્યને કરતાં ન હતાં છતાં પણ બુદ્ધિનિધાન કલાચાર્ય રાતદિન સાથે રહેતાં હોવાના કારણે મારા આ પરાક્રમોથી જરા પણ અજાણ ન હતાં.

કળાચાર્ય મને અયોગ્ય વિદ્યાર્થી તરીકે ગણતાં હતા, અયોગ્યને હિતશિક્ષા આપવાથી કાંઈ લાભ થતો નથી એમ માની મને હિતના બે શબ્દ પણ કહેતાં ન હતાં. "सुप्तं को बोधयति पन्नगम्" "સુતેલા સર્પને કોણ જગાડે ?" મને અયોગ્ય જાણી કળાચાર્ય કદી પણ કાંઈ કહેતા ન હતાં.

કળાચાર્ય બીજા વિદ્યાર્થીના નામે મને ઠપકો કે હિત-શિક્ષા આપે તો હું એમને સારી રીતે માર્યા વિના ન જ રહેતો. કળાચાર્યને મારવા, તાડના-તર્જના કરવી કે સામું બોલવું વિગેરે અસભ્ય વર્તન કરવામાં મને સંકોચ ન હતો.

હે અગૃહીતસંકેતે ! આવી પરિસ્થિતિમાં કળાચાર્ય અને સહાધ્યાયીઓ ઝગડાની બીકે મારી સામું પણ જોતા નહિ. સામો મળું તો નીચા જોઈ ચાલ્યા જતાં. જ્યાં સામે જોવાનો વ્યવહાર ન રહ્યો ત્યાં આનંદથી વાતચીત કરવાની જ ક્યાં રહી ?

મને થયું કે વૈશ્વાનરને ધન્ય છે. જેની મિત્રતાના પ્રતાપે હું ભલભલા લોકોને નાહિંમત કરાવનાર થયો. સૌ મારાથી દૂર દૂર ભાગે, મારી સામે કોઈ ચૂં ચાં કાંઈ ન કરે. ધગધગતા અંગારાથી સૌ ભય પામે તેમ મારાથી બધા જ નાના મોટા સૌ થથરતા રહેતા.

વૈશ્વાનર મારો બંધુ છે, મારો આધાર છે. સર્વસ્વ છે. પ્રાણાધાર અને જીવન પણ વૈશ્વાનર છે. જેને વૈશ્વાનર મૈત્રી નથી, સંબંધ નથી એ પુરૂષ વાસ્તવિક પુરૂષ જ નથી પણ ખેતરમાં પક્ષિયોને ખોટી રીતે ડરાવવા માટે ઊભો કરેલો [1]ચંચાપુરૂષ–ચાડીયો જ છે. પુરૂષત્વહીન છે વૈશ્વાનર યુક્ત પુરૂષ એજ પુરૂષ છે.

આ જાતના વિચારોથી વૈશ્વાનર ઉપરનો મારો રાગ વધુ ગાઢ બન્યો. પાકા રંગથી રગેલા કપડામાંથી જેમ રંગ ન જાય તેમ મારો રાગ પણ વૈશ્વાનર ઉપરથી જરાય ખસતો નથી.

---

૧ ચંચાપુરૂષ–ચાડિયો. ખેતરમાં જ્યારે પાક તૈયાર થાય ત્યારે એના રક્ષણ માટે ખેડૂત ખેતરના મધ્યભાગમાં એક લાકડી ઊભી કરી એના ઉપર આડી એક લાકડી બાંધે, એને કપડાં પહેરાવે ઉપર માટલી મુકે તે પક્ષિઓને પુરૂષાકૃતિ જણાય અને ડરથી ઉડી જાય તે.

## વૈશ્વાનર અને નંદિવર્ધનની મંત્રણા:

એક દિવસે હું અને વૈશ્વાનર એકાંતમાં બેસી આનંદથી વાતો કરતા હતા. એકાંત જોઈ વૈશ્વાનર ખુશી થય છે અને હૃદયમાં દુષ્ટ આશય રાખી મને એણે જણાવ્યું.

હે પ્રિયમિત્ર કુમાર ! તારો મારા ઉપર અવિહડ સ્નેહ છે, એ સ્નેહના બદલામાં હું મારા પ્રાણો તારી ખાતર આપી દઉ તોય બદલો વાળી ન શકાય, છતાં પણ સ્નેહના પ્રતિક તરીકે તને દીર્ઘાયુષી બનાવવા ઈચ્છું છું.

મને રસાયણ વિદ્યાનો સારો અભ્યાસ છે અને દીર્ઘાયુ થઇ શકાય એવા રસાયણો મારી જાણમાં છે. જો તારો આદેશ હોય તો હું એ રસાયણ વિધિવત્ બનાવીને તારી સેવામાં હાજર કરૂં અને મારી ફરજ અદા કરૂં.

પ્રેમાધીન બનેલા મને એ રસાયણના ભાવી પરિણામની કાંઇ જાણ ન હતી. મેં તો રાગને કારણે જણાવ્યું કે તું તારી જેમ ઇચ્છા હોય તેમ કર. હું તારા રસાયણનો સ્વીકાર કરીશ.

આ સાંભળી તે શઠમતિ ખુશ થઈ ગયો. રસાયણ મિશ્રિત વડાંઓ તૈયાર કર્યાં. એ વડાનું નામ "ક્રૂરચિત્ત" રાખવામાં આવ્યું અને એ વડાંઓ પ્રેમ પૂર્વક વૈશ્વાનરે મને સોપ્યાં સાથે જણાવ્યું કે—

હે મિત્ર ! જ્યારે તને હું કહું અથવા ઈસારો કરૂં ત્યારે તારે આ વડાંમાંથી એક વડું ખાવું પણ વડાં ખાતી

વખતે કોઈ જાતની શંકા ન લાવવી. આ વડાં શક્તિવર્ધક છે. આરોગ્ય પ્રદ અને શરીરના ઓજસમાં વધારો કરનારાં છે.

બલ, રૂપ, પરાક્રમ, તેજ, શક્તિ, ઓજસ વિગેરે બધા ગુણો સાથે દીર્ઘાયુષ્યને દેનારાં આ વડાં છે. રસ, મણિ, મંત્ર, ઔષધિનો પ્રભાવ કદિ પણ અન્યથા હોતો નથી. આ વસ્તુઓ પોતાના પ્રભાવને અવશ્ય દેખાડે જ છે.

આ પ્રમાણે વૈશ્વાનર મને સમજાવી રહ્યો છે ત્યાં વચ્ચે જ ક્યાંકથી વાણી સાંભળવામાં આવી કે "હવે તારા (વૈશ્વાનરના) ઇચ્છિત સ્થળે આ રાજકુમાર અવશ્ય ઉત્પન્ન થશે એમાં જરાય શંકાસ્પદ નથી." આ વાણી વૈશ્વાનરે સાંભળી પણ મને એ ન સંભળાણી.

વૈશ્વાનર વિચારે છે કે, કુમાર આ વડા ખાવાનાં પ્રતાપે જરૂર નરકમાં જશે અને ત્યાં દીર્ઘાયુષ્ય પામશે. જો એમ ન બનવાનું હોય તો વાણી સંભળાય ક્યાંથી? મારૂં ઇચ્છિત સ્થળ તો નરક ગતિ જ છે. જો નંદિવર્ધન ત્યાં જાય તો ઘણું જ ઇષ્ટ થાય.

આ જાતનો વિચાર કરીને ધૂર્તસમ્રાટ વૈશ્વાનર અંતરમાં ખૂબ ખુશ થાય છે અને મેં પણ હર્ષ વ્યક્ત કરવા પૂર્વક વડાંઓનો સ્વીકાર કર્યો.

## વિદુરને કુમાર પાસે મોકલવો:

આ તરફ મારા પિતા શ્રી પદ્મરાજા "વિદુર" નામના વિશ્વાસપાત્ર સેવકને બોલાવીને જણાવે છે, કે હે વિદુર!

મેં કુમારને ભણવા માટે જ્યારે કળાચાર્ય પાસે મૂકેલો તે વેળા જણાવી રાખેલ કે "તારે અભ્યાસમાં ધ્યાન આપવું. કોઈ જાતની ચિંતા ન કરવી. બીજા કોઈ વિચારો ન કરવા. ભણવામાં જ મન પરોવી રાખવું. મને મળવા માટે પણ અહીં તારે ન આવવું. હું જાતે ત્યાં આવીશ અને ખબર અંતર પૂછી જઇશ."

પરન્તુ રાજકારભારની વ્યવસ્થામાંથી હું ઊંચો આવતો નથી. બધો સમય રાજ્યના વહીવટ કરવામાં વ્યતીત થઈ જાય છે. સમય મલતો નથી અને કુમારના અભ્યાસના તથા શરીરના સમાચારો જાણી શકતો નથી.

માટે તને સૂચના કરવાની છે કે તું પ્રતિદિન કુમારે પાસે જજે. કુમાર શું ભણે છે? કેમ રહે છે? શરીરનું સ્વાસ્થ્ય કેવું છે? સહાધ્યાયીઓ અને કળાચાર્ય સાથે કેવું વર્તન કરે છે? આ બાબતોની તારે તપાસ કરી મને એનું નિવેદન જણાવવું.

"આપની આજ્ઞા શિરોધાર્ય કરૂં છું" એમ વિદુર મહારાજાશ્રીને જણાવ્યું. ત્યાર બાદ વિદુર રોજ કળાચાર્યના ત્યાં આવે અને મને મળીને જાય. રોજ આવવાના કારણે "સહાધ્યાયીઓને મારા દ્વારા થતો ત્રાસ, કળાચાર્યને પજવણી અને સર્વને થતી કનડગત" વિગેરે બાબતો વિદુરના ધ્યાનમાં આવી ગઇ.

મહારાજાને આ વાત જણાવીશ તો દુઃખ અને આઘાત થશે એટલે વિદુરે ઘણાં સમય સુધી એ સંબંધી કાંઇ વાત જ ન કરી.

પણ મારા તોફાનો અને મારી ત્રાસદાયક વર્તણુંક રોજ રોજ ખૂબ વધતી જતી એટલે, અને મહારાજશ્રીને પણ આ વિષયમાં શંકા થએલી તેથી વિદુરને આગ્રહ પૂર્વક પૂછ્યું, કુમાર માટે જે સત્ય હોય તે નિવેદન કર સંતાડવાની જરૂર નથી.

મહારાજાના આગ્રહથી વિદુરે સર્વ નિવેદન સત્ય હતું તે જણાવી દીધું. મારી ઉદ્ધતાઈ અને મારા તોફાનોની વાત સાંભળી પિતાજીને ભારે આઘાત થયો. મુખ ઉપર ઉદાસીનતા અને નિસ્તેજતા આવી ગઇ.

વિદુર અસત્ય બોલે તે સંભવતું નથી, એ સજ્જન અને વિશ્વાસુ છે. તેમજ રાજકુમાર અલ્પ સમયમાં આવો ઉદ્ધત અને લાયકાત વગરનો બની જાય એ કેમ માનવામાં આવે ? આવા વિચારો કરવાં કરતાં કળાચાર્યને બોલાવીને નિર્ણય કરવો વધુ યોગ્ય છે.

## કળાચાર્યનું આગમન અને સત્ય નિવેદન :

વિદુરને મોકલી કળાચાર્યને રાજ્યસભામાં આવવા આમંત્રણ પાઠવવામાં આવ્યું અને કળાચાર્ય પણ રાજાસાહેબનું અગત્યનું આમંત્રણ હોઇ શીઘ્ર તૈયાર થઈ હાજર થઇ ગયા.

વિવેકમાં નિપુણ એવા મહારાજાએ કળાચાર્યને ઉભા થઈ યોગ્ય સન્માન કર્યું. બહુમાન પૂર્વક બેસવા માટે ઉચિત આસન આપી સન્માન પૂર્વક પ્રશ્ન કર્યો કે :—

પદ્મરાજા— હે બુદ્ધિસમુદ્ર ! આર્ય ! બધા કુમારો અભ્યાસ સારી રીતે કરે છે ને ?

કળાચાર્ય— આપની કૃપાથી બધા રાજકુમારોનો અભ્યાસ સારી રીતે થાય છે.

પદ્મરાજા— ઘણાં આનંદની વાત. વારૂ ત્યારે નંદિવર્ધન કુમારે કઈ કઈ કળાઓનું અધ્યયન કર્યું ?

કળાચાર્ય— બધી જ કળાઓમાં તે પ્રવીણતા મેળવી ચૂક્યો છે. લેખનકળા, વાચનકળા, વકતૃત્વકળા, રાજ્યનીતિ, અર્થનીતિ, યુદ્ધનીતિ, સમાજરચના શાસ્ત્ર વિગેરે એવી કોઈ કળા નથી કે જેમાં નંદિ વર્ધન રાજકુમારે ઉત્કૃષ્ટતા ન સાધી હોય ? બધી કળાઓમાં એ વિચક્ષણ છે.

શ્રી પદ્મરાજા આ જાતનું નંદિવર્ધન માટેનું વર્ણન સાંભળી અત્યંત આનંદિત થયાં અને બોલ્યા કે "ધન્ય છે નંદિવર્ધન કુમારને ! જેણે અલ્પ સમયમાં જ મહાન કળાઓનો અભ્યાસ પૂર્ણ કર્યો."

કળાચાર્યને ઉદ્દેશી બોલ્યા કે "ધન્ય છે નંદિવર્ધન કુમારને ! જેને આપના જેવા ઉત્તમ અને વરિષ્ઠ કક્ષાના કળાચાર્ય પ્રાપ્ત થયા."

કળાચાર્ય— હે રાજન્ ! આવું ન બોલો. અમારી એમાં કાંઇ મહત્તા નથી. આપના જ ઉત્તમ પ્રતાપથી કુમારનું સુંદર અધ્યયન થયું છે.

પદ્મરાજા— હે આર્ય ! આવા ઔપચારિક વચનોથી શું ? વાસ્તવિકતાએ તો તમારી કૃપા–પ્રસાદીથી જ કુમાર સંપૂર્ણ ગુણનું ભાજન બન્યો છે.

કળાચાર્ય— જો આપ કહો તેમજ હોય તો "સાચા સેવકોએ પોતાના સ્વામીને કદી ઠગવા ન જોઈએ" આ નીતિ વચન છે. તેથી આપને સત્ય કહેવા ઇચ્છા રાખું છું. આપ ધ્યાન પૂર્વક સાંભળો. એ યોગ્ય હોય કે અયોગ્ય હોય પણ આપ મને ક્ષમા કરજો.

સત્ય જણાવવું અને સુંદર જણાવવું એ બહુ મુશ્કેલી ભર્યું હોય છે. સત્યમાં કડવાશ વધુ હોય છે. સત્યને મીઠાશમાં કહેવા જઇએ તો પણ કડવાશ આવી જતી હોય છે.

પદ્મરાજા— હે આર્ય ! જે કહેવું હોય તે કહો. સત્ય કહેવામાં ક્ષમા માગવાની શી જરૂર છે ? હું ક્રોધ નહિ કરૂં.

કળાચાર્ય— આપ કહો તેમ હોય તો હે રાજન્ ! સાંભળો. આપે કહ્યું કે "નંદિવર્ધન કુમાર ગુણનું ભાજન થયો કે નહિ ?" તો એ સંબંધમાં મારે જણાવવાનું કે "નંદિવર્ધન ગુણનું ભાજન તો છે જ, પરંતુ વૈશ્વાનરની અતિમિત્રતાથી એના બધા ગુણો બળીને ભસ્મ થઇ જાય છે. નંદિવર્ધનનું ગુણશીલપણું વૈશ્વાનરના કારણે નષ્ટ થઈ ગયું છે.

કારણ કે ગુણરૂપ સમુદ્રમાં શમતા શાંતિ, એ મુખ્ય ગુણ છે. જીવનને શોભાવનારા આભૂષણ રૂપ છે. પરંતુ કુમારની પાસે રહેલો વૈશ્વાનર પ્રશમનો નાશ કરે છે. કુમાર પણ મોહના લીધે મહાશત્રુ રૂપ પાપી વૈશ્વાનરને પ્રિયમિત્ર માને છે.

તેથી હે રાજન્ ! આ દુષ્ટ મિત્રના સંસર્ગથી કુમારના ગુણો એ ગુણરૂપ રહેતા નથી પણ દોષરૂપ બની જાય છે.

આવી સત્યવાણી સાંભળી પિતાજીના છાતીમાં જાણે વજ્ર ન ભોંકાયું હોય, તેમ અત્યંત પીડિત થઇ ગયા, વિજળીના ઝટકાની જેમ હૃદયમાં દાહક આંચકો લાગ્યો.

મહારાજાએ "વેદક" નામના પોતાના અંગત વ્યક્તિને બોલાવ્યો અને જણાવ્યું. હે વેદક ! તું જલ્દી નંદિવર્ધનને અહીં બોલાવી લાવ. જેથી દુષ્ટમિત્ર વૈશ્વાનરની મિત્રતા કરતાં એને રોકું.

નમસ્કાર કરી વેદકે જણાવ્યું "આપની આજ્ઞા મારે પ્રમાણભૂત છે" કુમાર સંબંધી આપ મારી વાત પણ સાંભળો. મને તો આપનાં કરતાં જુદુ જણાય છે અને એ નિશ્ચિંતરૂપે જણાય છે.

પદ્મરાજા— તારે જે કહેવું હોય તે ખૂશીથી કહે.

વેદક— આ વશ્વાનર જે કુમારનો મિત્ર છે તે અભ્યંતર પરિવારનો અંતરંગ મિત્ર છે. ઇંદ્ર મહારાજા પણ એ મિત્રથી નંદિવર્ધનને વિખૂટો પાડી શકે તેમ નથી. ઇંદ્રની પણ શક્તિ બહારનું એ કાર્ય છે.

જો આપણે નંદિવર્ધન કુમારને છોડાવવાનો પ્રયત્ન કરીશું અને એ સંબંધમાં કુમારને કાંઇ પણ જણાવશું તો કુમાર આત્મઘાત કરવા વિગેરેનો ભય બતાવશે અને આપણે માટે નવો ઉપદ્રવ ઊભો થશે.

માટે હે દેવ ! આ વિષયમાં કુમારને કાંઈ પણ કહેવું ઉત્તમ જણાતું નથી. જે હિતશિક્ષા આપવાથી લાભ ન થાય અને અનર્થકારી હાનિ થાય એવી હિતશિક્ષાથી દૂર રહેવું

લાભદાયી ગણાય. નિષ્ફળ થતી શિખામણ પણ ન આપવી જોઈએ.

કલાચાર્ય–હે રાજન્ ! વેદકે જે જણાવ્યું તે બરોબર છે. કુમારના હિત માટે અમો સદા ઉદ્યમશીલ છીએ. અવસરે બોધ આપવા પણ અમે ઘટતું કરીએ છીએ. પરંતુ અનર્થ થશે એમ માનીને જ અમે સૌ કુમારને કાંઈ પણ કહી શકતા નથી.

હે રાજન્ ! આવી પરિસ્થિતિમાં કુમારને કુસંસર્ગથી છોડાવવો એ આપણાં બધાં માટે શકય નથી. એમ મારૂં માનવું છે.

પદ્મરાજા–ત્યારે હવે શો ઉપાય લેવો ?

કળાચાર્ય–અમારી પણ એજ મુંઝવણ છે. ઉપાય શોધ્યો જડતો નથી. અમારી જાણમાં દેખાતો નથી.

વિદુર–હે દેવ ! મેં એમ સાંભળ્યું છે કે ભૂતભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળના પદાર્થોના ભાવોને જાણનારા ‘ શ્રી જિનમતજ્ઞ” નામના અતિ સુપ્રસિદ્ધ “નિમિત્તજ્ઞ”આજ કાલમાં આપણા નગરમાં આવેલાં છે. એ સિદ્ધપુત્ર ગણાય છે.

ત્રણે કાળના જ્ઞાતા એ શ્રી જિનમતજ્ઞ આ ઉપાય જરૂર જાણતા હશે. તો આપણે એમને બોલાવીએ અને આ સંબંધમાં પૂછીએ.

હર્ષિત બનેલા પદ્મરાજા કહે છે, હે વિદુર ! તું જા અને એ નિમિત્તજ્ઞને વિનયપૂર્વક બોલાવી લાવ.

વિદુર–‘ જેવી આપશ્રીની આજ્ઞા”

## પ્રકરણ બીજું

## સુધારનો ઉપાય

### જિનમતજ્ઞનું આગમન :

વિદુર શ્રી જિનમતજ્ઞ નિમિત્તજ્ઞ-જોષીને બોલાવી જલ્દી પદ્મરાજા પાસે હાજર થાય છે અને આવેલા શ્રી જિનમતજ્ઞનું યોગ્ય સન્માન કરી વિવેક પૂર્વક પદ્મરાજા પોતાના પુત્ર નંદિવર્ધન કુમારને માટે વૈશ્વાનરની મિત્રતા છોડાવવાનો ઉપાય પૂછે છે.

જિનમતજ્ઞ-હે રાજન્ ! તમારા પ્રશ્નનો મેં વિચાર કર્યો. કુમારને સુધારવા માટે માત્ર એક જ ઉપાય છે. એ સિવાય બીજો કોઈ પણ ઉપાય અમલમાં આવી શકે તેમ નથી.

### ચિત્તસૌંદર્ય નગર અને ત્યાંનો રાજપરિવાર :

આ જગતમાં "ચિત્તસૌંદર્ય"[1] નામનું એક નગર છે.

---

૧ ચિત્તસૌંદર્ય નગર-પોતાનું શુભ મન.

એ નગર આંતરિક ક્લેશો અને બાહ્ય ઉપદ્રવોથી રહિત છે. સર્વગુણોનું નિવાસ સ્થાન છે. કલ્યાણનું ધામ છે મંદભાગી આત્માઓ એ નગરને પામી શકતા નથી અને જોઈ પણ શકતા નથી.

આ નગરના અધિપતિ શ્રી "શુભપરિણામ"[૧] નામના રાજા છે. જેઓ દુષ્ટ જનોને દબાવી દેવામાં સમર્થ છે. શિષ્ટ અને સજ્જન પુરૂષોની ઉન્નતિમાં સહાયતા કરવામાં ઉદ્યમશીલ છે.

શ્રી શુભપરિણામ રાજાને "નિષ્પ્રકંપતા"[૨] નામના મહારાણી છે. જેમનામાં સમતા, નમ્રતા, સરલતા સંતોષ નિર્મળતા વગેરે ગુણો શોભી રહ્યાં છે. શરીરનું લાવણ્ય અપ્સરાને પણ ઇર્ષા ઉપજાવે તેવું આકર્ષક છે. શીયળ ગુણ એ એના જીવનમાં મૂખ્ય આભૂષણ છે. અને તેથી જ નિષ્પ્રકંપતા મહારાણી પોતાના પતિદેવને અતિ વલ્લભ છે.

શ્રી શુભ પરિણામ રાજા અને નિષ્પ્રકંપતા મહારાણીને "ક્ષાંતિ"[૩] નામની એક પુત્રી છે. તે ગુણ રત્નોના માટે સુંદર મંજૂષા જેવી છે. અનેક ગુણથી શ્રેષ્ઠતા પામેલી છે. તેથી સાધુપુરૂષોના હૃદયમાં સદા પોતાનું અનોખું સ્થાન ધરાવે છે.

સાધુપુરૂષના હૃદયમંદિર સિવાય રહેવું એ એના મનને પસંદ નથી. ક્ષાંતિ જેના હૃદયમાં હોય એ મનુષ્ય પરમ

---

૧ શુભ પરિણામ—સારા વિચારો.

૨ નિષ્પ્રકંપતા—ચપળતા ચંચળતા રહિત ચિત્તની અવસ્થા.

૩ ક્ષાંતિ— હૃદયનો સમતા ભાવ.

સુખી હોય છે. એને કોઈ જાતની ભૌતિક આકાંક્ષા રહેતી નથી. વિષયોની વાસના સતાવતી નથી. ક્રોધની આગ, માનનો પર્વત, માયાની જાળ કે લોભનો સાગર "ક્ષાંતિ" યુક્ત મનુષ્યને અંતરાયભૂત થતાં નથી.

હે રાજન્! આવા ગુણ–શીલ ધરાવનારી શ્રી ક્ષાંતિ કુમારીના લગ્ન તમારા પુત્ર નંદિવર્ધન કુમાર સાથે થાય તો જ તે પોતાના પાપમિત્ર વૈશ્વાનરના સંસર્ગનો ત્યાગ કરવા શક્તિશાળી બને. એ સિવાય બીજો કોઈ અન્ય ઉપાય નથી.

જાંગુલી વિદ્યાના પ્રભાવથી સર્પો દૂર ભાગે તેમ ક્ષાંતિકુમારીના વિશિષ્ટ પ્રભાવથી વૈશ્વાનર આપ મેળે જ નંદિવર્ધન કુમારનો ત્યાગ કરીને ચાલ્યો જશે. ક્ષાંતિ કુમારી અને નંદિવર્ધનના લગ્ન પછી તમારે જરા પણ ચિંતા કરવાની રહેશે નહિ.

ક્ષાંતિકુમારી અને વૈશ્વાનરના ગુણો પરસ્પર વિરોધી છે. પ્રકાશ હોય ત્યાં અંધકાર સંભવી શકે નહિ તેમ ક્ષાંતિ કુમારી હોય ત્યાં વૈશ્વાનર પણ હાજરી આપી શકે નહિ.

## ક્ષાંતિકુમારીની પ્રાપ્તિ માટે વિચારણા :

હે અગૃહીતસંકેતા! મારા પિતાએ વૈશ્વાનરની મિત્રતા દૂર કરવાનો ઉપાય બરોબર સાંભળ્યો, પછી "મતિધન" નામના મહામંત્રીને કહ્યું, મંત્રીરાજ! સાંભળ્યું ને?

"જી, મહારાજ." એમ મતિધને જણાવ્યું.

શ્રી પદ્મરાજાએ કહ્યું કે તમે શ્રી શુભ પરિણામ મહારાજા પાસે જાઓ અને આપણા રાજકુમાર નંદિવર્ધન માટે એમના ગુણવતી પુત્રી શ્રી ક્ષાંતિકુમારીનું માંગુ કરો.

''જેવી આપશ્રીની આજ્ઞા'' એમ જણાવી મતિધન મહામંત્રી શ્રી શુભ પરિણામ રાજા પાસે જવાના માટે તૈયાર થયાં ત્યાં શ્રી ''જિનમતજ્ઞે'' જણાવ્યું.

હે રાજન્! આવા પરિશ્રમથી શો લાભ? માત્ર ક્લેશ ઉત્પન્ન થશે. આપના જેવા મનુષ્યો શ્રી શુભ પરિણામ મહારાજા પાસે જઇ શકે એવી કોઈ શક્યતા જ નથી. તે મહારાજા પાસે નહિ જવાના કારણો જો જાણવા હોય તો તમોને હું જણાવું. તમે ધ્યાન પૂર્વક સાંભળો.

હે પૃથ્વીશ! નગર, રાજા, રાણી, પુત્ર, પુત્રી પરિવાર વિગેરે પદાર્થો બે જાતના હોય છે. તેમાં એક બાહ્ય પદાર્થો ગણાય છે. બીજાને અભ્યંતર પરિવાર ગણાય છે.

આ બેમાં બાહ્ય પદાર્થો અને પરિવારમાં આપ જેવાની આજ્ઞા, ગમન, આગમન, વિગેરે કાર્યો થઇ શકે છે. પણ અભ્યંતર પરિવારોમાં તમારી સત્તા, આજ્ઞા કે બીજી કોઈ ક્રિયા ચાલી શકતી નથી.

''ચિત્તસૌંદર્ય'' નગર શ્રી ''શુભ પરિણામ'' રાજા, ''નિષ્પ્રકંપતા'' મહારાણી, ''ક્ષાંતિકુમારી'' પુત્રી વિગેરે અભ્યંતર— અંતરંગ પ્રદેશના વ્યક્તિઓ છે. ત્યાં તમે કે તમારા મંત્રીશ્વર પણ જવા માટે સમર્થ નથી.

પદ્મરાજા— હે જિનમતજ્ઞ ! ત્યાં જવા માટે કોણ સમર્થ છે ?

જિનમતજ્ઞ— અંતરંગ પ્રદેશનો જે રાજા હોય તે જઈ શકે.

પદ્મરાજા— અંતરંગ પ્રદેશનો વળી બીજો કોઇ રાજા છે ?

જિનમતજ્ઞ— અંતરંગ પ્રદેશના શ્રી કર્મપરિણામ નામના રાજા છે. વિશ્વના તમામ કાર્ય કરવામાં એ ઘણાં સમર્થ અને દક્ષ છે.

એ જ કર્મપરિણામ રાજાએ ક્ષાંતિકુમારીના પિતા શ્રી શુભપરિણામ રાજાને ચિત્તસૌંદર્ય નગરનું રાજ્ય સોંપ્યું છે. તેથી કરીને શ્રી શુભપરિણામ રાજા પણ શ્રી કર્મ પરિણામ મહારાજાના હાથ નિચેના એક ખંડિયા રાજા જેવો છે.

પદ્મરાજા— હું શ્રી કર્મપરિણામ મહારાજાને ક્ષાંતિકુમારીની માગણી કરવા પ્રાર્થના કરી શકું કે નહિ ?

જિનમતજ્ઞ— હે ભૂપાલ ! તમારાથી એ બની શકે નહિ તમારી પ્રાર્થના પહોંચે નહિ અને સ્પર્શે પણ નહિ, શ્રી કર્મ પરિણામ અત્યંત સ્વતંત્ર છે. બીજાની પ્રાર્થના, વિનંતિ, આગ્રહ આદિને જરાય ગણકારતો નથી પોતાના ધાર્યા પ્રમાણે જ કરનારો છે. તદ્દન સ્વતંત્ર વિચાર ધરાવનારો છે.

પરન્તુ હે નરનાથ ! શ્રી કર્મપરિણામ મહારાજા પણ દરેક કાર્યમાં કાલપરિણતિ મહારાણી વિગેરે પોતાના કુટુંબીજનોને ભેળાં કરી સલાહ લે છે. સૌને એક વિચાર થાય એ રીતે કાર્ય કરે છે.

એટલે જ્યારે શ્રી કર્મપરિણામ રાજાને વિચાર થશે, ત્યારે કાલપરિણતિ વિગેરે પોતાના કુટુંબી જનોને ભેગા કરશે. એમની સલાહ લેશે, અને એ પોતાને રૂચશે તોજ પોતાની મેળે નંદિવર્ધન રાજકુમારને ક્ષાંતિકુમારી આપશે અન્યથા નહિ આપે.

આ સાંભળી શ્રી પદ્મરાજા હતાશ થઇ બોલે છે.

પદ્મરાજા— જો આ પ્રમાણે જ હોય તો અમારૂં મોટું દુર્ભાગ્ય. ખરેખર અમો જીવતાં છતાં મૃતક જેવા છીએ. અમારા જીવવાનો શો અર્થ ? શ્રી કર્મ પરિણામ રાજાને ક્યારે રૂચશે ? ક્યારે શ્રી ક્ષાંતિકુમારી અમારા પુત્રને આપશે ? આ વિગેરે કોઈ બાબત અમો જાણી શકતા નથી. આવા કુપુત્રથી અમારૂં જીવન અધન્ય છે. નિંદનીય છે.

જિનમતજ્ઞ— હે ભૂપાલ ! તમે ખેદ ન કરો ! શોક કરવાથી શો લાભ ? અશક્ય અને અસંભવિત કાર્યમાં તમે શું કરી શકશો ? જ્યાં કાર્ય જ મુશ્કેલી ભર્યું હોય ત્યાં થાય જ શું ?

કાર્ય શક્યતાવાળું હોય, પુરૂષાર્થથી સાધ્ય હોય, અમુક કાળાંતરે પણ થઈ શકતું હોય, એવા કાર્યને મુશ્કેલીનો સામનો કરીને ન કરે તો મનુષ્ય ઠપકા પાત્ર ગણાય.

પરન્તુ જે કાર્ય થવાની સંભાવના નથી, પ્રયત્ન કરીએ તો પણ એનું ફળ કાંઈ મળે તેમ નથી. સમયની કોઈ મર્યાદા નથી, આવા અસંભવિત કાર્યમાં મનુષ્ય ઠપકા પાત્ર નથી. એ દોષિત ગણાતો નથી.

હાલમાં કુમારનો એક ગુપ્ત મિત્ર છે. તે કોઈના જોવામાં આવી શકતો નથી. એનું નામ પુણ્યોદય છે. આના પ્રતાપે વૈશ્વાનરથી થતાં અનર્થો અને હાનિ દૂર થશે, વૈશ્વાનરથી થએલા અવગુણો પુણ્યોદયના પ્રતાપે દેખાશે નહિ, પણ ઢંકાઈ જશે.

પદ્મરાજા— આપે છેલ્લું વચન સુંદર જણાવ્યું. એનાથી દિલમાં કંઈક શાંતિ થઈ, હૃદયમાં સંતોષ જણાયો.

હે કમલાક્ષી અગૃહીતસંકેતા! આ વખતે મધ્યાહ્ન સમયની સૂચના આપતો એક શ્લોક રાજાના બંદીએ પોકાર્યો.

"આ જગતમાં તેજની વૃદ્ધિ ક્રોધ કરવાથી થતી નથી પણ મધ્યસ્થ ભાવ કરવાથી થાય છે. આ પ્રમાણે લોકોને જાણ કરવા સારૂં સૂર્યનારાયણ હાલમાં મધ્ય ગગનમંડળમાં આવી બિરાજ્યા છે."

આ રીતે બંદીએ હિતશિક્ષા આપી અને મધ્યાહ્ન સમય થયો છે એમ પણ જણાવી દીધું.

## સભાની પૂર્ણાહૂતિ :

અવનીપતિ શ્રી પદ્મરાજાએ જાણ્યું કે મધ્યાહ્ન સમય થઈ ગયો છે એટલે દૈવજ્ઞભૂષણ શ્રી જિનમતજ્ઞને અને કળાચાર્યને યોગ્ય સન્માન આપવા પૂર્વક વિધિવત્ વિદાય આપી.

મારા પિતાજીને જિનમતજ્ઞના વચનથી જાણ થઈ ચૂકી હતી કે નંદિવર્ધનને સુધારવાનો ઉપાય આપણી પાસે છે નહિ, છતાં પણ પુત્ર ઉપરના વાત્સલ્ય અને મોહના કારણે એમણે વિદુરને બોલાવીને જણાવ્યું.

હે વિદુર ! તું બુદ્ધિશાળી છે. તારે કુમારના હૃદયના ભાવો જાણવા પ્રયત્ન કરવો કુમારને પાપ મિત્રના સંસર્ગથી છોડાવી શકાય તેમ છે કે નહિ એ જાણવા ધ્યાન રાખવું.

"જેવી આપશ્રીની આજ્ઞા" એમ વિદુરે જણાવ્યું ત્યાર બાદ સભાવિસર્જન થઈ મહારાજાએ મધ્યાહ્ન સંબંધી ભોજન, આરામ, વિગેરે કાર્યો કર્યા.

બીજે દિવસે વિદુર મારી પાસે આવ્યો મેં એને પૂછ્યું કે તું કાલે કેમ આવ્યો ન હતો ?

તે મનમાં વિચાર કરે છે કે રાજાએ મને આદર પૂર્વક કુમારના હૃદયની વાત જાણવા આજ્ઞા આપી છે તેથી સુસાધુઓ પાસેથી કુમિત્રના સંસર્ગથી ઉત્પન્ન થતાં દોષોને આબેહુબ વર્ણન કરનારી જે કથા મેં સાંભળી છે, તે કથા આ નંદિવર્ધનને સંભળાવું.

તે કથા દ્વારા કુમારના અંતરના અભિપ્રાયને બહુજ સહેલાઇથી જાણી શકાશે. એ પ્રમાણે વિચાર કરીને વિચારશીલ ચતુર વિદુર મને જણાવે છે કે :

વિદુર— હે કુમાર ! કાલે જોવા જાણવા જેવી એક બિના બની હતી એટલે હું ન આવી શક્યો.

કુમાર— એવું તે વળી શું હતું ?

વિદુર— એક સુંદર કથા સાંભળવામાં રોકાઇ ગયો હતો.

કુમાર— તો એ કથા મને પણ કહી સંભળાવ.

વિદુરે કથા કહેવાની ચાલુ કરી.

## પ્રકરણ ત્રીજું

## સ્પર્શન કથાનક

### ક્ષિતિપ્રતિષ્ઠિત નગર, કર્મવિલાસરાજા અને એનો પરિવાર :

આ મનુજગતિ નગરીમાં ભરત નામના પાડામાં "ક્ષિતિ પ્રતિષ્ઠિત" નામનું નગર હતું, આ નગર અનેક જાતની સંપત્તિયોની વિશાલતાથી ઘણું જ રમણીય દેખાતું હતું.

આ નગરમાં શ્રી "[1]કર્મવિલાસ" નામના મહાબલવાન રાજા હતા. એમને "[2]શુભ સુંદરી" તેમજ "[3]અકુશલમાલા" નામની બે રાણીઓ હતી. શુભ સુંદરીને "[4]મનીષી"નામનો પુત્ર હતો અને અકુશલમાલાને "[5]બાલ" નામનો પુત્ર હતો.

---

૧ કર્મ વિલાસ— જેવા કર્મો કર્યા હોય તેવાનો ભોગવટો.

૨ શુભ સુંદરી— શુભ વિચારોની પરંપરા.

૩ અકુશલમાલા— ખરાબ વિચાર શ્રેણી.

૪ મનીષી— વિચાર પૂર્વક કાર્ય કરનાર વ્યક્તિ.

૫ બાલ— ભવિષ્યમાં આવનારા પરિણામોને વિચાર કર્યા વિના કાર્ય કરનારો વ્યક્તિ.

મોટોભાઈ મનીષી ગુણશીલ અને ઉત્તમતાને વરેલો હતો, ત્યારે નાનો ભાઈ બાલ દોષોનો ભંડાર અને અધમતાની પરાકાષ્ઠાએ પહોંચેલો હતો.

મનીષી અને બાલ એકવાર "[1]સ્વદેહ" નામના બગીચામાં ફરવા ગયાં ત્યાં નજીકમાં જ કોઈ એક મનુષ્યને જોયો. તે મનુષ્ય જોતજોતમાં ઉંચા એક શાફડા ઉપર ચઢી ગયો.

તેની બાજુમાં જ "મૂર્ધા" નામનું ઝાડ હતું. એ ઝાડની ડાળમાં દોરડાનો ફાંસો બાંધ્યો અને પોતાનું ગળું નીચે કરી એમાં દોર પરોવી દીધો. અને પોતે તરત જ લટકી પડયો.

"અરે ! સાહસ ના કર સાહસ ના કર" એ પ્રમાણે જોરથી બોલતા મનીષી અને બાળ જલ્દી જલ્દી ફાંસો ખાનાર મનુષ્યની પાસે દોડી આવ્યા. બાલે તરત દોરડું કાપી નાખ્યું. ફાંસો ખાનાર મનુષ્ય ધરતી ઉપર ઢળી પડયો. બન્ને જણા એને પંખાથી પવન નાખે છે. અને આશ્વાસન આપે છે.

પવન નાખવાથી ફાંસો ખાનારની મૂર્છા ઉતરી ગઈ અને ચેતના શક્તિ જાગૃત થઈ. કુમારો એના પ્રત્યે બોલ્યા હે ભદ્ર ! આત્મઘાતનું અધમ કાર્ય તો અધમ મનુષ્યોને શોભે. કાયરોનું એ કામ છે. તમે આ શું આદર્યું ? તમને

૧ સ્વદેહ— પોતાનું શરીર. આ બધા અંતરંગ પાત્રો છે. વિચાર કરશો એટલે સમજાઇ જશે.

આ માર્ગ શોભે ? તમારે ફાંસો ન ખાવો જોઇએ.

અથવા તો એવું કયું મહત્ત્વનું કારણ છે કે જેના લીધે તમે આત્મઘાત કરવા તત્પર બન્યાં ? અતિ અગત્યની ગુપ્ત વાત ન હોય તો તમે તમારા આત્મઘાતનું કારણ અમને જણાવો.

દીર્ઘ નીશાશા મૂકતો તે પુરૂષ મનીષી અને બાલને જણાવે છે કે "મારી વાતમાં કાંઇ દમ નથી જવાદો એ વાત" તમે મારા ફાંસાના દોરડાને કાપી નાખ્યો તે સારૂં ન કર્યું.

હું મારા દુ:ખના અગ્નિને ઓલવવા પ્રયત્ન કરતો હતો, દુ:ખની કારમી વેદના ટાળવા ઈચ્છતો હતો ત્યાં તમે વચ્ચે આવી અડચણ ઊભી કરી, મને બચાવી લીધો. કૃપા કરી ફાંસો ખાતા મને તમે હવે બચાવવાનો પ્રયત્ન ના કરશો. મને મારૂં કાર્ય કરવાદો એમાં વિઘ્ન ન નાખશો.

આ પ્રમાણે જણાવી તે પુરૂષ ફરી ફાંસો ખાવા ઉભો થાય છે ત્યાં બાલે પોતાના બે હાથથી મજબુત ઝાલી રાખ્યો અને પૂછ્યું.

હે ભદ્ર ! આત્મઘાત કરવાનું કારણ તો જણાવો ? જો એ કારણનું નિવારણ નહિ થાય, તો પછી તમને જે ઇષ્ટ લાગે તે કરજો પણ કયા કારણથી આ પ્રયત્ન કરી રહ્યા છો તે તો જણાવો ?

તે પુરૂષ બોલ્યો કે "તમારો ઘણો જ આગ્રહ છે તો સાંભળો."

## પ્રિયમિત્ર ભવ્યજંતુનો વિરહ :

મારે એક [૧]ભવ્યજંતુ નામનો મિત્ર હતો. તે મારા પ્રાણની જેમ અત્યંત પ્રિય હતો એને મારા ઉપર અત્યંત વહાલ હતું. એ દરેક કાર્ય મને પૂછીને જ કરે. મને ગમતાં હોય એવા જ કર્યો કરે. મારાથી પ્રતિકૂળ કદી પણ એક પગલું ન માંડે. અમારા બેનાં શરીરો જુદાં હતાં પણ આત્મા એક જેવો હતો. એક ક્ષણનો વિરહ અમને ઘણો કારમો લાગતો. મારૂં નામ [૨]"સ્પર્શન" છે.

મારા પાપના ઉદયે મારા અત્યંત વિરોધી એવા [૩]"સદાગમ" નામતા પુરૂષને જોયા. બસ મારૂં ત્યારથી આવી બન્યું. મારા અશુભના શ્રી ગણેશ મંડાણા સદાગમ સાથે એકાંતમાં કાંઈક વાર્તાલાપ કર્યો.

આ રીતે રોજ એકાંતમાં કાંઈક વાર્તાલાપ કરતા અને વિખૂટાં પડતાં. જેમ જેમ સદાગમનો સંસર્ગ વધુ પડતો થવા લાગ્યો તેમ તેમ મારા ઉપરની ભવ્યજંતુ મિત્રની પ્રીતિ ઘટવા લાગી.

---

૧. ભવ્યજંતુ— મોક્ષ પામવાની યોગ્યનાવાળો આત્મા.

૨. સ્પર્શન— સ્પર્શનેંદ્રિય (મૈથુનાદિરાગ હેતુ) શરીરના મુલાયમ અને સ્નિગ્ધ પદાર્થોની અભિલાષાને જણાવતું પાત્ર.

૩. સદાગમ— સદુપદેશ સુગુરૂયોગ (પરમાર્થ સૂચક શાસ્ત્ર)

મને વિચાર થયો આ શું ? અરે આ ભવ્યજંતુને મારા ઉપર અપાર પ્રીતિ હતી અને હાલમાં આવું વર્તન કેમ ? જન્માંતરની પ્રાપ્તિ ન થઈ હોય, તેમ મારા મિત્રનું મારા પ્રતિ આચરણ કેમ બદલાઈ ગયું ? મારા ઉપર જરામાત્ર સ્નેહ રહ્યો નથી એનું શું કારણ હશે ?

ઓહ ! સમજાણું. સદાગમની સાથે સંસર્ગ કરે છે, એની સાથે વાર્તાલાપ કરે છે. એની સાથે વિચારણા કરે છે. એના પરિણામે જ આ બધી અનર્થ પરંપરા થવા પામી છે. સદાગમના સંસર્ગે આ નુકશાન કર્યું છે મારો મિત્ર પણ મારો રહ્યો નહિ. મારૂં હૃદય દુઃખથી વલોવાઈ જતું હતું.

આ પ્રમાણેના વિચારમાં કેટલો સમય પસાર કર્યો. પણ તે દરમ્યાન મારી છાતીમાં શોકનો મહાશંકુ–કાંટો હંમેશા ભોંકાયા કરતો. હૃદયમાં સ્હેજે શાંતિ ન હતી. દુઃખથી હું સંતપ્ત રહેતો છતાં હૃદયમાં એક આશા હતી કે આ મારો મિત્ર થોડા દિવસો પછી ફરી મારા ઉપર પ્રીતિ ધરતો થશે પણ એ આશા ઠગારી નિવડી.

એક દિવસે સદાગમ સાથે ખાસ મંત્રણા કરીને મારી સાથેના તમામ સ્નેહ સંબંધોનો ત્યાગ કરી દીધો. ભવ્યજંતુએ મારાથી મુખ સર્વથા ફેરવી લીધું. મારી પ્રાર્થના અને આજીજીની સામે પણ ન જોયું મનમાંથી મારૂં નામ પણ સદા માટે ભૂંસી કાઢયું.

પહેલાં તો એ મિત્ર મારા કહેવા મુજબ જે સ્ત્રીઓ રૂપવતી અને સુંદર જણાતી એનો સ્વીકાર કરતો, કોમળ

અને શરીરને સુખાકારી એવા પોંચા ગાદલાંનો ઉપયોગ કરતો. હંસધવલ રેશમ જેવા ગાલીચાઓનો સ્વીકાર કરતો, મુલાયમ ચીનાંશુ રેશમી વસ્ત્રો પહેરતો. સુંગધી અને શીતલ ચંદન, બરાસ કર્પૂર વિગેરે ઉત્તમ દ્રવ્યોનો શરીર ઉપર લેપ કરતો.

આ બધી વસ્તુઓનો સદાગમના સંસર્ગથી એણે ત્યાગ કર્યો. આટલેથી એને સંતોષ ન થતાં મારી પસંદગીની જે વસ્તુઓ આરામભુવનમાં વસાવેલી તે સર્વ વસ્તુઓનો સદા માટે બહિષ્કાર કર્યો.

આટલું કરીને સંતોષ માન્યો હોત તોય સારૂં હતું, પણ મારી અણગમતી વસ્તુઓનો સ્વીકાર કરી મને ત્રાસ આપવો ચાલુ કર્યો.

માથેથી વાળ લુંચી લોચ કરવો, શીયાળામાં કડકડતી ઠંઠી પડતી હોય ત્યારે ઉઘાડા દીલે રહેવું, ઉનાળામાં આતાપના લેવી શરીર ઉપર મેલના થર બાઝે તોય સ્નાન ન કરવું, જમીન ઉપર પડયા રહેવું, કપડા મેલાં, જુના અને ફાટલા જ પહેરવા, કોઇ સ્ત્રી ન અડે એની કાળજી રાખવી, અડી જાય તો ઉપવાસ કરવા, પગમાં ફોલ્લા પડી જાય તોય ઉઘાડા અને અડવાણા પગે ફરવું.

આવું વર્તન મને લગીરે પસંદ ન હતું, તે એણે આચરવું ચાલુ કર્યું. હું કેમ ચિડાઉ, એ જ એને મન રૂચવા લાગ્યું. જે વસ્તુ મને ન ગમે, એજ વસ્તુનો ભવ્યજંતુ

પ્રથમ સ્વીકાર કરતો. મારો પ્રિય મિત્ર મારા માટે સદાનો વિરોધી બની ગયો.

મારા મિત્રનું આવું વિપરીત વર્તન જોઈને મને મનમાં થયું કે, ખરેખર હવે આ મારો મિત્ર મને શત્રુરૂપેજ નિહાળે છે છતાં અવસર વિના મારે મારા મિત્રનો ત્યાગ ન કરવો જોઈએ.

**"निच्छद्मनां मित्राणां प्रणयो मरणावधिः"** નિખાલસ સ્નેહ અને નિર્મળ હૃદયવાળા મિત્રોનો પ્રેમ મૃત્યુ સુધી સ્થાયી રહેનારો હોય છે. ઘણીવાર જન્માન્તરમાં પણ સાથે જ લઇ જાય છે.

એ ભવ્યજંતુ ભોળો છે. સરળ છે, મારા ઉપર ઘણો પ્રેમ રાખતો હતો. સદાગમની સોબત પછી મારા ઉપર પ્રેમ રાખતો નથી. એનામાં મોહિત થઇ ગયો છે. પણ જ્યારે સદાગમ ચાલ્યો જશે, એની મિત્રતા છૂટી જશે ત્યારે મારા ઉપર એને પ્રેમ થશે. પૂર્વની જેમ ફરીથી એ સ્નેહાળ બની જશે આ જાતનો વિચાર કરી પૂર્વવત્ એના "દેહ" નામના ઘરમાં રહેવા લાગ્યો.

પરંતુ એક દિવસે તેણે મારો ખુલ્લો તિરસ્કાર કર્યો. સદાગમના કહેવાથી બળજબરીએ મારી ગળચી પકડી ઘરની બહાર ધક્કા મારીને કાઢી મૂક્યો અને મને તરછોડી ભવ્યજંતુ "નિર્વૃત્તિ" નગરીમાં ચાલ્યો ગયો. નિર્વૃત્તિનગરીમાં અમારા જેવાઓ માટે જવું તદ્દન અશક્ય છે.

પ્રિયમિત્રના વિયોગથી દુઃખી થયેલા મારા માટે પ્રાણો ધારણ કરવા નિષ્ફળ જણાયા મિત્રના વિયોગમાં ઝુરી ઝુરી બળતરા કરવા કરતા ફાંસો ખાઈ મરવું શું ખોટું ? ફાંસો ખાવાથી વિરહનો અગ્નિ બુઝાઈ જશે. વેદના શમી જશે. આ જાતનો વિચાર કરી મેં ફાંસો ખાધો હતો. મરણની વેદના કરતાં મિત્રવિરહની વેદના મારા માટે અતિદુઃખદાયી છે.

**બાળ સાથે મત્રી :**

બાળે કહ્યું—હે સ્પર્શન ! તને ધન્યવાદ ઘટે છે.યોગ્ય વ્યક્તિ સાથે થએલી મિત્રતાનો વિરહ અત્યંત દુઃખદાયી હોય છે. તારી વફાદારી, તારો પ્રેમ, તારી નીખાલસતા અને મિત્રનો વિરહ ન સહેવાથી પ્રાણોના ત્યાગની ઉત્કંઠા ખરેખર આવકાર પાત્ર છે.

તો પણ હે ભદ્ર ! તમારે મારી ખાતર પ્રાણો ધારણ કરવા. આત્મહત્યા માટેનો વિચાર કે પ્રયત્ન કરવો નહિ. મને વિશ્વાસ છે કે તમે મારૂં વચન માનશો. જો તમે મારૂં વચન નહિ માનો તો હું પણ તમારી આત્મહત્યા પછી આત્મહત્યા કરીશ જે તમારી દશા એજ મારી દશા થશે.

જો કે "સરસ મીઠી અને સુગંધી કેરી ખાવાનું મન થયું હોય તો તે કાચી, ખાટી અને દાંતને અંબાવી નાખે તેવી આમલી ખાવાથી મન તૃપ્તિ ન જ પામે" તો પણ, તમને ભવ્યજંતુના વિરહનું ઘણું દુઃખ શાલી રહ્યું છે. તેના ઉપાય તરીકે તમારે મારી સાથે મિત્રતાનો સંબંધ માની લેવો આજથી જ તમારા માટે હું ભવ્યજંતુ જ છું.

સ્પર્શન— હે આર્ય ! તમે મને ઘણાં આનંદની વાત જણાવી. તમરાં સ્નેહભર્યા વચનો સાંભળી મારો શોક કાંઇક હળવો થયો. તમારા શબ્દોની નીખાલસતા અને મધુરતા ખૂબજ પ્રશંસનીય છે. તમારા વચનો જ તમારી મહત્તા અને ઉત્તમતાને પૂરવાર કરી આપે છે.

હું તમને વધુ શું જણાવું ? ઘણું લાંબુ નિવેદન કરવાનું પણ શું પ્રયોજન ? હે કુમાર ! આપના આગ્રહના લીધે જ હું મારા પ્રાણો ધારણ કરૂં છું. મારા માટે આપજ ભવ્યજંતુ છો, પ્રાણપ્રિય મિત્ર છો, આપની મિત્રતા મને સંતોષ આપશે જ, આ રીતે બંને દૃઢ મૈત્રી ગ્રંથીથી જોડાયાં અને પ્રિયમિત્રો તરીકે શપથ લીધાં.

## મનીષીની વિચારણા :

એ વેળા મનીષી વિચાર કરે છે કે કોઇ પણ શાણો માનવી નિષ્કપટી અને સરલ મિત્રનો આવી રીતે ત્યાગ કરે એ માનવામાં આવે તેવું નથી. સજ્જન મિત્રોનો કોઇ ત્યાગ કરે એ સંભવી શકે તેવી વાત નથી.

ભવ્યજંતુ અને સ્પર્શનની મિત્રતામાં અગત્યના કારણ વિના શ્રી સદાગમ ભંગાણ પડાવે તે સંભવતું નથી. કારણ કે સદાગમ દરેક કાર્યોને વિચારી કરનારો પુરૂષ ગણાય છે. વગર વિચારે એક પગલું પણ ભરતો નથી. આવું મેં ઘણીવાર સાંભળ્યું છે.

આ ઉપરથી સ્હેજે વિચારી શકાય એમ છે કે, આ સ્પર્શન કોઈ સારો વ્યક્તિ હોઇ શકે નહિ. બાલ સ્પર્શન

સાથે મિત્રતા કરે છે તે પણ ઉચિત જણાતું નથી. આ પ્રમાણેના વિચારોમાં મનીષી હતો ત્યાં સ્પર્શને એને બોલાવ્યો અને મનીષીએ પણ વ્યવહારની દષ્ટિથી વાતો કરી.

સ્પર્શન મનીષી સાથે મિત્રતા ઇચ્છે છે અને મનીષી બહારથી મિત્રતાનો ડોળ કરી સ્પર્શનનો મિત્ર બને છે.

આ રીતે ત્રણે મિત્રો નગર ભણી વિદાય થાય છે.

## સ્પર્શન પ્રાપ્તિનું માત-તાતને નિવેદન અને એઓની વિચારણા :

ત્રણે મિત્રો રાજમહેલમાં ગયા. શ્રી કર્મ વિલાસ રાજા બે રાણીઓને વચ્ચે બિરાજમાન હતાં. ત્રણે મિત્રોએ વિનય પૂર્વક નમસ્કાર કર્યાં. ત્યાર બાદ બન્ને કુમારોએ સ્પર્શનને આપઘાત કરતાં બચાવવો, ફરી આપઘાત ન કરવા સમજાવટ, મિત્રનાં સંબંધથી જોડાવું, વિગેરે હકિકત જણાવી દીધી.

આ સાંભળી કર્મવિલાસ રાજા ખુશી થયાં અને મનમાં વિચાર્યું કે "સ્પર્શન સાથે કુમારોની મિત્રતા થઈ તે ઘણું જ સારૂં થયું" અપથ્ય ભોજન રોગીના રોગને વધારે છે તેમ આ સ્પર્શન મારો (કર્મનો) વધારો કરનાર છે, મેં પહેલાં ઘણીવાર આને જોએલો છે અને આ જાતનો અનુભવ પણ થએલો છે.

પરન્તુ મારો અનાદિ કાળથી એવો રૂઢ સ્વભાવ થઇ ગયો છે કે સ્પર્શન સાથે જે અનુકૂળ થઇને રહે છે તેની સાથે હું પ્રતિકૂળ વર્તન કરૂં છું. અને સ્પર્શન સાથે જે

પ્રતિકૂળ વર્તન રાખે છે, તેની સાથે હું અનુકૂળ વર્તન રાખું છું જો કોઈ સ્પર્શનનો સર્વથા ત્યાગ કરે તો હું પણ એ વ્યક્તિનો સર્વથા ત્યાગ કરું છું. એનાથી સંપૂર્ણ અલિપ્ત બની જાઉં છું.

આવી પરિસ્થિતિમાં મારે શું કરવું અને શું ન કરવું? એ તો કુમારોના હૃદનના ભાવો જોઇ, એમની હૃદયની ઇચ્છાઓ જાણી, જે યોગ્ય જણાશે તે આચરશું. આ રીતિનો વિચાર કરી કર્મ વિલાસ રાજા પુત્રો પ્રતિ બોલ્યા :

હે પુત્રો! તમને ધન્યવાદ છે. આ સ્પર્શન મિત્રના વિરહથી દુઃખી હતો અને આત્મહત્યા કરતો હતો પણ તમે એનો ફાંસો કાપી પવન વિગેરે દ્વારા બચાવી લીધો અને યોગ્યમાની મિત્રતાનાં સ્નેહ સંબંધથી જોડાયા તે ઘણું જ સારૂં કર્યું. મારા શતશઃ ધન્યવાદ છે.

આ વખતે બાળની માતા અકુશળમાળાએ વિચાર કર્યો કે, હું પણ ભાગ્યવંતી બની. કારણ કે, સ્પર્શન અને બાલની મિત્રતાથી મારૂં "અકુશલમાલા" નામ તે સાચું થશે.

સ્પર્શનને જે વસ્તુઓ પ્રિય લાગે તે જ મને પ્રિય છે. સ્પર્શનને જે વસ્તુઓ ગમે છે તેજ મને ગમે છે. અને મારા પુત્રના મુખના ભાવોથી જાણી શકાય છે કે એને સ્પર્શન ઉપર ઘણી પ્રીતિ જન્મી છે.

આવો વિચાર કરી અકુશલમાલા લાલના પ્રતિ બોલી. હે પુત્ર! તેં સ્પર્શન સાથે મિત્રતા કરી તે ઘણું જ ઉત્તમ કર્યું. તમારી જોડી સુંદર છે. મારા તમને અંતરના આશીર્વાદ

છે કે "તમારો પ્રેમ સદાનો રહેજો, એનો વિયોગ કદી ના થજો એમાં ભંગાણ ન પડજો, હળીમળી પ્રેમ પૂર્વક સંપીને રહેજો."

પણ એ વખતે મનીષીની માતા શુભ સુંદરીને વિચાર આવે છે કે, આ પાપમિત્ર સાથે મારા પુત્રની મિત્રતા થાય એ વસ્તુ મને ઇષ્ટ નથી. સ્પર્શન ખરી રીતે મિત્ર નથી પણ શત્રુ જ છે. મહાઅનર્થોની પરંપરા ઉભી કરનારો છે. દુ:ખના દાવાનળમાં મૂકી ભાગી છૂટનારો છે, પહેલાં ઘણીવાર એણે મને કનગડગત કરી છે. તેની સાથે આપણો જરાય મેળ મળે તેમ જ નથી.

અહીં શાંતિનું માત્ર એક કારણ છે મારા પુત્ર મનીષીના મુખના ભાવો અને આંખના ભાવોથી એમ જણાય છે કે એને સ્પર્શન ઉપર ખાસ રાગ જણાતો નથી. આટલું મારે મન સંતોષ જનક છે.

આ જાતનો વિચાર કરીને ગંભીર હૃદયવાળી શુભસુંદરી મૌન રહી. એક પણ શબ્દ બોલી નહિ.

મધ્યાહ્નનો સમય થયો એટલે સભા વિસર્જન થઈ અને સૌ પોતપોતાના સ્થાને ગયા.

## મીનીષીની સ્પર્શન માટે વધુ વિચારણા અને મૂળશોધનો પ્રયત્ન :

પ્રથમ દિવસથી રોજ રોજ બાળ અને સ્પર્શનની મિત્રતામાં વધારો થતો જાય છે. મનીષી હજુ સ્પર્શન ઉપર પૂર્ણ વિશ્વાસ ધરાવતો નથી, તો પણ સ્પર્શન બંને કુમારના પડખાંને જરાય છોડતો નથી. રાત દિવસ, અંદર બહાર બધે સાથેને સાથે જ રહે.

એક દિવસે મનીષીને વિચાર આવ્યો કે "આ સ્પર્શન કોણ છે ? ક્યાંનો છે ? રાખવા યોગ્ય છે કે તજવા લાયક છે ? એનું મૂળવતન કયું ? એની કોઈ વિગત હજુ સુધી આપણી જાણમાં આવી નથી. સ્પર્શનની 'મૂળશુદ્ધિ'[1] શોધ કરાવવી જોઈએ. એ ભાઈ કોણ છે, કયાંના છે, અને કેવા છે, એ બારીકાઈથી તપાસવું જરૂરી છે."

સ્પર્શનની મૂળશોધ થયા પછી એ રાખવા યોગ્ય છે કે તજવા યોગ્ય છે એનો છેવટનો નિર્ણય કરીશું. આ જાતનો વિચાર કરી, પોતાના વિશ્વાસુ અંગરક્ષક [2]"બોધ"ને બોલાવ્યો અને જણાવ્યું કે,

હે ભદ્ર ! આ સ્પર્શનની મૂળશોધ કરવી જોઇએ. મને એ વ્યક્તિ ઉપર વિશ્વાસ થતો નથી. માટે તું એની મૂળશોધ કરી લાવ, આ મારી તને આજ્ઞા છે.

બોધ મનીષીની આજ્ઞાનો સ્વીકાર કરીને તરત જ જુદા જુદા દરેક દેશોની ભાષાને જાણનાર, દરેક દેશના પહેરવેશ પહેરવામાં કુશળ, બોલવામાં વિચક્ષણ, સ્વામીના કાર્યમાં વફાદાર, પોતાના હૃદયના ભાવો દુશ્મનને જરાય ખબર ન થવા દે તેવો ચતુર, ગુપ્તવેશમાં હોય ત્યારે પરિચિત પણ ન ઓળખી શકે તેવો અને મધુર ભાષી "પ્રભાવ"[3] નામના

---

૧ મૂળ શુદ્ધિ— ક્યાંનો છે ? કોણ છે ? માતા-પિતા વિગેરે પરિવાર કેવો છે. તેનો ખાનદાની અને આબરૂ કેવી છે એ વિગેરે બાબતોની ઉંડાણ ભરી તપાસ.

૨ બોધ— જાણકારપણું, જ્ઞાતા.

૩ પ્રભાવ— જાણપણની શક્તિવિશેષ. ઉંડી વિચારણા શક્તિ.

[૧]ચરપુરૂષને બોલાવી બધી વિગત જણાવીને સ્પર્શનની મૂળશોધ માટે રવાના કર્યો.

પ્રભાવ ત્યાંથી નિકળી ઘણાં દેશોમાં ફર્યો. સ્પર્શન સંબંધી માહિતી એકઠી કરી. કેટલાક સમય પછી પાછો પોતાના નગરમાં આવ્યો. પોતાના વડાધિકારી બોધ પાસે જાય છે. બોધે પ્રભાવનું ઉચિત સ્વાગત કરી બેસવા આસન આપ્યું. ત્યારબાદ પ્રભાવે સ્પર્શન સંબંધી માહિતી મેળવેલી તેની વિગતપૂર્વક રજૂઆત કરી.

## પ્રભાવનું નિવેદન :

હે બોધ ! આપની આજ્ઞાથી આ નગરમાંથી નિકળીને હું સર્વ બહિરંગ પ્રદેશોમાં અત્યંત સાવધાની પૂર્વક ફર્યો, પણ ચાલુ કાર્યની મને ક્યાંય ગંધ પણ ન આવી. સ્પર્શનનું નામ નિશાન પણ ન જણાયું. તેથી મેં તપાસ કરવા માટે અંતરંગ પ્રદેશોમાં પ્રવેશ કર્યો.

## રાજસચિત્ત નગર અને ત્યાનાં રાજાદિ :

અંતરંગ પ્રદેશમાં "[૨]રાજસચિત્ત" નામનું નગર જોયું. તે નગર ભીલ્લલોકોની [૩] પલ્લી જેવું હતું. ડગલે ને પગલે એમાં આપત્તિઓ આવવાની સંભાવના રહેતી હતી.

૧ ચર પુરૂષ— ગુપ્તચર. C. I, D.
૨ રાજસચિત્ત— રજોગુણવાળું મન. ભોગ પ્રધાન મન.
૩ પલ્લી— લુંટેરા લોકોનું નાનું ગામ.

એ નગરમાં "[1] રાગકેશરી" રાજા રાજ્ય કરતો હતો. તે પાપ પ્રવૃત્તિઓનું મુખ્ય કારણ ગણાતો હતો. જગતનાં દરેક પાપોના મૂળમાં "રાગકેશરી" જ હોય છે. ઇંદ્રાદિ દેવોથી પણ ન જિતી શકાય એવો અજેય હતો. અત્યંતબલવાન હતો.

એ રાગકેશરી રાજાને "[2] વિષયાભિલાષ" નામે મહામંત્રી હતો. તે ઘણીજ સરળતાથી સંપૂર્ણ રાજ્યનો વહીવટ સંભાળી શકે તેવો સમર્થ અને બુદ્ધિશાળી હતો.

એ નગરમાં જ્યાં હું રાજ્યમહેલની સમીપમાં પહોંચ્યો ત્યાં કોલાહલના મોટા અવાજો મારે કાને અથડાણા. મેં આમતેમ નજર કરી ત્યાં તો,

"મિથ્યાભિનિવેશ[3]" નામના રથો દેખાણાં. જેમાં લોભ વિગેરે બળવાન રાજાઓ બેઠેલાં હતાં. ત્યારબાદ મેટી ગર્જના કરતાં વિશાળકાય "મમત્વ" નામના હાથીઓ આવતાં જણાયાં, પછી "અજ્ઞાન" ઘોડાના હેષારવો—અવાજ આવવા લાગ્યા. "ચપળતા" વિગેરે પાયદળ જણાયું.

આમાં કામદેવનો પડહ–ઢોલ ઢં ઢં ઢં વાગતો હતો. બિબ્બોક[4] વિગેરે શંખધ્વનિયો થઈ રહી હતી. વિલાસ વિગેરે

---

૧ રાગ કેશરી— રાગ એ સિંહ જેવો છે સંસારી પ્રાણીયોને રાગમાંથી જ ધીરે ધીરે ભય જન્મે છે.

૨ વિષયાભિલાષ— વિષય ઉપભોગની ઇચ્છા થતાં રાગ ઊભો થાય છે.

૩ મિથ્યાભિનિવેશ — અસત્યનો આગ્રહ.

૪ બિબ્બોક— કામને જાગૃત કરના અસ્પષ્ટ શબ્દો.

ધજાઓ ફરરરર ફરરરર ફરકતા હતી. આ જાતનું મહારાજા રાગકેશરીનું મહાસૈન્ય ત્યાંથી પસાર થતું મારા જોવામાં આવ્યું.

આ સૈન્ય સ્વારીને નિકળતી જોઇ મને વિચાર આવ્યો કે રાગકેશરી રાજા અત્યારે કોઈ ઠેકાણે જવાની તૈયારીમાં છે. એવું કયું મહત્ત્વનું કાર્ય છે કે ખૂદ રાગકેશરીને જવું પડે ? આ જાતની વિચારણામાં હું તલ્લીન હતો. ત્યાં સૈન્યના અગ્ર ભાગમાં "વિપાક" નામના પુરૂષને મેં જોયો. તે વિષયાભિલાષનો વિશ્વાસપાત્ર, દેખાવમાં અતિ બિહામણો અને સૈન્યમાં મોખરે રહેનારો હતો.

## વિપાક સાથે વાતચિત :

મેં વિપાકને મીઠાં મીઠાં શબ્દોથી ખુશી સમાચાર પૂછ્યાં. અને શ્રીયુત્ રાગકેશરી મહારાજાનું મંગળપ્રસ્થાન શા હેતુથી થઈ રહ્યું છે એ પ્રશ્ન કર્યો, તેના ઉત્તરમાં વિપાકે જણાવ્યું કે—

હે ભાઇ! તમે સાંભળો એક વખતે નેક નામદાર શ્રી "રાગકેશરી" મહારાજાએ "વિષયાભિલાષ" મંત્રીને બોલાવીને જણાવ્યું હતું કે હે આર્ય ! તમે કોઈ એવું કાર્ય કરી બતાવો કે જેથી સંપૂર્ણ વિશ્વ સદાને માટે મારે આધીન બની જાય. જાણે બધાં જ મારા અજ્ઞાંકિત સેવકો ન હોય!

"આપની આજ્ઞા શિરોધાર્ય" એમ જણાવી અમાત્ય શ્રી વિષયાભિલાષે પોતાના સ્વામીના કાર્ય કરવામાં સમર્થ, સ્વામી ઉપર પ્રીતિ અને ભક્તિ ધરનારા, સાચા અને વફાદાર

સેવક તરીકેની ખ્યાતિ દર્શાવતા, જયપતાકા (વિજયવાવટો) પ્રાપ્ત કરેલ એવા પોતાના અંગત સ્પર્શન વિગેરે પાંચ માણસોને બોલાવ્યા.

સ્પર્શન વિગેરે પાંચને બોલાવી, એમને જગતને વશ કરવા માટેની યોજના બતાવી. એ સંબંધી યોગ્ય માર્ગદર્શન આપ્યું. એના રીત-રશમો જણાવ્યા અને જગતને વશ કરવા સન્માનભેર રવાના કર્યા.

સ્પર્શન વિગેરે પાંચે પુરૂષોએ ઘણાં જ અલ્પ સમય અને અલ્પ પ્રયાસમાં પોતાના મહાન પરાક્રમ દ્વારા ચરાચર સંપૂર્ણ જગતને શ્રી રાગકેશરી મહારાજાને આધીન બનાવી દીધું.

પરન્તુ "અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ વિગેરે ઉપદ્રવો તૈયાર થએલા ખેતીના પાકનો નશ કરે છે" તેમ હાલમાં "સંતોષ" નામનો કોઇ ચરટ[1] પુરૂષ ઉભો થયો છે, તે સ્પર્શન વિગેરેને હરાવીને અમારી હદમાંથી કેટલાક પુરૂષોને ઉપાડી જાય છે અને અમારા મહારાજા વિગેરે ન જઇ શકે એવી નિર્વૃતિ નગરીમાં મૂકી આવે છે.

## રાગકેશરીનો રોષ અને એનું શાન્ત્વન :

આ સમાચારની જાણ પોતાના વિશ્વાસુ પુરૂષો દ્વારા પોતાને મળી ત્યારે મહારાજાના નેત્રો રોષથી લાલઘૂમ થઇ ગયા. હોઠ ફડકવા લાગ્યા, ભવાઓ ઉપર ચડી ગયા, કપાળમાં

૧ ચરટ પુરૂષ —રાજ્ય સામે બળવો પોકારનાર, રાજ્ય વિરૂદ્ધ વર્તનાર, માથા ભારે વ્યક્તિ.

કરચલીઓ પડી ગઇ, અને તરત જ સંતોષ— ચરના નાશ માટે પ્રસ્થાનભેરી વગાડવાનો સેવકને આદેશ આપ્યો અને પ્રસ્થાનભેરી સાંભળી લશ્કર યુદ્ધ માટેની તૈયારી કરવા લાગ્યું.

યુગના અન્તિમ સમયે અતિપ્રકાશિત અને અતિદાહક બનનારા સૂર્ય જેવા તેજસ્વી મહારાજા શ્રી રાગકેશરીને જોઇ વિષયાભિલાષ મંત્રએ શાંતિપૂર્વક કહ્યું કે—

હે રાજરાજેશ્વર! નિર્બળ અને ભિખારી એવા સંતોષ ઉપર આટલો ક્રોધ અને એને જિતવા આવી મોટી તૈયારી તે હોય?

અરે! મદ ઝરતાં મદોન્મત્ત હાથીઓના ગંડસ્થલોને ચીરી નાખનારા વનરાજ સિંહને ભોળા હરણ ઉપર ત્રાપ મારવા માટે મોટો પ્રયત્ન કરવાનો હોય ખરો?

આપની સામે સંતોષની કઇ તાકાત? એ બિચારાનું કેટલું ગજું? એ નાદાન છે, અણુસમજુ છે.

રાજેશ્વરે જણાવ્યું, હે મંત્રીશ! તારી વત સત્ય છે. પણ પાપાત્મા સંતોષે તારા ઘરના વિશ્વાસુ સ્પર્શન વિગેરે પાંચ માણસોના પરાભવ કરવા દ્વારા અમારા હૃદયને ખૂબ આઘાત પહોંચાડગો છે અમને અત્યંત ઉદ્વેગ આપ્યો છે. અમારી શાંતિમાં ભંગ કર્યો છે, માટે જ્યાં સુધી એ દુશ્મનને ઉખેડી ન નાખું, સર્વથા નાશ ન કરૂં, ત્યાં સુધી મન આનંદ નહિ થાય. હું શાંત રહી ન શકું.

મંત્રીશ્વરે જણાવ્યું, હે રાજન્! આપની વાત બરોબર છે, પણ આ કાર્ય બહુ જ નાનું છે, એ માટે ઘણા પરિશ્રમની

જરૂર નથી. આપ રોષ તજી શાંતિ ધરો, આપને કાર્ય કરવા માટે હું નિષેધ નથી કરતો પણ સહેલાઈથી થઈ શકે એવા કાર્ય માટે ઉત્તાપ— ચિંતા શા સારૂં કરવી ? નાના કાર્યમાં આવો આવેશ ન જોઈએ.

ઘનઘોર વાદળની વર્ષાથી જંગલમાં લાગેલો મહાદાવાનળ શાન્ત થઈ જાય છે, તેમ "રાગકેશરી" રાજા મહામંત્રીના વચનરૂપ વર્ષાથી શાન્ત બની ગયા અને પ્રસ્થાન ઉચિત જે કાંઈ કરવા યોગ્ય માંગલિક કાર્ય હતાં તે બધાં કર્યાં.

ત્યારબાદ મંગલ પ્રસ્થાન માટે "[1]સ્નેહજલ"થી ભરેલા અને [2]"પ્રેમાબંધ" નામના બે મંગળકળશ રાજેશ્વરની નજીક સ્થાપવામાં આવ્યા. [3]"કેલિજલ્પ" રૂપ જયજય ઘોષણા

૧ સ્નેહજલ — સ્નેહને પાણીની ઉપમા આપી છે પાણી દ્રવીભૂત પદાર્થ છે. એ જે ઘાટના પાત્રમાં ભરવામાં આવે, એ પાત્રના અનુકૂળ ઘાટમાં પાણી ગોઠવાઈ જાય છે. એમ પ્રાણીને જેના પ્રતિ સ્નેહ હોય એના પ્રતિ ઘણો જ નમ્ર અને અનુકૂળ રહે છે.

૨ પ્રેમાબંધ —પ્રેમ + આ + બંધ પ્રેમ દ્વારા ચારે બાજુથી બંધાય તે પ્રેમાબંધ. સ્નેહ એક સુંવાળું છતાં દૃઢ બંધન છે આ બંધનથી બંધાયા પછી છૂટવું વિષમ છે. લાકડાના મજબુત પાટડામાં કાણેકાણા પાડનાર ભ્રમર કમળની કોમળ પાંદડી તોડી શકતો નથી. કારણ કે તે કમળ સાથે કોમળ સુંવાળાં દૃઢ બંધનથી બંધાઈ ગયો હોય છે.

૩ કેલિજલ્પ —કામને ઉત્પન્ન કરનારા મધુરાં વચનો. જેમાં મોહની વાસના ભરી પડી હોય છે કામ અને કામની ભાવનાને ઉત્તેજિત કરનારા મુલાયમ શબ્દો. એને કેલિજલ્પ કહેવાય છે.

કરવામાં આવી. [1]"ચાટુવાકય" રૂપ મંગળગીતો ગવરાવ્યા. "[2]રતિકલહ" નામના વાજિંત્રો વગડાવ્યાં. શરીર ઉપર ઉત્તમ ચંદન વિગેરેના વિલેપના કરવામાં આવ્યાં. શરીર ઉપર યોગ્ય આભૂષણો પહેરવામાં આવ્યા. માંગલિક કાર્યો અને વિભૂષાદિથી નિવૃત્ત બની રાજેશ્વર "[3]મિથ્યાવલેપ" નામના રથ ઉપર બિરાજમાન થયા.

રાજેશ્વર રાગકેશરી રથ ઉપર બિરાજમાન થયાં ત્યાં એમને સ્મૃતિ થઈ કે, અરે! આ તો મારી મોટી ભૂલ થઇ. હજી શત્રુના નાશ કરવા માટેની આજ્ઞા પૂજ્ય પિતાશ્રી પાસેથી

૧ ચાટુ વાકય—રીસાએલી નવોઢા નારીને રીઝવવા માટે બોલાતા શબ્દો. સ્નેહ અને વાસનાને આધીન બનેલો નર પ્રિયતમાને પ્રસન્ન કરવા કે પ્રસન્ન રાખવા એના ભારોભાર વખાણ કરે તેવા શબ્દ ભંડોળનો આમાં સમાવેશ થાય છે.

૨ રતિકલહ—વાસ્તવિકતાએ રીસામણું ન હોવા છતાં જાણી જોઈને રીસાઇ જઇ પ્રિયતમના કાલાવાલા અને મનામણાના શબ્દો સાંભળવાનો પ્રયત્ન કરવો. પ્રિયતમ મનામણાં કરે છતાં વક્રોક્તિજન્ય સંભાષણ કરવું, રીસાએલપણાનો ખોટો ડોળ રાખવો. અને છેવટે નમતું મુકવું. આ રતિકલહ છે.

આ બધાનું વિશેષ વર્ણન "સાહિત્ય દર્પણ" વિગેરે ગ્રંથોમાં જોઈ શકાય છે. આ પ્રસંગે આચાર્યશ્રી માત્ર મોહ આત્માને કેવો મુંઝવી શકે છે એનો રૂપક પાત્રો દ્વારા દેખાડવાનો પ્રયત્ન કર્યો છે.

૩ મિથ્યાવલેપ—ખોટો અહંકાર, બાહ્ય પદાર્થો કે સુખોનો પોતે કર્તા, હર્તા અને ભોક્તા ન હોવા છતાં મિથ્યા અહંકાર અને મમકાર દ્વારા પોતાને કર્તા, હર્તા અને ભોક્તા માની મોહને પંપાળવો આનું નામ મિથ્યાવલેપ.

મેળવવા જ નથી અને શત્રુના નાશ માટે ચાલ્યા, અહો ! આ મારી કેટલી મોટી ભૂલ !

વિપાકે આ વાત જ્યાં જણાવી, ત્યાં મેં એને પ્રશ્ન કર્યો. આ રાજેશ્વર રાગકેશરીને હજુ પિતા છે ?

વિપાકે જણાવ્યું, વાહ ! તમે તો બહુ જ ભોળા જણાઓ છો. અરે ! રાગકેશરીના પિતાનું નામ મહામોહ છે અને ત્રણલોકમાં ખૂબજ પ્રસિદ્ધ છે. તમે હજુ મહામોહને ઓળખાતાં નથી તે ઘણું જ આશ્ચર્ય ગણાય. મને તો તમારા પ્રશ્નથી આશ્ચર્ય થાય છે. હશે, તમે મહામોહપતિનું સ્વરૂપ સાંભળો.

## મહામોહનું સ્વરૂપ:

શ્રી મહામોહ હાલમાં અત્યંત વૃદ્ધાવસ્થામાં છે. એમણે ઘણાંજ લાંબા સમય સુધી આ જગતનું પાલન કર્યું છે. વૃદ્ધત્વના કારણે પોતાના મોટા પુત્ર રાગકેશરીને રાજ્ય કરવા સોંપેલું છે અને પોતે આરામ લઈ રહ્યાં છે.

છતાં પણ શ્રી રાગકેશરી બાજુએ રહે છે અને રાજ્ય વહિવટ પોતે જ કરે છે. એ મહાત્મા મહામોહ સિવાય આવા વિશાળ વિશ્વનો બોજો વહન કરવા માટે બીજો કોણ શક્તિ ધરાવે છે ? વાસ્તવિકતાએ તો શ્રી મહામોહ જ રાજ્ય ધુરાને વહન કરી રહ્યાં છે.

શ્રી મહામોહે દેવેન્દ્રો, નરેન્દ્રો અને દાનવેન્દ્રોને પણ સ્હેજમાં જિતી લીધા છે. આવા મહાપરાક્રમશાલી મહાનરેન્દ્રના પરિચય માટે તમારે કેમ પૂછવું પડ્યું ?

એ વખતે મે જણાવ્યું, હે સૌમ્ય ! આ વિષયમાં તમારે મારા ઉપર રોષે ન ભરાવું. હું તો એક મુસાફર માનવી છું. વળી આ બધી વિગતોથી અજાણ છું. જોકે મહામોહ એક મોટા રાજવીપુરૂષ છે, એમ સામાન્ય રીતે હું જાણતો હતો પણ એ રાગકેશરીના પિતા છે અને આવા અત્યંત બળવાન્ છે, એ હું જાણતો ન હતો. હું આજ સુધી અંધારામાં જ રહ્યો. આપના કહેવાથી મને જાણકારી થઈ, હું પ્રકાશમાં આવ્યો. આગળ જે વાત બાકી છે, તે પણ આપ જ મને જણાવો !

મેં આ પ્રમાણે જણાવ્યું એટલે વિપાકે આગળ ચલાવ્યું.

શ્રી રાગકેશરી પોતાના રથમાંથી ઉતરી પિતાજીને વંદન કરવા જાય છે[૧] વૃદ્ધત્વના કારણે "અવિદ્યારૂપ[૨]" એમનું સુકલકડી શરીર ખૂબ કંપી રહ્યું હતું. "તામસ[૩]" નામના આંખના પાપણ— ભ્રમરો ખૂબ વધી ગએલા હતા.

"તૃષ્ણા" નામની વેદિકા ઉપર "વિપર્યાસ[૪]" નામનું સિંહાસન ગોઠવ્યું હતું અને એ સિંહાસન ઉપર શ્રી મહામોહ બિરાજી રહેલા હતા. પિતાજીને જોતાં જ એમના ચરણોમાં

૧ કોઈ કાર્ય માટે નિકળ્યા પછી પાછા આવવું પડે તે અમંગળ છે. રાગ કેશરીને રથમાં બેઠા પછી પિતાજીને વંદન કરવા પાછા ઉતરવું પડે છે. તે પણ પ્રસ્થાનમાં અમંગળરૂપ છે.

૨ અવિદ્યા —અજ્ઞાન.

૩ તામસ —તીખો સ્વભાવ.

૪ વિપર્યાસ— બધી વસ્તુઓ અવળી દેખાય તે.

મસ્તક ઝુકાવી નમસ્કાર કર્યાં અને પછી ઉચિત આસન ઉપર બેઠા. હાથ જોડીને નમ્રતા પૂર્વક સંતોષના નાશ માટે વાત કહી. વિનંતિ પૂર્વક એ માટેની આજ્ઞાની યાચના કરી.

## મહામોહની યુદ્ધ માટે તૈયારી :

નિવેદન સાંભળી મહામોહ મહિપતિએ જણાવ્યું કે:-

હે વત્સ ! જુના ફાટેલા વસ્ત્ર જેવી મારી છેલ્લી સ્થિતિ છે. મારૂં શરીર પામા, કોઢ, ખસ વિગેરે રોગોથી ભરેલું છે. એટલે આવા શરીરથી જેટલું કામ બની શકે એટલું લઈ લેવું અને જેટલો કસ નીકળે તેટલો કસ કાઢી લેવો. માટે તું ન જા. સંતોષના નાશ માટે હું જ પ્રસ્થાન કરૂં છું. મારૂં જવું શોભારૂપ ગણાય.

આ સાંભળતાં જ રાગકેશરીએ જણાવ્યું, "शान्तं पापम्" "પાપનો નાશ થાઓ, અમંગળ ટળી જાઓ." હે પૂજ્ય પિતાજી ! આપનું શરીર અનેક યુગ, અનેક કલ્પ સુધી રહેનારૂં શાશ્વત બનો.

મારા જેવા યુવાન્ પુત્ર હોય અને આપ યુદ્ધ માટે પધારો એ શોભે ખરૂં ? ન જ શોભે. આપના પુત્ર તરીકે મારે આપને આરામ આપવો જોઇએ. આપ કૃપા કરીને સંતોષ સામે યુદ્ધ કરવાની આશીર્વાદ પૂર્વક આજ્ઞા આપો.

શ્રી મહામોહે જણાવ્યું, જા મારી આજ્ઞા છે કે તું અહીં રહે અને યુદ્ધ માટે હું પ્રયાણ કરૂં છું. આ પ્રમાણે બોલી મહામોહ શીઘ્રતા પૂર્વક સિંહાસન ઉપરથી ઉભા થઈ ગયા.

રાગકેશરી પિતાજીના આગ્રહ આગળ વધુ ન બોલી શક્યા. તેથી એમણે ફરીથી વિનંતિ કરી, હે તાત! આપ યુદ્ધમાં જાઓ તો હું પણ યુદ્ધમાં આવીશ. હું આપના વિના અહીં રહેવાનો નથી. જ્યાં પિતાજીના ચરણો ત્યાં હું.

શ્રી મહામોહે જણાવ્યું, "ભલે! એમ થાઓ" અમે પણ તને એકલાને અહીં મૂકવા રાજી નથી. તારો વિરહ મને પણ સાલ્યા કરે. એટલે તું પણ સાથે ચાલ. આ આજ્ઞા સાંભળી રાગકેશરી ખુશ થઈ ગયા.

ત્યારબાદ શ્રી રાગકેશરી રાજા, એમના પિતા શ્રી મહામોહ અને મહાઅમાત્ય શ્રી વિષયાભિલાષ વિગેરેથી સહિત વિશ્વને કંપાવનારા પોતાના સૈન્ય સાથે સંતોષનો નાશ કરવા રવાના થાય છે.

હે મુસાફર! આ પ્રમાણે અમારા રાજવીશ્રીના પ્રયાણનું કારણ છે. તને ખ્યાલ આવી ગયોને?

તને વાત જાણવાની ઘણી ઈચ્છા હતી. તારા મનમાં ઘણાં કુતુહળ થતાં હતાં, એ જોઈને મેં આ બધું તને જણાવ્યું છે. મારી તો સૈન્યના આગલી હરોળના અધિપતિ તરીકે નિમણુંક થએલી છે. મને સમય પણ ક્યાંથી મળે? તારી ઉત્કટ જિજ્ઞાસા હતી એટલે જણાવ્યું છે.

મેં આ વિગત જણાવવા બદલ આભાર માન્યો, નમસ્કાર કર્યા અને એ પોતાના કામમાં જોડાઈ ગયો.

મને વિચાર થયો કે, જે કાર્ય માટે હું અહીં આવ્યો હતો તે રાજકાર્ય વિપાકના સાથે થએલ વાર્તાલાપથી પૂર્ણ થાય છે.

આ નિવેદન "પ્રભાવ" ગુપ્તચર પોતાના વડાધિકારી શ્રી બોધને જણાવી રહ્યો છે, નિવેદનમાં આગળ જણાવે છે કે,

વિપાકે મને જણાવ્યું હતું કે વિષયાભિલાષના અંગત પાંચ માણસો હતાં, તેમાં પહેલું સ્પર્શનનું નામ લીધેલું, જે સ્પર્શનના મૂળશોધ માટે નિકળેલો તે આજ ભાઈ સાહેબ હશે, એમ મેં નક્કી માન્યું.

સ્પર્શનની દરેક વાતો મળતી આવતી હતી પણ એક ઠેકાણે સાધારણ ફેર પડયો. સ્પર્શને જણાવ્યું હતું કે, મને સદાગમ દ્વારા પરાભવ સહેવો પડયો પણ વિપાકે જણાવ્યું કે સંતોષે સ્પર્શનને હરાવ્યો. આ વાતમાં મેળ ન રહ્યો. બીજું બધું તદ્દન બરોબર છે.

મને થયું કે સંતોષ સદાગમનો સૈનીક અથવા કોઈ વિશિષ્ટ અધિકારી પુરૂષ હશે અને એનાથી હાર થઈ હોય એ સુસંભવિત ગણાય. એ પ્રમાણે માની હું અહીં આવી ગયો છું.

"હવે આપશ્રીને જે યોગ્ય લાગે તેમ ફરમાવો"

**પ્રભાવનો આભાર :**

આ પ્રમાણેની સુંદર કામગીરી બજાવવાથી બોધ પ્રભાવ ઉપર અતિ પ્રસન્ન થયો અને પ્રભાવને સાથે લઈ મનીષી કુમાર પાસે ગયો. ત્યાં જઈ પ્રભાવે સ્પર્શન સંબંધી નિવેદન કર્યું હતુ, તે અક્ષરશઃ સંભળાવી દીધું.

રાજકુમાર મનીષી આ વાત સાંભળી પરમ આનંદિત થયા અને પ્રભાવને સફળ કામગીરી કરવા બદલ અભિનંદન અને યોગ્ય પારિતોષિક અર્પ્યાં.

## પ્રકરણ ચોથું

## સ્પર્શનની યોગશક્તિ

### સ્પર્શનને સદાગમના નામ માત્રથી થતી ધ્રુજારી :

એક દિવસે મનીષી અને સ્પર્શન વાતો કરતાં બેઠાં હતાં. અવસર જોઈ મનીષીકુમારે સ્પર્શનને એક પ્રશ્ન કર્યો.

મનીષી— હે સ્પર્શન ! સદાગમે ભવ્યજંતુથી તારો વિરહ કેમ કરાવ્યો ? એને તમારી મિત્રતામાં ડખલ કેમ નાખી ? તારો વિરહ કરાવ્યો એ વખતે સદાગમ સાથે બીજો કોઈ હતો ?

સ્પર્શન— મિત્ર મનીષી ! સદાગમ સાથે બીજો એક માણસ હતો.

મનીષી— એનું શું નામ હતું ?

સ્પર્શન— ભાઈ ! એનું નામ જવાદો. એનું નામ લેતાં મારૂં શરીર ધ્રુજવા લાગે છે. મારા હૃદયમાં ભયનાં કંપનો ઊભાં થાય છે. એ દુષ્ટના નામની વાત પણ આપ ન કરશો, એનું નામ લેતાં મને ગભરામણ થાય છે.

જો કે સદાગમ તો માત્ર ઉપદેશ દેનારા હતા, પણ પેલો વ્યક્તિ તો બીજો જ હતો. કુકર્મીએ મારા મર્મ-સ્થાનોમાં ઘા મારી મારી મને વીંધી નાખ્યો હતો અને અત્યંત અસહ્ય પીડાઓ ઉભી કરી હતી.

આવા પાપી આત્માઓનું નામ લેવું પણ સારૂં નથી. પાપી માણસોના નામ લઈએ. કથા-વાર્તા કરીએ તો આપણા શુભ કાર્યોમાં વિઘ્ન આવે, માટે આપ નામ લેવાની વાતમાં જરાય આગ્રહ ન કરશો. એ પાપીના નામને દૂર મૂકો.

મનીષી— હે સ્પર્શન ! તારી વાત તો સાચી છે, પણ મને એ માણસના નામને જાણવાની ખૂબ તાલાવેલી જાગી છે, એ જ્યાં સુધી નહિ જાણું ત્યાં સુધી ચેન નહિ પડે. માટે તું નિર્ભય બની જણાવ. હું તારી પાસે જ બેઠો છું. તું શા માટે ગભરાય છે? જરાય બીવાની જરૂર નથી. તું તારે બેધડક નામ જણાવ.

નામ લેવા માત્રથી પાપ કાંઈ ચોટી જાય ખરાં? ના રે ના. અગ્નિ, અગ્નિ એમ બોલવા માત્રથી આગ લાગે ખરી? કોઈ દાઝે ખરા? તું ગભરાઈશ નહિ. એનું નામ જણાવી દે.

સ્પર્શન— આપના આગ્રહ આગળ હું લાચાર છું. આપના આગ્રહને હું પાછો કેમ ઠેલી શકું? એ પાપીનું નામ કોઈને પણ ન ગમે તેવું છે, સૌ એને "સંતોષ" કહીને બોલાવે છે.

## મનીષીની વિચારણા અને નિર્ણય :

મનીષીકુમારે મનમાં વિચાર કર્યો કે, બુદ્ધિશાળી પ્રભાવે સ્પર્શનની શોધ કરી તે બરોબર જણાય છે. પહેલાંનાં નિવેદનમાં સંતોષની વાતનો મેળ ન હતો, તે હવે બરોબર બેસી ગયો, સ્પર્શને પોતે જ સંતોષનું નામ જણાવી દીધું એટલે વાત બંધ બેસતી થઈ ગઈ

મેં પહેલાં વિચારેલ હતું કે આ સ્પર્શન કોઈ સારો વ્યક્તિ ન હોવો જોઈએ. તે વાત આજે સાચી જણાય છે. વિષયાભિલાષ મંત્રીના આદેશથી આ સ્પર્શન લોકોને છેતરતો ફરે છે.

મેં ઉપર ઉપરથી ધૂર્તસમ્રાટ સ્પર્શન સાથે મિત્રતા કરી છે. એટલે વગર નિમિત્તે મિત્રતા તોડવી ઉચિત ન ગણાય. અવસર મળે મિત્રતા તજીને અળગાં થઈશું.

મિત્રનાં અપલક્ષણો મારી જાણમાં આવી ગયાં છે, એટલે સ્પર્શન ઉપર વિશ્વાસ રાખવો યોગ્ય નથી. સમયની રાહ જુઓ. લાગ મળે મૈત્રી સંબંધ નાબુદ કરી દેવાનો છે.

આ જાતનો દૃઢ નિર્ણય કરીને મનીષી સ્પર્શન અને બાળ ત્રણે જણાં બાગ બગીચાઓમાં, નદી તળાવોમાં આરામ-ગૃહો અને ઉપવનોમાં ફરે છે અને વિનોદ વિલાસ કરે છે.

## મિત્રોનો વાર્તાલાપ અને સ્પર્શનની યોગ શક્તિ :

એક દિવસે ત્રણે મિત્રો આનંદ અને ગેલ પૂર્વક વાર્તા વિનોદ કરી રહ્યાં છે. એમાં સ્પર્શને એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો.

"જગતમાં સારભૂત વસ્તુ કઈ છે અને સર્વ જીવો કઇ વસ્તુની અભિલાષા રાખે છે?

બાળ— એમાં પૂછવા જેવું શું છે? સૌ જાણે જ છે.

સ્પર્શન— ત્યારે તમે જ કહોને?

બાળ— સુખને સૌ ઇચ્છે છે.

સ્પર્શન— જો એમ જ હોય તો બધા હંમેશા સુખની સેવા કેમ નથી કરતાં?

બાળ— સુખની સેવા કરવાનો શો ઉપાય?

સ્પર્શન— હું પોતે જ ઉપાયભૂત છું.

બાળ— તું પોતે કેવી રીતે ઉપાયભૂત છે?

સ્પર્શન— મારામાં યોગશક્તિ છે. એ યોગશક્તિ જગતને આશ્ચર્ય પમાડે તેવી છે. હું જ્યારે એનો પ્રયોગ કરૂં છું ત્યારે સૌ આનંદથી ડોલવા લાગે છે.

જ્યારે હું યોગશક્તિ દ્વારા પ્રાણીઓના શરીરની ત્વચા–ચામડીની અંદર પ્રવેશ કરૂં છું ત્યારે મુલાયમ અને સ્નિગ્ધ પદાર્થોનો શરીર સાથે સંબંધ કરાવે છે, તેથી અપૂર્વ સુખનો અનુભવ કરે છે. મુલાયમ અને સ્નિગ્ધ પદાર્થોના સ્પર્શના સુખથી પ્રાપ્ત થતી શાંતિ કોઇ અદ્‌ભુત હોય છે. મનને ઘણી જ શાંતિ મળતી હોય છે. આ વિષયમાં જરાય શંકા જેવું નથી.

બાલ— અરે મિત્ર! તેં તો આજ સુધી અમને ઠગ્યા! આટલા દિવસથી તારા સાથે મિત્રતા છતાં, તે આ વાત

અમને જણાવી પણ નહિ, ગુપ્ત જ રાખી. સુખનો ઉપાય તારી પાસે હતો છતાં કેમ ન જણાવ્યું ? આ તે કાંઈ મિત્રતા કહેવાય ? ગુપ્ત રાખવું એ ગંભીર બીના તરીકે લેખાય. હવે તું અમને તારી શક્તિનો પરિચય કરાવ. અમને તારી યોગશક્તિનો લાભ આપ.

"કેમ મારી યોગશક્તિનો પરિચય કરાવું ?" મનમાં સંદેહાત્મક અભિપ્રાય બાંધીને સ્પર્શને મનીષી તરફ નજર ફેંકી. બાળની જેમ મનીષીને મારી યોગશક્તિ જોવાની ઇચ્છા છે કે નહિ તે જાણવા સ્પર્શને મનીષીના મુખારવિંદ તરફ નિહાળ્યું.

મનીષીએ વિચાર કર્યો કે આ શું કરે છે અને શું નહિ તે જોઉં તો ખરો ! પછી જણાવ્યું. હે સ્પર્શન ! બાળે તને જે યોગશક્તિ બતાવવા કહ્યું તે તું કરી બતાવ, એમાં શું ખોટું છે ?

આ સાંભળી સ્પર્શન ખુશી થયો. પદ્માસન કરી શરીર સ્થિર બનાવ્યું. મનને બીજે જતું અટકાવી સ્પર્શમાં સ્થિર કર્યું. ધારણા, ધ્યાન, સમાધિ વિગેરે યોગાંગોના બરોબર ઢોંગ કરી સ્પર્શને બન્ને કુમારોના શરીરમાં પ્રવેશ કર્યો. કુમારોની ચામડીમાં એકમેક–તદાકાર તદ્રૂપ બની ગયો.

## યોગશક્તિ અસર :

સ્પર્શનના શરીરમાં પ્રવેશ દ્વારા બાલના હૃદયમાં તુરત જ મૃદુ અને સ્નિગ્ધ પદાર્થોના સ્પર્શની ભાવનાઓ જાગી.

તેથી મનગમતી રૂપવંતી નારીયો, મનગમતાં પોચાં ગાદલાં-ગાલિચાં વિગેરે પદાર્થોનો ઘણાં જ છૂટથી ઉપયોગ કરવા લાગ્યો. સ્પર્શજન્ય પદાર્થોમાં અતિ આસક્ત બની ગયો.

ખરજવાના દરદ વાળાને ખજવાળાવામાં આનંદ આવે પણ પરિણામો એના દુઃખદાયી હોય છે, તેમ સ્પર્શની આસક્તિના કરણે મૃદુ અને સ્નિગ્ધ પદાર્થોમાં સુખ જણાતું હોય છે પણ આખરી અંજામ ઘણોજ બેડોળ અને વિપત્તિ દાયક હોય છે. પરિણામે આવા વિપત્તિદાયક પદાર્થોમાં સ્પર્શનની યોગશક્તિથી બાળ આસક્ત બની ગયો.

મનીષીને પણ સુકોમળ પદાર્થોના સ્પર્શની ઝંખના જાગી, પરન્તુ એ તત્ત્વાતત્ત્વનો જાણકાર હતો, ભવિષ્યના કટુ પરિણામો એના ખ્યાલમાં હતા, એટલે સ્પર્શનને જે વસ્તુ અતિપ્રિય છે તે આચરતો નથી. સુકોમલ પદાર્થોમાં આસક્ત–ગાંડો ઘેલો બની જતો નથી.

તો પણ, સ્પર્શનને સર્વથા ખોટું ન લાગે અને ખાસ અવસર મેળવ્યા સિવાય એનો ત્યાગ કરવાનો નથી, તેથી કોઇ કોઈ વેળા સ્પર્શનને ગમતા પદાર્થોનો ઉપભોગ કરતો હતો, મનમાં તો "સંતોષ"ને જ સુખના ઉપાય તરીકે ગણતો હતો. સુકોમલ વસ્તુના ભોગમાં એ આસકત ન થતો, માત્ર ઉપેક્ષા ભાવેજ ઉપભોગ કરી લેતો.

નીરોગી માનવીને પથ્ય અને પુષ્ટ પદાર્થો શરીરની તંદુરસ્તી તેમજ સુખાકારી માટે થાય છે તેમ મનીષીને

ભાવ હોવાના કારણે સ્પર્શના સુંદર સાધનો સુખ દેનારાં જ થતાં હતાં. પરિણામોમાં કટુતા એને ભોગવવાની રહેતી ન હતી.

## યોગશકિત પ્રયોગના અભિપ્રાયો :

એક દિવસે સ્પર્શને પ્રગટ થઈને પૂછ્યું. હે બાળ! મારી યોગશક્તિના પ્રયોગનું કાંઇ ફળ મલ્યું કે નહિ ? કેટલી સફળતા જણાઈ ? સુખનો અનુભવ થયો ?

ખુશી થએલા બાલે આનંદ પ્રગટ કરતાં જણાવ્યું.

હે મિત્ર ! ઘણી જ સારી અસર થઈ છે. તારી મહેનત સફળ થઈ છે. તારી યોગશક્તિ ઘણી સુંદર છે. વખાણુ કરૂં તેટલાં ઓછા. મારા તને શતશઃ ધન્યવાદ છે.

દુર્મતિ સ્પર્શને વિચાર્યું કે, આ બાળ મારા આધીન બની ગયો છે. જરાય ટસ કે મસ નહિ થાય. મારૂં કહ્યું કર્યા કરશે. એમાં જરાય શંકા જેવું નથી રહ્યું. હું ભાગ્યશાળી બની ગયો. મેં સફળતા પ્રાપ્ત કરી.

પછી સ્પર્શન મનીષી પાસે ગયો અને પૂછ્યું. હે મનીષી ! કેમ ? મારી યોગશક્તિની આપને કેવી અસર થઈ?

મનીષીએ જણાવ્યું, હે યોગિન્ સ્પર્શન ! તારી અચિંત્ય શક્તિશાળી યોગશક્તિનું કહેવું જ શું ? ખૂબ પ્રભાવશાલી છે. ભાઈ ! એના તો વર્ણન વર્ણવી શકાય એમ નથી. તમારી શક્તિનું તો પૂછવું જ શું ? ધન્ય છે તમને !

વક્રોક્તિ ભરી વાણી સાંભળી સ્પર્શન આભો બની ગયો. વિચારના ચકાવે ચડી ગયો. આ ભાઈ વ્યંગમાં બોલી રહ્યાં છે. મારો ઉપહાસ કરી રહ્યા છે. એમાં વક્રતા ભરી પડી છે. મનીષી ઉપર મારી યોગશક્તિની અસર થઈ હોય તેમ જણાતું નથી. તદ્દન કોરો રહ્યો હોય તેવું લાગે છે. મૂકો એ હરામીના સંબંધને. મારે તો બાળનો જ સંબંધ બરોબર છે.

મનીષી મારી નાડ જાણી ગયો લાગે છે. હું તેને દબાવી શકીશ નહિ. મારે આધીન થાય તેવો નથી. ઉંડી વાતચીતમાં ઉતરવું યોગ્ય નથી. "ન બોલ્યામાં નવ ગુણ." બોલીશ તો વળી કાંઈ નવું સાંભળવું પડશે. આવો વિચાર કરી સ્પર્શને મૌન રાખવામાં કલ્યાણ જોયું.

સ્પર્શ સુખમાં ઘેલા બનેલા બાળે પોતાની માતા અકુશળમાળાને જણાવ્યું. હે માતાજી ! સ્પર્શને મને એવી સરસ યોગશક્તિ દેખાડી, કે જેના પ્રતાપે હું હવે ખૂબ જ સુખી છું. સુખ અને શાંતિનો અનુભવ સારો થાય છે.

બેટા ! મેં તો તને પહેલાંથી જણાવ્યું હતું, તારો અને સ્પર્શનનો સંબંધ ઘણો ઉત્તમ છે. શોભે તેવો અને અનુકૂળ છે એમ અકુશલમાલાએ જણાવ્યું.

વળી હે પુત્ર ! આવી યોગશક્તિ મારી પાસે પણ રહેલી છે. સમય આવે તને હું દેખાડીશ. એ જોઈ તને ઘણું આશ્ચર્ય થશે. તારા સુખમાં અને શાંતિમાં ખૂબ જ વધારો થશે.

હે માતાજી ! તો એ શક્તિના પરિચયથી હું ભાગ્યશાળી બનીશ. આપની કૃપાથી મને ઘણુ જોવા–શિખવા મળશે. હું આપની કેટલી પ્રશંસા કરૂં ? આ પ્રમાણે બાળે ઉત્તર આપ્યો.

માતાએ કહ્યું, તું એ શક્તિનો અનુભવ કર અને પછી મને જણાવજે કે એ યોગશક્તિમાં કેવી તાકાત છે. કેટલી અપૂર્વ સુંદર વસ્તુ છે.

બીજી તરફ મનીષીએ પોતાની માતા શ્રી શુભ સુંદરીને સ્પર્શનની યોગશકિત વિષે જણાવ્યું અને કહ્યું કે હું એની જાળમાં ફસાયો નથી.

બેટા ! આ પાપમિત્ર સાથે પરિચય કે મિત્રતા કરવી જરાય યોગ્ય નથી. એનો સંસર્ગ દુઃખ પરંપરાનું કારણ છે. અનર્થનું મૂળ છે ખૂબજ સાવધાન રહેજે. આ પ્રમાણે શુભ સુંદરીએ જણાવ્યું.

માતાજી ! આ વિષયમાં આપે જરાય ચિંતા ન કરવી. હું એ ભાઇ સાહેબને નખશીખ ઓળખી ગયો છું. એ દુષ્ટ ઠગારાની શઠવિદ્યામાં હું સપડાઈશ નહિ.

પરંતુ એ પાપાત્માનો ક્યારે સર્વથા ત્યાગ કરવો, એવા અનુકૂળ સમયની રાહ જોઇ રહ્યો છું. સમય મળતાં જ ત્યાગ કરી દઈશ. જો કે તે અયોગ્ય વ્યક્તિ છે, એનો સંસર્ગ સારો નથી, ઘણાં દોષો ઉભા થવાની ભીતિ રહ્યાં કરે છે, છતાં પણ કોઈ નિમિત્ત કે કાંઈ બહાનું મળ્યા સિવાય એનો ત્યાગ કરવો એ મારા માટે ઠીક ન ગણાય. એટલે જ

બહારથી સોબત રાખું છું અને અંતરથી ઉપેક્ષા કરૂં છું. એમ મનીષીએ માતાજીને જણાવ્યું.

હે વત્સ ! તેં ઘણું સારૂં કર્યું. તારો નીતિશાસ્ત્રનો અભ્યાસ સારો છે. તારામાં દીર્ઘદષ્ટિપણું છે, હૃદયની વિશાળતા અને ઉદાત્તભાવ પ્રશંસા પાત્ર છે. મને તારા આચરણથી પરમ સંતોષ છે. હું ગુણશીલ અને ભાગ્યવાન્ પુત્રની માતા બનવાના સૌભાગ્યને પામી છું. આ પ્રમાણે શુભસુંદરીએ જણાવ્યું.

કર્મ પરિણામ મહારાજાએ પોતાની રાણીઓ પાસેથી પુત્ર મનીષી અને બાળના સમાચારો જાણ્યા અને એના પરિણામે હૃદયથી મનીષી ઉપર પ્રશન્ન થયાં અને બાળ ઉપર ઘણાં જ નારાજ થયાં.

સ્પર્શનમાં આસક્ત બની ગએલો બાળ દિવસે દિવસે ભોગોપભોગના પદાર્થોમાં વધુ વધુ આસકત બનવા લાગ્યો, એનું આચરણ પશુ જેવું વિવેક હીન બનવા લાગ્યું. કૃત્ય અને અકૃત્યની અવગણના કરવા લાગ્યો, રાત્રી દિવસના વિભાગો પણ જાળવતો ન હતો.

માનવ ધર્મને તિલાંજલિ આપી દીધી. દેવ ગુરૂ અને વડિલોને વંદન, વિનય કરવાનું તજી દીધું. કળાઓના શિક્ષણને મૂકી દીધું, પોતાની કુળમર્યાદાઓનું ધ્યાન રાખવાની દરકાર કિનારે મૂકી. અપયશ, નિંદા, તિરસ્કાર વિગેરેને ગણકારતો

નહિ. લાજ અને મર્યાદાઓનો બહિષ્કાર કર્યો. એના આચાર વિચારો સર્વથા નિરંકુશ બની ગયાં.

આવા સ્વચ્છંદ વિહારી પોતાના ભાઈ બાળને જોઈ મનીષીને અંતરમાં ખૂબ દુઃખ થયું. મનમાં ગ્લાનિ થઈ, ભાઈ ઉપરના વાત્સલ્યના કારણે ઘણીવાર પ્રેમથી બાળને સમજાવતો. પણ માને કોણ ?

એક દિવસ પ્રેમથી જણાવે છે કે, ભાઈ! આ સ્પર્શન સારો નથી. એ મહાધૂર્ત વ્યકિત છે, એના વધુ પડતા સંસર્ગથી તું તારા જીવનને બરબાદ ન કર. એ તને દગો દેશે અને દુઃખના ડુંગર તળે દાબી દેશે, ત્યારે તને કોઈ બચાવી નહિ શકે. હે બંધુ! તું સ્પર્શનથી ચેતીને ચાલ. એ મહાધૂતારો છે, એ બાબતમાં મને જરાપણ શંકા રહી નથી. મારી હિતશિક્ષા તો માન.

આ રીતે મનીષીકુમારે ભ્રાતૃહૃદય હોવાના કારણે વાત્સલ ભાવથી ઘણી ઘણી હિતશિખામણો આપી. પરન્તુ જુગારનો વ્યસની જુગારને ન તજી શકે. એ એને મહાવ્યસનરૂપ બની જાય છે. તેમ બાળ પણ સ્પર્શનમાં ઘણો મોહ પામી ગયો છે. એમાં જ એને સુખ દેખાય છે. સ્પર્શન સિવાય કોઈપણ નજરમાં દેખાતો નથી. એજ સર્વસ્વરૂપ બની ગયો. સ્પર્શનને તજવાની વાત જ કયાં ?

હિતશિક્ષા સાંભળવા માટેની લાયકાત બાળ ધરાવતો નથી, એ પ્રમાણે સમજી મનીષીકુમાર મૌન રહ્યો. ત્યાર

પછીથી હિતાશિક્ષા આપવાનું પણ બંધ કર્યું.

"કાળવિષ" સર્પ જેને ડંખ્યો હોય, તેને મહામાંત્રીકો કે ગારૂડીકો પણ શું કરી શકે? જીવાડવા અસમર્થ બને છે. તેમ આ બાળને પણ સ્પર્શનના સંસર્ગથી કોઇ મુક્ત કરાવી શકે એમ નથી.

મનીષીકુમાર મૌન રહી ત્યાંથી ચાલ્યા જાય છે. કોઈ દિવસ પણ હિતશિક્ષા આપતાં નથી. હૃદયમાં એના પ્રત્યે કરૂણા બુદ્ધિ રાખ્યા કરે પણ આચરણમાં માધ્યસ્થભાવને અપનાવ્યો.



## પ્રકરણ પાંચમું

# મધ્યમબુદ્ધિ અને મિથુનયુગલ

### સામાન્યરૂપા અને મધ્યમબુદ્ધિ :

શ્રી કર્મવિલાસ રાજાને ઉપર જણાવી ગએલ શુભસુંદરી અને અકુશલમાલા રાણી ઉપરાંત ત્રીજી "સામાન્યરૂપા" નામની રાણી હતી, આ રાણીને શુભ બુદ્ધિવાળો "મધ્યમબુદ્ધિ" નામનો પુત્ર હતો, તે વિનયી હતો.

જે વખતે મનીષી અને બાળ બગીચામાં ફરવા ગએલા અને ફરતાં ફરતાં ફાંસો ખાતા સ્પર્શન સાથે મિત્રતા થએલી એ વખતે આ "મધ્યમબુદ્ધિ" રાજાસાહેબની આજ્ઞાથી રાજના અગત્યના કાર્ય માટે અન્ય દેશમાં ગએલો હતો. પાછો આવ્યો ત્યારે મનીષી અને બાળની સાથે સ્પર્શનને જોયો.

સ્પર્શનને જોવાથી "મધ્યમબુદ્ધિ"એ પૂછ્યું, ભાઈ ! આ નવા આવેલા ભાઈ કોણ છે ?

બાલે સ્પર્શનનો આદિથી અંતસુધીનો પરિચય આપ્યો.

સ્પર્શનને પણ કહ્યું, હે સ્પર્શન ! આ મારા મોટાભાઈ છે. મનીષીભાઇ કરતાં નાના છે. ઘણા મળતાવડા સ્વભાવના અને સજ્જન છે. મને એમના ઉપર ઘણો પ્રેમ છે. તું પણ તારી યોગશક્તિનો પ્રભાવ મારા ભાઇ મધ્યમબુદ્ધિને દેખાડી દે.

## મધ્યમબુદ્ધિ ઉપર સ્પર્શનની અસર :

સ્પર્શને યોગાસન લગાવ્યું, ધારણા. ધ્યાન, સમાધિ વિગેરે યોગના ઢોંગ કર્યા અને મધ્યમબુદ્ધિના શરીરની ત્વચા-ચામડીમાં પ્રવેશ કર્યો.

સ્પર્શનની યોગશક્તિની ધારી અસર થઇ, મધ્યમ પણ સ્પર્શનનો દાસ બની ગયો. એ પણ રૂપવતી અંગનાઓ, મૃદુ શયનો, રેશમી વસ્ત્રો, સુકોમલ પદાર્થો વિગેરેમાં અતિ આસક્ત બની ગયો.

બાળની જેમ મધ્યમબુદ્ધિ પણ સ્પર્શનનો પ્રશંસક બની ગયો. યોગશક્તિનો પ્રભાવ દર્શાવવા બદલ સ્પર્શનનો હૃદયથી આભાર માન્યો. સ્પર્શનને પણ થયું કે આ ભાઇ-સાહેબ મારા ઝપાટામાં ઝડપાઈ ગયા છે. મારો દાસ બની ગયો છે. મારી યોગશક્તિ ફળીભૂત થઈ, ઘણું જ સારૂં થયું.

"મુખના મીઠાં અને હૃદયના ધીઠાં ધૂર્તસમ્રાટોથી જગતમાં કોણ છેતરાતું નથી ?" ભલભલા સરલ હૃદયવાળા અને ડાહ્યાઓ છેતરાય છે. સજ્જનો અને શાણાઓ છેતરાય છે. તો મધ્યમ બુદ્ધિનું ગજું કેટલું ? મધ્યમ પણ સ્પર્શના વચનોથી ભોળવાઈ ગયો.

**મનીષીની હિતશિક્ષા :**

પોતાની વિદ્યમાનતામાં આ બનાવ બનતો જોઈ મનીષીને થયું કે આ યોગ્ય થતું નથી. નાનો ભાઇ વિના કારણે દુઃખના દરીયામાં ડુબી જશે, એમ વિચારીને પ્રેમપૂર્વક જણાવ્યું.

હે મધ્યમ! આ સ્પર્શન સારો વ્યકિત નથી. બોલવામાં મધુરતા છે પણ હૃદયમાં હલાહલ ઝેર ભર્યું છે. એના ઉપર સ્નેહ રાખવો યોગ્ય નથી. મારી તને ખાસ આ ભલામણ છે અને સાથે સ્પર્શનના મૂળશોધની વાત પણ જણાવી દીધી, કે જે વાત બોધે પોતાના વિશ્વાસુ વ્યક્તિ શ્રી પ્રભાવ દ્વારા પ્રાપ્ત કરી હતી.

મોટાભાઇની વાત સાંભળી મધ્યમ બુદ્ધિ તો વિચારમાં પડી ગયો. અરે ! મોટાભાઈ આ શું કહે છે ? સ્પર્શનની યોગશકિત મેં નજરે જોઇ અને એના બળે સુકોમળ પદાર્થોના સ્પર્શથી મને અત્યંત સુખનો અનુભવ થાય છે. આ વાત સ્વાનુભવ સિદ્ધ છે.

પ્રત્યક્ષ વાતોની જેમ સ્વાનુભવસિદ્ધ વાતોમાં શંકા જેવું હોતું નથી. અને મોટાભાઇ મનીષી કદી અસત્ય બોલતા નથી. મારા ઉપર એમને ઘણો પ્રેમ છે. મારા હિતનું ધ્યાન રાખનારા છે. મોટાભાઇ ખોટી સલાહ આપે એ પણ માની શકાય તેવી વાત નથી. આ બે વાતમાં સર્વથા સત્ય શું છે? આ પ્રશ્ન ઘણો મુંઝવણ ભર્યો અને વિકટ બની ગયો.

## નિર્ણય માટે માતા પાસે ગમન :

આવી પરિસ્થિતિમાં મારે શું કરવું ? ઠીક ત્યારે માતાજી પાસે જાઉં. ત્યાં જઇ સ્પર્શન અને મોટાભાઈએ જણાવેલ બધી વાતો જણાવી દઉં. આ વિષયમાં માતાજી શું સલાહ આપે છે, તે વિચારી એ મુજબ કરીશ. આ જાતનો વિચાર કરી મધ્યમબુદ્ધિ માતાજી પાસે ગયો અને બધી વિગતનું નિવેદન કરી દીધું.

માતાએ વાત શાંતિપૂર્વક સાંભળી લઈ જણાવ્યું. વત્સ ! તારે તો હાલમાં મધ્યસ્થતા જાળવવી. સ્પર્શનની વાતોમાં ન આવી જવું અને મનીષીની વાતની પણ અવગણના ન કરવી. અમુક સમય પસાર થતાં આપમેળે જ સાચા ખોટાની પરીક્ષા થઇ જશે.

પછી જે પક્ષ હિત કરનારો જણાય, આપણું અને અન્યનું જેમાં હિત દેખાય એવા પક્ષમાં ભળી જવું. અત્યારે તો મધ્યસ્થતા ધારણ કરી બરોબર લક્ષમાં રાખવું કે ભવિષ્યમાં શું થાય છે.

બે જુદા જુદા કાર્યોની કાર્ય પ્રણાલીકા માટે જ્યારે મનમાં સંશય જાગે, ત્યારે બેમાંથી કોનો સ્વીકાર કરવો અને કોનો બહિષ્કાર કરવો એ માટે અવસરની રાહ જોવી ઉચિત છે. આ વિષય ઉપર "મિથુનદ્વય–બે જોડકાંની" વાર્તા પણ આવે છે.

મધ્યબુદ્ધિ— એ "મિથુન દ્વયની" શી વાર્તા છે ?

સામાન્યરૂપા— સાંભળ. તને હું સંભળાવું છું.

## બે મિથુનોની અવાંતર કથા

### ઋજુ રાજા, પ્રગુણારાણી, મુગ્ધકુમાર અને અકુટિલા પુત્રવધુ :

"તથાવિધ" નામનું એક વિશાળ નગર છે. ત્યાં ઋજુ નામના સરળ સ્વભાવી રાજા રાજ્ય કરે છે. એમને સાત્ત્વિક ગુણોવાળી પ્રગુણા નામના રાણી છે. આ રાજારાણીને કામદેવ જેવો સ્વરૂપવાન, નિખાલસ હૃદયવાળો "મુગ્ધ" નામનો પુત્ર છે. અને આ મુગ્ધકુમારને રતિ જેવા રૂપાળાં, હૃદયના નિર્મળ તેમજ લાવણ્યવાળાં "અકુટિલા" નામના સુપત્ની છે.

મુગ્ધકુમાર અને અકુટિલા પરસ્પર ખૂબ જ પ્રેમ ધરાવતાં હતાં. એક બીજા પરસ્પર આનંદથી દિવસો વ્યતીત કરતા હતાં.

એક વખતે વસંત ઋતુમાં ઉદ્યાન તરફ ફરવા ગયા. વનરાજી કુદરતી સૌંદર્યથી ઊભરાતી હતી, લતાસમુહ પુષ્પના સમુહથી લચી રહ્યાં હતાં. વાયુથી પુષ્પગુચ્છો ડોલતાં હતાં. અનેકવિધ પુષ્પસમુહની સુગંધથી ઉદ્યાન સુગંધમય જણાતું હતું.

ફરતાં ફરતાં પોતાના મહેલના ઉપવનમાં બન્ને આવી ગયાં. આનંદથી ફરી રહ્યા હતાં. બન્ને પાસે રત્નજડિત પુષ્પ છાબડીયો હતી. બગીચામાં પુષ્પો અગણિત હતા. મુગ્ધકુમારને કૌતુક જાગ્યું. એણે પોતાની પ્રેમાળ પ્રિયતમાને જણાવ્યું.

હે પ્રિયે ! આપણા બેમાંથી પુષ્પછાબડીયો કોણ ફૂલોથી જલ્દી ભરી લાવે છે ? ચાલ, હરિફાઇ કરીએ. તું પૂર્વ તરફની દિશામાં જા અને હું પશ્ચિમ બાજુ જાઉં.

અકુટિલાએ આ વાત માન્ય કરી અને બંને જણા જુદી જુદી દિશામાં ફૂલો ચૂટવા ગયાં.

## કાલજ્ઞ અને વિચક્ષણા વ્યંતર દંપતિએ કરેલો ગોટાળો :

આ દંપતિ જ્યારે જુદી જુદી દિશાઓમાં ફુલો ચૂંટવામાં સ્ફૂર્તિ બતાવી રહ્યાં છે, તે જ વખતે એક વ્યંતર યુગલ આકાશ માર્ગે પસાર થઇ રહ્યું છે. તે યુગલમાં વ્યંતરનું નામ હતું "કાલજ્ઞ" અને વ્યંતરીનું નામ "વિચક્ષણા" હતું.

ફૂલ વિણુતી અકુટિલા કાલજ્ઞવ્યંતરના દૃષ્ટિપથમાં આવી. નિહાળતાની સાથે જ એ રૂપવતીના રૂપમાં અતિ-મૂર્ચ્છિત બની ગયો. અને ફૂલ વિણુતો મુગ્ધકુમાર વિચક્ષણા વ્યંતરીના જોવામાં આવી ગયો. કામદેવ જેવું સ્વરૂપ જોઈ એ વિહ્વળ બની ગઈ. મુગ્ધકુમારમાં આસક્ત બની ગઇ "ઇંદ્રિય ઉપર સંયમ કેળવવો એ અતિગહન વસ્તુ છે. ઇંદ્રિયો ઉપર સરલતાથી જિત મેળવી શકાય તેમ નથી."

કાલજ્ઞ વિચાર કરે છે કે હું અકુટિલા પાસે જાઉં, અને એ વાતની જાણુ વિચક્ષણાને થાય તો નવી મુશીબત આવી પડે. એટલે વિચક્ષણા જાણે નહિ અને હું અકુટિલા પાસે જઈ આઉં. એ માટે કોઇ યુક્તિ અજમાવી પડશે.

કાલજ્ઞે કહ્યું, હે દેવી! તું ધીરે ધીરે આગળ જા. આપણે દેવની પૂજાપાઠ માટે જઈ રહ્યાં છીએ. હું દેવની પૂજાભક્તિ માટે થોડા ફૂલો લઈ આવું. આ રાજભુવનના

ઉપવનમાં ઘણાં ફૂલો છે. એમાંથી થોડા ફૂલો વિણીને લઇ આવીશ. તું આગળ જા.

વિચક્ષણા એ વખતે મનમાં મુગ્ધકુમારને મળવાના વિચારોમાં મગ્ન બની ગઇ હતી. મુગ્ધમાં એટલી બધી તલ્લિન હતી કે એણે કાલજ્ઞને કાંઇ પણ ઉત્તર ન આપ્યો. મૌન જ ઊભી રહી.

અકુટિલા જે દિશામાં ફૂલો વિણી રહી હતી તે તરફ કાલજ્ઞ વ્યંતર રવાના થયો અને એની નજીકના પ્રદેશમાં આકાશમાંથી ઉતર્યો વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂકી વિચાર્યું કે મુગ્ધ અને અકુટિલા જુદા શા માટે પડયા છે? કાલજ્ઞને હરિફાઈની વાતનો ખ્યાલ આવી ગયો. તરત મુગ્ધકુમારનું રૂપ બનાવ્યું. પુષ્પ છાબડીમાં ફૂલો ભરી ત્વરાપૂર્વક અકુટિલા પાસે આવી ઊભો રહ્યો અને બોલ્યો.

હે પ્રિયે! "હું જિત્યો. હું જિત્યો. તું હારી ગઈ, હારી ગઈ. "અહો! તમે તો ઘણાં જ જલ્દી ફૂલો ભરીને આવી ગયા" એ પ્રમાણે બોલી અકુટિલા જરા વિલખી બની ગઈ.

હે વ્હાલી! દિલગીર થવાની જરૂર નથી. વિષાદનું કાંઈ કારણ નથી. હું જિત્યો એમાં શું મોટું કાર્ય થઈ ગયું? ચાલો, બાજુના કેળવાળા લતામંડપમાં જઈએ અને આનંદ કરીએ. આ પ્રમાણે બોલી ધૂતારો વ્યંતર નિર્મળ આશયવાળી અકુટિલાને વિલાસ માટે લતામંડપમાં લઈ ગયો.

અકુટિલાને સાચી વાતની જાણ નથી, દિલની ભોળી છે. વ્યંતરના કુટિલપણાનો ખ્યાલ નથી એટલે ફૂલ વિણવાની

હરિફાઈમાં પોતાના પ્રિયતમથી હાર થઈ છે, એ વાતને સત્યમાની ધૂર્ત વ્યંતર સાથે કેળમંડપમાં ગઇ.

પેલી તરફ વિચક્ષણા વિચારતી હતી કે મારે મુગ્ધકુમાર પાસે કેવી રીતે જવું ? પતિદેવ ફૂલ વિણવા ગયા છે, તેથી એ આવે તેટલા સમયમાં હું પણ મુગ્ધકુમાર સાથે સુખનો ઉપભોગ કરીને પાછી આવી જાઉં. આવો વિચાર કરી વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂકયો, એમાં મુગ્ધકુમાર ફૂલ વિણવાની હરિફાઇ ખાતર વિખૂટાં પડયાં છે એ જાણી લીધું.

આ પણ ઘણી સરસ અનુકૂળતા આપનારી વાત બની. આવો વિચાર કરી આકાશમાંથી નીચે ઝાડીમાં ઉતરી અને અકુટિલાનું રૂપ બનાવ્યું, રત્નજડી છાબડી ફૂલોથી ભરી, મુગ્ધકુમાર ફૂલો વિણતાં હતાં ત્યાં આવી અને મધુર કંઠે બોલી.

હે આર્યપુત્ર ! "હું તમને જિતી ગઈ છું, તમે મારાથી હારી ગયા, હારી ગયા."

મુગ્ધકુમાર સ્હેજ ઝંખવાણો પડી ગયો. તે બોલ્યો હે પ્રિયે ! ખરેખર આજે તું મને જિતી ગઈ છે. બોલ, તારી શી ઇચ્છા છે ? તારી ઇચ્છા હોય તેમ કરીએ.

"જો જો હો ! જેમ કહીશ તેમ કરશો ને ?

હા. કહે તો ખરી. એમ વગર બોલે શી ખબર પડે ?

ચાલો પેલા કેળના લતામંડપમાં. હરી–ભરી વનરાજીની મોજમજા માણીએ. એનો લ્હાવો લઇએ.

કૃત્રિમ અકુટિલાની વાત ભોળા મુગ્ધકુમારે સ્વીકાર કરી અને એની સાથે સાથે લતામંડપ તરફ ચાલ્યો. લતામંડપમાં

પગ મૂકતાં જ ત્યાં પહેલાથી આવેલ પોતાનું જેવું જ એક યુગલ એમણે જોયું. પોતામાં અને લતામંડપમા, રહેલ યુગલમાં કશો જ ફેરફાર ન જણાયો. હુબહુ એક જ આકૃતિ જણાઇ.

બંને યુગલોએ એક બીજા સામે જોયું. કોઈને કાંઇ પણ ફેરફાર ન જણાયો. તલ જેટલો પણ ફરક દેખાતો ન હતો. ભોળા મુગ્ધકુમારે વિચાર કર્યો, વનદેવીની પરમ કૃપાથી હું અને મારા પ્રિયતમમાના બે બે રૂપો થઇ ગયા. આવા ઉત્કર્ષનું નિવેદન પૂ. પિતાશ્રી સમક્ષ રજુ કરવું જોઇએ. જેથી પિતાજીને પણ હર્ષ થાય.

આ માટે મુગ્ધકુમારે લતામંડપવાળા યુગલને જણાવ્યું. એ યુગલની સંમતિ મેળવી. પછી ચારે જણા રાજ્યસભામાં ગયા. એક જ સરખા બે યુગલને જોઈ ઋજુરાજા, પ્રગુણારાણી અને રાજ્યપરિવારના પુરુષોને ઘણું જ આશ્ચર્ય થયું. સૌને નવાઇ લાગી.

રાજાએ આદર પૂર્વક પૂછ્યું. તમે એક યુગલમાંથી બે કેવી રીતે બની ગયા ?

મુગ્ધકુમાર—પિતાજી ! આ તો વનદેવીનો પ્રભાવ છે.

રાજા— કેવી રીતે ?

મુગ્ધકુમારે ઉપવનમાં ફરવા ગયા ત્યારથી પ્રારંભી બે યુગલ થવા સુધીની વિગત પોતાની જાણ પ્રમાણે કહી સંભળાવી.

આ સાંભળી સરળ હૃદયી ઋજુ રાજા વિચારે છે કે હું ધન્યવાદને પાત્ર છું. હું ભાગ્યશાળી છું, વનદેવતાની

આપણા ઉપર મહાન કૃપા થઇ. રાજાના હર્ષનો પાર ન રહ્યો. હર્ષના અતિરેકમાં રાજાએ નગરમાં ઠેર ઠેર ઉત્સવ કરાવ્યાં. નાટક સમારંભના જલસા કરાવ્યાં અને ગરીબ વિગેરેને દાન દીધાં.

"અમો બેવડાં થઈ ગયાં" આ જાતના અભિમાનથી મુગ્ધ અને અકુટિલા ખૂબ પ્રસન્નતા અનુભવે છે, મિથ્યાભિમાનને પોષે છે. હસે છે, કૂદે છે, તાલીયો પાડે છે. બધે જ આનંદ આનંદ પસરી ગયો.

## કાલજ્ઞને શંકા અને મૌન. વિચક્ષણાની પણ તેજ હાલત :

વ્યંતર જાતિના દેવો રમતગમતના શોખીન હોય છે. કુતુહલવૃત્તિ ઘણી હોય છે. કાલજ્ઞ પણ આ જાતિનો જ હતો. તેથી આ તમાસો જોઇ ખૂબ રાજી રાજી થાય છે. પરન્તુ એને એક વિચાર આવ્યો કે હું વ્યંતર છું; મેં મુગ્ધકુમારનું રૂપ લઇ અકુટિલાને ભોળવી છે. પણ આ બીજી અકુટિલા ક્યાંથી આવી ?

પોતાના વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂકયો. ખ્યાલમાં આવી ગયું. અરેરે ! આ તો મારી જ પત્ની વિચક્ષણા છે. આ જાણતાં જ એના અંગે અંગમાં ક્રોધ વ્યાપી ગયો. હૈયામાં રોષની જ્વાળાઓ ભભૂકી ઊઠી.

શું મારી પત્ની સાથે દુરાચાર આચરનાર આ મુગ્ધ કુમારને મારી નાખું ? ઉપાડીને દરિયામાં નાંખી દઉં ? ભયંકર

વનવગડામાં મૂકી દઉં ? દુષ્ટા વિચક્ષણાને મારી નાખું ? આ વ્યંતર જાતિની છે, એનું મૃત્યું આ રીતે ન થઈ શકે. હું એને મારી ન શકું. શું કરું ત્યારે ?

વિચારો ફર્યા. મુગ્ધને મારવો ઠીક ન ગણાય. હું ક્યાં શુદ્ધ આચારવાળો છું ? મેં અયોગ્ય વર્તન કરી મારી પ્રેમાળ પત્નીને છેતરી, પછી એ આવું આચરે એમાં વિચક્ષણાનો શો વાંક ? જો મુગ્ધકુમારને મારી નાંખું તો આમાં કાંઈ રહસ્ય છે, ગુપ્તતા રહેલી છે, એમ જાણી અકુટિલા મારાથી નારાજ થઇ મુખડું ફેરવી લે. મારી સાથે વિલાસ કરશે નહિ અને ઇચ્છશે પણ નહિ.

હું મારી પ્રિયા વિચક્ષણાનો આ અપરાધના બદલામાં કાંઇ પ્રતિકાર કરી શકું તેમ નથી. શું હું મુગ્ધાની પત્ની અકુટિલાને ઉપાડી બીજે જતો રહું ? ગિરિ ગુફામાં ઉપાડી જાઉં ?

લાગ મળ્યા સિવાય અકુટિલાને ઉપાડી ભાગી જવામાં પણ સાર નથી. એમાં ઘણું જોખમ રહેલું છે. કાંઇક ગરબડ થઇ કે મારી માયાની ગંધ આવી તો અકુટિલા મારી નહિ થાય અને વિચક્ષણા પણ મારી નહિ રહે. બન્નેથી હાથ ધોઈ નાંખવા પડશે. હશે ત્યારે, જેમ ચાલે એમ ચાલવા દો. સમય જતાં સારાં વાનાં થશે. ઉતાવળે કાર્યસિદ્ધિ નહિ થાય. આ પ્રમાણે વિચારી ક્રોધને તજી, શાંત બની કાલજ્ઞ વ્યંતર ત્યાં જ રહેવા લાગ્યો.

વિચક્ષણાએ વિભંગજ્ઞાનથી જોયું તો પોતાના પતિદેવ શ્રી કાલજ્ઞ જણાયા. એમણે મુગ્ધકુમારનું રૂપ લઇ અકુટિલાના

પ્રેમમાં પડયાં. પરંતુ હું એમની સમક્ષ પરપુરુષ સાથે અનાચાર આચરું, એ કેટલું અજુગતું ગણાય? વિચક્ષણાને ઘણી લજ્જા આવી. કોઈ માર્ગ સૂજતો નથી. શું કરવું, એનું નિરાકરણ થતું નથી. ઘણાં વિચારો કર્યા, છેવટે એ પણ ત્યાં જ રહેવા લાગી અને અવસરની રાહ જોવા લાગી.

કાળજ્ઞ અને વિચક્ષણા દેવ જાતિના હોવા છતાં મુગ્ધકુમાર અને અકુટિલાની સાથે મનુષ્યના આચાર વિચારો પ્રમાણે જીવન જીવવા લાગ્યા. દેવમાયાની જાણ જરાય ન થવા દીધી. આ રીતે રહેતાં વ્યંતર દંપતીનો ઘણો સમય વ્યતીત થયો. છતાં એની એજ સ્થિતિ રહી.

## પ્રતિબોધકાચાર્યની દેશના અને વ્યંતર દમ્પતીનો પશ્ચાત્તાપ :

શ્રી ઋજુરાજાની રાજધાનીવાળા "તથાવિધ" નગરના બહારના વિભાગમાં "મોહવિલય" નામનું ઉદ્યાન આવેલું છે. તે ઉદ્યાનમાં શમદમ વિગેરે સાધુતાના ગુણોથી વિભૂષિત શ્રી "પ્રતિબોધકાચાર્ય" નામના પવિત્ર આચાર્ય ભગવંત પધાર્યા છે. સાથે વિનય અને વિવેક ગુણથી શોભતા શિષ્યનો સમૂહ પણ છે.

વનપાલકે ઋજુરાજાને "પ્રતિબોધકાચાર્ય"ના મોહવિલય ઉદ્યાનમાં આગમનના સમાચારો આપ્યા. વધામણી સાંભળી રાજા પ્રસન્ન થયા. ગુરુમહારાજને વંદન કરવાની ઈચ્છાથી પોતાના પુત્રો, પુત્રીઓ રાણીઓ અને અન્ય પરિવારની સાથે ઉદ્યાન ભણી ચાલ્યા.

ઉદ્યાનમાં આચાર્ય શ્રી સુવર્ણકમળના સિંહાસન ઉપર બિરાજમાન હતા. અનેક દેવ, દાનવ અને માનવ એમની ઉપાસના કરી રહ્યા હતા. આચાર્ય ભગવંતને જોઇ રાજાએ ભક્તિભાવપૂર્વક વંદન કર્યું. ગુરુદેવે 'ધર્મલાભ" આશિર્વાદ આપ્યો. દેશના સાંભળવા સૌ યોગ્ય સ્થળે ગોઠવાયાં એટલે આચાર્ય મહારાજાએ મોહ અંધકારને ટાળનારી દેશનાનો પ્રારંભ કર્યો.

આ ઉપદેશભરી દેશના કાલજ્ઞ અને વિચક્ષણા પણ સાંભળી રહ્યાં છે. દેશના સાંભળવામાં સૌ એકાગ્ર બની ગયાં છે. વ્યંતર યુગલના મન રૂપ ગગનમાં મહાશ્યામ વાદળાઓ વ્યાપી રહેલાં હતાં, તે આચાર્ય ભગવંતની દેશનારૂપ મહા પવન વડે વેરવિખેર બની ગયાં. છિન્ન ભિન્ન થઇ વિખરાઈ ગયાં. તેથી આત્મામાં સમ્યક્ત્વરૂપ દિનકરના તેજસ્વી કિરણોનો પ્રકાશ પાથરવા લાગ્યો.

## કુરૂપા સ્ત્રીનું પ્રગટ થવું:

વ્યંતર દમ્પતીમાં સમ્યક્ત્વરૂપ સૂર્યના કિરણો જળહળવા લાગ્યા. ત્યાં એમના શરીરમાંથી એક સ્ત્રી પ્રગટ થઈ. તે રાતા અને શ્યામ પરમાણુઓની બનેલી હતી. દેખાવમાં અત્યંત બિભત્સ અને બિહામણી જણાતી હતી. સ્વભાવની કર્કશા અને સત્પરૂષો માટે દયાપાત્ર હતી.

સૂર્યના પ્રકાશને પાથરતા કિરણોને રાત્રી સહન ન કરી શકે અને દૂર દૂર ચાલી જાય છે. તેમ આચાર્ય ભગવંતરૂપ

સૂર્યના કિરણો સહન કરવામાં અસમર્થ એવી કદ્રૂપા તે સ્ત્રી દૂર દૂર ચાલી ગઇ અને અવળું મુખ રાખી ઊભી રહી.

અશુભ પરમાણુઓની બનેલી સ્ત્રી શરીરમાંથી બહાર નિકળતાં વ્યંતર દમ્પતીના હૃદયમાં પશ્ચાત્તાપનો અગ્નિ પ્રગટ થયો, આંખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. એ આંસુઓની ધારાથી હૃદયની કલિમા ધોવાઇ ગઈ, અને સ્વચ્છતા તેમ જ સરલતાએ સ્થાન લીધું. હૈયું ઋજુતાથી પાવન બનતું ગયું.

આત્માની નિર્મળતા માટે ગુરૂદેવ ભગવંતની સમક્ષ મુગ્ધ કુમાર અને અકુટિલાના દેવમાયાથી રૂપો બનાવી કરેલી પાપલીલાનો એકરાર કર્યો. વિના સંકોચે પોતાના પાપો અક્ષરશઃ સંભળાવી દીધાં, પોતાના અધમકૃત્યોની સભા સમક્ષ કબુલાત કરી.

હે ભગવંત! હું મહાપાપી છું. અકુટિલાને ભોળવી. મારી પત્નીને પણ છેતરી. ઘણાં દિવસ સુધી મેં પરસ્ત્રી ગમનનું મહાપાપ આચર્યું. વિષયાંધપણામાં મને કાંઈ ભાન ન રહ્યુ. આવા પાપોમાંથી અમારો ક્યારે છૂટકારો થશે? "ગરીબ ગાય જેવા જંગલવાસી રોઝ કાદવમાં ખૂંચી ગયા હોય તો તે પામર તિર્યંચ બહાર કેમ નીકળે? તેમ અમે આવા અત્યંત નિંદનીય પાપમાંથી કેમ છૂટી શકીશું,' એમ કાલજ્ઞે આંસુ સારતા સારતા પૂછ્યું.

વિચક્ષણાએ પણ પોતાની થએલી ભૂલોની લજ્જાળુ-

પણાના કારણે નીચું મુખ રાખી યથાસત્ય કબુલાત કરી અને આત્માના ઉદ્ધાર માટે રસ્તો પૂછયો.

હે મહાનુભાવો ! આ વિષયમાં તમારે ખેદ ન કરવો. તમારા બંનેનો આમાં દોષ નથી. તમે મૂળ સ્વરૂપે શુદ્ધ છો, નિર્મળ છો આ પ્રમાણે પૂ. આચાર્ય ભગવંતે જણાવ્યું.

કાલજ્ઞ—હે ભંતે! તો આ દોષો કોના ગણાય?

આચાર્યશ્રી—થોડા સમય પહેલાં જે સ્ત્રી તમારા શરીરમાંથી બહાર નીકળી, એનો આ બધો દોષ છે. તમે તો તદ્દન નિર્દોષ છો. ગુણશીલ છો.

હે ભદન્ત ! એ સ્ત્રી કોણ છે? એનો દોષ કેવી રીતે?

હે ભાગ્યવાનો ! આ મહાપાપીણી છે. "ભોગતૃષ્ણા" એનું નામ છે. આ લોકમાં જેટલા અનર્થો થાય છે તે બધાનું મૂળ આ જ છે. અવગુણરૂપ જંગલી પશુઓ માટે એ મહા અટવી સમાન છે. પરલોકમાં આપત્તિઓને આપનારી છે

આ ભોગતૃષ્ણારૂપ અટવીનો પાર પામવો અતિ મુશ્કેલ છે. ભોગતૃષ્ણા મોક્ષના ચાહક આત્માઓને વિઘ્નભૂત હોય, ત્યાં મુક્તિરૂપ આશ્રય સ્થાન કેવી રીતે પ્રાપ્ત થાય? અને ભોગતૃષ્ણારૂપ અટવીનો પાર કર્યા વિના મુક્તિની પ્રાપ્તિ પણ થતી નથી.

ઉપદેશ સભાની અંદર બેસવા તે અસમર્થ છે. આ સભાનું વાતાવરણ એ સહન કરી શકે તેમ નથી. અશુભ

પરમાણુઓની બનેલી એ સ્ત્રી અને એના જેવા બીજા પ્રાણીઓ આ સભામાં સત્વહીન બની જાય છે, એટલે તે તમારા શરીરમાંથી નીકળી દૂર જઈને બેઠી છે. એ તમારી રાહ જુવે છે. કાલજ્ઞ અને વિચક્ષણા સભામાંથી બહાર નિકળે અને હું ક્યારે એમના શરીરમાં પ્રવેશ કરૂં, આ વિચાર કરી રહી છે.

## ભોગતૃષ્ણાનો નાશ ક્યારે ?

હે તારક ! આ "ભોગતૃષ્ણાની" લપથી અમારો છૂટકવારો ક્યારે થશે ? એ અમને ક્યાં સુધી પરેશાન કર્યા કરશે ? કાલજ્ઞના આ પ્રશ્નના ઉત્તરમાં પૂજ્ય આચાર્યશ્રીએ જણાવ્યું કે—

"આ ભવની અંદર તમે સર્વથા ભોગતૃષ્ણાને તિલાંજલિ આપી શકવાના નથી. એને સર્વાંશે તજી શકવાની તમારામાં હાલમાં શક્તિ પણ નથી. પરંતુ ભોગતૃષ્ણાનો નાશ કરવાની શક્તિને આપનાર સમ્યકત્વને તમે પામ્યા છો. આ ભવની અંદર શકય હોય ત્યાં સુધી ભોગતૃષ્ણાને અનુકૂળ હોય એવું ન આચરવું. વિકારી વાસનાઓને અનુકૂળ ન થવું. આવા પ્રયત્ન દ્વારા ધીરે ધીરે તમે ભોગતૃષ્ણાના સંપૂર્ણ નાશ કરવાની શક્તિ મેળવી શકશો."

વ્યંતર દંપતિ ગુરૂદેવશ્રીના મુખથી આ ઉપાય સાંભળીને અતિ ઉલ્લસિત થયાં. "આપે અમારા ઉપર મહાન ઉપકાર કર્યો" એ પ્રમાણે બોલી, ગુરુદેવને વંદના કરી.

ગુરૂભગવંતની દેશના અને વ્યંતરદંપતિના પ્રસંગને જોઇ ઋજુ રાજા, પ્રગુણા રાણી, મુગ્ધકુમાર અને અકુટિલીના હૃદયમાં ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો. અધ્યવસાયો શુદ્ધ થવા લાગ્યા, અંતઃકરણ નિર્મળ થયું. સૌને ખ્યાલ આવ્યો કે અમે અણસમજથી ભૂલો કરી છે. સત્ય વસ્તુનું ભાન થયું. લજ્જાથી મુખ ઉપર શરમના શેરડા છૂટયા, મુખ નીચાં નમી ગયા.

શ્રી ઋજુરાજા અને પ્રગુણા રાણીએ વિચાર કર્યો કે "રાજકુમાર અને પુત્રવધુ બેવડાં થઇ ગયાં" એ અણસમજથી સાચું માનીને આ બંને ભોળાઓના જીવનમાં અકાર્ય કરાવનારાં થયાં. અમે મોટી ભૂલ કરી. મુગ્ધ કુમાર અને અકુટિલાને થયું કે પરસ્ત્રી અને પરપુરુષ સાથે વિષય વિલાસ ભોગવવા દ્વારા અમે અનાચરણ આચરી જીવનમાં પાપ આચર્યું, કુળમાં કલંક લગાડયું.

આ રીતે પશ્ચાતાપની સરિતામાં ડુબકી લગાવી પવિત્ર બનવા લાગ્યા.

### આર્જવ બાળકનું પ્રગટ થવું :

રાજા, રાણી, કુમાર અને કુમારપત્ની પશ્ચાતાપ દ્વારા પોતાના આત્માની નિર્મળતા કરી રહ્યા છે, ત્યાં "હું તમારી રક્ષા કરીશ, હું તમારી રક્ષા કરીશ" આ રીતે અભયવાણી ઉચ્ચારતું એક બાળક પ્રગટ થયું.

આ ચારે મહાનુભવોનો શરીરમાંથી જે શુદ્ધ પરમાણુંઓ નિકળી રહ્યાં હતાં, એમાંથી આ બાળકના શરીરની રચના

થઈ હતી. બાળક શરીરે સુડોલ અને સ્વચ્છ હતું. મનને પ્રસન્નતા કરનારૂં અને આંખને આહ્લાદ કરનારૂં હતું. તેજસ્વી અને હસમુખું હતું. તે આચાર્યભગવંતની સન્મુખ આવી બેસી ગયું.

**બીજા બે શ્યામ બાળકોનું પ્રગટન :**

આ બાળકના પછી બીજા એક બાળકે દેખાવ દીધો. તે રંગે શ્યામ અને દેખાવમાં બેડોળ હતું. વળી જોતાં ઉદ્વેગને ઉત્પન્ન કરે તેવું અશુભ હતું.

બીજા બાળક પછી ત્રીજો બાળક દેખાયો. એ બીજા બાળક જેવો રંગે શ્યામ પણ ભયંકરતા અને ભયાનકતામાં એ ઘણું આગળ વધે તેવું હતું. બહાર આવતાની સાથે ધુંવાડાના ગોટાની જેમ એકદમ વધવા લાગ્યું. વ્યંતરની જેમ દીર્ઘકાય બનવા લાગ્યું.

આ બાળકને વધતાં જોઇને શ્વેતવર્ણા પ્રથમ બાળકે જોરથી એના માથામાં મુક્કો માર્યો અને આગળ વધતાં અટકાવી મૂળ સ્થિતિમાં લાવી દીધો.

શ્યામવર્ણા બંને બાળકો સભામાંથી બહાર નિકળી દૂર ચાલ્યા ગયા અને ત્યાં અવળું મુખ કરી બેસી ગયા. ત્રણે બાળકોની આ જાતની રીતભાત સભાજનોને અત્યંત આશ્ચર્ય ચકિત બનાવતી હતી. આ શું બની રહ્યું છે, આ બાળકો કોણ છે એ વિગત જાણવા માટે સૌ ઉત્સુક બની ગયાં હતાં. એ વખતે નિર્મળ આશયશીલ રાજાને ઉદ્દેશી આચાર્યભગવંતે જણાવ્યું કે—

હે મહાનુભાવો ! થયેલી ભૂલના વિષયમાં તમારે જરા પણ ખેદ ન કરવો. આ કાર્યમાં તમારો જરા પણ દોષ નથી. તમે નિર્મળ છો, શુદ્ધ જ્યોતિર્મય સ્વરૂપી છો.

ઋજુરાજા— ભગવન્ ! તો પછી આ દોષ કોનો ?

ગુરૂદેવ— તમારા શરીરમાંથી શ્વેતબાળક બહાર આવ્યું અને ત્યારબાદ જે શ્યામવર્ણનું બિહામણું બાળક બહાર આવ્યું એનો આ બધો દોષ છે.

ઋજુરાજા— એ બાળકનું નામ શું છે ?

ગુરૂદેવ— એનું નામ "અજ્ઞાન" છે.

ઋજુરાજા— ભગવન્ ! અજ્ઞાન પછી જે બાળક બહાર આવ્યુ અને તાલવૃક્ષની જેમ વધતું ચાલ્યું એ શ્યામવર્ણના બાળકને શ્વેત બાળકે મુક્કો શા માટે માર્યો ? મુક્કો મારતાં વધતું જતું અટકી ગયું અને મૂળસ્થિતિમાં આવી ગયું આનું કારણ શું ? આ બધુ શું બની રહ્યું છે ?

ગુરૂદેવ— હે ભૂપાલ ! ત્રીજા બાળકનું નામ "પાપ" છે. અજ્ઞાનથી પાપો વધે છે એ તમે પણ સમજો છો. અજ્ઞાનને આધીન થએલો આત્મા કૃત્યાકૃત્યના વિવેકને જાણી શક્તા નથી, પાપને પીછાણી શકતા નથી, સમજી શકતા નથી. આ અજ્ઞાનના જ કારણે આત્માઓ પાપોમાં પ્રવૃત્તિ કરે છે.

ઋજુરાજા— ભંતે ! જે પ્રથમ ધવલશ્વેત બાળક હતું તે કોણ ?

ગુરૂદેવ— તેનું નામ "આર્જવ" છે.

ઋજુ રાજા— ભદંત ! આ ત્રણે બાળકના કાર્યો કેવાં છે ? એમનું સ્વરૂપ કેવું છે ?

**અજ્ઞાનનું સ્વરૂપ :**

આ કૃષ્ણવર્ણું શ્યામ બાળક તે સર્વદોષોનું કારણ છે. એ બાળક જેના શરીરમાં હોય ત્યાં સુધી સત્ય અસત્યનો વિવેક થઇ શકતો નથી. આ કાર્ય કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી એ જાતનું ભાન હોતું નથી. ભક્ષ્યાભક્ષ્ય કે પેયાપેય શું, એની વિચારણા હોતી નથી.

અજ્ઞાનને ભોગતૃષ્ણા સાથે ગાઢ મિત્રતા છે. અજ્ઞાન હોય તો જ ભોગ તૃષ્ણા રહે. જો અજ્ઞાન ન હોય તો ભોગ તૃષ્ણા આવે નહિ અને કદાચ આવી જાય તો પણ સ્થિરતા પૂર્વક રહી શકે નહિ અલ્પ સમયમાં વિદાય લઈ લે છે.

**પાપનું સ્વરૂપ :**

ઉપર જે અજ્ઞાનનું સ્વરૂપ આપણે જોયું તે જ અજ્ઞાન "પાપ" રૂપ બાળકને ઉત્પન્ન કરે છે. સાધુપુરૂષો "પાપ" ને દુઃખના કારણભૂત જણાવે છે. આ પાપ પ્રાણીઓને અત્યંત ઉદ્વેગ કરાવે છે. આ જગતમાં જેટલા દુઃખ, સંતાપ, કલેશો છે તે બધા "પાપ"ના પાપી પ્રતાપે છે.

"પાપ" હિંસા અસત્ય વગેરેથી ઉત્પન્ન થાય છે અને અજ્ઞાનથી હિંસા અસત્ય વગેરેમાં પ્રવૃત્તિ થાય છે. અજ્ઞાનથી બચવા અહિંસા વગેરેને પાલન કરવું જોઇએ. અહિંસા વગેરેના પાલન માટે અજ્ઞાન દૂર કરવું જોઈએ.

પાપથી હિંસા અને હિંસાથી પાપ એમ અન્યોઅન્ય હેતુ છે. એકથી બચવા બીજાને ટાળવો જરૂરી છે. પાપ અટકે તો હિંસા અટકે અને હિંસા અટકે તો પાપ અટકે. આ વિષચક્ર અનાદિકાળનું છે. અને અનર્થમૂળ છે.

## આર્જવનું સ્વરૂપ :

વધતા જતા પાપને આર્જવે અટકાવી મૂળસ્થિતિમાં બનાવી દીધું એ તમે જોયું. આર્જવ પ્રાણીઓના આશયને નિર્મળ રાખે છે. હૃદયના ભાવોને શુદ્ધ રાખે છે. અંતઃકરણને ઉજવળ રાખે છે. તેથી મનને પાપો આચરવા પ્રેરણા મળી શકતી નથી. પ્રેરણાના અભાવે પ્રાણીઓ પાપો આચરી શકતા નથી, તેથી તે મૂળસ્થિતિમાં જ રહેવા પામે છે પણ પ્રમાણથી મોટા કે વધુ થઇ શકતા નથી.

"આર્જવ" બાળકે તમને જણાવ્યું હતું કે "હું તમારૂં રક્ષણ કરીશ, હું તમારૂં રક્ષણ કરીશ." જે ભાગ્યવાનોના હૃદયમાં આર્જવ હોય છે, તેના પાપો આગળ વધી શકતા નથી પણ જ્યાં હોય ત્યાં જ અટકી જાય છે. અજ્ઞાનથી કદાચ "પાપ" કરે તો પણ એ વૃદ્ધિ પામતા નથી.

"આર્જવ" યુક્ત આત્માઓ નિષ્કપટ અને નિર્મળતા ભર્યું જીવન જીવીને સંસાર સમુદ્રનો પાર મેળવી શકે છે. એને સંસારમાં લાંબો સમય પસાર કરવાનું રહેતું નથી.

જે પુણ્યવાનોના હૃદયમાં "આર્જવ" વાસ કરે છે તેઓ ધન્યવાદને પાત્ર છે. પ્રશંસા કરવા લાયક અને અનુમોદનીય છે.

હે પુણ્યવાનો ! તમે આ ત્રણેનું સ્વરૂપ સાંભળ્યું. આર્જવ વિગેરેના ગુણદોષો ખ્યાલમાં આવ્યા. "આર્જવ" ઉપયોગી છે અને બીજા બે દુઃખના નિમિત્ત છે, એ તમે સમજી ગયા છો. માટે "આર્જવ" યુક્ત બની સમ્યગ્ ધર્મના પાલન દ્વારા અજ્ઞાન અને પાપના જડ મૂળથી નાશ કરવા સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

## ઋજુ રાજા વિગેરે ચારેના હૃદયનો ઉપદેશથી પલ્ટો અને દીક્ષાનો સ્વીકાર :

આચાર્યશ્રીની અમૃત સમી મધુરી દેશના સાંભળીને ઋજુરાજાદિના હૃદયનો પલ્ટો થઈ ગયો. મન અતિ પ્રસન્નતા અનુભવવા લાગ્યું. રાજ્ય વૈભવો અને વિષયવિલાસો દુઃખના સાધનો જણાયા, મહેલાતો જેલખાના જેવા કારમા જણાયા. ચારે આત્માઓને દીક્ષા ગ્રહણ કરવાના કોડ જાગ્યાં.

ઋજુરાજાએ પોતાના "શુભાચાર" નામના પુત્રને રાજ્યાભિષેક કરી રાજ્યગાદીએ સ્થાપન કર્યો. પોતે ચારે આત્માઓ સાથે ગુરૂદેવના ચરણે આવી પરમ પવિત્ર ભાગવતી પ્રવ્રજ્યાનો સહર્ષ સ્વીકાર કર્યો.

ભગવંતની દેશનાસભાનો ત્યાગ કરી અવળે મુખે દૂર બેઠેલા બે શ્યામવર્ણા બાળકોએ ઋજુરાજા, પ્રગુણારાણી, મુગ્ધકુમાર અને અકુટિલા પુત્રવધુને દીક્ષા ગ્રહણ કરતાં જોયા તેથી તે દૂર પ્રદેશમાં પલાયન થઇ ગયાં.

"આર્જવ" બાળકે આ મહાનુભાવોનાં શરીરમાં પ્રવેશ

કર્યો. ચારે જણા સરલતાના ભંડાર બની ગયાં. સરલતાના ગુણુને કારણે આત્મામાં નિર્મળતા વધુ વિકસિત બનતી ગઈ. પવિત્ર વિભૂતિઓ તરીકે આદર્શ પુરૂષોની ગણુનામાં ગણુનાપાત્ર બન્યા.

## કાલજ્ઞ અને વિચક્ષણાને સમ્યક્ત્વ પ્રાપ્તિ :

આ ચારે આત્માઓને દીક્ષાના પંથે જતા જોઈ કાલજ્ઞ વ્યંતર અને વિચક્ષણા વ્યંતરીએ હૃદયના ભાવોલ્લાસ પૂર્વક અનુમોદના કરી પોતે દેવગતિના જીવો હોવાથી ચરિત્ર લેવા અસમર્થ છે એમ જણાવી શુદ્ધ સમ્યકત્વનો સ્વીકાર કર્યો. આચાર્ય ભગવંતને ભકિત ભર્યા હૃદયે વંદના કરી પોતાના સ્થાને ગયાં.

વ્યંતરયુગલની રાહ જોઈ બહાર બેઠેલી ભોગતૃષ્ણાએ ગુરૂભગવંતને વંદના કરી વળી રહેલાં વ્યંતર યુગલને જોતાં જ એમના શરીરમાં પ્રવેશ કર્યો.

પણ આ દંપતીના મનોભવનમાં સમ્યકત્વનો રત્નદીપ પ્રકાશી રહ્યો હતો, તેથી ભોગતૃષ્ણા પોતાનું જોર બતાવી શકતી નહિ. એ બિચારી વળ ઉતરી ગએલ દોરી જેવી નરમ બની ગએલી, દંપતીના મનોભવનમાં રહેતી છતાં નહિ જેવી એની પ્રવૃત્તિ બની ગઇ.

એકદા દંપતી ઉપવનમાં આનંદ ખાતર ગએલાં. ત્યાં એકાંત જોઈ વિચક્ષણાએ પૂછ્યું,

હે પ્રાણુનાથ! આપને છેતરીને હું પરપુરૂષ સાથે ચાલી ગએલી અને એ વાત આપના લક્ષમાં આવી ત્યારે આપે મારા

માટે શું શું વિચારો કરેલા ? આપે મનમાં મારા માટે કેવી ધારણા બાંધી ?

હે પ્રિયે ! મુગ્ધ કુમારને મારી સ્ત્રી સાથે અસદાચાર કરતો જોઈ એને મારી નાખવાનો વિચાર આવ્યો. પરપુરૂષ સાથે રતિ પ્રમોદ કરતી તને જોઇ મારી નાખવાનું મન થયું. પણ તું દેવજાતિની હોવાથી મરી શકે નહિ માત્ર દુઃખી થાય, વળી અકુટિલાને ઉપાડી દૂર પ્રદેશમાં ચાલ્યાં જવાનું મન થયું છેવટે કોઇ જાતનો સાહસ ન કરવાનો અને કાળ વિલંબ કરવાનો નિર્ણય કર્યો.

કાલજ્ઞને જે જે વિચારો આવેલા તે બધા વિચારો સરલ હૃદયે પોતાની પત્ની વિચક્ષણાને જણાવી દીધાં.

વિચક્ષણાએ કહ્યું— હે આર્યપુત્ર ! આપનું નામ "કાલજ્ઞ" છે, તે ખરેખર સત્ય છે. આપ નામથી અને ગુણથી "કાલજ્ઞ" સમયના પારખુ છો. મને અનાચાર કરતી જોઇ છતાં આપે ઉતાવળું પગલું ન ભર્યું તે ઘણું સારૂં કર્યું. સમય પસાર કરવામાં લાભ જ થયો.

કાલજ્ઞે પૂછ્યું : પ્રિયે ! હું કુલવિણવાના બહાનાથી અકુટિલા પાસે જતો રહ્યો એ વાત જાણ્યા પછી મારા માટે તારા નિર્મળ હૃદયમાં શું ભાવો થયા ? કેવી લાગણીના તરંગો ઉઠયાં ?

વિચક્ષણાએ મુગ્ધ કુમાર સાથે રહેતા જે જે ઉર્મિયો ઉઠેલી અને સ્ત્રીસુલભ જે કોમળ લાગણીયો થયેલી તે નિખલાસ-પણે લજ્જાના કારણે નીચુ મુખ રાખી જણાવી દીધી.

કાલજ્ઞે કહ્યું, હે પ્રિયે! એ વખતે હૃદયમાં ઈર્ષા અને દ્વેષ ઉત્પન્ન થવાં છતાં મનમાં ડંખ ન રાખ્યો અને સમયને યોગ્ય આચરણ આચરી બતાવી તેં તારૂં "વિચક્ષણા" નામ સાર્થક કરી બતાવ્યું. તું સાચે જ વિચક્ષણા છે.

ત્યાર બાદ વ્યંતર યુગલ શુદ્ધ સમ્યકત્વ પૂર્વક યથા શક્ય ધર્મની આરાધના ભાવપૂર્વક કરવા લાગ્યા. અને શેષજીવન નિખાલસ પ્રેમપૂર્વક પસાર કર્યું.

## કથાનો સારાંશ :

સામાન્યરૂપા "મધ્યમબુદ્ધિ" પુત્રને મિથુનદ્વયનું કથાનક સંભળાવીને સાર ભાગ જણાવતાં કહે છે :

હે પુત્ર! આ કથાનક દ્વારા તને એજ સમજાવવાનું છે કે, તારે પણ મનીષી અને સ્પર્શનની વાતોના નિર્ણય માટે કાળવિલંબ કરવો ઉચિત છે. આગળ પાછળના તમામ વિચારો કરી છેવટે નિર્ણય લેવો, ઉતાવળ ન કરીશ.

"સમયની રાહ જોવી" એ પણ ઘણીવાર લાભ માટે જ થાય છે.

મધ્યમબુદ્ધિ પણ માતાજી પાસે કથા અને સલાહ સાંભળી મનીષીકુમાર તેમ જ સ્પર્શનની વાતોના નિર્ણય માટે સમયની રાહ જુવે છે.

★

## પ્રકરણ છઠ્ઠું

# બાળની વિડંબનાઓ

### અકુશલમાલાની યોગશક્તિ :

એક દિવસે બાળે પોતાની માતા અકુશળમાલાને કહ્યું. હે માતાજી! થોડા સમય પહેલાં મને આપે આપની યોગશક્તિનો પરિચય આપવા જણાવેલ, તો હવે આપ યોગશક્તિનો પરિચય મને આપી મારૂં મન ખુશ કરો.

પુત્રના આગ્રહના કારણે યોગશક્તિનો પરિચય આપવા માટે ધ્યાન વિગેરે કરી બાળના શરીરમાં પ્રવેશ કર્યો. અકુશળમાળાએ પ્રવેશ કર્યો એટલે સ્પર્શને પણ બાળના શરીરમાં પ્રવેશ કર્યો. બન્ને જણાએ પોતપોતાનું બળ બાળ ઉપર સારી રીતે અજમાવ્યું.

બાળના શરીરમાં બંનેનો પ્રવેશ થયો એટલે સુકોમળ શરીરના સ્પર્શની ભાવના જાગી. સાથે ખરાબ વિચારોની હારમાળા ચાલી. પોતાના સેવકોની સ્ત્રીઓ સાથે વિલાસ

કરવાની ઈચ્છા કરવા લાગ્યો. ક્ષુદ્રવર્ણની, હલકા કુળની કે અસ્પૃશ્યા હોય તો પણ બાળ એ સ્ત્રીયોને છોડતો ન હતો.

લજ્જા કે મર્યાદા જેવી વસ્તુ એના જીવનમાં રહી નહિ. લોકોમાં નિંદા વિગેરે ઘણાં થતાં પણ એ તરફ બેદરકાર રહેતો. વિકારોની વાસનામાં એ સર્વથા વિવેકથી પર અંધ જેવો બની ગયો.

બાળના નિંદનીય વર્તનોથી મધ્યમબુદ્ધિને ઘણું દુઃખ થયું. ભાતૃપ્રેમથી ખેંચાઈને બાળને કહ્યું, હે ભાઈ! હાલમાં તારૂં વર્તન સારૂં થતું નથી. તને આ શોભે નહિ. આપણી આબરૂ, આપણી મર્યાદા, આપણો ધર્મ એ તું કેમ ભૂલી જાય છે? કુળમાં કલંક લાગી રહ્યું છે, પિતાજીના નામને ધક્કો પહોંચે છે એ કેમ ખ્યાલમાં નથી રાખતો?

ઘણી રીતે સમજાવ્યો. પરંતુ બાળે ઉત્તર આપ્યો કે, હે મધ્યમ! તને મનીષીભાઈએ ભોળવ્યો લાગે છે? તું પણ મોટાભાઈના સકંજામાં સપડાઈ ચૂકયો છે કે શું? જો એમ ન હોય તો તું આવું બોલે નહિ. હું સ્વર્ગના સુખોનો ભોગવટો કરી રહ્યો છું એ તારા ધ્યાનમાં કેમ નથી આવતું?

"ખરેખર! આ જગતમાં જે પ્રાણીઓ પોતાની જ ભૂલોના ભોગે સ્ત્રીઓ વિગેરે સુકોમળ ભોગ્ય પદાર્થોનો ભોગવટો કરી જાણતા નથી, મોજમજા માણી શકતા નથી અને લોકલજ્જા વિગેરેના બહાના તળે એ સુખોનો ત્યાગ કરે છે. તે પામરો મહારત્નને તરછોડવા જેવું દુઃસ્સાહસ કરે છે."

આ જાતનો ઉદ્ધત જવાબ સાંભળી મધ્યમબુદ્ધિએ વિચાર્યું, કે ઉખર ભૂમિમાં વર્ષાનું મીઠું પાણી નકામું જાય, તેમ બાળના ઉખર હૈયામાં મારી વાણી નિષ્ફળ જાય છે. આંધળા આગળ આરિસો ધરવા જેવું છે, એમ વિચારી મૌન રહ્યો.

## વસંત ઋતુનું આગમન અને ઉદ્યાનમાં ગમન :

આ રીતે મનીષી, મધ્યમબુદ્ધિ અને બાળ પોતપોતાને અનુરૂપ વર્તી રહ્યાં છે ત્યાં વિલાસના અધિષ્ઠાતા કામદેવને જાગૃત કરનારી વસંત ઋતુની પધરામણી થઈ.

વસંતના આગમનની સાથે વનરાજી ખીલી ઉઠી. વાતાવરણમાં વિલાસ છવાયું. પુષ્પલતાઓ હરિયાળી બની ગઈ. પુષ્પગુચ્છો હાસ્ય કરતાં જણાવા લાગ્યાં. ભમરાઓ ગુંજારવમાં કામદેવના ગીતો ગાવાં લાગ્યા. કોયલો કલકલ પંચમસૂરો પોકારી રમણીયોના મનને વિહ્વળ બનાવવા લાગી. મયૂરનો કેકારવ વિરહિણીની વ્યથાને વધારતાં હતાં.

વન વિભાગ વૃક્ષો, લતાઓ, હરિયાળીઓ, પુષ્પગુલ્મો, લતામંડપો વિગેરેથી યુવક યુવતીઓને આનંદ માણવા આમંત્રણ આપતું હતું.

વસંતની રળીયામણી અનંગત્રયોદશીના દિવસે માતા અકુશળમાળા અને મિત્ર સ્પર્શન સાથે પોતાના ભાઈ મધ્યમને લઈ બાળ "લીલાધર" ઉદ્યાનમાં ગયો. આ ઉદ્યાન નંદનવનની ઉપમાને ધારણ કરતું હતું.

આ ઉદ્યાનના મધ્યભાગમાં મનોહર અને લીસા ચમકતા સંગેમરમરના પાષાણોથી બનાવેલા ઊંચા ઊંચા શિખરોવાળું ગગન સાથે વાતો કરતું વિશાળકાય ધવલમંદિર હતું. મંદિરના ગર્ભગૃહના મધ્યમભાગમાં સ્રીવલ્લભ રતિપતિ શ્રી કામદેવની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવેલી હતી.

ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં સફળ થવા માટેની પ્રાર્થના કરવા આવનારા ભક્તોની સારી સંખ્યા આ દિવસે જણાતી હતી. ઘણાં ભાવિકો દર્શન કરી પાછા જઈ રહ્યાં હતાં. મધ્યમબુદ્ધિ અને બાળે દર્શન કરવા મંદિરમાં પ્રવેશ કર્યો અને કામદેવને વિધિપૂર્વક નમસ્કાર કર્યા.

નમસ્કાર કરી મંદિરની પ્રદક્ષિણા ફરે છે અને ઇષ્ટપતિની પ્રાપ્તિ માટે કામદેવની માનતા માનવા આવેલી કુમારીઓનાં મુખડાંને જોતાં જાય છે.

આ મંદિરની સમીપમાં રતિપતિ "અનંગદેવ"નું મનોહર "વાસભુવન" હતું. "વાસભુવન" ગુપ્ત હતું છતાં બાળના જોવામાં એ આવી ગયું. આની અંદર શું હશે ? એ જાણવા અતિ આતુર બન્યો.

મધ્યમબુદ્ધિને દ્વાર ઉપર ઊભો રાખી બાળ "વાસભુવન" માં પ્રવેશ કરે છે. અંદર કામદેવની વિશાળ શય્યા જોવામાં આવી. વિશાળ અને રત્નજડિત પલંગ હતો. એના ઉપર મખમલના પોચા પોચા ગાદલાં બીછાવેલ અને એ ઉપર સ્વચ્છ ઓછાડ ઢાંકેલ હતો અને એના ઉપર મોગરા, ગુલાબનાં તાજાં ફુલો પાથર્યાં હતાં. આ પલંગ શ્રી અનંગદેવ અને રતિદેવીથી અધિષ્ઠિત ગણાતો હતો.

લોકો એમ માનતાં કે આ પલંગ ઉપર અનંગદેવ અને રતિદેવી વિલાસ સુખને અનુભવે છે. એથી એ પલંગને રોજ વ્યવસ્થિત રાખવામાં આવતો અને ભોગેચ્છાથી એની પૂજા પણ કરવામાં આવતી.

આ વાસભવનમાં મંદ પ્રકાશ હતો. બાળને થયું કે આ પલંગનો સ્પર્શ કરી જોઉં! આમ વિચારી સ્પર્શ કર્યો. સુકોમળ અને આનંદપ્રદ સ્પર્શ હોવાથી વારંવાર એ શય્યા ઉપર હાથ ફેરવવા લાગ્યો.

સ્પર્શન અને અકુશળમાળા બાળ શરીરમાં પ્રવેશ કરેલાં જ હતાં, એટલે શય્યા સ્પર્શની ભાવના તીવ્ર બનતી ગઈ. પલંગ ઉપર સુઈ જવાની ભાવના થઈ. આવી શય્યા દેવોને પણ દુર્લભ છે. એનો થોડો આનંદ કરી લઉં, પણ આ દેવ શય્યા છે અને એમાં સુવાથી કેવા માઠાં પરિણામો સહેવાં પડશે અને કેવી આપત્તિઓનો સામનો કરવો પડશે એ વિચાર ન કર્યો અને પલંગ ઉપર સૂઈ ગયો.

## મદનકંદલી મહારાણીનો સ્પર્શ :

ઉપર જણાવેલા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં અંતરંગ પ્રદેશમાં કર્મપરિણામ રાજા હતા તેમ બાહ્ય પ્રદેશમાં બાહ્યલોક પ્રસિદ્ધ શ્રી શત્રુમર્દન રાજા રાજ્ય કરતા હતા. તેમને રૂપરૂપના અંબાર જેવી સ્વરૂપવતી મદનકંદલી પટરાણી હતી.

મહારાણી મદનકંદલી "અનંગદેવ"ની પૂજા કરવા માટે લીલાધર ઉદ્યાનના મંદિરમાં આવેલા, સાથે પોતાનો વિશાળ પરિવાર હતો. કામદેવની મૂર્તિની વિધિવત્ પૂજા કરીને એમના

શુભ વાસભુવનમાં કામદેવ અને રતિદેવી અધિષ્ઠિત શય્યાની પૂજા માટે આવ્યાં.

વાસભુવનના અભ્યંતર ભાગમાં પ્રકાશ મંદ હતો. એટલે કામદેવની ભ્રમણાથી શય્યામાં સુતેલા બાળનો સ્પર્શ કર્યો. ચંદન વિગેરે અર્ચનીય પદાર્થોથી વિલેપનાદિ કર્યા. અંતમાં હાથ જોડી નમસ્કાર કરી પોતાના મહેલે પાછી વળી.

## સ્પર્શ પછી બાળની મનોદશા :

મહારાણી મદનકંદલીના કોમળ કર સ્પર્શ પછી વિકાર વાસનાને આધીન બનેલો બાળ વિચારે છે કે જગતમાં આ સ્ત્રી જેવો કોમળ સ્પર્શ કોઈનો નહિ હોય. મેં હજુ આવા સ્પર્શ સુખનો અનુભવ કર્યો નથી. જીવનમાં આવા સ્પર્શ સુખનો અનુભવ ન કરવામાં આવે તો જીવન નિરર્થક છે.

મદનકંદલીના વિચારોમાં પોતાની જાતને ભૂલી ગયો. આ દેવશય્યા છે, મંદિર છે એ પણ ખ્યાલ એને ન રહ્યો. એ તો માત્ર વિચારે છે કે મદનકંદલી કેવી રીતે પામી શકું? એને મેળવવાના ઉપાયો કયા?

આ જાતના વિચારોના તરંગે ચઢેલો બાળ પાણી વિના માછલું તરફડે તેમ દેવશય્યામાં તરફડે છે.

મધ્યમબુદ્ધિને થયું કે હજુ બાળ બહાર કેમ ન આવ્યો? અંદર જઈને જોઉં તો ખરો. અંદર જઈ જોયું તો બાળ દેવશય્યામાં આળોટતો હતો. વિવેકી મધ્યમબુદ્ધિ વિચારમાં પડયો. અરે! આ દુષ્ટબુદ્ધિ બાળે શું કર્યું? આવું અકાર્ય કરાય? દેવશય્યામાં સુવાય?

દેવશય્યા ગમે તેવી સુંદર હોય, એનો સ્પર્શ ભલે અપૂર્વ આનંદ દેનારો હોય, તો પણ એનો ઉપભોગ આપણાથી ન જ કરાય. ગુરૂપત્ની ગમે તેવાં રૂપાળાં હોય તો પણ એ પૂજનીય જ હોય, તેમ દેવશય્યા પૂજનીય ગણાય. એ શય્યાની આશાતના ન કરાય. એને પગ પણ ન લગાડી શકાય.

આવો વિચાર કરી મધ્યમબુદ્ધિએ બાળને જાગૃત કર્યો. છતાં શય્યાસ્પર્શ લોલુપી બાળ કાંઈ ઉત્તર આપતો નથી. અરે ! ભાઈ! આતો દેવશય્યા છે, એના ઉપર સુવાનું ન હોય. દેવશય્યામાં સુવાથી ક્યાંક આપત્તિ આવશે. પણ આ બધું સાંભળે કોણ ?

## વ્યંતરે કરેલી બાળની દુર્દશા :

આ વખતે કામદેવના મંદિરનો અધિષ્ઠાતા વ્યંતર દેવ ત્યાં આવ્યો. દેવશય્યામાં પોઢેલા દુષ્ટબાળને મજબુત બાંધી મંદિર બહાર ચોકમાં જોરથી પછાડ્યો અને મરણતોલ દશામાં લાવી મૂક્યો.

બાળની ભયંકર દશા જોઈ મધ્યમબુદ્ધિ હાહાકાર કરતો તરત "વાસભુવન" માંથી બહાર આવ્યો. શું બન્યું ? શું બન્યું ? એમ બોલતા લોકો ચારેકોરથી આ તમાસો જોવા દોડી આવ્યા.

મધ્યમબુદ્ધિને સૌ પૂછવા લાગ્યા, ભાઈ! શું બન્યું ? આ ગરબડ શું થઈ છે ?

શરમનો માર્યો મધ્યમબુદ્ધિ નીચું મુખ કરી મૌન રહ્યો. એ બિચારો કોઇને ખરો ઉત્તર આપી ન શકયો. એટલે ક્રોધે ભરાએલા વ્યંતરે કોઈ મનુષ્યના શરીરમાં પ્રવેશ કરી બાળના દુષ્ટ આચરણને ખુલ્લું પાડી દીધું.

ઉપરાંત વ્યંતરે જણાવ્યું કે "હે મનુષ્યો! તમારા સૌની સન્મુખ આ દુષ્ટ બાળને હું મારી નાખું છું. ટૂકડે ટૂકડા કરી નાખું છું. આવા પાપીઓ આકરા દંડને પાત્ર જ હોય છે. એ વિના આવાઓનો સુધારો થાય નહિ."

આવી રીતે બોલી વ્યંતર બાળને મારવા દોડે છે. ત્યાં ભાઈના પ્રેમના કારણે મધ્યમબુદ્ધિ અને દયાના કારણે બીજા મનુષ્યો વ્યંતરદેવના ચરણારવિંદમાં મસ્તક મુકી વિનવવા લાગ્યાં.

"હે વ્યંતરદેવ! કૃપા કરો, કૃપા કરો. દયા લાવો, દયા લાવો. હે સ્વામિન્! એકવાર આપ ક્ષમા આપો. હે પૂજ્ય! કરૂણાદષ્ટિ કરો. બાળ નાદાન છે પણ હવે એ આપની આશાતના નહિ કરે. દયાળુ! દયા કરો." આવી ઘણી વિન-વણીના અંતે વ્યંતરે બાળને જીવતો રહેવા દીધો.

વ્યંતરદેવે ક્ષમા આપી પરન્તુ રોષે ભરાએલા કામદેવના ભક્તોએ બાળને સારો મેથીપાક ચખાડયો. ધક્કા મૂક્કા અને પાદના પ્રહારોથી અર્ધમૂર્ચ્છિત બનાવી દીધો. અનેક મુશી-બતોને વેઠી મધ્યમબુદ્ધિ બાળને ઘરે લઈ ગયો.

આ વાતની જાણ કર્મવિલાસ રાજાને પણ અન્ય મનુષ્યો દ્વારા થઈ. સાંભળીને વિચાર કર્યો આ કાંઈ બાળની ખાસ વિડંબના ન કહેવાય. જે વિડંબના થવાની છે તે તો હવે જ

થવાની છે. હું જેના ઉપર ક્રૂર નજર ફેરવું ત્યાં તો આવા અનેક દુઃખો આવી પડે.

**બાળની મનઃકામના :**

મહેલમાં આવ્યા પછી, માર ખાઈ અધમૂવા બનેલા પોતાના નાનાભાઈ બાળને મધ્યમબુદ્ધિએ પૂછ્યું.

હે ભાઈ! શરીરે ખાસ પીડા તો નથી થઈને ?

બાળ– શરીરે પીડા નથી, પણ મનમાં સંતાપ થાય છે.

મધ્યમ– શા કારણે મનમાં સંતાપ થાય છે?

"કામદેવ સદા વક્ર હોય છે. એનો જેના મનમાં પ્રવેશ થયો હોય એની પ્રવૃત્તિઓ પણ વાંકી બની જાય છે. એટલે બાળ સિધો ઉત્તર ન આપતાં, સામો પ્રશ્ન કરે છે."

બાળ– અન્તસ્તાપ શાથી છે એ મને સમજાતું નથી. પરન્તુ કામદેવના મંદિરના વાસભુવનમાં જ્યારે હું ગએલો અને તું દરવાજા ઉપર ધ્યાન રાખતો હતો ત્યારે કોઈ એક સ્ત્રી અંદર આવી હતી, એ તારા ખ્યાલમાં છે ?

મધ્યમબુદ્ધિ– હા. એક સ્ત્રી જોઈ હતી. તારે એનું શું કામ છે ?

બાળ– ભાઈ! એ સ્ત્રીનું શું નામ છે? કયાં રહે છે? એ તારી જાણમાં હશે.

મધ્યમબુદ્ધિ– અરે ! મેં એને સારી રીતે ઓળખી. એ તો શત્રુમર્દન મહારાજાના પટ્ટરાણી મદનકંદલી દેવી હતા.

મધ્યમબુદ્ધિનો ઉત્તર સાંભળી બાળ નીસાસા મૂકવા

લાગ્યો. અરેરે આ રાજરાણી મને કેવી રીતે પ્રાપ્ત થાય? એની સાથે વિલાસ કઈ રીતે સંભવે? એ વિચારોમાં બાળના નિસાસા ઉષ્ણ અને દીર્ઘ બની ગયા.

મધ્યમબુદ્ધિ ચતુર હોવાથી બાળના મનોગત ભાવો સમજી ગયો. ઓહ! બાળ મદનકદંલી મહારાણીની ઝંખના રાખી રહ્યો છે. ભાઇ સાહેબ મદનકંદલીના મોહમાં સપડાઈ ગયા છે. પણ આગળ વિચાર્યું કે આનો રાગ અયોગ્ય ન ગણાય મદનકંદળી એ અપૂર્વરૂપવતી અને સૌંદર્યવતી છે. રાગ યોગ્યપાત્ર ઉપર જ થયો છે.

મહારાણી મદનકંદલી સૌંદર્યવતી છે. રૂપના બળે બીજાના ચિત્તને પોતાના પ્રતિ આકર્ષે એમાં નવાઈ ન ગણાય. આ બાબતમાં મને પણ સાધારણ અનુભવ થયો છે. જ્યારે મદનકંદલી મહારાણી વાસભુવનના સાંકડા દરવાજામાંથી અંદર દાખલ થએલા અને પાછા બહાર નીકળેલાં ત્યારે એમના કોમળ શરીરનો મને પણ સ્હેજ સ્પર્શ થએલો.

એ વખતે સ્પર્શનના પ્રતાપે મને થયું કે આનો સુકોમળ અને મનને બહેલાવે અને હર્ષ ઘેલો કરે તેવો સ્પર્શ જગતમાં બીજો કોઈ નહિ હોય. એ વખતે મારૂં મન પણ ચગડોળે ચડેલું. છતાં મને વિચાર થયો કે મન સ્હેજ મલીન ભલે થયું પણ કુળવાન પુરૂષોએ પરસ્રીગમન તો ન જ કરવું જોઇએ. એટલે મારૂં મન સ્વસ્થ બની ગયું.

બાળના પણ અશુભ વિચારોને દૂર કરી સ્વસ્થ બનાવું,

એમ વિચારી મધ્યમબુદ્ધિ મધુરા વચનોથી બાળને સમજાવતાં કહે છે.

હે ભાઈ! અશુભ વિચારોથી મન પાછું વાળ. નીતિના માર્ગમાં જ મન રાખવું જોઈએ. આપણા ખાનદાનપણાનો વિચાર કર. તારા અવિનયનું ફળ તું હજુ ભોગવી રહ્યો છે. તને આશાતનાનું ફળ પ્રત્યક્ષ મલ્યું. લોકોનો તિરસ્કાર ફીટકાર અને માર ઘણો સહન કરવો પડયો.

હે બાળ! મેં અને બીજા દયાળુ લોકોએ અનેક વિનંતિ કરી તને વ્યંતરદેવ પાસેથી મુક્ત કરાવ્યો. આ તેં પ્રત્યક્ષ અનુભવ્યું છે. અશુભ વિચારો ન કર. અશુભ વિચારો અનેક યાતનાઓને આમંત્રે છે. "દૃષ્ટિવિષ સર્પના મસ્તકથી મણિ લેવો અને મદનકંદલી પ્રાપ્ત કરવા, એ બન્ને સરખા છે. જરા સમજ અને નીતિમાર્ગને અનુસરવાવાળો થા.

બાળને થયું કે મધ્યમબુદ્ધિ મારા હૃદયના ભાવો સમજી ગયો છે. મનના વિચારો છૂપાવવાનો કાંઈ અર્થ નથી. એટલે બાળે નફટાઈ ભર્યો જવાબ આપતાં જણાવ્યું કે—

હે ભાઈ! તું એમ કેમ નથી કહેતો કે મેં જ તને માર ખવરાવ્યો.છે? ઉપરથી કહે છે કે મેં તને છોડાવ્યો? ખરી રીતે તેં જ આ પાપ કરાવ્યું છે.

કામદેવમંદિરના અધિષ્ટાયક વ્યંતરદેવના બંધન કે ઘાતથી જો મારૂં મૃત્યું થયું હોત તો મૃત્યુની વેદના કરતાં મનઃ-સંતાપની અધિક વેદના સહન કરવાનું ન રહેત. મરણ કરતાં પણ અન્તસ્તાપ મને અધિક કષ્ટ આપી રહ્યું છે. એ વખતે

મારૂં મૃત્યુ થયું હોત તો ઘણું સારૂં માનત. તારી મૂર્ખતાના કારણે જ આ મહાદુ:ખને અનુભવી રહ્યો છું.

બાળનો ઉત્તર સાંભળી મધ્યમબુદ્ધિ સમજી ગયો કે આનો અશુભ આશય અફર છે. આની બુદ્ધિ હાલમાં ઠેકાણે આવે તેમ નથી. મેં એના સારા માટે જણાવ્યું એનો અર્થ અવળો કર્યો.

મધ્યમબુદ્ધિ મૌન રહ્યો અને સવિતાનારાયણે અસ્તાચળનો આશ્રય કર્યો.

## બાળનું મદનકંદલીની શોધમાં જવું અને આકસ્મિક આપત્તિ :

દિનપતિ સૂર્ય પોતાના કિરણો સમેટી વિદાય થયો એટલે રજનીએ પોતાના અંધકારની શ્યામ છાયા આખા વિશ્વ ઉપર ફેલાવવાનું કાર્ય જોરશોરથી પ્રારંભ્યું.

નગરમાં લોકોની આવ– જા ઘટી ગઈ. સૌ પોતપોતાના ભવનોમાં જવા લાગ્યા. ધીરે ધીરે શેરીઓમાં પણ નિર્જનતા થવા લાગી. સૌ શયનમાં આરામથી પોઢી ગયા. સંપૂર્ણ નગર શાંત બની ગયું. મધ્યરાત્રીનો સમય થયો ત્યારે બાળ મદનકંદલી સાથે વિલાસ કરવાના ઉમળકાથી પોતાના મહેલથી રવાના થયો.

બાળ ભયાનક અંધકારવાળી રાત્રીના મધ્ય સમયે ક્યાં જઈ રહ્યો છે ? આવો વિચાર કરી ભાઈના સ્નેહથી મધ્યમબુદ્ધિ પણ બાળની પાછળ જાય છે.

બાળ ધીમા પગલે મદનકંદલી મહારાણીના મહેલ તરફ જઈ રહ્યો છે. એને પોતાની આગળ એક અજાણ્યો માનવી નજરે પડે છે. તે માનવીએ બાળને સારી રીતે માર્યો અને જમીન ઉપર પાડી દીધો. મયૂરબંધ પાશથી મજબૂત બાંધી બાળને ઉપાડી આકાશમાર્ગે વેગપૂર્વક રવાના થઈ ગયો.

બાળની પાછળ આવી રહેલા મધ્યમબુદ્ધિએ જોયું કે અજાણ્યો માનવી મારા ભાઈને બાંધી આકાશમાર્ગે પલાયન થઇ રહ્યો છે એટલે એણે મોટા અવાજે રાડો પાડી કહેવા લાગ્યો, અરેરે! મારા ભાઈને કોણ ઉપાડી જાય છે? ઓ! નાલાયક! ઊભો રહે. અરે બાયલા! આ શું કરે છે? એમ બોલતા તલવાર ખેંચી ભૂમિમાર્ગે દોટ મૂકી નગર બહાર આવ્યો. ત્યાં આકાશમાર્ગે જતો બાળનો અપહરણ કરનાર આંખથી દેખાતો બંધ થઈ ગયો.

આ ચોર વિદ્યાધર બાળને આગળ ક્યાંક મૂકી દેશે અને પોતે ચાલ્યો જશે એવા આશયથી મધ્યમબુદ્ધિએ દોડવું ચાલુ રાખ્યું. કાંટા અને કાંકરાથી પગો વિંધાણા, ભૂખ, તાપ, તરસથી શરીર શ્યામ અને નિસ્તેજ બની ગયું હતું. હૃદયમાં નિરાશા અને ઉદ્વિગ્નતા આવી ગઈ હતી. ભ્રાતૃપ્રેમથી ગામડે ગામડે શોધ કરતો રઝડવા લાગ્યો. જેવા તેવા લોકોને પણ બાળ માટે પૂછવા લાગ્યો. આ રીતે ભટકતાં સાત રાત અને સાત દિવસના અંતે "કુશસ્થળ" નગરની પાદરે પહોંચ્યો.

**બાળ અને મધ્યમ બુદ્ધિનો મેળાપ:**

કુશસ્થળ નગરની બહાર જુનો પુરાણો અવાવરો કુવો

હતો. તે મધ્યમ બુદ્ધિના જોવામાં આવ્યો અને વિચારે છે કે મારા પ્રાણો નિષ્ફળ છે. નાના ભાઈ વિના જીવવું એના કરતાં આ કુવામાં ઝંપલાવી પ્રાણોનો અંત લાવી દઉં.

કુવામાં પડતું મુકવાનો વિચાર કરી ગળા ઉપર મોટી શિલા બાંધી ઝંપલાવવાની તૈયારી કરે છે ત્યાં "નંદ" નામના રાજપુરૂષે મધ્યમબુદ્ધિને દીઠો.

"સાહસ ન કરો. જોખમ ન ખેડો" આવી બુમરાણ મચાવતો નંદ રાજપુરૂષ ત્વરિત ગતિએ ત્યાં આવી પહોંચ્યો અને મધ્યમબુદ્ધિને કહ્યું. હે ભાઈ! આત્મહત્યાના અધમ આચરણને તું કેમ અપનાવી રહ્યો છે? આવો વિચાર કરવો પણ ન શોભે.

મધ્યમબુદ્ધિએ પોતાના લઘુબંધુના વિરહનું કારણ જણાવ્યું.

નંદે કહ્યું ભાઈ! તમે તમારા નાના ભાઈના ખાતર આત્મઘાત કરતા હો તો તેની જરૂર નથી. ધીરજ ધરો. ખેદ કરવાની જરૂર નથી. મને આશા છે કે તમને તમારા ભાઈનો મેળાપ થઈ જશે.

મધ્યમ— કેવી રીતે?

નંદ— ભાઈ! સાંભળ, આ કુશસ્થળ નગરની અંદર "હરિશ્ચંદ્ર" રાજા રાજ્ય કરે છે, તે અમારા સ્વામી છે. અમારા રાજાને સીમાડાના પ્રાદેશીક નાના રાજાઓ વારંવાર રંજાડતાં હોય છે. ઘણો ત્રાસ અને કનડગત કરતાં હોય છે.

"રતિકેલીપ્રિય" વિદ્યાધર અમારા રાજાના પ્રિયમિત્ર છે. એ એક દિવસે મળવા આવેલા અને સીમાવર્તી રાજાઓના ત્રાસ નજરે નીહાળ્યાં. એથી રતિકેલી વિદ્યાધરે અમારા રાજાને જણાવ્યું.

હે મિત્ર ! અત્યંત તેજસ્વી, પ્રભાવશાળી, મહાક્રૂર એવી અપૂર્વ વિદ્યા તને આપું. તું એ વિદ્યાને સાધના દ્વારા સિદ્ધ કર, એ વિદ્યા સિદ્ધ કર્યા પછી શત્રુ રાજાઓ તારૂં કાંઈ બગાડી શકશે નહિ. તું એમનાથી કદી હાર પામીશ નહિ.

અમારા રાજાએ આભાર માન્યો. રતિકેલી વિદ્યાધરે વિદ્યા શિખવાડી અને છ માસ પર્યંત [1]પૂર્વસેવા કરાવી.

આજથી આઠ દિવસ પહેલા રતિકેલિ વિદ્યાધરે અમારા રાજાને વિદ્યાની સાધના કરાવી. બીજે દિવસે રાજાને અને એક અજાણ્યા માનવીને લઈ અહીં આવ્યો.

એ અજાણ્યા માનવીના શરીરમાંથી માંસ અને લોહી કાઢીને સાત રાત સુધી રોજ હોમ કરવામાં આવતો હતો. પછી એ માનવીને રાજાએ દેખરેખ માટે મને સોંપ્યો. હે ભદ્ર ! કદાચ એ અજાણ્યો માનવી તારો ભાઈ હોઈ શકે.

મધ્યમે કહ્યું હે આર્ય ! જો આપ કહો તેમ જ હોય તો કૃપા કરીને એ માનવીને અહીં લાવો. મારો બંધુ છે કે નથી, તે હું ઓળખી લઈશ.

નંદ રાજપુરૂષ તે માનવીને લાવે છે. મરણ તુલ્ય

---

૧. પૂર્વ સેવા— વિદ્યા આરાધન કરવાની પૂર્વ તૈયારી. ટ્રાયલ.

અવદશામાં તે છે. માત્ર શ્વાસોશ્વાસની ગતિ ચાલુ છે એટલા ઉપરથી જીવતો માની શકાય છે. એ વિના મૃત્યુ તુલ્ય દશામાં જ જણાય.

મધ્યમબુદ્ધિએ ઘણી બારીકાઈથી નિરીક્ષણ કર્યું ત્યારે ખ્યાલ આવ્યો કે આ મારો નાનો ભાઈ બાળ છે. નંદ રાજ પુરૂષને કહ્યું. આર્ય ! આ માનવી મારો બંધુ છે. તમે મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો. તમારો ઋણી છું.

નંદરાજપુરૂષે જણાવ્યું. કે, તારા ખાતર મેં રાજદ્રોહ કર્યો વળી મને એવા સમાચાર પણ મળેલા કે આ પુરૂષના લોહી માંસથી રાજાજી હોમ હવન કરવાના છે. માટે તમને મારૂં કહેવું છે કે તમે જલ્દીથી આ પ્રદેશની બહાર ચાલ્યા જાઓ. મારી ચિંતા ન કરશો, નંદનું શું થશે ? એ ન વિચારશો, જે થવાનું હશે તે થશે. તમે તમારે તરત રવાના થઈ જાઓ.

મધ્યમબુદ્ધિએ નંદરાજપુરૂષની રજા લીધી અને બાળને પોતાના ખભે ઉપાડી ગામે ગામ ક્લેશોનો અનુભવ કરતો મહામુશિબતે પોતાના નગરે આવ્યો. ભાઈની ખૂબ સાર-સંભાળ કરી એટલે ઘણાં દિવસે અલ્પ બળ આવ્યું.

મધ્યમે પૂછ્યું—હે ભાઈ અપહરણ થયા પછી તેં કેવા દુઃખો અનુભવ્યાં ?

**બાળના કડવા અનુભવ :**

બાળે જણાવ્યું. હે ભાઈ ! તારાં દેખતાં જ મજબૂત

બાંધીને યમરાજ સરખો વિદ્યાધર યમપુરી જેવા બિહામણાં શ્મશાનમાં લઈ ગયો.

એ સ્મશાન ભૂમિમાં ધગધગતાં અંગારાથી ભરેલો અગ્નિકુંડ જોવામાં આવ્યો. અગ્નિકુંડની સમીપમાં એક પુરૂષ ઉભો હતો. તે પુરૂષને વિદ્યાધરે કહ્યું, હે રાજન્ ! તારૂં ઇચ્છિત કાર્ય પૂર્ણ થયું છે. એક બત્રીશલક્ષણા પુરૂષની પ્રાપ્તિ થઈ છે.

આ માનવીના દેહમાંથી લોહી— માંસ કાઢી એની આહૂતિ આપવાની છે. એક આહૂતિ આપી એક જાપ કરવાનો, એ રીતે એક સો આઠ આહૂતિ અને જાપ કરવાના.

હર્ષિત થએલો રાજા વિદ્યાધરના કહેવા મુજબ વિદ્યાનો જાપ કરવા લાગ્યો.

નિર્દય વિદ્યાધરે અતિતીક્ષ્ણ ચકચકાટ છરો કાઢી મારા શરીર ઉપર કાપ મૂકયો અને માંસના ટુકડા તેમ જ લોહીનો ખોબો ભરી રાજાને આપે છે. રાજા આહૂતિ આપતો જાય અને મંત્રજાપ કરતો જાય.

નરકસમી દુઃસહ્ય વેદનાને ભોગવતા અને કરૂણ આક્રંદન કરતા મને જોઈ વિદ્યાધર પરમાધામીની જેમ ખુશી થાય છે.

જપ વખતે આકાશમાં વેતાલો બિહામણાં રૂપો કરી ડરાવવાં લાગ્યા. વ્યંતરા અટ્ટહાસ્ય દ્વારા ગભરાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. શિયાળીયાના રડવાનો અવાજ વારંવાર કાનપર અથડાતો હતો. લોહી માંસ અને હાડ ચામનો વરસાદ વરસતો

દેખાવા લાગ્યો. કાળજાને કંપાવી નાખે એવા ભયંકર ડરાવણાં ઘણાં દૃશ્યો સ્મશાનમાં થયાં, છતાં રાજા ન તો ભયભીત બન્યો અને ન જાપથી ચલિત થયો.

શિયાળામાં ઠંડીથી સ્થિર બરફરૂપ બની ગએલા પાણીની જેમ રાજાનું મન સ્થિર છે એમ જાણી વ્યંતરોએ ઉપસર્ગો કરવા બંધ કર્યા. એકસો આઠ જાપ પૂર્ણ થયા પછી એક મહાતેજસ્વી વિદ્યા પ્રગટ થઈ, રાજાની સન્મુખ ઉભી રહીને જણાવ્યું, હે રાજન્! "હું તમને સિદ્ધ થઈ છું."

રાજાએ વિનકપૂર્વક વિદ્યાને નમસ્કાર કર્યા અને વિદ્યાએ રાજાના શરીરમાં પ્રવેશ કર્યો.

મારા શરીરમાંથી ઘણું માંસ અને લોહી નીકળી ગયું હતું તેથી વેદના અસહ્ય હતી. હું કરૂણ ચીસાચીસ પાડતો હતો. મારી કરૂણ ચીસોથી રાજાના અંતરમાં દયા આવી અને મુખેથી અરેરાટી કરતો અવાજ પણ થઈ ગયો. અરર અરર એમ બોલાઈ ગયું.

રાજાને ઉદ્દેશી વિદ્યાધરે કહ્યું. વિદ્યાની સાધનાનો આ કલ્પ છે. આવાજ એના આચાર નિયમો છે. એમાં દયા કરવાની ન હોય, એ પ્રમાણે જણાવી દયા ચિંતવતા દયાળુ રાજાને અટકાવ્યો.

વિદ્યાધરે મારા શરીરના બધા અંગો ઉપર કોઇ જાતનો એક લેપ લગાવ્યો. લેપના પ્રતાપે ક્ષણવારમાં અગ્નિ જેવો દાહ થયો. અસહ્ય વેદનાઓ થવા લાગી. એ વેદનાઓનું વર્ણન મારા મુખથી થઈ શકે તેમ નથી.

શિયાળામાં હિમપાત થવાથી વૃક્ષો અને વેલડી વિગેરેના લીલા પાંદડાં બળીને નિશ્ચેષ્ટ બની જાય તેમ લેપના પ્રભાવથી હું પણ નિશ્ચેષ્ટ બની ગયો. વૃક્ષના સૂકા ઠુંઠા જેવો બની ગયો. પછી રાજા અને વિદ્યાધર મને ઉપાડી નગરમાં લઈ ગયા.

નગરમાં ખાટાં પદાર્થો ખવરાવવામાં આવ્યા. જેથી શરીર સોજા- થોથરથી ફુલી મોટું બની ગયું. રોજ રાત્રે હવનકુંડ પાસે લઈ જવામાં આવતો અને વિદ્યાધર મારા શરીરમાંથી લોહી- માંસ કાઢી રાજાને આપે અને રાજા આહૂતિ આપતો જાય અને જાપ કરતો જાય. આ વિધિ સાત રાત્રિ ચાલી.

આ રીતે સાત દિવસ અસહ્ય પીડાઓ સહન કરવા છતાં મારા પ્રાણો ન છૂટયા. મરણ ન થયું. જીવતો જ રહ્યો. ત્યાર પછી શું બન્યું એ તું જાણે છે. જ્યારે હું અકથ્ય વેદના ભોગવતો હતો ત્યારે મને થતું કે આવી કરૂણવેદના નરકની અંદર પણ નારક જીવો નહિ અનુભવતા હોય, આ છે મારા દુઃખનો અનુભવ.

તારા દુઃખો સાંભળી મારૂં હૃદય ભરાઈ જાય છે. તું આવા દુઃખોને સહેવા માટે યોગ્ય નથી. તારા શિરે આવા દુઃખો ન જ આવવા જોઈએ. વિધાતાની દુષ્ટતા અને ક્રૂરતા પણ કેવી? અને એની વિડંબનાઓ પણ કેવી વિચિત્ર? એમ મધ્યમે દિલસોજી આપી.

## મનીષીનો બોધ અને તેની અસર :

લોકવ્યવહારથી મનીષી બાળના ખબર અંતર પૂછવા

આવી રહ્યો છે અને બારણા પાસે ઉભા રહી બાળ અને મધ્યમની વાતો સાંભળી. ધીરે ધીરે અંદર પ્રવેશ કર્યો એટલે બંને જણાએ ઉચિત સત્કાર કરી બેસવા માટે આરામ આસન આપ્યું.

મનીષીએ ખબરસાર પૂછતાં પૂછતાં વચ્ચે મધ્યમ-બુદ્ધિને પૂછ્યું, ભાઇ ! મધ્યમ ! તું શોકજનક વાતો શા સારૂ કરતો હતો ?

શોકાતુર હૃદયે મધ્યમબુદ્ધિએ "ઉદ્યાન ગમન, કામદેવ મંદિરની ઘટના, બાળનું શયનમાં સુઈ જવું, વ્યંતર ઉપદ્રવ, મદનકંદલીનો સ્પર્શ, લોકોનો માર અને તિરસ્કાર, રાત્રે મદનકંદલીના મહેલ ભણી જવું, વિદ્યાધર દ્વારા અપહરણ અને ત્યાં થએલા કષ્ટો, બાળ માટે પોતે વેઠેલી આપદાઓ, નંદ-રાજપુરૂષ પાસેથી બાળની પ્રાપ્તિ વિગેરે તમામ વાતોનું વિગતવાર નિવેદન કરી બતાવ્યું."

આ બીના મનીષીના જાણમાં તો હતી જ, તો પણ પોતે તદ્દન અજાણ છે એવા મુખના આશ્ચર્ય પ્રદર્શક ભાવો બનાવી બોલ્યો "અરેરે બાળને ઘણાં કષ્ટો નાહક સહેવા પડયા ?"

જો કે મેં પહેલાંથી જ બાળને જણાવેલ હતું કે આ સ્પર્શનની મિત્રતા સારી નથી. સ્પર્શનના પ્રતાપે બાળ કેવી વિડંબનાઓની આંટીમાં આવી ગયો ? સ્પર્શન દેખાવમાં અને બોલવામાં સારો જણાય છે પણ પરિણામે મહા ભયંકર છે. ઘણાંને ભોળવી ફસાવ્યા છે અને દુઃખના ખાડામાં પટકયા છે.

વળી સ્પર્શનના પ્રતાપે મનુષ્યો અનાર્યોને છાજે તેવા કૃત્યો કરે છે. મનની મલીનતા કરે છે. માટે એની સંગતિ વધુ પડતી થાય છે એ ઠીક થતું નથી. બાળને આટલા દુઃખો પડયા અને હજુ જો સ્પર્શનની મિત્રતા નહિ તજે તો ન જાણે કેટલા દુઃખો સહન કરવા પડશે ?

વચ્ચે જ બાલ બોલી ઊઠયો. અરે ભાઈ મનીષી ! આ તમે શું બોલી રહ્યાં છો ? ભયભીત બનેલી હરણીના વિકસિત નયનોવાળી મદનકંદલી મહારાણીને હજુ પણ પ્રાપ્ત કરૂં તો એના સ્પર્શ સુખ પાસે આ અલ્પદુઃખનો શો હિસાબ ?

મોટી ઇચ્છાઓ ધરાવનારા અને મહાકાર્યની સિદ્ધિ કરનારા ગૌરવશીલ પુરૂષોને કાર્ય સિદ્ધિ કરવામાં વચ્ચે વચ્ચે આપત્તિયો આવી પડે એથી ગભરાયા વિના પોતાના કાર્યને વળગી જ રહે છે. ભય પામી કાર્ય સિદ્ધિના પ્રયત્નો ત્યાગ નથી કરતા. કાયર પુરૂષો જ આપત્તિથી ડરી જઈ પુરૂષાર્થ કરતાં અટકી જાય છે.

વિચારશીલ મનીષીએ જાણ્યું કે બાળ હિતશિક્ષા માટે તદ્દન અયોગ્ય છે. "પત્થર ઉપર પાણી"ની જેમ આનું હૃદય છે. નરમ બને તે શક્ય જ નથી, એમ મનમાં નિર્ણય કરી મધ્યમબુદ્ધિને બાજુના ઓરડામાં લઈ જાય છે. અને કહે છે.

હે મધ્યમ ! મોહાધીન બાળ પોતાના હિતને પણ જાણતો નથી. અસહ્ય વેદનાઓ આ જીવનમાં જ સહન કરી

છતાં ભાન આવતું નથી. પરન્તુ તારે પણ તારા જીવનને બાળની પછવાડે બરબાદ કરવું છે? તારે પણ તારો વિનાશ નોતરવો છે?

મધ્યમબુદ્ધિ— ભાઈ! આપની વાત બરોબર જ છે. આટલી વિડંબનાઓ પછી મને વાસ્તવિકતાનું ભાન થયું. લાંબા ગાળે મને આપના વાતમાં સત્યતા જણાઈ. હવેથી હું આપની આજ્ઞાને માન્ય કરીશ. બાળને મેં પણ ઘણો સમજાવ્યો છતાં એકે વાતને લક્ષમાં લેતો નથી. આજથી મારે બાળના સંસર્ગનો સર્વથા ત્યાગ છે. હું બાળ સાથે સંબંધ નહિ રાખું.

હે પ્રિયબંધુ! આપને એક વાત પૂછું?

મનીષી— આનંદ પૂર્વક પૂછ.

મધ્યમ— સજ્જનોને શરમાવે તેવા બાળના વર્તનની જાણ પૂજ્ય પિતાજીને તો થઈ નથી ને?

મનીષી— વ્હાલા મધ્યમ! પૂજ્ય પિતાજીને જ નહિ પણ નગરના એકેએક માનવીને જાણ થઈ ગઈ છે. એકપણ એવો માનવી નહિ જડે કે જે આ વાતથી વાકેફગાર ન હોય.

મધ્યમ— આ વાતની બધાને જાણ કેવી રીતે થઈ

મનીષી— હે મધ્યમ! કામદેવના મંદિરને બન ઘણા માનવ મહેરામણ વચ્ચે બન્યો હતો એટલે સૌ જાણે એમાં નવાઈ નથી જ. બીજો પ્રસંગ પણ વિદ્યાધર જ્યારે બાળને બાંધી આકાશ માર્ગે પલાયન થયો અને તેં બુમરાણ

મચાવી જેથી આસપાસના લોકો જાણી ગયા અને બાળની પાપ લીલાને અનુમાનથી જાણી ગયા.

તારા અવાજથી તને ઓળખી ગયા અને બાળને કોઈ ઉપાડી ગયો એ વાત આખા નગરમાં પ્રચારને પામી.

આ સાંભળી મધ્યમબુદ્ધિએ વિચાર કર્યો કે "ઉદરમાં રહેલા ગર્ભની તાત્કાલિક ખબર ન પડે પરન્તુ કાલાંતરે અવશ્ય જાણ થાય જ. પાપોની જાણ તાત્કાલિક ન થાય એ સંભવે પણ જતે દિવસે જાહેર થયા વિના ન જ રહે. રૂમાં લપટાએલી આગ થોડા વખત માટે શાંત જણાય. અવસર મલ્યો એટલે ભડકાનું સ્વરૂપ ધારણ કરે." તેમ પાપો વર્તમાનમાં પ્રગટ ન થાય તો અવસરે સારી રીતે પ્રસિદ્ધિને પામે. "પાપીઓના પાપ પીપળે ચડી પોકારે." એ કહેવત સત્ય છે.

પાપ ઉપર ઢાંક પીછોડો કરવાની મારી ઈચ્છા ખરેખર અજ્ઞાનને જ સૂચવે છે. પ્રભાતના ઝાંખા પ્રકાશને પણ શું વસ્ત્ર દ્વારા ઢાંકી શકાય છે?

હે ભાઈ મનીષી! અમારી આ વાત જાણીને આપે, પૂજ્ય પિતાજીએ, અમારા બંનેની માતાઓએ અને નગરજનોએ શો શો વિચાર કર્યા? અમારી બાબતમાં શું શું બોલતા હતાં?

## મનીષી, મધ્યમ અને બાળ માટેના અભિપ્રાયો

હે મધ્યમ! નિર્ગુણ શિરોમણી બાળ ઉપર મેં માધ્યસ્થ ભાવ રાખ્યો. સત્પુરૂષોએ મધ્યસ્થતા રાખવાનો ઉપદેશ આપેલો છે. ડાહ્યા માનવીનું કર્તવ્ય છે કે એણે અવગુણી

ઉપર ઉપેક્ષા ભાવ રાખવો જોઈએ. એટલે મેં પણ માધ્યસ્થ ભાવ રાખેલ.

વિના કારણે બાળની પછવાડે દુઃખો ભોગવનાર તારા ઉપર મને કરૂણા આવી. બિચારો આ મધ્યમ લેવાદેવા વિના દુઃખો અનુભવે છે. બાળની મિત્રતા ન હોત તો મધ્યમને આ દુઃખો ભોગવવા ન પડત. આ વિચાર તારા માટે મને આવેલો.

મને મારા ઉપર આત્મવિશ્વાસ જાગ્યો. મેં સ્પર્શનની વધુ પડતી સોબત ન કરી એટલે દુઃખના દિવસો જોવા ન પડયા. સજ્જન લોકોના ઉપહાસ પાત્ર ન થવું પડયું. સ્પર્શન યોગ્ય વ્યક્તિ નથી એ મારી વાત સત્ય ઠરી.

ભવ્યજંતુની ભવ્યતા ઉપર મને સદ્‌ભાવ જાગ્યો. એ ભાગ્યવાને સ્પર્શન સાથેની મિત્રતાનો ત્યાગ કર્યો, એ ઘણું ઉત્તમ કર્યું. ભવ્યજંતુ સુજ્ઞ હતો, ગુણાધિક પુરૂષ હતો, જેથી સ્પર્શનની દુષ્ટતા કળી ગયો અને સદાને માટે તિલાંજલિ આપી. આવા વિશિષ્ટ કાર્યથી એના પ્રતિ મને અતિ–સ્નેહ પ્રગટયો.

બાળની હકીકત પિતાજીએ જાણી ત્યારે ખૂબ હસ્યા. મેં હસવાનું કારણ પૂછયું, ત્યારે જણાવ્યું કે "હું જેના પ્રતિ વક્ર બનું અને એની જે દશા થવી જોઈએ, એ દશા બાળની થઈ છે. મને એ જોઈ ખૂબ આનંદ થયો છે. આમ જણાવી પિતાજી ફરી મોટેથી હસ્યા.

તારી માતા સામાન્યરૂપાએ જ્યારે આ વાત સાંભળી,

ત્યારે "હે પુત્ર ! તું ક્યાં ચાલ્યો ગયો ? તારી શી દશા થઈ? તું શા માટે ચાલ્યો ગયો ? હાય પુત્ર ! હાય પુત્ર ! એમ શોકથી બોલતી કરૂણ આક્રંદન કરવા લાગી.

મારી માતાને સમાચાર મલ્યા કે મનીષી ક્ષેમ કુશળ છે. એને કોઈ જાતની વિડંબના વેઠવી પડી નથી. પાપમાં મનીષીનો જરાય ભાગ નથી. એટલે માતાજીના હૃદયમાં ખૂબ પ્રસન્નતા થઈ. સંતોષનો અનુભવ કર્યો.

જનસમુદાયમાં બાળના અપહરણથી આનંદ થયો. તારા ઉપર કરૂણા આવી. મારી માધ્યસ્થવૃત્તિ જોઈ, મારા પ્રતિ સદ્ભાવ જાગ્યો, લોકો મારા પ્રતિ આકર્ષાયા અને મારા પક્ષપાતી બન્યા.

મધ્યમબુદ્ધિ—ભાઈ! આ બધા સમાચારો આપને કેવી રીતે મળ્યા ?

મનીષી—હું રાત્રે ફરવા નિકળેલો. મને થયું કે રાજ્યમાં શું શું બની રહ્યું છે એ વિષયની માહિતી મેળવું. એ વિચારથી સાવધાની પૂર્વક બધે ફર્યો. લોકોની પરસ્પર જાતજાતની અને ભાતભાતની વાતો સાંભળી. એ રીતે આપણા માટેના અભિપ્રાયો જાણી શકયો છું.

સાત્વિક બુદ્ધિવાળા મધ્યમબુદ્ધિએ વિચાર કર્યો, અરે ! બાળમાં, મારામાં અને મનીષીમાં તેમ જ બીજા મનુષ્યોમાં મનુષ્યની આકૃતિ સમાન જણાય છે, છતાં આચાર-વિચાર ભેદથી કેટલું અંતર જણાય છે ?

મનીષી જેવા ગુણવાન અને સજ્જન પુરૂષોને સૌ હૃદયથી વખાણે છે. બાળ જેવા અવિવેકી, અવિચારી, અવગુણી, સ્પર્શનને આધીન બનેલા મૂર્ખ માનવીઓને તિરસ્કાર, નિંદા અને ઉપહાસને પાત્ર બનવું પડે છે.

જેઓ મનીષી જેવા ઉત્તમ નથી અને બાળ જેવા અધમ નથી એવા મારા જેવા વચલી કક્ષાના માનવીઓને લોકો કરૂણાની નજરથી જુવે છે. અમારા જેવા ઉપર મધ્યસ્થભાવ રાખે છે.

મારે પણ મોટાભાઈ મનીષીની જેમ ઉત્તમ ઉત્તમ સાત્વિક ગુણોની ખીલવણી માટે સત્પ્રયત્ન કરવો જોઈએ. નહિતર જતે દિવસે બાળ જેવી મારી દશા કેમ ન થાય ?

જો મારે ગુણશીલ બનવું જ હોય, તો મારે બાળની મિત્રતાનો સર્વથા ત્યાગ કરવો જ જોઈએ. અવગુણી આત્માનો સંસર્ગ કદિ પણ ઉન્નતિ કારક થતો જ નથી. દુષ્ટના સંપર્કથી અભ્યુદય થાય એ માની ન શકાય.

મોટાભાઈએ સ્પર્શનના સંસર્ગને ન કરવા જણાવેલું પણ મેં હિતશિક્ષા ન માની. વાસ્તવિક અનુભવ પછી વિશ્વાસ જાગ્યો. ભાઈએ જે જણાવેલું તે તદ્દન સત્ય નિકળ્યું. નિર્ણયાત્મક વિચાર કરી મધ્યમબુદ્ધિએ મનીષીને કહ્યું.

"ભાઈ! અ બાળ સાથેના સંસર્ગનો સર્વથા ત્યાગ કરૂં છું. "અનેક અનર્થોના કારણભૂત એવા ભાઈને પણ શું કરવાનો ? કાન તૂટી જાય એવા સુવર્ણ

આભૂષણ શા કામના? બાળની સોબતથી મારે દૂર જ રહેવું જોઈએ.

ધન્યવાદ, ધન્યવાદ, એમ મનીષીએ મધ્યમને ધન્યવાદ આપવા દ્વારા સન્માન આપ્યું. છેલ્લે મનીષી મધ્યમની રજા લઈ પોતાના આવાસ ભણી ગયો.

શરમના કારણે મધ્યમબુદ્ધિ મહેલમાંથી કયાંય બહાર જતો નથી. કોઈને પોતાનું મુખ પણ દેખાડતો નથી. એની આંખમાં શરમના શેરડાં દેખાય છે. "ખાનદાન માનવીઓને લજ્જા એ મહાબંધન હોય છે." લજ્જાના કારણે બહાર જવા આવવાનું પણ બની શકતું નથી.

"લજ્જા એ લોહશૃંખલા કરતાં મહાબંધન કારક છે છતાં એને ચર્મ ચક્ષુઓથી જોઈ શકાતી નથી."

**બાળની મનોદશા :**

બાળના શરીરમાંથી અકુશળમાળા અને સ્પર્શન બહાર આવ્યાં. અકુશળમાળાએ કહ્યું, હે વત્સ ! તને ધન્યવાદ ઘટે છે.

હે વ્હાલા પુત્ર! જુઠા, ચબરાક અને લોકોની આંખમાં ધૂળ નાખનારા મનીષીનો તિરસ્કાર કર્યો, તે ઘણું સારૂં કર્યું. મનીષીને બરોબર સંભળાવ્યું. મારા દિકરાને જે રીતે છાજે તે વર્તન તેં કરી દેખાડ્યું, તેથી તું મારો વિનયી પુત્ર છે. માતૃભક્ત પુત્ર છે.

સ્પર્શને કહ્યું, હે માતાજી! આપના વિનીત પુત્રોનો આવો વર્તાવ ઘણો સુયોગ્ય ગણાય. આપના પુત્રે આવા વર્તન દ્વારા

મિત્રતાનો દૃઢ પ્રેમ દેખાડી દીધો છે. આપણા ત્રણેનો સંબંધ ઘણો ઘનિષ્ટ થયો છે. આપણે ત્રણેએ સુખ દુઃખમાં સાથે જ રહેવાનું છે. મંદનકંદલી મહારાણીની પ્રાપ્તિ માટે આવા દુઃખો પડે એમાં શું થયું ?" સાહસી પુરૂષો પોતે ધારેલા કાર્યની સિદ્ધિ કરવામાં વચ્ચે આવી પડતા વિઘ્નોથી ડરી જતા નથી, પોતાનો પરિશ્રમ તજી દેતા નથી.

બાલે જણાવ્યું "મારૂં પણ એજ મંતવ્ય છે. આ વાત મેં મનીષાને સમજાવી પણ જડભરત જેવા મૂર્ખ મનીષીને સ્પર્શજન્ય સુખની વાત ગળે જ ઉતરતી નથી."

સ્પર્શન–હે બાળ! તારે એનું શું કામ છે ? તારા સુખમાં એ વિઘ્નરૂપ છે. હું અને તારી માતા અકુશળમાળા જ તને મદદગાર બનીશું મનીષીને યાદ કરવો એ સુખમાં અંગારા નાખવા જેવું છે.

બાળ–એ વાત દીવા જેવી છે. એમાં મને શંકા નથી. પોતાને અનુકૂળ ઉત્તર સાંભળી અકુશળમાળા અને સ્પર્શને પુનઃ બાળના શરીરમાં પ્રવેશ કર્યો

## બાળનો મદનકંદલીના મહેલમાં પ્રવેશ :

અકુશળમાળા અને સ્પર્શને બાળના શરીરમાં પ્રવેશ કર્યો અને તરત જ એના મન રૂપ જંગલમાં કામવાસના રૂપ અગ્નિ સળગી ઉઠયો. સ્પર્શને એમાં પવન ફુકવો ચાલુ કર્યો. અકુશળમાળા–અશુભ વિચારો રૂપ ધુમાડાના ગોટે ગોટા નિકળવા લાગ્યા.

બાળને પોતાની શય્યામાં ચેન પડતું નથી. પાણી વિના માછલું તરફડે તેમ મદનકંદલીના વિચારોમાં ભાનભૂલો બનેલ બાલ તરફડે છે.

વાસનાને વશીભૂત થએલો બાળ રાત્રીના પ્રથમ પ્રહરે જ મદનકંદલીના મહેલ ભણી ચાલી નિકળ્યો. હૈયામાં મદન-કંદલીના મૃદુ સ્પર્શસુખ અને વિષય ક્રીડાની વાસના ભરી પડી હતી.

મધ્યમ બુદ્ધિના જોવામાં બાળ આવ્યો. સમજી ગયો કે આ બિચારો વાસનાને આધીન બની ભટકવા નિકળ્યો જણાય છે. મધ્યમના હૃદયમાં મનીષીની શિખામણ હતી. આ વખતે ભ્રાતૃપ્રેમથી આકર્ષાઇને પાછળ પાછળ ન ગયો.

બાળ શત્રુમર્દન રાજાના મહેલના સમીપે પહોંચી ગયો. આ વખતે રાત્રીનો પ્રથમ પ્રહર ચાલતો હતો. અંધકારે પોતાની ઘનશ્યામ ઘટા નગર ઉપર ફેલાવી હતી. છતાં રાજ્ય-મહેલમાં લોકોની આવ જા ઘણા પ્રમાણમાં હતી. ચોકીદારો કાર્યવ્યસ્ત હતાં. આ અવસરનો લાભ લઈ બાળે મહેલમાં પ્રવેશ કર્યો અને રાજાના શયન ખંડ સુધી પહોંચી ગયો.

શયનખંડમાં રત્નની દીપમાળો જળહળી રહી હતી. ખંડના મધ્યભાગમાં ઉંચો, વિશાળ અને મહામૂલ્યવાન એક પલંગ ગોઠવાએલો હતો. પલંગ ઉપર તાજા પિંજેલા રૂવાળા મખમલથી મઢેલા ગાદલાં પાથરેલ અને એના ઉપર સ્વચ્છ ધવલ ઊત્તરીય ઓછાડ બીછાવવામાં આવેલો. કુંદ-

પુષ્પની કળીઓ અને ગુલાબ વિગેરેના ખીલેલાં પુષ્પો પણ પાથર્યાં હતા. વિશ્વમાં આ પલંગ એક આદર્શ ગણાતો હતો.

મહારાણી મદનકંદલી આ વખતે શયનખંડની બાજુમાં શૃંગારભવનની અંદર શૃંગાર સજી રહ્યા હતાં.

વિશ્વમાં અતિશ્રેષ્ઠ આ પલંગને જોઈ બાળને એના ઉપર પોઢવાનું મન થયું. ભવિષ્યમાં શું થશે એ વિચાર ન કર્યો. વીતેલાં વીતકો ન સંભાર્યાં. કોમળ સ્પર્શની ભાવનાથી પલંગ ઉપર ચડી ગયો. ધીમેથી મસ્ત બની પોઢી ગયો.

પોતાને કોઈ ઓળખી ન જાય એટલા માટે એક મોટું વસ્ત્ર ઓઢી લાવેલો તે ઉતારી ઓશીકા ઉપર મૂકી દીધું. કાદવના ખાબોચીયામાં ભૂંડ આળોટે તેમ શય્યા ઉપર બાળ આળોટવા લાગ્યો.

## રાજાનું આગમન અને ભયવિહ્વળ બાળનું પલંગ ઉપરથી પતન

સુકોમલ શય્યામાં બે ચાર પડખાં ફેરવ્યા ન ફેરવ્યાં ત્યાં સાયંકાળનાં કાર્યોની પરિસમાપ્તિ કરી અંગરક્ષકો અને અન્ય પરિચારક વર્ગની સાથે પૃથ્વીપતિ શત્રુમર્દન શયનખંડના દ્વારે આવી પહોંચ્યા.

બાળે રાજાજીને જોયાં, અને તદ્દન ઢીલો થઈ ગયો, એનું સત્ત્વ હણાઈ ગયું. રાજાના ક્ષાત્રતેજને એ ઝીલી ન

શકયો ભયથી વિહ્વળ બની, પર્વત શિખરથી પાષાણ ગબડે તેમ પલંગ ઉપરથી ભુમિ ઉપર ધડાક દઈ ગબડી પડયો.

શયનખંડનું ભૂમિતળ આરસની લીસી અને ચળકતી શિલાઓથી જડેલું હતું. એના ઉપર પડતાં ધબ કરતો મોટો અવાજ થયો. આ શેનો અવાજ ? એમ વિચાર કરતાં રાજાએ શયનખંડમાં પ્રવેશ કર્યો અને ભૂમિ તળે આળોટતા બાળને જોયો.

રાજાને થયું કે રાજમહેલના શયનખંડ સુધી આ કેવી રીતે આવ્યો ? ઓશીકાની બાજુમાં ઓઢી લાવેલું મોટું વસ્ત્ર જોયું, શયન પલંગ તદ્દન વેરવિખેર ચૂંથાએલ હાલતમાં જોઈ અનુમાન કર્યું કે આ દુષ્ટ શય્યામાં સુતો હશે અને રાણી સાથે ભોગેચ્છાની બુરી લાલસાથી અહીં આવ્યો જણાય છે.

## રાજાએ કરેલો દંડ અને લોકોનો ફીટકાર :

રાજા અત્યંત ક્રોધે ભરાયો. બાળને લાત મારી ગરદન પકડી જોરથી પછાડયો અને એના જ વસ્ત્રથી મુશ્કેટાટ બાંધી દંડાધિકારી “બિભીષણ” ને બોલાવી બાળને સોંપી દીધો. સાથે જણાવ્યું કે–

હે બિભીષણ ! આ અધમને રાજમહેલના આંગણમાં લઈ જા. આને સારી રીતે રાત્રીના અંતિમ પ્રહર સુધી માર મારવાનો છે. આના કરૂણ રૂદનનો અવાજ મારા કાન સુધી આવવો જોઈએ. એમાં બેદરકારી ન કરીશ. દુષ્ટોને

આકરી સજા કરવી જોઈએ. એ વિના એમની શાન ઠેકાણે ન આવે.

"જી ! સાહેબ." આપની આજ્ઞા શિરોધાર્ય. એમ કહી બિભીષણ બાળને માથાના વાળથી પકડી ત્યાંથી ઘસડી ઘસડી દેઠ નીચે આંગણામાં લઈ ગયો.

વજ્ર જેવા તીક્ષ્ણ ખીલાવાળા લોહ સ્તંભ સાથે એને બાંધવામાં આવ્યો, ઉપરથી ચામડાના ચાબખાઓનો માર વિંઝાવો શરૂ થયો. ગરમ ગરમ તેલ એના શરીર ઉપર રેડવામાં આવ્યું. આ બધી વેદનાઓથી શરીરની ચામડી ઉપસી ગઈ અને તૂટવા લાગી. માંસના લોચા બહાર નિકળવા લાગ્યા. હાડકા તડ તડ અવાજ કરવા લાગ્યાં. નારક જેવી ભયંકર વેદનાઓ ભોગવતો હતો. વેદનાની ઉત્કટતાથી હૃદય દ્રાવક આક્રંદન કરતો હતો. છતાં બિભીષણે રાજાજ્ઞાથી આખી રાત્રી યાતનાઓ દીધે રાખી.

કરુણ આક્રંદન સાંભળીને અને કેટલાક પરસ્પરના મૌખિક સમાચારો જાણીને "રાજામહેલમાં શું બન્યું ?" એ જાણવા–જોવા નગરના ઘણાં લોકો રાજમહેલના વિશાળ ચોકમાં એકઠાં થયાં.

બાળનું આચરણ અને એની આ દુર્દશા જોઈ નિસ્નેહી બનેલો લોકસમુહ કહેવા લાગ્યો કે "અરે ! આ પાપી શું હજુ પણ જીવી રહ્યો છે ?" આ પ્રમાણે આવેશથી બોલતા અને ઘૃણિત નજરથી જોતા હતા.

લોક સમુહનો તિરસ્કાર એ બાળને "ક્ષત ઉપર ક્ષાર"[1] ની જેમ વધુ દુઃખદાયી થતું. બિભીષણે એ વખતે લોક સમૂહ સમક્ષ બાળનું રાત્રિ સંબંધિ દુષ્કૃત વિગતવાર જણાવી દીધું.

અરે ! આ બાળની ધીઠ્ઠાઈ તો જુઓ ? દુષ્ટતા અને અધમતાની પણ કાંઈ મર્યાદા ? એ પ્રમાણે બોલી વધારે અણગમો અને વધારે તિરસ્કાર લોકોએ પ્રદર્શિત કર્યો.

લોક સમુહમાંથી એક આગેવાન પુરૂષ રાજાશ્રી પાસે ગયો અને વિનંતી કરી, હે રાજન્ ! આ દુર્મતિએ મહા-મહિમશાલી એવા આપનું ઘણું બગાડયું છે. આની દુષ્ટતાનો સૌને ખ્યાલ આવે અને સૌ કોઈ આવી ગૂનાહિત પ્રવૃત્તિ કરતાં અટકે એવી આકરી શિક્ષા ફરમાવજો.

શ્રી શત્રુમર્દન રાજવીને સુબુદ્ધિ નામના શ્રેષ્ઠ પ્રધાન હતાં. તે પરમાર્હત્ શ્રી જિનધર્મના આરાધન કરનારા હતા એથી એમનાં હૃદયમાં કરૂણાનો ધોધ સદા વહ્યા કરતો, અંતઃકરણ શુદ્ધ અને શાંત હતું. જિનપ્રણીત સિદ્ધાન્તોના જ્ઞાતા હોવાથી બુદ્ધિ પણ વિશદ હતી. ઈન્દ્રને બૃહસ્પતિ મંત્રી સ્થાને છે તેમ આ બુદ્ધિનિધાન સુબુદ્ધિ શ્રી શત્રુ-મર્દનના મુખ્યમંત્રી હતા.

---

૧. "વાગ્યા ઉપર મીઠું, દાઝયા ઉપર ડામ, પડયા ઉપર પાટું" જેવી આ કહેવત છે.

આ મંત્રીશ્વરે અન્યથી ન બની શકે એવું રાજાશ્રીનું મહાન કાર્ય કરી આપ્યું હતું. એથી રાજા ખૂબ પ્રસન્ન થએલા અને એક વરદાન માગવા જણાવેલું.

દયાળુ મંત્રીશ્વરે કહ્યું : હે કૃપાળુ ! "કોઈ પણ હિંસાના કાર્યમાં આપે મારી સલાહ ન લેવી, એવું મને વરદાન આપો."

તેથી રાજાશ્રીએ દયાળુ પ્રધાનની સલાહ વિના જ પોતાના સેવકોને આજ્ઞા કરી. "અરે ! આ પાપાત્માને નગરમાં બધાં સ્થળે ફેરવો. બધે વિડંબના–ફજેતા કરી મારી નાખો." દુષ્ટોને મારી નાખવા એ રાજાઓનો ધર્મ છે.

આ સજા સાંભળી ઘણા લોકો ખુશી થયા. બાળને ગધેડા ઉપર બેસાડવામાં આવ્યો. કાળી મશી મોઢે ચોપડવામાં આવી. ગળામાં કણેરની માળા અને માટીના કોડીયાનો હારડો પહેરાવવામાં આવ્યો. મનના વિકલ્પો દિવસભર ભમે છે, તેમ એને આખી નગરીમાં ફેરવવામાં આવ્યો.

શ્યામ સંધ્યાના શૂનકાર સમયે બાળને શ્મશાન પ્રતિ લઈ ગયા. ત્યાં સમીપે રહેલા વડના ઝાડ સાથે ફાંસો આપવામાં આવ્યો. ગળે ફાંસો આપી રાજપુરૂષો અને લોક સમુહ નગર ભણી જતાં રહ્યાં.

## બાળનો બચાવ :

ભવિતવ્યતાના યોગે બાળને જે ફાંસો આપેલો તે દોરડું

તૂટી ગયું. એનો ફાંસો નિકળી ગયો અને જમીન ઉપર મરેલા જેવી મૂર્ચ્છિત અવસ્થામાં નિશ્ચેષ્ટ બની ગયો. ધીમા ધીમા પવનથી મહામુશ્કેલીએ એની મૂર્ચ્છા ઉતરી. ધીમા અને અવ્યક્ત સીસકારા જેવો અવાજ કરતો ઢસડાતો ઢસડાતો પોતાના આવાસે આવ્યો.

સવારના સમયમાં જ લોકમુખેથી મધ્યમબુદ્ધિએ બાળનું રાત્રી સંબંધી વૃત્તાંત સાંભળીને. હૃદયમાં વિચારે છે, જુવો તો ખરા ? મોટાભાઇ મનીષીના વચન માનવામાં અને ન માનવામાં કેટલું મોટું અંતર દેખાય છે ? મેં માન્યું તો હું આપત્તિથી બચી ગયો, નહિ તો મારૂં આવી બનત. બાળે ન માન્યું તો તે બિચારો કેવી દશા ભોગવી રહ્યો છે?

મનીષી ભાઈના કહેવાથી મેં બાળના સંગનો ત્યાગ કર્યો. તેથી ન તો મને કષ્ટ વેઠવા પડયા અને ન અપયશ થયો. પહેલી વખતે પછવાડે ગએલો ત્યારે તો મારે પણ આપત્તિઓ વેઠવી પડી હતી, આ વખતે ભાઈની હિતશિક્ષાથી આબાદ બચી ગયો.

બાળ બિચારો મનીષીના હિતોપદેશરૂપ વચનનૌકામાં બેસતો નથી માટે જ અગાધ એવા દુઃખસમુદ્રમાં વારંવાર ડુબે છે. વળી વારેઘડીએ નરક જેવી યાતનાઓ ભોગવે છે.

મનીષીના વચનો ઉપર મને હમણાં હમણાં પ્રીતિ થઈ અને એ મુજબ હું વર્ત્યો એટલે મને લાગે છે

કે મારૂં ભાગ્ય હજુ થોડું ઘણું જાગતું છે. હજુ હું ભાગ્યશાળી છું.

આ જાતની વિચારણામાં મધ્યમબુદ્ધિનો એક અહોરાત્રનો સમય પસાર થઈ ગયો. બીજે દિવસે પ્રાતઃકાળે બાળની પાસે જઈ વિગત પૂછે છે. બાળે જે વાત બનેલી તે વિગતપૂર્વક વિષાદ પણે કહી સંભળાવી.

બાળ હિતશિક્ષા માટે અયોગ્ય છે, એ જાતનો વિચાર કરી મધ્યમબુદ્ધિ ઉપચાર માત્રથી ખબરસાર પૂછી પોતાના આવાસે ચાલ્યો ગયો.

જેના અંગે અંગ ભાંગી ગયાં છે, મનની મેલી ઈચ્છાઓ અધૂરી રહી ગઈ છે. રાજાનો મહાભય માથે ઘૂમી રહ્યો છે, એવો બાળ પોતાના આવાસને છોડતો જ નથી. રાત દિવસ ત્યાં જ પડયો રહે છે. એમ કરતાં ઘણો સમય પસાર થઈ ગયો.

[ આ વાતનો સંબંધ લાંબો છે, માટે વિચારતાં જવું જોઇએ. નંદિવર્ધન પાસે વિદુર આ વાર્તા કરી રહ્યો છે. આખી વાર્તા સંસારી જીવ સદાગમ સમક્ષ અગૃહીતસંકેતા, પ્રજ્ઞાવિશાલા અને ભવ્ય જીવને ઉદ્દેશી જણાવી રહ્યો છે. વાર્તા કથા માત્ર નથી પણ તત્વજ્ઞાન ભરપૂર છે. એટલે જુના પાત્રો અને જુના સંબંધોનો ખ્યાલ રાખવામાં આવે તો જ વાર્તાનો રસ રહી શકશે. ]

## પ્રકરણ ૭મું

# આચાર્યશ્રી પ્રબોધનરતિજી

### નિજવિલસિત ઉદ્યાન :

આ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરની બહાર " નિજવિલસિત" નામનું ઉદ્યાન આવેલું છે. તે ઉદ્યાનમાં " પ્રબોધનરતિ " નામના આચાર્ય ભગવંત પધાર્યા છે. તેઓ ગુણ સમુહથી શોભી રહ્યા છે. ક્ષમા વિગેરે યતિ ધર્મોથી યુક્ત અને આશા તૃષ્ણાનો એમણે વિચ્છેદ કરેલો છે.

કર્મવિલાસરાજા બાળના દુરાચારોથી એના ઉપર રોષ રાખનારો બન્યો અને મનીષીના સારા આચારોથી એના ઉપર અતિપ્રસન્ન બન્યો છે. તે શુભસુંદરી પટરાણીને કહે છે.

હે શુભસુંદરી ! જે સ્પર્શનથી અનુકૂળ વર્તન રાખતા હોય છે તેની સાથે હું પ્રતિકૂળ વર્તન રાખું છું. જે

સ્પર્શનથી વિપરીત વર્તતા હોય છે તેની સાથે હું અનુકૂળ અને સારો વર્તાવ રાખુ છું. સ્પર્શનથી વિપરીત ચાલવાનો સ્વભાવ છે. હે દેવી! આ વાત તારા ખ્યાલમાં નથી એમ તો નથી જ.

મારે જ્યારે પ્રતિકૂળ આચરવું હોય ત્યારે અકુશળમાળા દ્વારા એના માઠાં ફળો દેખાડું અને જ્યારે અનુકૂળ ચાલવું હોય તો તારા દ્વારા બધી જ બાજી સવળી કરી નાખું.

સ્પર્શન આસક્ત બાળે સ્પર્શનને પ્રિયમિત્ર બનાવ્યો એટલે હું પ્રતિકૂળ બન્યો. અને કેવા ફળો એની માતા દ્વારા ભોગવવા પડયાં તે તારી જાણમાં છે. હું વક્ર હોઉં ત્યારે આવુ જ બને.

સ્પર્શનની આધીનતામાં ન આવનાર એવા તારા પુત્ર ઉપર હું અનુકૂળ આચરણ રાખીશ. મેં હજી મારી પ્રસન્નતાના ફળો દેખાડયાં નથી. મનીષીની બધે પ્રશંસા થાય છે એમાં અને કયાંય એને કષ્ટ વેઠવા નથી પડયાં એમાં, તું અને હું એક કારણભૂત તો છીએ.

આ તો માત્ર ફૂલ છે. ફળ તો હવે દેખાડવાનું છે. મનીષીને અધિક ફળો મળે એ માટે તું પ્રયત્ન કર.

શુભસુંદરીએ જણાવ્યું, હે દેવ! આપે ઘણું સારૂં કહ્યું, આપની કૃપા માટે મનીષી યોગ્ય છે. મારી ઈચ્છા પણ હતી કે આપની કૃપા મનીષી ઉપર વરસે તો સારૂં. એ ભાવના આજે ફળી.

આપની આજ્ઞાનું હું હમણાં જ પાલન કરૂં છું, એમ જણાવી ત્યાંથી શુભસુંદરી ઉભી થઈ અને યોગશક્તિ દ્વારા મનીષાના શરીરની અંદર પ્રવેશ કર્યો.

## ત્રણે ભાઈઓનું ઉદ્યાન ગમન :

અમૃતથી સિંચાએલું વૃક્ષ ખીલી ઉઠે, તેમ શુભસુંદરીના શરીર પ્રવેશ દ્વારા મનીષીના શુભ વિચારો ખીલી ઉઠ્યા. નિજવિલસિત ઉદ્યાનમાં જવાની ઈચ્છા થઈ.

નિજવિલસિત ઉદ્યાનમાં હું એકલો કેમ જાઉં ? એમ વિચાર કરતો મધ્યમબુદ્ધિ પાસે મનીષી ગયો. પોતાનો આશય જણાવ્યો અને કહ્યું કે તું પણ ઘણા વખતથી લજ્જાના કારણે બહાર નીકળતો નથી, તો આ પ્રસંગે મારી સાથે ચાલ.

બીજી તરફ કર્મવિલાસ રાજાએ મધ્યમબુદ્ધિની માતા સામાન્યરૂપાને જણાવ્યું કે, જા તારા પુત્રના કલ્યાણમાં ભાગ લે અને તેણીએ પણ યોગશક્તિ દ્વારા મધ્યમબુદ્ધિના શરીરમાં પ્રવેશ કર્યો,

સામાન્યરૂપાનો શરીરમાં પ્રવેશ થવાથી મધ્યમબુદ્ધિને પણ નિજવિલસિત ઉદ્યાનમાં જવાની ઇચ્છા થઈ. તેણે બાળને કહ્યું કે તારે પણ મારી સાથે જ આવવું પડશે. એમ જણાવી બાળને બળજબરી ઉભો કર્યો અને ત્રણે જણા નિજવિલસિત ઉદ્યાન તરફ ગયાં.

## પ્રમોદ શેખર મંદિરમાં :

કુતુહલવૃત્તિથી રમતા રમતા ત્રણે ભાઈઓ "નિજ-વિલસિત ઉદ્યાનમાં આવી ગયા. "પ્રમોદશેખર" નામનું જિન મંદિર એમના જોવામાં આવ્યું.

જિનેન્દ્ર પરમાત્માની ઘણાં ભાવિકો સ્તુતિ કરતાં હતાં. ઘણાં મધુર સ્વરે સ્તવન બોલતા હતા. સ્તુતિ અને સ્તવનના મધુર સ્વરો સાંભળી કુતુહલ વૃત્તિવાળા ત્રણેએ મંદિરમાં પ્રવેશ કર્યો.

મંદિરના ગર્ભગૃહમાં પરમાત્મા શ્રી ઋષભદેવની પ્રતિમા વિરાજમાન હતી. બીજી દિશામાં મુનીશ્વર શ્રી પ્રબોધન રતિ નામના આચાર્ય ભગવંત શ્રીસંઘ સાથે વિરાજમાન હતા.

મનીષીનો આત્મા લઘુકર્મી હતો. એના હૃદયમાં સહજ રીતે વિવેકની જાગૃતિ થઈ. પરમાત્મા શ્રી ઋષભદેવની મૂર્તિ નિહાળતાં એનું મસ્તક ઝૂકી ગયું. યોગ્ય સ્તુતિ કરી, શ્રી પ્રબોધન રતિ આચાર્ય ભગવંત અને અન્ય સાધુ ભગવંતોને વંદના કરી.

મોટાભાઈ મનીષીએ જેમ કર્યું, તેનું અનુકરણ મધ્યમ બુદ્ધિએ સરળતાથી કર્યું.

મુનીશ્વરે આ બન્નેને ધર્મલાભનો આશીર્વાદ આપ્યો. અને નિખાલસતા પૂર્વક બોલાવ્યા. બંને જણાને આથી આનંદ થયો અને પોતાને યોગ્ય જગ્યા જોઈ ત્યાં બેસી ગયા.

અકુશળમાળા અને સ્પર્શનની અસર તળે દબાયેલા અપવિત્ર બાળે કોઇને નમસ્કાર ન કર્યો, ન કોઇને વંદના કરી. ગામડીયા ગમારની જેમ બે ભાઈઓની પછવાડે બેસી ગયો.

**શત્રુમર્દન રાજાનું ઉદ્યાનમાં આગમન :**

આચાર્ય ભગવંત ઉદ્યાનમાં પધાર્યા છે એ વાત જિન-ભક્ત શ્રીસુબુદ્ધિ મંત્રીએ જાણી. મંત્રીએ રાજાને પ્રેરણા કરી અને દર્શન વંદન માટે વિનંતી કરી,

શત્રુમર્દન રાજા આ સમાચારથી ખુશ થયો. મહારાણી મદનકંદલી, અન્ય પરીવાર અને પૌરજનો સાથે આચાર્ય ભગવંતને વંદન કરવાની ઇચ્છાથી નિજવિલસિત ઉદ્યાનમાં આવ્યો.

પ્રમોદશેખર જિનમંદિરમાં પ્રવેશ કરતાં અગાઉ રાજાએ વિનય ખાતર રાજ્યના ચિહ્નોનો ત્યાગ કર્યો. પાંચ અભિગમ જાળવવા પૂર્વક મંદિરમાં પ્રવેશ કરી જિનેશ્વરદેવને સ્તુતિ-વંદનાદિ કર્યાં. ત્યાર પછી આચાર્ય ભગવંત અને અન્ય મુનિવરોને વંદનાદિ કર્યાં.

મંત્રીશ્વર સુબુદ્ધિએ પણ ભક્તિ સભર હૃદયે જિનેશ્વર દેવની પૂજા સ્તુતિ કરી, મુનીશ્વરને દ્વાદશાવર્ત વંદનથી વંદનાદિ કર્યાં અને અન્ય મુનિવરોને સંક્ષેપ વિધિથી વંદન કર્યું.

શ્રી પ્રબોધનરતિ આચાર્ય ભગવંતે સૌને ધર્મલાભનો આશીર્વાદ આપ્યો. પછી સૌ પોત પોતાને યોગ્ય સ્થાને બેઠા અને આચાર્ય ભગવંતે અમૃત જેવી મધુરી ધર્મ દેશના આપી.

**રાજાના પ્રશ્ન અને આચાર્ય ભગવંતના સમાધાન :**

દેશના સાંભળી રાજાએ પ્રશ્ન કર્યો.

હે ભગવંત ! સુખાભિલાષી પ્રાણીઓએ જગતમાં શું ગ્રહણ કરવું જોઈએ ?

આચાર્યશ્રી–સુખાભિલાષી મનુષ્યોને શિવસુખના કારણભૂત શ્રીજિનધર્મ જ સ્વીકારવા લાયક વસ્તુ છે.

રાજા–જો આપ કહો તેમ જ હોય તો સુખની ખોજ કરનારા પ્રાણીઓ શા માટે શાંતિદાયક જિનધર્મનું આચરણ નથી કરતા ?

આચાર્યશ્રી– સુખની ઈચ્છા એ બહુ સહેલી વાત છે, પરન્તુ ઇન્દ્રિય સુખને આધીન બનેલા આત્માઓ દ્વારા ધર્મનું આરાધન થવું અતિદુષ્કર છે. હે રાજન્ ! સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત એ પાંચ ઈન્દ્રીયો છે.

ઈન્દ્રો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો વિગેરે મહાસમર્થ વ્યક્તિઓ ગણાય છે. તેઓ પણ આ ઇન્દ્રિયોના દાસત્વને પામેલા હોય છે. ઈન્દ્રિયોની ગુલામી એ માંધતા-

ઓના નસીબમાં પણ લખાએલી હોય છે.

ગુરૂદેવે આ સ્થાને પાંચ ઈન્દ્રિયોના વિષયોની કુટીલતાને ઘણી બારીકાઈથી સમજાવી. તેથી મનીષીના ભાવો કોમળ થયા અને તત્વજિજ્ઞાસા થઈ. ગુરૂદેવે આગળ જણાવ્યું

હે મહાનુભાવો! પાંચે ઇન્દ્રિયોની વાત શું કરવી? અરે! એક સ્પર્શનેંદ્રિય પણ જગતને વશીભૂત કરવા માટે સમર્થ છે. પાંચે ઇન્દ્રિયો ભેગી થાય તો પછી પૂછવાનું જ શું રહે?

રાજા–ભગવાન ? આ વિશ્વમાં એવા પણ કોઈ બળવાન પુરૂષ છે કે નહિ જેણે આ પાંચ ઇન્દ્રિયો પર જય પ્રાપ્ત કર્યો હોય ?

આચાર્ય શ્રી–હે રાજન્ ! ઈન્દ્રિયોને વશ કરી એના ઉપર જિત મેળવનારા જગતમાં સર્વથા નથી, એમ તો નથી. જ પરંતુ ઘણાં જ અલ્પસંખ્યક એવા વિજેતા હોય છે. ઈંદ્રિય વિજેતા એ જ મહા વિજેતા છે. તમારે આ સંબધી-કારણ જાણવું હોય તો સાંભળો.

## ચાર પ્રકારના પુરૂષની જગતમાં વિદ્યમાનતા :

આ જગતમાં ચાર જાતના પુરૂષો હોય છે. ગુણની અધિકતા અને હીનતાના કારણે પુરૂષો ચાર પ્રકારમાં વહેંચાઈ જાય છે. ૧. જઘન્ય ૨. મધ્યમ ૩. ઉત્કૃષ્ટ ૪ ઉત્કૃષ્ટતમ આ ચાર પ્રકારો છે.

## ઉત્કૃષ્ટતમ પ્રાણીનું સ્વરૂપ :

આત્મા સાથે સ્પર્શન વિગેરે ઇન્દ્રિયોનો સંબંધ અનાદિ કાળથી ચાલતો આવ્યો છે. મોહના કારણે ઇન્દ્રિયો સુખના સાધનભૂત જણાતી હતી. એ ઇન્દ્રિયોમાં સ્પર્શન સૌથી વધુ ભયંકર હતી.

પરન્તુ સદાગમના ઉપદેશથી ઇન્દ્રિયોના લાલન પાલનમાં ઘણાં દોષો છે એમ જાણવામાં આવ્યું અને ઉપદેશ દ્વારા સંતોષ ગુણની પ્રાપ્તિ થવાથી સત્ત્વગુણથી ધનાઢય બનેલા આત્માઓએ સ્પર્શનની લોલુપતાના કારણે કાંઈપણ કુકર્મ આચર્યું નથી. માત્ર નિર્મળ રીતે જીવન ગાળ્યું છે.

વળી અવસર પ્રાપ્ત થતા સર્વથા સ્પર્શનની આસકિત તજી, એના ઉપર વિજય પ્રાપ્ત કરી પરમ પવિત્ર ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને મોહાદિ કર્મશત્રુઓનો સંપૂર્ણ રીતે નાશ કરી શાશ્વતસુખનું ધામ નિવૃત્તિનગર—મોક્ષને પામે છે, તેવા મહાનુભાવોને ઉત્કૃષ્ટતમ પુરૂષ કહેવામાં આવ્યા છે.

હે રાજન્ ! આ વાત શુદ્ધબુદ્ધિવાળા મહાનુભાવોએ જણાવી છે અને ઉત્કૃષ્ટતમ પુરૂષોની સંખ્યા ઘણી અલ્પ હોય છે.

આચાર્ય ભગવંત શ્રી પ્રબોધનરતિના ઉપદેશને સાંભળીને મનીષીને વિચાર આવ્યો કે, ભગવંતે સ્પર્શનેન્દ્રિયનું જે જાતનું વર્ણન કર્યું તેવોજ બાળનો મિત્ર સ્પર્શન છે.

બોધે પ્રભાવને મોકલી સ્પર્શન સંબંધી માહિતી મેળવેલી કે મહામોહ મહિપતિના વિષયાભિલાષ મંત્રીએ પોતાના પાંચ પુરૂષોને વિશ્વવિજય માટે મોકલેલા તેમાં સ્પર્શન પ્રથમ હતો. તે સ્પર્શન પુરૂષાકૃતિમાં સૌને ઠગે છે. મૂળ તો એ સ્પર્શનેન્દ્રિય જ છે. નહિ તો આપણને સૌને ઠગે શા માટે ?

ભગવંતે જે ઉત્કૃષ્ટતમ પુરૂષો બતાવ્યા તે પણ સ્પર્શન સાથેની વાતમાં જાણવા મળેલ. સ્પર્શનનો સર્વથા ત્યાગ કરી નિવૃત્તિનગરમાં ભવ્યજંતુ જ ગયો છે.

ખરેખર પરમપુરૂષ શ્રીસદાગમના સદુપદેશથી સંતોષની સહાયતા લઈ દુષ્ટ એવા સ્પર્શનનો સર્વાંશે નાશ કરી મોક્ષમાં જનાર ભવ્યજંતુને ધન્યવાદ છે. હું એની ભક્તિભાવ પૂર્વક સ્તુતિ કરૂં છું.

મધ્યમે ભાઈને પૂછ્યું, હે ભાઈ! તમે કોઈ ઉંડા વિચારમાં ઉતરી ગયા લાગો છો. શું આપને કાંઈ નવું તત્વ સમજવામાં આવ્યું છે ? આપનો ચહેરો જ આપ ઉંડા વિચારમાં ગરકાવ થઈ ગયા હો તેમ જણાવે છે.

મધ્યમ ! તારી વાત સાચી છે. એમ કહી મનીષીએ પોતાને થએલા સ્પર્શનેન્દ્રિય સંબંધી બધા વિચારો નાનાભાઈ મધ્યમને જણાવી દીધા. સ્પર્શન પુરૂષના આકારમાં સૌને ઠગે છે, એ પોતાનો નિર્ણય પણ મનીષીએ જણાવી દીધો.

**બાળનું નાદાનપણું :**

બાળ સભામાં બેઠો છે. પણ મોહનીય કર્મના ગાઢ ઉદયથી બીચારાને ગુરૂ ઉપદેશમાં આદર નથી. સાંભળવાનું લક્ષ નથી. એ તો સભામાં ચારે તરફ નજર નાખ્યા કરે છે. નેત્રનો સંયમ અહીં પણ જાળવી શકતો નથી. જ્યાં ત્યાં નજર નાખતાં વંદન કરવા આવેલા શ્રીશત્રુમર્દન રાજાના મહારાણી મદનકંદલી જોવામાં આવી ગયાં.

આચાર્ય ભગવંતની દેશના સાંભળવામાં તલ્લીન બનેલાં, ચંદ્રમુખી મહારાણી મદનકંદલીને મહારાજાની સમીપમાં બેઠેલાં જોઈ બાળ કામવિહ્વળ બની ગયો. એ અશુભ વિચારોના ચગડોળે ચડી ગયો.

અહાહા ! કેવું સરસ રૂપ ? અહાહા ! કેવી મોહક શરીર કાંતિ ? કેવું અદ્ભુત અને અપૂર્વ સૌભાગ્ય ? કેવું ચંદ્ર સમ સૌમ્ય અને શાંત મુખ ? કેવા કમળદળ નયનો ? કેવા મોગરની કળી જેવા ધવલ અને દાડમના દાણા જેવાં દાત ? કેવી મરોડદાર ભ્રમરો ? કેવા લાલ સુરેખ હોઠ ? કેવા એના કોમળ કપોલ ? કેવો વાંકડીયો કેશ કલાપ ? શું એના મુખચંદ્રની જ્યોતિ પ્રભા ?

આવી રીતે જેના અંગે અંગ સુંદરતાથી ભરેલાં હોય તો પછી તેના સ્પર્શની મુલાયમતા પણ કેવી અદ્ભુત હશે ? એનો સ્પર્શ પણ કેવો આનંદજનક હશે ? જરૂર એનો સ્પર્શ પરમ સુખ અને અદ્ભુત આનંદ દેનારો જ થશે. વળી એ

સ્નેહસરિતા મારા તરફ વક્રનયનોથી નિહાળી રહી છે. મારા ઉપર એને પ્રેમ જાગ્યો છે. એ વિના વારંવાર મારા તરફ શા માટે જુવે?

ગ્રીષ્મઋતુમાં સાગરના તરંગો વધુ મોટા અને વધુ ભયાવહ બને છે તેમ પાપી બાળના વિચાર સાગરના તરંગો ઘણા અશુભ અને ઘણા ભયાનક થતાં ગયાં.

## ઉત્કૃષ્ટ પ્રાણીનું સ્વરૂપ

આચાર્ય ભગવંતે દેશના આગળ ચલાવતાં જણાવ્યું; હેરાજન્! મેં તમને ઉત્કૃષ્ટતમ પુરૂષનું વર્ણન કહી જણાવ્યું હવે ઉત્કૃષ્ટ પુરૂષ કોને કહેવાય, એ ધ્યાન પૂર્વક સાંભળો.

જ્યારે સ્પર્શનની અભિલાષા થાય, સ્પર્શન સાથે મૈત્રીનો પ્રસંગ ઉપસ્થિત થાય, એ વખતે સ્પર્શન સાથે મિત્રતા કરવી કે ના કરવી એવો વિચાર જેના હૃદયમાં જાગે, તેમજ સ્પર્શન કોણ છે? એ વિગતની બોધ અને પ્રભાવ દ્વારા મૂળશોધ કરાવે ત્યાર પછી બાહ્યદૃષ્ટિએ મિત્રતા રાખે પણ એને આધીન ન થાય. સ્પર્શનની યોગશક્તિનો પ્રભાવ પોતા ઉપર ન થવા દે. આવા પ્રાણીયો ઉત્કૃષ્ટ ઉત્તમ કહેવાય છે.

જો કે શરીરના નિર્વાહ માટે અલ્પપ્રમાણમાં સ્પર્શનની અનુકૂળતા આચરે ખરા, પરન્તુ એના તાબેદાર ન બને, આસક્તિના ગૂલામકે વાસનાને વશીભૂત ન જ થાય, તેથી આ પુરૂષો સંસારમાં પણ સુખના ભોક્તા બને છે.

સારા આચાર વિચારના પ્રતાપે લોકમાં પણ સૌને પ્રિય થઈ પડે છે. અવસર આવે પર ઉપકાર કરવામાં જરાય સંકોચ રાખતા નથી. એ વખતે પોતાથી બનતું બધુંજ કરી છૂટે છે. પોતાના ઉપર કોઈએ ઉપકાર કર્યો હોય તો એને કદી પણ વિસરતા નથી.

હે પૃથ્વીપતિ ! આ આત્માઓ પોતાની સદ્‌બુદ્ધિના પ્રતાપે સુદેવ, સુગુરૂ, સુધર્મ કયો છે? સુતત્ત્વ કયું છે? એ વિગેરેને સારીરીતે સમજનારા હોય છે. કૃતકૃત્ય આત્માઓ આવા લક્ષણવંત મહાનુભાવોને ઉત્કૃષ્ટ પુરૂષ તરીકે જણાવે છે.

આ સાંભળી મનીષીને વિચાર થયો કે ગુરૂદેવે ઉત્કૃષ્ટ પ્રાણીના જે ગુણો વર્ણવ્યા, તે ગુણોનો અનુભવ મને મારામાં પણ થતો જણાય છે.

મધ્યમ બુદ્ધિને પણ થયું, કે ગુરૂદેવે જે બોધ આપ્યો અને એમાં ઉત્કૃષ્ટ આત્મામાં ઘટી શકે એવા જે ગુણોનું વર્ણન કર્યું છે, તે ગુણો મારા મોટાભાઈ મનીષીમાં સાક્ષાત્ દેખાય છે.

**મધ્યમ પ્રાણીનું સ્વરૂપ :**

ગુરૂભગવંતે કહ્યું. હે રાજન્ ! ઉત્કૃષ્ટ પુરૂષોના ગુણનું વર્ણન કર્યું. હવે મધ્યમ પુરૂષોનું સ્વરૂપ જણાવું છું તે શાંતિથી સાંભળો.

જે મનુષ્યો સ્પર્શનની મિત્રતાના કારણે સ્પર્શજન્ય વસ્તુઓમાં આસક્ત થાય છે. બાળ જેવા ભાઈઓના પ્રતાપે સ્પર્શમાં જ અતિસુખ માનતાં થાય છે. પોતાનો પ્રત્યક્ષ અનુભવ પણ એવો જણાય છે. વળી કેટલાક એના પ્રશંસક મળે એટલે દૃઢ વિશ્વાસ જામે છે.

પરંતુ કેટલાક ડાહ્યા અને હિતૈષી મનુષ્યો સ્પર્શનથી ઉત્પન્ન થતાં પરિણામો જણાવે અને દુઃખની પરંપરા વર્ણવી બતાવે ત્યારે વિચારમાં પડી જાય છે. એ એક પણ નિર્ણય ઉપર આવી શકતા નથી. દુવિધામાં ગોથાં ખાતાં હોય છે.

નિર્ણય કરવા માટે "કાલક્ષેપ" નો મત ધરાવે છે. અવસરે જોઈશું, પણ વર્તમાનમાં સુખાભિલાષી તેઓ સ્પર્શનને અનુકૂળ ચાલે છે. તેઓ અત્યંત આસક્ત બની જતાં નથી. સર્વથા ગુલામ બની જતાં નથી.

જીવનમાં સાક્ષાત્ દુઃખનો અનુભવ ન થાય, સ્પર્શનના કારણે થતાં કષ્ટો પોતાના માથે આવી ન પડે, ત્યાં સુધી તેઓ સાધુપુરુષોના વચનોને માનતા નથી. એ રીતે વર્તવા તૈયાર પણ હોતા નથી.

પોતાની જાતને કષ્ટો વેઠવા પડે અને લાગે કે સ્પર્શનથી સુખ પ્રાપ્ત થતું નથી પણ દુઃખો જ મળે છે. ત્યારે સાધુ પુરૂષોના વચન ઉપર એમને પૂર્ણ શ્રદ્ધા બેસે છે.

વળી સુજ્ઞ વ્યક્તિ એમને અનેક દાખલા દલિલ વિગેરેથી સમજાવે ત્યારે સુદેવ સુગુરૂ સુધર્મ વિગેરે તત્ત્વોના રહસ્યને સમજી શકતા હોય છે. આપ મેળે ન સમજે, સ્હેજ માં પણ ન સમજે, તર્કથી સમજનારા હોય છે, આ જાતના પ્રાણીઓને જ્ઞાની ભગવંતે "મધ્યમ" તરીકે ગણાવ્યા છે.

આ વર્ણન સાંભળી મધ્યમબુદ્ધિએ વિચાર કર્યો ગુરૂભગવંતે જે મધ્યમકક્ષાના પ્રાણીનું સ્વરૂપ દર્શાવ્યું તે મને મારામાં જ દેખાય છે. મારા આચાર વિચારો એ જાતના છે. આ વાત સ્વાનુભવસિદ્ધ છે.

મનીષીએ વિચાર્યું કે પૂજ્ય મહાત્માશ્રીએ જે ગુણો બતાવ્યાં તે મારા વચલા ભાઈ મધ્યમની અંદર બહુ સ્પષ્ટ પણે દેખાય છે. મારો ભાઈ મધ્યમ ગુણવાળો છે.

**જઘન્ય પ્રાણીનું સ્વરૂપ :–**

આચાર્ય ભગવંતે કહ્યું–હે રાજન્! મધ્યમ પ્રાણીનું સ્વરૂપ તમને જણાવ્યું. હવે "જઘન્ય–અધમ" પ્રાણીનું વર્ણન સાંભળો.

જે પ્રાણીઓ સ્પર્શન જેવાં મિત્રને મેળવી ખુશી થાય છે. સ્પર્શન વાસ્તવિક શત્રુ છે છતાં વફાદાર મિત્ર તરીકે માને છે. અધમ પુરૂષનું અંતઃકરણ મોહથી અન્ધ બની ગયું હોય છે. સારાસાર વિચાર કરવાની શક્તિ એનામાં હોતી નથી. સ્પર્શન સાથે વ્હાલા મિત્રની જેમ વર્તન રાખે છે.

આવા પ્રાણીઓને જઘન્ય કોટીના ગણવામાં આવે છે.

આ અધમ પુરૂષોને કાર્યાકાર્યનો વિવેક હોતો નથી. વડિલોના વચનો ઉપર આદર હોતો નથી. પોતાના દુષ્કૃત્યોથી કુળને લાંછન લાગશે એવી ભીતિ એમના અંતરમાં હોતી નથી.

પાપકાર્ય આચરવામાં તત્પર હોય છે. આચારો અને વિચારોથી તદ્દન હીણા હોય છે. લોકસમુહની નિંદાને પાત્ર બનતાં હોય છે. સુદેવ સુગુરૂ અને સુધર્મના પૂરા વિરોધી હોય છે. હૃદયમાં અશુભવિચારો કીડાઓની જેમ ખદબદતાં હોય છે.

આ સ્વરૂપ સાંભળી મનીષી અને મધ્યમ બુદ્ધિએ વિચાર કર્યો કે ગુરૂભગવંતે કહેલાં લક્ષણો અમારા નાનાભાઈ બાળમાં પ્રત્યક્ષ દેખાય છે.

હે ભૂપાલ! જઘન્ય પ્રાણીનું સ્વરૂપ તમને જણાવ્યું. આ કોટીના મનુષ્યોની સંખ્યા જગતમાં ઘણી હોય છે. એ સંખ્યા ગણનાતીત છે. પણ મધ્યમ કક્ષાના પ્રાણીઓ જગતમાં ગણનામાં આવી શકે તેટલા હોય છે. ઉત્તમ પ્રાણીઓ એના કરતાં પણ ઘણાં ઓછાં હોય છે. અને સ્પર્શનેન્દ્રિયનો સર્વથા પરાજય કરનારા ઘણા અલ્પસંખ્યક હોય છે.

## પ્રાણીયોમાં ચાર પ્રકારના ભેદ શાથી ?

---

૧. પશ્ચાનુપૂર્વી— છેલ્લેથી ગણવામાં આવે તે.

શત્રુમર્દનરાજાએ પ્રશ્નના સમાધાનમાં આચાર્ય ભગવંતે જે સ્વરૂપ જણાવ્યુ તેનો અક્ષરશઃ સ્વીકાર કર્યો. ત્યાર પછી મંત્રીશ્વર સુબુદ્ધિએ બે હાથ જોડી પ્રશ્ન કર્યો.

હે ભગવંત! આપે જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટતમ એમ ચાર જાતના પ્રાણીઓનું સ્વરૂપ પશ્ચાનુપૂર્વીએ બતાવ્યું, તો એ સંબંધમાં મારે આપશ્રીને પૂછવાનું છે કે આ જાતના જુદા જુદા સ્વભાવના આત્માઓ સહજ કારણે હોય છે કે કોઈ નિમિત્ત કારણથી હોય છે? ચાર ભેદ થવાના કારણો શું?

હે મંત્રીશ! આ ભેદો વાસ્તવિક નથી. પણ કારણના લીધે આ ભેદો પડી જતા હોય છે. કારણ ફરતા ભેદોમાં પણ પરિવર્તન થતું રહે છે.

તમને પહેલાં ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટતમ પ્રાણીયોનું સ્વરૂપ જણાવેલ. એ બંનેમાં બહુ મોટો તફાવત હોતો નથી. માત્ર એક વાતમાં એ જુદા પડતા હોય છે. એક વાતમાં જુદા પડતા હોવાના કારણે જ ભેદ પડે છે.

ઉત્કૃષ્ટતમ પુરૂષો મનુષ્યભવ પામી, આત્મસ્વરૂપ સમજીને સ્પર્શનેન્દ્રિયનો નાશ કરી, સર્વકર્મબંધનોને ફગાવી મોક્ષે ગએલા હોય છે, તેથી તેઓ કૃતકૃત્ય કહેવાય છે.

ઉત્કૃષ્ટ પુરૂષો મનુષ્ય જન્મ પામી, ભવસ્વરૂપ સમજી સ્પર્શનેન્દ્રિયનો નાશ કરવામાં ઉદ્યમશીલ હોય છે. કર્મપરંપરા

તોડતાં હોય છે. આ છે બે વચ્ચેનો ભેદ.

મોક્ષે ગયેલા ઉત્તમ પુરૂષોને માત તાત વિગેરે કોઈ સંસારના બંધન હોતા નથી. એ તો માત્ર આત્મરમણતામાં લીન હોય છે.

બીજા ત્રણ પ્રકારના જીવો કર્મની વિચિત્રતાથી સંસારમાં હોય છે. સંસારમાં એ ત્રણેનો "કર્મવિલાસ" નામને પિતા હોય છે.

કર્મોના ભેદ ત્રણ જાતના હોય છે. શુભ, અશુભ અને સામાન્ય. તેમાં શુભ કર્મ પદ્ધતિ છે તે શુભસુંદરી છે. અશુભ કર્મપદ્ધતિ તે અકુશલમાલા છે અને જે સામાન્ય કર્મપદ્ધતિ છે તે સામાન્યરૂપા કહેવાય છે.

તેમાં મનીષી જેવા પુરૂષોનો જન્મ શુભસુંદરી આપે છે. બાળ જેવાઓનો જન્મ અકુશળમાળા આપે છે અને મધ્યમબુદ્ધિ જેવા પ્રાણીઓનો જન્મ સામાન્યરૂપા આપે છે.

મનીષી આ સાંભળી વિચારમાં પડયો. ગુરૂભગવંતે જે ત્રણ પ્રકારનાં પ્રાણીઓનું વર્ણન કર્યું. એ ગુણો અમારા ત્રણ ભાઈઓમાં ઘટે છે. પરંતુ માત પિતાના નામો પણ મળતાં જ આવ્યાં છે. આ વાર્તા અમને બંધ બેસતી આવે છે.

વળી ભવ્યજંતુ જ ઉત્કૃષ્ટતમ પુરૂષ છે. એ પણ નિશ્ચય થઈ ગયો. સ્પર્શને જણાવેલ કે ભવ્યજંતુને મા-બાપ વિગેરે કોઈ નથી. એ વાત પણ સત્ય નીકળી.

આચાર્ય ભગવંતે અમારૂં અને અમારા માત તાતનું વર્ણન કર્યું એટલે અમે ત્રણ ભાઈઓ જ અનુક્રમે ઉત્કૃષ્ટ મધ્યમ અને અધમની કક્ષાના છીએ. એ ચોક્કસ છે.

મંત્રીશ્વરે પુનઃ પ્રશ્ન કર્યો.

હે ભગવંત! આપે જે ચાર પ્રકારના પ્રાણીઓ દર્શાવ્યા, તે સદાકાળને માટે એજ સ્થિતિમાં રહેવાના કે એમાં પરાવર્તન થઇ શકે? એક કક્ષાનાં પ્રાણી બીજી કક્ષામાં જઈ શકે કે નહિ?

હે ભદ્ર! જેઓ સ્પર્શનને જિતી, કર્મોનો નાશ કરી મુક્તિનગરીમાં જઈ વસ્યા છે, તેઓનું સ્વરૂપ શાશ્વતકાળ માટે એક સરખું ધ્રુવ રહેવાનું છે. એમાં કશો ફેરફાર નહિ થાય. સદા આત્મિક આનંદમાં જ મસ્ત રહેવાના છે.

પરંતુ બીજા ત્રણ પ્રકારના પ્રાણીઓના સ્વરૂપમાં ફેરફારો થઈ શકે છે. કારણ કે તે ત્રણે પ્રકારના આત્માઓ કર્મવિલાસ રાજાના સંપૂર્ણ પણે આધીન હોય છે. અને તે કર્મવિલાસ રાજા બહુ જ સ્વતંત્ર મગજ ધરાવતો હોવાથી પોતાની ઈચ્છા પ્રમાણે પ્રાણીઓના સ્વરૂપમાં ફેરફારો કર્યા કરે છે.

મનીષીને થયુ કે આ વાત પણ બરોબર છે- અમારા પિતા કર્મવિલાસ ઘણા જ વિષમસ્વભાવના છે. એમના સ્વભાવનું કોઈ એક નિશ્ચિત બંધારણ નથી.

પિતાજીએ જ એકવાર જણાવ્યું હતું કે હું જ્યારે જેના પ્રતિ પ્રતિકૂળ બનું છું ત્યારે બાળનું જે બન્યું તેવું એમનું બને છે. જે પિતા પોતાના પુત્ર બાળને પણ નારક જેવી યાતનાઓ આપે તો એમને બીજા પ્રાણીઓ ઉપર પ્રેમ છે એમ કેમ માની શકાય? બીજાનું હિત કરે એ કેમ સંભવે ?

## ઉત્કૃષ્ટતમ વર્ગની પ્રાપ્તિનો ઉપાય-

અતિવિશુદ્ધ આશયવાળા સુબુદ્ધિએ ફરી પ્રશ્ન કર્યો. હે ભગવંત! કોના પ્રભાવથી મનુષ્યો ઉત્કૃષ્ટતમ વર્ગના બની શકે ?

આચાર્ય ભગવંતે જણાવ્યુ, હે સુબુદ્ધિ ! બીજા કોઈના પ્રભાવથી ઉત્કૃષ્ઠતમ વર્ગને મેળવી ન શકાય. તે શક્તિને મેળવવાનો ઉપાય શ્રી તીર્થંકર પરમાત્માએ ફરમાવેલી દીક્ષા છે. દીક્ષા જો ભાવપૂર્વક પાળવામાં આવે તો એ શક્તિ સહેલાઈથી મળી શકે.

મનીષીએ વિચાર કર્યો કે ઉત્કૃષ્ટતમ દશા પામવા માટે દીક્ષા અગત્યનું કારણ છે. તો મારે પણ ગુરૂદેવશ્રીના ચરણે દીક્ષા ગ્રહણ કરી, એની ભાવપૂર્વક આરાધના કરવી જોઈએ. આ પ્રમાણે મનીષીના મનમાં મંગળ મનોરથો થયા.

મંત્રીશ્વરે કહ્યું, હે ગુરૂદેવ! આપશ્રીએ દેશનાના પ્રારંભમાં ગૃહસ્થધર્મ પણ બતાવેલો અને એ ધર્મની અમે

પણ આરાધના કરીએ છીએ તો એ ગૃહસ્થ ધર્મની આરાધના દ્વારા ઉત્કૃષ્ઠતમ વર્ગને મેળવવાની શક્તિ પેદા થાય કે ન થાય?

મંત્રીશ! ગૃહસ્થધર્મ પરંપરાએ કારણ છે પણ સાક્ષાત્ કારણ તો પરમ પવિત્ર દીક્ષા છે. ઉત્કૃષ્ટતમ વર્ગની પ્રાપ્તિ માટેની શકિત દીક્ષાથી ઘણા જ અલ્પ સમયમાં મેળવી શકાય છે.

આ વાત સાંભળી મધ્યમબુદ્ધિએ વિચાર કર્યો કે હું હાલમાં સંસાર તજી દીક્ષા લઈ લઉં એવું બળ મારામાં નથી. પરંતુ પરંપરાએ ઉત્કૃષ્ટતમ પદની પ્રાપ્તિ કરાવે એવા ગૃહસ્થધર્મનું શુદ્ધ રીતે પાલન કરવું મારા માટે યોગ્ય જણાય છે.

## બાળનું અત્યંત અધમ વર્તન

બીજી તરફ બાળ ઉપદેશના સમયમાં જ અકુશલમાળા અને સ્પર્શનની પરાધીનતાના કારણે મદનકંદલી મહારાણીના સામેજ વારંવાર જોયા કરતો. ઉપદેશનો એક અક્ષર પણ એના અંતઃકરણમાં ઉતર્યો ન હતો.

મદનકંદલી મહારાણીની પ્રાપ્તના જુદા જુદા ઉપાયોની વિચારણાઓના તરંગોથી એનું મન અત્યંત આકુળવ્યાકુળ હતું. રાણીનું રૂપ અને અગાધ આસક્તિના કારણે બાળને "હું કયાં છું? અહીં કોણ કોણ છે?" એ વિગેરે વાતોનું પણ ધ્યાન ના રહ્યું. એની આંખોમાં માત્ર મદનકંદલી જ

તરવરતી હતી. ગમે તે ભોગે મદનકંદલીના શરીરનો ભોગ-સ્પર્શ કરવો જ જોઈએ, એ વિચારમાં ખૂબ ઊંડો ઉતરી ગયો. પરિણામે એ મગજનો કાબુ ગૂમાવી બેઠો. જ્ઞાનતંતુઓ શૂન્ય બની ગયા. વિમનસ્ક થઈ ગયો.

શરીરમાં કોઈ ભૂત પિશાચે પ્રવેશ કર્યો હોય તેમ ઊભો થાય છે. એ દુર્બુદ્ધિને પોતાના વડિલ ભાઈઓ પડખે બેઠાં છે, મહારાણીની પાસે જ મહારાજા બેઠેલાં જ છે, આચાર્ય ભગવંત ઉપદેશ આપી રહ્યાં છે, અનેક શ્રોતાઓની વિદ્યમાનતા છે, તે કશું ખ્યાલમાં ન રહ્યું અને મહારાણી મદન-કંદલી તરફ દોટ મૂકી.

અકાળે શ્રોતાગણમાં હાહારવ થવા લાગ્યો. "અરે! આ નરાધમ કોણ છે? અરે! આ દુષ્ટ પાપી કોણ છે?" વિગેરે અવાજો થયા, તેથી રાજાએ ચોતરફ નજર ફેરવી કોલાહલ થવાનું કારણ શું છે? એ તપાસવા લાગ્યા, ત્યાં બાળ એમની નજરમાં આવી ગયો.

બાળના નેત્રના વિકારો અને શરીરના આકારોથી રાજાને એના દુષ્ટ આશયનો તરત જ ખ્યાલ આવી ગયો અને રાજાનાં નેત્રો ક્રોધથી અંગારા જેવા લાલઘુમ બની ગયાં. મુખ વિકરાળ બની ગયું. જોરથી હુંકારો અને ગર્જના કરી.

રાજાની હુંકાર-ગર્જના સાંભળતાં જ બાળનો

કામજ્વર તરત ઉતરી ગયો. ઢીલો ઢચ બની ગયો. પોતાને સાધારણ ચેતના આવી અને અવળે મોંઢે ભાગવા મંડ્યો. શરીરની નબળાઈના કારણે અને રાજાની ગર્જનાથી ઉત્પન્ન થએલી ભીતિના કારણે શરીર પડુંપડું થઈ રહ્યું હતું. આગળ સ્હેજ વધ્યો ત્યાં ધબ દઈ ભોંય ઉપર ઢળી પડ્યો.

આ વખતે સ્પર્શન બાળના શરીરમાંથી બહાર નિકળી આચાર્ય મહરાજાની ક્ષેત્રમર્યાદા બહાર જઈ અવળું મુખ કરી બાળની રાહ જોતો ઊભો રહ્યો.

મનીષી અને મધ્યમબુદ્ધિને બાળના આ જાતના અતિઅધમ વર્તનને જોઈ ખૂબ લજ્જા આવી. " સજ્જન પુરુષો તો પારકા અધમ કૃત્યોને જોઇને પણ લજ્જા પામતા હોય છે. "

**બાળના અધમ વર્તન ઉપર પ્રશ્ન :**

આવા નિર્માલ્ય અને રંક ઉપર શું કોપ કરવો ? એવો વિચાર કરી રાજા શાંત થઈ ગયો અને આચાર્ય ભગવંત પ્રતિ પ્રશ્ન કર્યો.

હે ભગવન્ ! આ પામરનું વર્તન કેવું ? ખરેખર કોઇને કહીએ તો માને પણ નહિ. બોલતાં લજ્જા આવે. અત્યંત વિચિત્ર આચરણ છે. અત્યંત હિચકારૂં હલકટ અને હિણપત ભર્યું અનાર્યાચરણ ગણાય.

આ પામરે થોડા દિવસ અગાઉ રાત્રે મારા મહેલના શયન ખંડમાં તરખટ મચાવેલું અને મેં અતિક્રર સજા પણ કરેલી. આપ અતિશય નિર્મળ જ્ઞાનવાળાં છો. આ આચરણ અને પૂર્વનું આચરણ જાણો છો. આપનાથી કોઈ વસ્તુ અજાણ ન હોય.

થોડા દિવસ અગાઉ જે અધમ વર્તન કર્યું હતું તે તો દુષ્ટ પુરૂષોમાં સંભવી શકે પરંતુ વર્તમાનમાં આપની સાન્નિધ્યમાં જે વર્તન આચરી બતાવ્યું, તે પ્રત્યક્ષ હોવા છતાં ન માની શકાય તેવું છે. આ જાતના અધમ વર્તનનો વિચાર પણ કેમ આવતો હશે?

કારણ કે રાગાદિ ઘોર અંધકારના નાશ માટે આપશ્રી સૂર્ય જેવા તેજસ્વી છો. આપની વિદ્યમાનતામાં રાગાદિ દોષો સંભવી ન શકે. છતાં આપની જ સંનિધિમાં અતિતુચ્છ પુરૂષોને આવો અતિઘૃણાસ્પદ અધ્યવસાય કેમ આવી શકે ?

આચાર્ય ભગવંતે જણાવ્યું, હે રાજન્! આ વિષયમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. આ પામર બાળનો જરા પણ દોષ નથી. પરંતુ થોડા સમય પહેલાં જ આ સભા સમક્ષ એના શરીરમાંથી બહાર નિકળી આ સભાની મર્યાદા બહાર જઈને જે દૂર બેઠો છે તેનો આ બધો દોષ છે.

હે ભૂપતિ ! વ્યાખ્યાનમાં અગાઉ જણાવ્યુ હતું કે

સ્પર્શનેંદ્રિયને જિતવી એ અત્યંત દુષ્કર છે. તે જ સ્પર્શનેન્દ્રિય પુરૂષનું રૂપ લઈ સ્પર્શન નામ ધરાવી બાળના શરીરમાંથી નિકળી સભા બહાર બેઠો છે.

આ વિશ્વમાં એવું એક પણ પાપ નથી કે જે સ્પર્શનને આધીન થયેલો આત્મા ન આચરતો હોય. નાના મોટા તમામ દુષ્કૃત્યો સ્પર્શનાધીન થએલા આત્માઓ કરી શકે. આ બાળની અકુશળમાળા માતા છે તે આના શરીરમાં પ્રવેશ કરીને રહેલી છે. તેથી આ મહાશત્રુ એવા સ્પર્શનને મિત્ર સ્વરૂપે માને છે.

વળી પ્રાણીયોના કર્મ બે જાતના હોય છે. એક સોપક્રમ કર્મ અને બીજા નિરૂપક્રમ કર્મ. આ કર્મોના બે પ્રકાર સર્વજ્ઞ શ્રી તીર્થંકર પરમાત્માએ બતાવેલાં છે.

એ બે પ્રકારમાં સોપક્રમ કર્મ સાધુ ભગવંતના સંયોગથી આત્માના શુદ્ધ અધ્યવસાયથી કે તપશ્ચર્યા વિગેરે નિમિત્તને પામી ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમપણાને પામી શકે છે.

પરન્તુ નિરૂપક્રમ કર્મ જ્યાં વૈરભાવ ધરતા પ્રાણીઓના વૈરભાવનું શમન થઇ જતું હોય એવા તીર્થંકર પરમાત્માની વિદ્યમાનતામાં પણ ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમને પામતા નથી. અંધપુરૂષના અંધકારપડલને શું સૂર્ય દૂર કરી શકે ? ના.

બાળ અધમકોટીનો આત્મા છે. અકુશળમાળાએ એના શરીરમાં પ્રવેશ કર્યો છે. સાથે સ્પર્શન પણ મોટે ભાગે રહેતો

હોય છે. એના કર્મો પણ નિરૂપક્રમ છે, આવી પરિસ્થિતિમાં એ અત્યંત અધમ આચરણ કરે એમાં શું આશ્ચર્ય ગણાય?

મંત્રીશ્વર સુબુદ્ધિએ જણાવ્યું, હે ભગવંત ! આપ જે ફરમાવો છો, તે બરોબર તેમજ છે. પરન્તુ હવે અમારા રાજા આપશ્રીના ઉત્તમ પ્રભાવથી ઉત્તમ તત્ત્વજ્ઞાનના જ્ઞાતા બનશે. આપની સમજાવવાની અપૂર્વ શૈલિથી એમને પણ તત્ત્વજ્ઞાન જાણવાની રૂચિ થઈ છે.

યોગ્ય સમયે યોગ્ય વાત કહેનારા મંત્રીશ્વરની રાજાએ સ્વમુખે પ્રશંસા કરી અને બાળની ભવિષ્યમાં શી દશા થશે એ પ્રશ્ન આચાર્ય ભગવંતને કર્યો.

**બાળની ભવિષ્યમાં થનારી હાલત :**

ગુરુભગવંતે કહ્યું, હે પૃથ્વીપતિ ! આ બાળના હૃદયમાં તમારો ભય ઘણો લાગી ગયો છે. એથી આ સ્થાને એ કાંઈ પણ કુકર્મ કરી શકે તેમ નથી. હાલમાં નિશ્ચેષ્ટ જડ જેવો બની ગયો છે પણ તમારા ગયા પછી એને ચેતના પ્રાપ્ત થશે અને પેલો સ્પર્શન ફરી આના શરીરમાં પ્રવેશ કરશે.

---

૧ સોપક્રમ – સાનુકુળ નિમિત્તો પ્રાપ્ત કરી ઉદયમાં નહિ આવેલા કર્મોને કરણોદ્વારા ઉદયમાં લાવીને ભોગવી તે કર્મોનો નાશ કરી લેવામાં આવે.

૨ નિરૂપક્રમ – નિમિત્તો મળવા છતાં, જે કર્મો નાશ ન પામે. અવશ્ય ભોગવવા પડતા કર્મો.

તમારી ભીતિના કારણે આ ગામમાં રહેવા એ અસમર્થ બનશે એટલે બિચારો નગર તજી જંગલોમાં ભટકતો ભટકતો "કોલાક સન્નિવેશ" જશે.

ત્યાંથી આગળ કર્મપૂરક ગામે પહોંચશે. એ ગામની બાજુમાં એક સરોવરના કિનારે એ જશે. શ્રમ ક્ષુધા અને તૃષાથી એ ત્યાં આરામ કરશે. ત્યાર બાદ તળાવમાં સ્નાન કરવા ડુબકી મારશે.

એ વખતે બીજી બાજુથી કોઈ ચંડાલ યુગલ આ સરોવરના કિનારે આવશે. ચંડાલ સરોવરના કિનારે રહેલા વૃક્ષો ઉપર બેઠેલાં પંખીયોના શિકારે જશે.

ચંડાલપત્ની ચારે બાજુ નજર કરશે. એણીના જોવામાં કોઈ નહિ આવતાં એકાંત માની સરોવરમાં સ્નાન કરવા ડુબકી લગાવશે. ત્યાર પછી કિનારે રહેલો બાળ નજરમાં આવશે એટલે ચંડાલણી અનુમાન કરશે કે આ સ્પૃશ્યવર્ગનો પુરૂષ છે. એ મને તળાવમાં સ્નાન કરતી જોઈ અપરાધ બદલ માર મારશે. મારના ભયથી પોતે તળાવમાં ગોથું મારી કમળપત્રોના ઝુમખાની ઓથે સંતાઈ જશે.

બાળ પણ એજ વખતે સ્નાન કરવા સરોવરમાં જશે. અનાયાસ એજ દિશામાં જશે અને ચંડાલણીના શરીરનો સ્પર્શ થઈ જશે. સ્પર્શ થતાની સાથે કામાતુર બની ભોગ માટે તળાવમાં જ એને પકડશે. એ વખતે ચંડાલણી કહેશે કે હું ચંડાલણી છું મને ન અડો, તો પણ અતિઆસક્ત

બનેલો બાળ બલાત્કારે ચંડાલણીને ભેટી પડશે.

બલાત્કાર કરવાના કારણે ભયભીત બનેલી ચંડાલણી હાહારવ કરી બૂમરાણ મચાવી મૂકશે. બૂમરાણ સાંભળી, શું થયું ? શું થયું ? બોલતો એનો પતિ દોડીને ત્યાં આવી પહોંચશે. બાળને પોતાની પત્ની ઉપર બલાત્કાર કરતો જોઈ ચંડાલનો કોપ ભભુકી ઉઠશે.

કોપે ભરાએલો ચંડાલ ધનુષ ઉપર બાણ ચડાવી કાન સુધી ખેંચશે. આ જોઈ બાળ ભયભ્રાંત બની થરથર ધ્રુજવા લાગશે, તેમ છતાં ચંડાલ હરણને બાણ મારે તેમ બાળને બાણ મારશે. બાણથી વિંધાએલો બાળ બૂરી હાલતે મરી ઘોર નરકગતિમાં જશે. ત્યારબાદ અનંતકાળ આ સંસાર-સાગરમાં પરિભ્રમણ કરશે.

## પ્રકરણ આઠમુ

## મનીષી કુમાર વિગેરેનું અભિનિષ્ક્રમણ

જયસ્થળ નગરના મહારાજા શ્રી પદ્મ અને પટ્ટરાણી શ્રી નંદાદેવીના પુત્ર કુમાર શ્રી નંદિવર્ધનના હૃદયના ભાવો જાણવા વિદુર આ વાતો રાજકુમારને સંભળાવી રહ્યો છે. વાર્તા આગળ ચલાવતાં કહે છે કે

હે નંદિવર્ધન ! શત્રુમર્દન રાજા આચાર્ય ભગવંત પ્રબોધનરતિને પ્રશ્ન કરે છે.

ભગવંત ! અકુશળમાળા અને સ્પર્શન ઘણાં જ ભયંકર વ્યક્તિયો જણાય છે. કારણ કે એ બંનેના આધીન થએલા બાળે આવા દારૂણ અને હૃદયને કંપાવી મૂકે તેવા ફળો ભોગવ્યાં, તેમજ ભવિષ્યમાં પણ ભોગવશે.

મંત્રીશ્વરે પ્રશ્ન કર્યો–હે ગુરૂદેવ ! અકુશળમાળા અને સ્પર્શન માત્ર બાળને જ હેરાન કરે છે કે બીજા પ્રાણીઓ ઉપર પણ પોતાનો પ્રભાવ દેખાડી શકે છે ?

આચાર્ય ભગવંતે સમાધાન કરતાં જણાવ્યું. મંત્રીશ્વર! એ બંનેનું જોર સંસારમાં વસનારા પ્રત્યેક પ્રાણી ઉપર ચાલે છે. પરંતુ બાળ ઉપર હાલમાં એમનું જોર વધારે પ્રમાણમાં ચાલી રહ્યું છે. એટલે એ પ્રત્યક્ષ પાપો જોઈ શકાય છે. આ બે સમર્થ યોગી પુરૂષ જેવા છે.

સ્થાન વિશેષથી એ પ્રગટ થાય. જો પોતાને અનુકૂળતા જણાય તો પાઠ ભજવી બતાવે અને સ્થાન પ્રતિકૂળ લાગે તો અદૃશ્ય પણ થઈ જાય. આ જાતની ચમત્કારી શક્તિ યોગીયોમાં હોય છે અને એ શક્તિ દ્વારા પ્રગટ થવું, અદૃશ્ય થવુ એમને સરળતા ભર્યું બને છે.

રાજા–હે ભગવન્! શું અમારા ઉપર પણ પ્રભાવ દેખાડી શકે?

આચાર્ય શ્રી– બેશક! તમારા ઉપર પણ પોતાનો પ્રભાવ દેખાડે.

## અકુશળમાળા અને સ્પર્શનને દેહાંત દંડ

રાજાએ મંત્રીશ્વરને કહ્યું, હે મંત્રી! આચાર્ય ભગવંતે ફરમાવ્યું કે અકુશળમાળા અને સ્પર્શન એ બાળની સાથે જવાના છે. તું એમને મારી આજ્ઞા સંભળાવી દે. અમારા રાજ્યમાં ફરી પ્રવેશ કરવો નહિ. જો પ્રવેશ કર્યો તો દેહાંતદંડની સજા કરવામાં આવશે. મારૂં નામ શત્રુમર્દન છે, તો તમારૂં મર્દન કરી મારા નામને સાર્થક કરીશ. રાજ્યની સરહદમાં પ્રવેશ કરતાં જોઈ લીધો તો લોહયંત્રમાં પીલીને

તમારો નાશ કરીશું. તમારા નાશ વખતે અમે દયા દાખવશું નહિ. જો કે ગુરૂ ભગવંતની સમક્ષ આવી આજ્ઞા ફરમાવી ઉચિત ન ગણાય છતાં "દુષ્ટનો દંડ" આ એક રાજ્યનો ધર્મ છે. રાજાએ આ ધર્મનું પાલન કરવું જોઈએ. તેથી મારી ફરજ થઈ પડે છે અને એથી જ આ આદેશ આપુ છું.

મંત્રીશ્વર આ આજ્ઞા સાંભળી વિચારમાં પડી ગયાં. અરે! અકુશળમાળા અને સ્પર્શન ઉપરના આવેશથી ઘણી તીવ્ર આજ્ઞા ફરમાવી દીધી. "હિંસાના કાર્યમાં મારી સલાહ કે મારો અભિપ્રાય ન લેવો" આ વચન મને આપેલું તે પણ હાલમાં રાજાશ્રી વિસરી ગયા છે.

ખેર! ગુરૂદેવ રાજાજીના પ્રતિબોધનો ઉપાય શોધી કાઢશે. મારે તો આજ્ઞા વધાવી લેવી ઉચિત છે. આ પ્રમાણે વિચાર કરી રાજાશ્રીને કહ્યું "જેવી આપની આજ્ઞા" એમ કહી ઉભા થવા તૈયાર થાય છે.

એટલામાં આચાર્ય શ્રી રાજાને જણાવે છે, હે રાજન્! આ જાતની આજ્ઞા કરવાથી શત્રુઓનો વિનાશ કરી શકાશે નહિ. અકુશળમાળા અને સ્પર્શન અંતરંગ પ્રદેશના વસનારા છે, એમના ઉપર લોહયંત્ર કે તમારા યુદ્ધના બાહ્ય સાધનો ચાલી શકશે નહિ. એમનો નાશ કરી શકાશે નહિ.

## પર્શનના નાશનો ઉપાય

શત્રુમર્દન– હે ગુરૂદેવ! આ એના વિનાશનો શો ઉપાય છે?

આચાર્યશ્રી– અંતરંગ પ્રદેશમાં એક લોહયંત્ર આવેલું છે. એ યંત્રનું નામ “ અપ્રમાદ ” રાખવામાં આવ્યું છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ યંત્રના ઉપકરણો–સાધનો છે. આ સાધનોથી યંત્રોની મજબુતાઈ ઘણી વધી છે.

આ યંત્ર અંતરંગ શત્રુઓના નાશ માટે સાક્ષાત્ યમરાજ જેવું વિકરાળ છે. મહાસત્ત્વશીલ આત્માઓ જ આ યંત્રને ચલાવી શકે છે. નબળા માનવીઓનું આ યંત્ર ચલાવવાનું કામ જ નથી. આ યંત્ર અકુશળમાળા અને સ્પર્શનનો નાશ સહેલાઈથી કરી શકે છે.

હે રાજન્! તમારે અકુશળમાળા અને સ્પર્શનના નાશ કરવાની પૂર્ણ ઇચ્છા હોય તો “ સ્વવીર્ય યષ્ટિ[1] ” નું આલંબન લઈ તમે પોતે જ એ યંત્રને ચાલુ કરો તેથી એ શત્રુઓનો નાશ થશે.

## મનીષીના દીક્ષા લેવાના ભાવમાં વધારો :

મનીષીના હૃદય પ્રદેશમાં કર્મસમુહ રૂપ વૃક્ષોને બાળી નાખવામાં સમર્થ ચારિત્રની વિચારધારા રૂપ અગ્નિ આચાર્યશ્રીના મંજુલવાણી રૂપ પવન દ્વારા અધિક પ્રમાણમાં વધી ગયો. ચારિત્રને આવરણ કરનારા કર્મો બળીને ભસ્મીભૂત થવા લાગ્યાં.

મનીષીને એક વાતની શંકા થતાં ગુરૂદેવને પૂછ્યું.

૧ સ્વવીર્યયષ્ટિ–પોતાના આત્માના પુરૂષાર્થ રૂપ દંડ

હે ગુરૂદેવ ! આપશ્રીએ પહેલાં ભાગવતી દીક્ષાનું વર્ણન કરેલું અને એમાં જણાવેલું કે ભાગવતી દીક્ષા દ્વારા વીર્યોલ્લાસ વધે છે અને એ દ્વારા સ્પર્શનનો નાશ થાય છે. પરંતુ હાલમાં આપશ્રીએ " અપ્રમાદ " યંત્રનું વર્ણન કર્યું અને એ દ્વારા અંતરંગ શત્રુઓનું ઉન્મુલન કરી શકાય છે, એમ જણાવ્યું તો ભાગવતી દીક્ષા અને અપ્રમાદયંત્ર આ બેમાં કાંઈ અંતર છે ? એ બેમાં શું ભિન્નતા છે ?

આચાર્ય શ્રી– શબ્દમાત્રનો ફરક છે. કાર્ય બંનેના એક છે.

મનીષી— હે ભગવન્ ! " મારા ઉપર કૃપા કરો " આપશ્રીને મારામાં જો યોગ્યતા જણાતી હોય તો સંસારરૂપ વિષધરના કાળવિષ ઝેરના નાશ માટે અત્યંત સમર્થ જાંગુલી મંત્ર સમાન ભાગવતી દીક્ષા મને આપો.

આચાર્યશ્રી— ભદ્ર ! તારામાં સારી યોગ્યતા છે. અમે તને આનંદપૂર્વક દીક્ષા આપીશું. ઢીલ કરવી ઉચિત નથી.

શત્રુમર્દન—હે વિભો ! મહાસત્ત્વશીલ આ મહાનુભાવ કોણ છે ? મેં અનેક મહાયુદ્ધો ખેડયાં, અનેક સાહસો કર્યાં, ઘણુ પરાક્રમ દેખાડી યશઃકીર્તિ ફેલાવી, છતાં ભાગવતી દીક્ષા કે અપ્રમાદ યંત્ર વહન કરવા હું તૈયાર થઈ શક્યો નહિ, ત્યારે આ ભાગ્યવાન અલ્પસમયમાં અપ્રમાદ–યંત્ર વહન કરવા ઉદ્યમશીલ થઈ ગયા. એ મહાપુરૂષ કોણ છે ?

આચાર્યશ્રી—હે પૃથ્વીપતિ ! તમારા આ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના અધિપતિ "કર્મવિલાસ" નામના મોટા રાજા છે. તેમના પટ્ટરાણી શુભસુંદરી દેવી છે અને ગુણરૂપ રત્નો માટે રોહણાચળ પર્વત જેવો એમનો આ મનીષી કુમાર નામનો પુત્ર છે.

તે રાજાને બીજી અકુશળમાળા રાણી છે. તેનો પુત્ર આ અધમકોટીનો બાળ છે. ત્રીજી રાણી સામાન્યરૂપા છે, તેનો પુત્ર મધ્યમબુદ્ધિ છે. તે મધ્યમબુદ્ધિ મનીષીકુમારની બાજુમાં જ બેઠો છે.

આ વાત સાંભળી રાજાને ભારે આશ્ચર્ય થયું. આ નગરનો રાજા હું કે કર્મવિલાસ ? એટલે ગુરૂદેવને પ્રશ્ન કર્યો. હે ગુરૂદેવ ! આ નગરનો રાજા તો હું છું, આપે કર્મવિલાસને રાજા તરીકે જણાવ્યો. આ વાત કઈ રીતે સંભવે ?

### અંતરંગ રાજ્ય

આચાર્યશ્રી—હે રાજન્ ! આ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા કર્મવિલાસ છે. ભયભીત બનેલા જગતના તમામ આત્માઓ એની આજ્ઞાનું પાલન કરે છે. એમની આજ્ઞાથી વિપરીત વર્તવા કોઈ હિંમત કરતું નથી. તમારૂં રાજ્ય લઈ બીજાને આપવું હોય તો એ એને મન એક સાધારણ રમત છે. પોતાના પરાક્રમ દ્વારા જ એણે જગત ઉપર પ્રભુત્વ મેળવેલું છે. વાસ્તવિક રાજા એજ છે.

શત્રુમર્દન :—હે ભંતે ! જો આપ કહો તેમજ હોય તો તે રાજા આ નગરમાં કેમ દેખાતો નથી ?

આચાર્યશ્રી— હે નરપતિ! કર્મવિલાસ રાજા એ અંતરંગ પ્રદેશોનો સ્વામી છે. અંતરંગ પ્રદેશના રહેવાસીઓ તમારા જેવા ચર્મચક્ષુઓ ધારણ કરનારની નજરમાં આવી શકતાં નથી. એ અદૃશ્ય હોય છે. એ લોકો ગુપ્ત રીતે પોતાનું ધાર્યું કામ કરનારા હોય છે.

પરન્તુ બુદ્ધિશાળી અને ધીરજધર આત્માઓ પોતાના જ્ઞાનરૂપ નયનો દ્વારા એ લોકોનું સ્વરૂપ અને હિલચાલ જોઈ શકે છે. તમારા જેવાનું હાલમાં એ કામ નથી.

મર્મસમજનાર મંત્રીશ્વરે રાજાને જણાવ્યું, હે રાજન્ ! પૂજ્ય આચાર્ય ભગવંતે કર્મવિલાસ રાજાનું જે વર્ણન કર્યું તે રાજાને મેં બરોબર ઓળખી લીધો છે. પૂ. આચાર્ય ભગવંતે જે આપને સમજાવ્યું છે તે હું આપને પછી બરોબર સમજાવીશ.

## શત્રુમર્દન રાજા અને મધ્યમબુધ્ધિએ કરેલો ગૃહસ્થ ધર્મનો સ્વીકાર

અવસર જોઈ મતિનિધાન મધ્યમબુદ્ધિએ નમ્રતાથી મસ્તક ઝૂકાવીને આચાર્ય ભગવંતને નમસ્કાર કરી વિનંતિ કરી.

હે ભદંત ! આપશ્રીએ ભવપરંપરાને ઘટાડનાર ગૃહસ્થ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું, તે ધર્મ માટે મારામાં યોગ્યતા જણાતી હોય તો કૃપા કરી એ ધર્મ મને આપો.

આચાર્યશ્રી—જે આત્માઓ દીક્ષાલેવા માટે સમર્થ ન

હોય એવા તમારા જેવા મહાનુભાવોએ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરવો એ ઘણું જ ઉત્તમ છે.

શત્રુમર્દન – વિભો ! કૃપા કરી ગૃહસ્થ ધર્મનું સ્વરૂપ અમને જણાવો

આચાર્યશ્રી—સમ્યકત્વ સ્વીકારવા પૂર્વક સ્થૂલ પ્રાણાતિપાત વિગેરે પાંચ અણુવ્રતો, દિગ્પરિમાણ વિગેરે ત્રણ ગુણવ્રતો અને સામાયિક વિગેરે ચાર શિક્ષા વ્રતો એ બાર વ્રતોનો ભાવપૂર્વક સ્વીકાર અને એનું પરિપાલન તે ગૃહસ્થધર્મ છે.

ગૃહસ્થધર્મના સ્વીકાર કરવાની અભિલાષાથી રાજાએ આચાર્ય ભગવંતને વિનંતિ કરી, હે પૂજ્ય ! મને પણ આપ ગૃહસ્થ ધર્મ આપો.

એ વખતે આચાર્ય ભગવંતે સુયોગ્ય એવા રાજા અને મધ્યમબુદ્ધિને કર્મરૂપ ઠંડીથી ઉત્પન્ન થએલી જડતાનો નાશ કરવા જાજવલ્યમાન અગ્નિ સમાન ગૃહસ્થધર્મ આપ્યો.

ત્યાર પછી આચાર્યભગવંત મનીષીને દીક્ષા આપવા માટે તત્પર થયા એટલે શત્રુમર્દન રાજાએ ભક્તિ પૂર્વક વિનંતિ કરી કે, હે સ્વામિન્! ભાગ્યવાન્ મનીષીએ ભાવથી દીક્ષા ગ્રહણ કરેલી જ છે, પણ આપની આજ્ઞા હોય તો અમે અમારા મનના સંતોષ અને મનીષીકુમારની અનુમોદના ખાતર યથાયોગ્ય ઉત્સવ ઉજવીએ

એ વેળા આચાર્યભગવંત મૌન રહ્યા, તેથી મંત્રીશ્વરે

રાજાશ્રીને જણાવ્યું કે, હે રાજન્ ! દ્રવ્ય પૂજાના વિષયમાં સાધુભગવંતોને પૂછાય નહિ.

જો કે સાધુભગવંતો દ્રવ્યપૂજાનો ઉપદેશ આપે છે પરન્તુ જ્યારે કરવાનો વખત આવે ત્યારે આદેશ આપતા નથી. ઉપદેશ આપવાનું કાર્ય એમનું છે પણ આદેશ આપવાનું કાર્ય એમનું હોતું નથી.

આપણે ભાવપૂર્વક દ્રવ્ય પૂજા કરીએ તો સાધુ ભગવંતો એ પૂજાની અનુમોદના દ્વારા લાભ લે, પણ દ્રવ્યપૂજા કરવી કે બીજાને આદેશ આપવો, એવા કાર્યથી દૂર રહે છે.

આપણે આ કાર્ય માટે મનીષી કુમારને વિનંતિ કરીએ અને આપણી વિનંતિથી મહોત્સવ કરીએ ત્યાં સુધી મનીષી કુમાર આપણા ત્યાં રહે.

રાજાએ એ વાત માન્ય કરી.

શત્રુમર્દન રાજા અને સુબુદ્ધિ મંત્રીએ મનીષી કુમારને મહોત્સવ સુધી સ્થિરતા કરવા વિનંતિ કરી અને બીજાઓની પ્રાર્થના ભંગ કરવા અસમર્થ અને કરૂણાશીલ મનીષીએ એ વિનંતિનો સ્વીકાર કર્યો.

## મનીષીના દીક્ષા મહોત્સવ પ્રસંગે :—

મનીષી કુમારે વિનંતિ સ્વીકારી એથી રાજા અતિપ્રસન્ન થયા. પોતાના અંગત માણસોને જુદાજુદા કાર્યોમાં જોડી દીધા. સેવક લોકોએ આજ્ઞા આપી, કે પૂર્ણ નગર

શણગારો, દેવમંદિરોમાં પૂજા રચાવો. ઠેર ઠેર ધજા, પતાકા, તોરણીયા બંધાવો, સુગંધિ જળ છંટકાવો, મઘમઘતો ધૂપ કરાવો ધવળ મંગળ ગીતો ગવરાવો, મધુર ધ્વનિના વાજિંત્રો વગડાઓ, ફુલોની વૃષ્ટિ કરાવો.

ત્યારબાદ શ્રી શત્રુમર્દન રાજા, મનીષી કુમાર, મધ્યમબુદ્ધિ, મંત્રીશ્વર સુબુદ્ધિ અને અન્ય પરિવાર સહિત બધા જગત્પતિ શ્રી તીર્થંકર પરમાત્માનો સ્નાત્ર મહોત્સવ કરવા ઉભા થયા.

મુમુક્ષુ શ્રી મનીષી કુમારને ગુલાબજળ વિગેરે સુગંધિ દ્રવ્યોથી મિશ્રિત જળથી સ્નાન કરાવ્યું, ઉત્તમ ચીનાંશુ વસ્ત્રો પહેરાવ્યાં અને રાજાએ પણ સ્નાનાદિ કાર્યો કર્યાં.

મનીષી કુમારને આગળ કરીને રાજાએ યુગદિ દેવ શ્રી આદીશ્વર પરમાત્માનો મોટા આડંબર પૂર્વક સ્નાત્ર મહોત્સવ કર્યો. એ વેળા દેવતાઓ પણ મનીષીના સત્ત્વગુણથી આકર્ષાઇને ત્યાં આવ્યા. એ દેવતાઓએ નંદનવનથી લાવેલા મંદાર, પારિજાત, સંતાન, હરિચંદન વિગેરે દિવ્ય વૃક્ષોના સુગંધિ પુષ્પોથી પરમાત્માની પૂજા કરી.

ભગવંતની ભાવથી દ્રવ્ય પૂજા પરિપૂર્ણ કરી, છેવટમાં આરતિ અને મંગળદીવો ઉતાર્યો, પછી ભાવપૂજારૂપ ચૈત્ય-વંદનાદિ કરી મુનિ ભગવંતોને વાંદ્યા.

મનીષી કુમારને મહેલમાં લઈ જવા માટે રાજાએ પોતાનો "જય" નામનો ગજરાજ ત્યાં મંગાવ્યો. રાજાએ

વિવેક પૂર્વક મનીષી કુમારને ગજરાજ ઉપર બેસાડ્યા અને પોતે છત્ર હાથમાં લઈ પાછળના ભાગમાં ઉભા રહ્યા. પોતાને અપૂર્વ લાભ મળ્યો એમ રાજાને આત્મસંતોષ થતો હતો.

મનીષી કુમારના માતા શુભસુંદરી યોગશક્તિથી ત્યાં જ વિદ્યમાન હતા. એમના ઉલ્લાસમાં અનેરો વધારો થયો. અને રાજાએ મધ્યમબુદ્ધિને પણ મનીષી કુમારના બાજુમાં જ બેસાડ્યા.

મંત્રીશ્વર સુબુદ્ધિ વિગેરે રાજ્યાધિકારી વર્ગ અને નગરના વડા પુરૂષો "જય" ગજરાજની પાછળ ચાલી રહ્યા છે અને મનીષી કુમારની પ્રશંસા કરી રહ્યાં છે. મનીષી-કુમારની પ્રવેશયાત્રા વિશાળ રાજમાર્ગોથી પસાર થતી રાજ્ય મહેલે આવી પહોંચે છે.

રાજ્ય મહેલના સભાખંડમાં લોકસમુહ સાથે થોડો સમય બેસી સૌને સન્માનપૂવક વિદાય આપવામાં આવી.

મનીષી કુમાર રાજાશ્રીના આગ્રહથી એમના સંતોષ ખાતર સ્નાનાગારમાં ગયા. ત્યાં સુરભી દ્રવ્યોથી અંગમર્દન-પીઠી કરવામાં આવી. મહારાણી મદનકંદલી દેવીએ પોતાના ભાઈના પુત્ર તુલ્ય મનીષી કુમારને માનીને શુદ્ધ અંતકરણ પૂર્વક આનંદિત થતાં પોતાના કોમળ કરકમલોથી સ્નાન કરાવ્યું.

પાણીને તરત ચૂશી લે તેવા અંગલૂછનાદ્વારા શરીર શુદ્ધ કરવામાં આવ્યું. ધવલ સૂક્ષ્મ અને મુલાયમ રેશમી

વસ્ત્રો બદલીને નિરાશંસભાવે ભોજનગૃહમાં ગયા.

ભોજનગૃહમાં તો જીહ્વાને આનંદ અને ઉત્તેજના મળે તેવા જાતજાતના પકવાન્નો અને ભાતભાતના ફરસાણો હતા. તરેહ તરેહના શાક અને વિવિધ ભાતના મસાલા, રાયતાં, ચટણી આદિ હતાં. અનેક પ્રકારની વાનગીઓ હતી છતાં મનીષી કુમારે રાગદ્વેષ રહિત નિરાશંસ પણે શરીરના નિભાવ માટે જ અલ્પ તેમજ સાત્વિક ભોજન લીધું.

તજ, ઈલાયચી, લવીંગ વગેરેસુગંધિ અને પાચક દ્રવ્યો જેમાં નાખવામાં આવેલાં એવું નાગરવેલનું પાનલીધું, પછી શયનખંડમાં અલ્પ આરામ લેવામાં આવ્યો. આરામ પછી રાજા, અમાત્ય, મનીષી કુમાર વિગેરે સૌ સભા મંડપમાં આવ્યા અને વાર્તા વિહાર કરવા બેઠા,

## સુબુદ્ધિની અનુમોદન !

વિવેકી રાજાએ મંત્રીને જણાવ્યું, હે બન્ધુ ! આવા ઉત્તમ ગૃહસ્થધર્મની પ્રાપ્તિ તત્ત્વજ્ઞાનની રૂચિ દીક્ષા ઉત્સવ ઉજવવતનો અવસર વગેરે જે મોક્ષ સાધક સંયોગોની પ્રાપ્તિ થઈ છે, તે તારા રૂડા પ્રતાપે જ પ્રાપ્ત થઈ છે.

સુદેવ, સુગુરૂ, સુધર્મની પ્રાપ્તિ તારા લીધે જ થઈ છે. મનીષીકુમાર જેવા નગરરત્ન સાથે સંપર્ક તારા પ્રતાપે થયેત છે. તેથી હે મિત્ર ! તું કલ્યાણમાં કારણભૂત બન્યો છે. તું મારો હિતેષી છે.

જો તે ભગવંતને વંદના કરવાની પ્રેરણા ન કરી હોત

તો હું આ બધા ઉત્તમ લાભોથી વંચિત રહેત. આ પુણ્ય અવસરનો લાભ ન મળત. ખરેખર ! તું મારો બંધુ છે. મિત્ર છે. તારૂં નામ સુબુદ્ધિ છે તે સત્ય અને સાર્થક છે.

પ્રત્યુત્તર આપતાં મંત્રીશ્વરે જણાવ્યું, હે રાજન્ ! આપ મને આવું મહાગૌરવ આપો તે બરોબર નથી. હું તો આપનો સામાન્ય સેવક છું. સામાન્ય સેવક ઉપર અતિઅધિક ગૌરવનો ભાર આપવો ઠીક નથી. કલ્યાણ પરંપરા આપવા અમારી શક્તિ ક્યાં છે?

આપશ્રીનું પોતાનું પુણ્ય જોર કરતું હતું. ભાગ્યલક્ષ્મી આપના ઉપર પ્રસન્ન હતા. એટલે આ મંગળમાળાઓ સમાન દરેક ઉત્તમ વસ્તુઓની પ્રાપ્તિ થઈ છે. બીજા પુરૂષોના સંયોગથી કે અન્યના પરિશ્રમથી કલ્યાણ થતું નથી. પોતાનું પુણ્ય અને પોતાનો પુરૂષાર્થ જોઈએ.

મનીષીએ જણાવ્યું હે રાજન્ ! કલ્યાણ તો હજુ આગળ થશે. હમણાં તો આપને ભવિષ્યમાં થનારા કેવળજ્ઞાનરૂપ સૂર્યની પ્રભાને દર્શાવતો અરૂણોદય માત્ર છે. કૈવલ્ય પ્રાપ્તિ એ જ કલ્યાણ છે, એ જ મહાનંદ છે. અને એ જ પરમ શ્રેયસ્કર છે. અત્યારે જે આનંદ જણાય છે તે તો સમ્યગ્ દર્શનથી ઉત્પન્ન થએલો છે. આપનું ભાવી ઉજ્જવળ છે.

શત્રુમર્દન રાજાએ જણાવ્યું કે, આપ કહો છો તેમાં જરાપણ સંદેહ નથી. પછી મંત્રીશ્વર પ્રતિ મુખ ફેરવી બોલ્યા.

હે મંત્રીશ! તું જો તો ખરો? જેમણે આજે જ બોધ મેળવ્યો છે. લાંબો સમય પણ થયો નથી, છતાં એમનામાં કેટલો સરસ વિવેક છે? કેટલું સરસ તત્ત્વજ્ઞાન આપણને આપી શકે છે?

મંત્રીશ્વરે કહ્યું, હે રાજન! આમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? આમનું નામ મનીષી છે. મનીષી એટલે તત્ત્વના સુંદર જ્ઞાતા અને વિવેચક. એમના માટે કાંઈ પણ કહેવા જેવું હોય જ નહિ. આ પુરૂષો સાર્થક નામવાળા હોય છે. એમનો બોધ પણ ઉત્કૃષ્ટ હોય છે. એઓ સદા અંતરમાં જાગૃત હોય છે. ગુરુ ભગવંતો માત્ર નિમિત્ત રૂપે બનતાં હોય છે. સ્હેજ ગુરુ ભગવંતનો યોગ મળે એટલે એમનું તત્ત્વજ્ઞાન ઝળકી ઉઠે છે.

## મધ્યમબુદ્ધિનું ત્યાં આગમન :

જે વખતે મનીષી કુમારને રાજ્ય મહેલમાં લાવવામાં આવેલા તે વખતે મંત્રીશ્વર સુબુદ્ધિ રાજાશ્રીની આજ્ઞાથી મધ્યમબુદ્ધિને પોતાના સાધર્મિક બંધુ માની ભકિત કરવા સ્નેહપૂર્વક પોતાના આવાસે લઈ ગએલા.

આવાસમાં મધ્યમબુદ્ધિની સુંદર આગતા સ્વાગતા કરવામાં આવી, સ્નાનાદિ કરાવી મધુર ભોજન કરાવ્યું. અને શયન ખંડમાં આરામ કરવાનું જણાવી મંત્રીશ્વર રાજ્ય મહેલે આવેલા.

મનીષીકુમાર, શત્રુમર્દન રાજા અને મંત્રીશ્વર સુબુદ્ધિ જ્યાં વાર્તાલાપ કરી રહ્યાં છે, ત્યાં મધ્યમબુદ્ધિ પણ આવી

ગયા. એણે સૌને નમસ્કાર કર્યા. મનીષી કુમારે એક યોગ્ય સુખાસન બેસવા આપ્યું અને વિનયપૂર્વક મધ્યમબુદ્ધિ એ ઉપર બિરાજમાન થયા.

શત્રુમર્દન રાજાએ મધ્યમબુદ્ધિને અનુલક્ષી મંત્રીશ્વરને જણાવ્યું. મિત્ર ! આ ભાગ્યશાલી પણ મારા મોટા ઉપકારી છે. કારણ કે ગુરૂમહારાજે જ્યારે અપ્રમાદ યંત્રનું વર્ણન કર્યું ત્યારે કાયર યુદ્ધથી ડરે, તેમ કંપી ગયો. મારાથી એ યંત્ર ફેરવી શકાય નહિ અને અકુશલમાળા તેમજ સ્પર્શનનો નાશ થઈ શકે નહિ. અપ્રમાદયંત્રનું ચલાવવું મારા માટે અતિમુશ્કેલી ભર્યું જણાયું હતું.

પરન્તુ એ વખતે આ મહાનુભાવે અપ્રમાદયંત્ર ચલાવવા અશક્તિ દર્શાવી અને ગૃહસ્થધર્મની માગણી કરી. તેથી ગૃહસ્થધર્મ જાણવાની મને જિજ્ઞાસા થઈ. ગુરુદેવશ્રીને પૂછતાં એનું સ્વરૂપ મને જાણવા મળ્યું અને મારૂં મન પણ ગૃહસ્થધર્મ સ્વીકારવા તત્પર બન્યું.

મારા મનમાં અપૂર્વ શાંતિ થઇ. પરંપરાએ કલ્યાણ થશે, એનો સંતોષ અનુભવ્યો. એ સંતોષ અને શાંતિ આ મહાનુભાવને આભારી છે. એ ઉપકારી ખરાને ? જો એમણે ગૃહસ્થધર્મની માગણી ન કરી હોત તો એ સ્વીકારવાનો મને વિચાર ક્યાંથી સ્ફુરત ?

મંત્રીશ્વરે કહ્યું, હે રાજન્ ! આપે ઘણી સુંદર વાત સ્મૃતિમાં રાખી. આ નશ્વર જગતમાં જે આત્મા બીજાને

ધર્મપ્રાપ્તિમાં નિમિત્તભૂત થાય છે. એ પણ પરમ ઉપકારી ગણાય છે. એ ઉપકારની તુલનામાં બીજો કોઈ ઉપકાર ન આવી શકે.

વળી આ મધ્યમબુદ્ધિ પણ સાર્થક નામવાળા છે. મધ્યમનું આશ્વાસન મધ્યમવર્ગના પ્રાણીયોને આલંબનભૂત થાય છે. જગતમાં સમાન ગુણ, સમાનવય, સમાનરૂપ અને સમાન સ્વભાવવાળા હોય તો જ મૈત્રી થાય અને ટકી શકે. મધ્યમબુદ્ધિનું વર્તન મધ્યમ હોવાથી મધ્યમવર્ગના પ્રાણીયોને આદર્શભૂત અને સહાયક બને છે. તેથી મધ્યમબુદ્ધિ સાર્થક નામ ધરાવનાર વ્યક્તિ વિશેષ છે.

રાજાને વિચાર આવ્યો કે, અરે! અત્યાર સુધી હું મિથ્યાભિમાનમાં જ રચ્યો પચ્યો રહ્યો છું. "હું રાજા છું. પ્રજાપાલ હોવાથી પ્રજાનો સ્વામી છું, પુરૂષોમાં ઉત્તમ છું. પરાક્રમશાલી છું. આ રાજ્ય મારૂં છું, હું રાજ્યનો સ્વામી છું" પણ સુબુદ્ધિ મંત્રીએ મને વાતવાતમાં યુક્તિપૂર્વક જણાવી દીધું.

"હે રાજન્! તમે મધ્યમની ગણનામાં છો. મધ્યમ વર્ગના માનવીની મધ્યમવર્ગના માનવી સાથે મૈત્રી થાય." મધ્યમબુદ્ધિએ ગૃહસ્થધર્મ સ્વીકાર કર્યો અને મેં પણ એજ ધર્મ સ્વીકાર્યો. એટલે હું પણ મધ્યમની ગણનામાં આવી શકું. અત્યાર સુધી મિથ્યાભિમાનને પંપાળનાર મને ધિક્કાર હો.

મનીષીકુમાર જેવા ઉત્તમ પુરૂષો કરતાં હું હીન છું.

તેમજ બાળ જેવા અધમ આચરણો મારા જીવનમાં અપનાવેલ નથી તેથી એના કરતાં આગળ વધેલો છું. એટલે હું મધ્યમ વર્ગમાં આવી શકું. એ પણ મારૂં અહોભાગ્ય છે. મારે તો મધ્યમબુદ્ધિનો માર્ગ પણ અતિદુર્લભ હતો. આ જાતનો વિચાર કરીને શત્રુમર્દન રાજાએ મંત્રીશ પ્રત્યે કહ્યું કે–

હે મંત્રીશ ! જયારે તમે નિજવિલસિત ઉદ્યાનના પ્રમોદશેખર ઉદ્યાનમાં લઇ ગએલા તે વખતે મને હૃદયમાં અત્યંત આનંદની ઉર્મિએ જાગતી હતી. અપૂર્વ ઉલ્લાસ થતો હતો. જે ઉલ્લાસ શબ્દો દ્વારા વર્ણન કરી શકાય તેમ નથી, એ અપૂર્વ ઉલ્લાસ થવાનું કારણ શું હશે ?

વળી એજ પવિત્રતમ સ્થળે પૂજ્ય આચાર્ય ભગવંતની સાન્નિધ્યમાં અને ઘણા મુનિવરો તેમજ શ્રોતા વર્ગની ઉપસ્થિતિમાં બાળને અત્યંત અધમ વિચારો કેમ આવતા હશે અને અધમ આચરણ કેમ બનતું હશે ? એનું શું કારણ ?

## પાત્રતા અનુસાર નિમિત્તોની અસર :

મંત્રીશ–હે નરનાથ ! આપને પ્રમોદશેખર મંદિરમાં શુભ અધ્યવસાયો અને ઉલ્લાસ થએલ એમાં આશ્ચર્ય માનવા જેવું નથી. કારણ કે એ મંદિર જેવા નામને ધરાવે છે એવાજ એના ઉત્તમ ગુણો છે. પ્રમોદ એટલે આનંદ, ઉલ્લાસ, અને શેખર એટલે ટોચ, અધિક, અત્યંત. જ્યાં અત્યંત શુભ અધ્યવસાયો થાય તે સ્થાન પ્રમોદશેખર. તે નિમિત્તથી જ આપના અધ્યવસાયો ત્યાં શુભ બન્યા હતાં.

જ્યાં આવા શુભ અધ્યવસાયો થાય ત્યાં બાળને દુષ્ટ અધ્યવસાયો કેમ થાય? એ માટે જણાવવાનું કે, એનું નામ જ આપના શંસયનું નિરાકરણ કરે તેમ છે. પૂ. આચાર્ય ભગવંતે પણ એનું કારણ જણાવી દીધું છે. અકુશળમાળા અને સ્પર્શન એનાં શરીરમાં હતા.

વળી દ્રવ્ય[1], ક્ષેત્ર[2], કાળ[3], ભવ[4] અને ભાવની[5] અપેક્ષા રાખીને અધ્યવસાયોમાં શુભ અને અશુભપણું થતું હોય છે. પ્રશસ્ત દ્રવ્ય, ક્ષેત્રાદિ પ્રાપ્ત થતાં કેટલાક આત્મા-

૧ દ્રવ્ય—સારા નરસા પદાર્થો, સાધનો, કર્મવર્ગણા. આથી નિંદ્રા ઘટે, દારૂદ્રવ્ય ઘેન લાવે. આ દ્રવ્ય પ્રભાવ ગણાય.

૨ ક્ષેત્ર—ઘર, ગામ, જંગલ, આકાશ, પાતાળ ભૂલોક વિગેરે. સ્થળ પરત્વે જે વસ્તુ સર્જાય તે. સ્મશાન ક્ષેત્રમાં ભય લાગે અને કાળાંતરે ત્યાં વસવાટો થતાં ભય ટળે. ગામમાં નિર્ભયતા અને વનમાં ભય એ ક્ષેત્રપ્રભાવ. તીર્થસ્થળમાં મનઃ નિર્મળ બનવું અને કુરૂક્ષેત્રમાં ક્રૂર બનવું એ ક્ષેત્ર પ્રભાવ.

૩ કાળ— સવાર, બપોર, સાંજ, રાત, દિવસ, શીયાળો, ચોમાસુ, ઉનાળો વિગેરે, ચોમાસામાં વર્ષા પડે અને ધાન્ય પાકે, શીયાળામાં ઘઉં વિગેરે થાય. ઉનાળામાં કેરી આવે. આ કાળપ્રભાવ ગણાય.

૪ ભવ— મનુષ્ય ભવમાંથી જ મોક્ષે જવાય. દેવતાઓને ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન સદા માટે હોય. પંખીઓ આકાશમાં ઉડી શકે. વિગેરે ભવપ્રભાવ છે.

૫ ભાવ— દ્રવ્યની પરિણમન શકિત તે ભાવ. તેના પાંચ ભેદ ઉપશમભાવ, ક્ષાયિકભાવ, ક્ષાયોપશમિક ભાવ, સાન્નિપાતિક અને પારિણામિક ભાવ. ક્ષાયિક સમ્યકત્વ, કેવળજ્ઞાન વિગેરે આવ્યા પછી જાય નહિ.

ઓના અધ્યવસાયો મલીન બને છે, એટલે દ્રવ્યાદિ પાંચે આત્માની પાત્રતાને અનુસારે અનેક રીતે ભાગ ભજવે છે.

શત્રુમર્દન– હે મંત્રી! તમે જો દ્રવ્યાદિ ઉપર ભાર મૂકતા હો, તો પાવન પ્રમોદશેખર મંદિર બાળને અશુભ વિચારોમાં કેમ નિમિત્તભૂત બન્યું. મંદિરના દ્રવ્યાદિ તો પવિત્ર હતા. જો અપવિત્ર માનીએ તો આપણા વિચારો ત્યાં પવિત્ર અને શુદ્ધ કેમ બને?

સુબુદ્ધિ– હે રાજન્! કાળ[1], સ્વભાવ[2], નિયતિ[3] કર્મ[4] અને પુરૂષાર્થ[5] વિગેરે સાધન સામગ્રીને પામીને તે ઉદ્યાન અને મંદિર જુદા જુદા કાર્યોને કરે છે. પોતાના આત્માની જે જાતની યોગ્યતા હોય તે અનુસાર અધ્યવસાય વિગેરે થાય એ ઉદ્યાનનું નામ "નિજવિલસિત" છે. પોતાના આત્માની યોગ્યતા અનુસારે આત્મા અધ્યવસાયો કરી શકે તેવું ઉદ્યાન જુદા જુદા સહકારી કારણોને પામી

---

દ્રવ્યાદિ માટેની વધુ સમજુતી માટે કર્મગ્રંથો અને લોકપ્રકાશ આદિ ગ્રંથોના અધ્યયનની આવશ્યકતા રહે છે. અથવા ગુરુગમથી સમજવા પ્રયત્ન કરવો.

૧ કાળ– દરેક દ્રવ્યનો પ્રત્યેક સમયનો પરિણમન ભાવ.

૨ સ્વભાવ– નિયતિને સ્વતઃ અનુસરે તે સ્વભાવ

૩ નિયતિ– કાર્યપરિણામનો અવિકળ હેતુ તે નિયતિ.

૪ કર્મ–પ્રત્યેક આત્માનું પ્રત્યેક સંસારી પરિણામનું કારણ તે કર્મ

૫ પુરૂષાર્થ– પ્રયોજન સહાયભૂત થતો પ્રયત્ન તે પુરુષાર્થ.

જુદા જુદા અધ્યવસાયો એ ઉદ્યાનમાં થાય છે.

એટલા માટે જ હે રાજન્! બાળની યોગ્યતા અનુસારે બાળને ત્યાં અધમ અધ્યવસાયો થયા હતા.

શત્રુમર્દન– હે મિત્ર! તમે મારી શંકાને દૂર કરી. તમને ધન્યવાદ છે. બીજી એક વાત પૂછું. પૂ. આચાર્ય ભગવંતની પાસે "કર્મવિલાસ" રાજાની વાત નીકળેલી, તેમાં તમે જણાવ્યું હતું કે "કર્મવિલાસ રાજાનું સ્વરૂપ હું આપને જણાવીશ," તો એ સ્વરૂપ મને સમજાવો.

મંત્રીશ– તો આપ એકાંતમાં પધારો ત્યાં હું સમજાવું.

## કર્મ વિલાસ રાજાનું સ્વરૂપ :

રાજા અને મંત્રી મનીષીકુમારની રજા લઇ બાજુના ઉપખંડમાં ગયા. ત્યાં મંત્રીએ કહેવાની શરૂઆત કરી.

હે રાજન્! પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી પ્રબોધનરતિ મહારાજશ્રીએ સૌ પ્રથમ ઉત્કૃષ્ટતમ, ઉત્કૃષ્ટ, મધ્યમ, અને જઘન્ય એમ ચાર કક્ષાના માનવીઓ હોય છે એમ આપણને જણાવ્યું હતું.

તેમાં જે ઉત્કૃષ્ટતમ આત્માઓ બતાવેલા, તે કર્મમલની મલીનતાથી મુકત બનેલા "સિદ્ધ પરમાત્મા" સમજવા. ઉત્કૃષ્ટ પુરૂષ આ મનીષીકુમાર છે. મનીષીકુમારના નાના ભાઈ મધ્યમબુદ્ધિ તે મધ્યમ પુરૂષોની ગણનામાં આવે છે. અને અધમતાની પરાકાષ્ટાએ પહોંચેલો "બાળ" તે અધમ કોટીનો પ્રાણી જાણવો.

આ ત્રણેના પિતા કર્મ વિલાસ રાજાને બતાવ્યા. તો એ સંબંધમાં જણાવવાનું, કે જન્મ દાતા માતા પિતા પુત્રના શરીરનું પાલન પોષણ કરે છે. તેમ પ્રાણીઓએ પોત પોતાના શુભ-અશુભ અધ્યવસાયો આદિથી બાંધેલા કર્મો એમને તથાયોગ્ય ફલ આપે છે. જે જાતનો બંધ હોય તે જાતનો ઉદય થાય. તે કર્મો એ જ પિતા સ્વરૂપે છે. જે જાતના કર્મ હોય એ જાતના પ્રાણીઓના રૂપ રંગ અને આકાર બને છે. માટે કર્મ પિતા સ્થાને છે.

શુભસુંદરી, સામાન્યરૂપા અને અકુશળમાળા એ ત્રણ મનીષીકુમાર વગેરેની માતા છે એમ આચાર્ય ભગવંતે જણાવેલું, એ આત્માની ત્રણ જાતની પરિણતિ-વિચાર ધારાઓ સમજવી. પોતાના કર્મના ઉદયથી શુભ, શુભાશુભ અને અશુભ પરિણામો વિચારો થાય છે. આ જાતની ત્રણ પરિણતિ વાળા આત્માઓ એમના પુત્રો થયા.

જગતના જીવ માત્ર આ ત્રણ વિચારધારામાં આવી જાય છે. જેઓની વિચાર ધારા શુભ હોય તે મનીષીકુમાર જેવા અને શુભસુંદરીના પુત્ર તરીકે જાણવા. મધ્યમ પરિણતિ વાળા તે મધ્યમબુદ્ધિ જેવા અને સામાન્યરૂપાના પુત્ર તરીકે જાણવા. અને જેઓ અધમપરિણતિવાળા છે, તેઓ બાળ જેવા અને અકુશળમાળાના પુત્રો તરીકે જાણવા.

સ્પર્શનેન્દ્રિયને અનુકુળ પદાર્થોની ઝંખના જાગૃત કરે તે સ્પર્શન. સ્પર્શનેંદ્રિય અને સ્પર્શ વસ્તુતઃ એક છે.

સ્પર્શનેંદ્રિયમાં આસક્તિભાવ જગાવનારા કર્મને સ્પર્શનનું રૂપક આપ્યું છે.

સ્પર્શનેંદ્રિયનો પ્રભાવ બાળમાં ઉત્કટ જોઈ શકાય છે. મધ્યમમાં મધ્યમ પ્રકારનો હોય છે અને મનીષીમાં તો જરા માત્ર એનું જોર જોઈ શકાય તેમ હોતું નથી.

મંત્રીશ્વર પાસે આ વર્ણન સાંભળીને રાજા તો આશ્ચર્ય વિભોર બની ગયા. અરે ! પૂજ્ય આચાર્ય ભગવંતે નામ જ-ણાવ્યા સિવાય અન્યોક્તિની પદ્ધતિથી આપણને બોધ આપ્યો છે. એ તત્ત્વ-રહસ્ય એ વેળા હું સમજી ના શક્યો.

મંત્રી સુબુદ્ધિ ચકોર છે. તત્વજ્ઞ છે. એ તત્ત્વના રહ-સ્યોને અને એના ઊંડાણમાં રહેલા ભાવોને-સમજી ગયો. " સાધુ પુરૂષોનો સુસમાગમ એજ તત્ત્વના મર્મને સમજા-વવામાં વિશિષ્ટ કારણ રૂપ હોય છે." આવો પ્રશસ્ય વિચાર કરી રાજાશ્રી બોલ્યા....

હે મંત્રીશ્વર ! તમારી સમજાવવાની સુબુદ્ધિથી મને પૂજ્યશ્રીના ઉપદેશનું રહસ્ય સમજી શકાયું છે. પણ હવે એક વાત હજુ પૂછવાની છે.

## રાજાની ઈચ્છા અને મંત્રીશ્વરનો ઉત્તર :

શત્રુમર્દન— હે મંત્રી ! મનીષીકુમાર દીક્ષા લેવાનું હાલ થોડા સમય પછી રાખે તો સારૂં. મને પણ દીક્ષા લેવાની ભાવના થાય છે. એ વિલંબ કરે તો સાથે સાથે હું પણ દીક્ષા ગ્રહણ કરૂં.

વળી મનીષીકુમારને જ્યારથી જોયા છે ત્યારથી કોણ જાણે કેમ એના પર ઘણોજ સ્નેહ થઈ રહ્યો છે. ક્ષણભર પણ એના વિના રહેવું અકારૂં જણાય છે. એનો વિરહ હવે દુઃખદાયી થઈ પડયો છે. દીક્ષા લેવામાં વિલંબ થાય તો સારૂં.

દીક્ષા લેવા માટે મારૂં અંતઃકરણ કબૂલ કરે છે. પણ હજુ જેવી દૃઢતા જોઈએ તેવી જણાતી નથી. માટે હે આર્ય! તું મનીષીને લોભાવ. વિષયાનુકૂળ સાધન સામગ્રીઓ આપી એનું મન લલચાવ. જેથી સંસારમાં રહેવા એનું મન થઈ જાય. આપણાં ત્યાં ભોગ ઉપભોગની સામગ્રી અપાર છે. એમાંથી જે મનીષીને જોઇએ તે આપો. અને થોડો વખત સંસારમાં રોકો.

મંત્રી–હે નરપતિ! આપની આજ્ઞા મારે શિરોધાર્ય કરવી જોઈએ. છતાં આ વિષયમાં હું આપને કાંઈક વિનંતિ કરવા ઇચ્છું છું.

આપે કહ્યું કે મનીષીનો વિરહ સહન કરવા હું અસમર્થ છું. આ આપની વાત ગુણ પ્રત્યેના પક્ષપાતને જણાનારી છે. ગુણનો પક્ષપાત મંગલકારી બીના ગણાય. એ જીવનમાં અન્ય સાત્વિક ગુણોને આકર્ષી જીવન ગુણશીલ બનાવશે.

પરન્તુ આપે બીજુ જણાવ્યું કે "વિષય પ્રલોભનના સાધનો આપી મનીષીકુમારને લલચાવી દીક્ષામાં વિલંબ થાય એવો પ્રયત્ન કરો" પણ આ વાત મને ઉચિત જણાતી નથી.

કારણ કે પ્રવજ્યા રૂપ દોરના કાપી નાખવાથી મુમુક્ષુ આત્મા સંસારમાં પડે એ કાંઈ સ્નેહ દેખાડ્યો ન ગણાય. બલ્કે ભવના માયાવી બંધનો તજી, વિલાસી સાધનો તજી દીક્ષા લેનાર આત્મા પ્રત્યે મહાશત્રુનું કાર્ય બજાવ્યું ગણાય.

હે રાજન્ ! આ આપનો વિચાર મને સુધારવા યોગ્ય જણાય છે, આપ પુનઃ વિચારણા કરો. મનીષીકુમારને સંસારમાં રાખવાથી કલ્યાણ આપ સાધી શકવાના નથી.

વળી આ મહાત્મા મનીષીકુમારને સર્વશ્રેષ્ઠ વિષયભોગોની વસ્તુઓ દ્વારા, રૂપવતી અને યૌવનવતી યુવતીઓ દ્વારા દેવતાઓ કે દેવ કન્યાઓ પણ આસકત બનાવી શકવા સમર્થ નથી. વિશ્વનો કોઈ પણ વ્યક્તિ મનીષીકુમારને સંસારમાં રાખવા આકર્ષી શકે તેમ નથી જ.

માટે હે પૃથ્વીનાથ ! મનીષીકુમારને મોહમાં નાખવાના બદલે આપ એમના ઉપરનો મોહ તજો. એ મહાત્માને દીક્ષા લેવાની ભાવના જાગી છે, તો એમાં સહાયક બનો. એના કાર્યમાં આદર કરો, જેથી આપને દીક્ષા વહેલી ઉદયમાં આવશે.

રાજા મંત્રીની વાત સાંભળી વિચારમાં પડી ગયા. મંત્રીની વાતમાં સત્યના દર્શન થયાં. મારા મોહ ખાતર મનીષીને સંસારમાં રાખવો તદ્દન અનુચિત છે. સર્વ જીવોને અભયદાન આપનારી ભાગવતી દીક્ષામાં વિઘ્ન નાખવું એ ઠીક નથી. દીક્ષામાં હું વિઘ્ન નાખુ તો, મારી દીક્ષામાં વિઘ્ન આવે.

સારા કાર્યમાં વિઘ્ન ન નાખતાં સહાયભૂત થવું એ સજ્જનનું કર્તવ્ય છે. ભલે મનીષીકુમાર દીક્ષા ધારણ કરે.

**દીક્ષા મહોત્સવ :**

શત્રુમર્દન રાજાએ તરતજ " સિદ્ધાર્થ " રાજજોષીને બોલાવવા સેવકોને આજ્ઞા આપી. જોષીરાજ સ્નાનાદિથી નિવૃત થઈ શુદ્ધ વસ્ત્રાદિ પહેરીને રાજ્યસભામાં આવી પહોંચ્યા. રાજાશ્રીએ સન્માન આપ્યું અને ઉચિત આસન પર બેસાડયા.

રાજાએ મનીષીકુમારના દીક્ષા સંબંધી વાત જણાવી અને યોગ્ય દક્ષિણા મૂકી દીક્ષા માટે વહેલામાં વહેલો કયો દિવસ આવે છે, એ જોઈ આપવા વિનંતિ કરી.

રાજજોષી સિદ્ધાર્થે પંચાંગ ખોલ્યું, દિન શુદ્ધિ, લગ્નશુદ્ધિ, હોરાશુદ્ધિ શુભયોગાદિ જોઈ મનોમન વિચારણાથી નિર્ણય કરીને જણાવ્યું.

હે રાજન્ ! પુરૂષપ્રધાનશ્રી મનીષીકુમારના દીક્ષા ગ્રહણ માટે આજથી નવમો દિવસ અતિશ્રેષ્ઠ છે. કાર્યસિદ્ધિ કરનારો છે. એમ જ્યોતિષ શાસ્ત્રકારો જણાવે છે.

રાજાએ જોષીરાજનો સત્કાર કરી પારિતોષિક આપ્યું. અને સન્માન પૂર્વક વિદાય આપી. આ દિવસ આનંદમાં પસાર થઈ ગયો.

બીજા દિવસથી રાજાએ પ્રત્યેક જિનમંદિરોમાં અટ્ઠાઈ મહોત્સવ પ્રારંભ કરાવ્યો. પૂજાઓ ભકિતપૂર્વક ભણાવવી ચાલુ થઈ. જિનમંદિરના ચોગાનો જયંતિ અને વૈજયંતિ

નામની ધજાઓથી શણગારવામાં આવ્યા. તોરણિયા દ્વારે દ્વારે બાંધવામાં આવ્યા.

મહોત્સવ દરમ્યાન શ્રી મનીષીકુમાર ગજરાજ શ્રી જય ઉપર બેસી જિનેશ્વર પરમાત્માને વંદન પૂંજન કરવા જતાં. રાજાશ્રી શત્રુમર્દન પણ સાથે જ જતા. એ વેળા મનીષી કુમાર એવા શોભતા કે શ્રી શક્રેન્દ્ર પ્રભુને વંદન કરવા માટે ઐરાવણ હાથી ઉપર બેસી જાણે ન જઈ રહ્યા હોય !!

રાજાશ્રી મનીષીકુમારને સુંદર પોષાકમાં સજ્જ કરી રાજશાહી ઠાઠ પૂર્વક નગરના મુખ્ય લત્તાઓમાં લઈ જતાં. શહેરના નાગરિકો આદર પૂર્વક એમનો ઠેરઠેર ભાવભીનો સત્કાર કરતા. ઘણાં હાથ જોડીને મનીષીકુમારની અનુમોદના કરતા. મનીષીકુમાર પણ હાથ જોડી સત્કાર સૂચક સંમતિ દર્શાવતાં.

આ રીતે મહોત્સવના સાત દિવસો પરિપૂર્ણ થયા અને આઠમો દિવસ આવી પહોંચ્યો.

મનીષી કુમારના દીક્ષાનો મંગળદિવસ આવી પહોંચ્યો. ઉચિત ક્રિયાઓને પરિપૂર્ણ કરી દીક્ષાની શોભાયાત્રા સંબંધી તૈયારીઓ થઈ ચૂકી છે. ઉત્તમ મૂલ્યવાન તેમજ સુશોભિત વસ્ત્રો મનીષીકુમારને પહેરાવવામાં આવ્યા. હેષારવ કરતા ઉંચા અને ક્ષીર જેવા ધોળા અશ્વો જેમાં જોડવામાં આવ્યા છે એવા વિશાળ રથમાં મનીષીકુમારને બેસાડવામાં આવ્યા.

શત્રુમર્દન રાજા સ્વયં સુવર્ણરથના સારથી બને છે.

વારાંગનાઓ બન્ને બાજુ દૂધની ધારા સમા ધવલ ચામરો વીંઝી રહી છે. હંસની પાંખ જેવા શ્વેત છત્રને મસ્તક ઉપર ધરવામાં આવ્યું છે. ભાટ ચારણો અને બારોટો જયજયકાર બોલાવી રહ્યા છે. અનેક જાતના વાજિંત્રો મધુર સ્વરે વાતાવરણને મંગળમય બનાવી રહ્યા છે.

મંત્રીશ્વર સુબુદ્ધિ અને મધ્યમબુદ્ધિ વિગેરે નગરના વડા માનવીઓથી મનીષી કુમારનો રથ વિંટળાએલો હતો. નગરજનોના નયનોમાં આનંદ સમાતો ન હતો. ભિક્ષુક લોકોને ઈચ્છિત દાન આપવામાં આવી રહ્યું હતું. અશ્વદળ, ગજદળ, રથદળ અને પાયદળ એમ ચારે પ્રકારનું મહાસૈન્ય આગળ ચાલી રહ્યું હતું. શોભાયાત્રાના પ્રારંભમાં નિશાન ડંકા ઇન્દ્રધ્વજ અને નાનું સૈન્ય હતું. દેવતાઓ પણ આ ઉત્સવ નિહાળવા અમરાપુરીથી અહિં આવ્યા હતા. આ રીતે શોભાયાત્રા નિજવિલસિત ઉદ્યાનમાં આવી પહોંચી.

મનીષી કુમાર જ્યારથી રથમાં બેઠાં, ત્યારથી જ શત્રુમર્દન રાજા એમના મુખ તરફ વારંવાર નિહાળતા રહેતા. મનીષીકુમાર સત્વગુણી આત્મા હતા. છતાં વિશેષથી એ વિષયની પરીક્ષા અને ચકાસણી થાય એ ભાવ રાજાના હૃદયમાં હતો. એથી મનીષીકુમાર ઉપર બારીકાઈથી અવલોકન કરતા હતા.

અત્યંત આનંદપ્રદ પ્રસંગ હોવા છતાં પણ કુમારનું હૃદય અને કુમારના નેત્રો નિર્મળતાથી પરિપૂર્ણ હતાં. વિકાર

કે વાસનાની કાલિમા જરાય જણાતી ન હતી. મુખ ઉપર નિર્દોષઆનંદની છાયા તરવરતી હતી.

સત્વગુણોની નિર્મળ ભાવથી યશોગાથા ગાવા દ્વારા થતી પ્રમોદભાવનાના કારણથી, ગુણાનુરાગની દૃષ્ટિના કારણથી તેમજ પોતાના ચારિત્રાવરણીયની કર્મના ક્ષયોપશમ થવાથી રાજાને ચારિત્ર લેવાની ભાવના જાગૃત થઈ.

મહારાજાએ પોતાના હૃદયની વાત મહારાણી મદનકંદલી, મંત્રીશ્વર સુબુદ્ધિ, મધ્યમબુદ્ધિ અને સામંત વર્ગની સમક્ષ જાહેર કરી અને દીક્ષા લેવાની સંમતિ આપવા જણાવ્યું.

મહારાણી મદનકંદલી આદિને પણ ચારિત્રના પરિણામો થએલા, એટલે એ સૌએ જણાવ્યું કે, રાજન્ ! આપે અમને ઘણી સરસ વાત જણાવી. આપના જેવા ઉત્તમ આત્માઓ માટે ચારિત્રનો માર્ગ અતિશ્રેષ્ઠ છે. વિવેકી પ્રાણીયોને આ સંસારમાં ચારિત્ર સિવાય કોઈપણ વસ્તુ શ્રેષ્ઠ જણાતી નથી.

હે રાજન્ ! મનીષી કુમારનું મહાસત્વ જોઈને, આપની ઉદાત્ત ભાવના જોઈને, આપ પણ સર્પ કાંચળીને તજે તેમ સંસારને તજી દીક્ષા લેવા તત્પર થયા છો એ જોઈને અમારૂં મન પણ સંસારમાં રહેવા માનતું નથી. અમે પણ આપની જ સાથે પરમ પાવન ચારિત્ર ગ્રહણ કરવા ઇચ્છિએ છીએ. આત્માને નિર્મળ કરવા ઇચ્છિએ છીએ.

મહામંગલકારી વચનો સાંભળી રાજાએ અતઃકરણથી એ સૌની અનુમોદના કરી અને ધન્યવાદ આપ્યા. તેજ વખતે પોતાના પુત્ર સુલોચનનો રાજ્યાભિષેક કર્યો.

પુત્ર સુલોચનને રાજ્ય સિંહાસને બિરાજમાન કર્યા પછી રાજા વિગેરે સૌ જગતગુરૂ શ્રી તીર્થંકર પરમાત્માના મંદિરમાં જઈ વિધિપૂર્વક પૂજા સેવા કરી અને તે પછી આચાર્ય ભગવંત શ્રી પ્રમોદરતિ પાસે આવ્યા. વંદનાદિ કરી ગુરુભગવંતને વિનંતિ કરતાં કહ્યું કે—

હે ગુરૂદેવ ! "સંસાર સર્પના ઝેરના નાશ માટે અમોઘ ગારૂડી મંત્ર સમાન ભાગવતી દીક્ષા અમોને આપી અમારા આત્માનો ઉદ્ધાર કરો, પ્રભો ! અમારો ઉદ્ધાર કરો."

શરદ ઋતુના સ્વચ્છ ગગનમાં પૂર્ણકળાએ ખીલેલો ચંદ્ર પોતાની નિર્મળ જ્યોત્સ્ના વડે ચકોર પક્ષીને પ્રસન્ન કરે છે, તેમ ગુરૂ ભગવંતે સર્વ સંત્રાસને નાશ કરનારી પ્રવજ્યાના દાન વડે શત્રુમર્દન રાજા, મદનકંદલી મહારાણી વિગેરે સૌને પ્રસન્ન કર્યા.

દીક્ષા પ્રસંગ પછી આચાર્ય ભગવંતે શત્રુમર્દન રાજર્ષિના વૈરાગ્યની વૃદ્ધિ માટે અને દીક્ષા પ્રદાન પછી તરત દેશના આપવી એ આચારધર્મ છે તેથી ત્યાં મધુરધ્વનિએ દેશના આપી.

## રાજર્ષિની શંકાઓ અને એના સમાધાન

દીક્ષિત બનેલા રાજર્ષિએ આચાર્ય ભગવંતને પ્રશ્ન કર્યો હે પ્રભો ! મહાનુભાવ શ્રી મનીષી મુનિવરનું હૃદય સ્ફટિક સમું નિર્મળ છે, એવું હૃદય બીજા કોઈ મહાનુભાવનું હોઇ

શકે ખરૂં ? મનીષી જેવી શુભનિષ્ઠા બીજામાં પણ સંભવી શકે ?

આચાર્ય શ્રી – હે રાજર્ષિ ! મનીષીકુમારની માતા શુભસુંદરી છે, એ વાત તમોને અગાઉ જણાવી ગયા. તમને આ વાત ખ્યાલમાં પણ હશે. એ ગુણવતી શ્રી શુભ સુંદરીના જેટલા પુત્રરત્નો છે તે બધા મનીષીકુમાર જેવા શુભ અને સ્વચ્છ પરિણામ વાળા હોય છે.

રાજર્ષિ શત્રુમર્દન મર્મ તત્ત્વ પામી ગયા. છતાં અન્ય શ્રોતાઓને આ વિષયનો સ્પષ્ટ બોધ થાય એ ખાતર પુનઃ પ્રશ્ન કરે છે.

હે ભગવંત ! શું શુભસુંદરી રાણીને ઘણા પુત્રો છે ?

આચાર્ય શ્રી. હે આયુષ્મન્ ! ત્રણલોકની અંદર જે આત્માઓ મનીષીકુમાર જેવા નિર્મળ હૃદયવાળા છે. તે સૌ શુભસુંદરીના જ પુત્રો ગણાય છે.

વળી જે આત્માઓ મધ્યમબુદ્ધિ સાથે ગુણદોષમાં મળતાં આવે તે બધાને સામાન્ય રૂપાના પુત્રો સમજવા અને બાળ જેવા અધમ પુરૂષોને અકુશળમાળાના પુત્રો જાણી લેવા.

રાજર્ષિ– હે ભગવન્ ! જો આપ કહો તેમજ હોય તો એનો અર્થ મારી જાણ મુજબ એવો જણાય છે કે કર્મ વિલાસ રાજાને શુભસુંદરી સામાન્યરૂપા અને અકુશલમાલા એ ત્રણ રાણીઓ છે. રાણીયોને ઉત્તમ મધ્યમ અધમ એમ ત્રણ કક્ષાના પુત્રો છે. આ ત્રણ પ્રકારમાં વિશ્વના તમામ

પ્રાણીયોનો સમાવેશ થઈ જાય છે. આ રીતે સંપૂર્ણ વિશ્વ કર્મ વિલાસ રાજાનું કુટુંબ થયું ગણી શકાય.

આચાર્ય શ્રી– હે આર્ય ! તમે જે વિચાર કર્યો તે યથાતથ્ય છે. એમાં જરાય સંદેહ નથી. તમારા જેવા ઉત્તમ આત્માની બુદ્ધિ સ્વતઃ સન્માર્ગે જ જાય છે.

આ જાતની વિચિત્ર સંસારની ઘટમાળમાં આત્મશ્રેયની કામના કરનાર આત્માઓએ બાળ જેવા અધમ આચરણોનો ત્યાગ કરવો જોઈએ. પાપમિત્ર સ્પર્શનનો સર્વાંશે ત્યાગ કરવો જોઈએ, નહિતર આત્મા દુઃખના ડુંગરાઓ તળે દટાઈ જશે, અને તે પછી બચાવનો ઉપાય શોધ્યો નહિ જડે.

મધ્યમબુદ્ધિ જેવા આત્માઓએ પાપમિત્ર સ્પર્શન જેવાના મધુર પણ પરિણામે કાતિલતાને દેખાડનારાં વચનોમાં ન ફસાતા સ્વયોગ્ય આચરણના પાલન કરતા ધીરે ધીરે સત્વશાલી શ્રી મનીષીએ અપનાવેલા માર્ગે આવવા પ્રયત્ન કરવો જોઈએ.

વળી આ પ્રકારના આત્માઓએ એક વાત હૃદયમાં કોતરી રાખવી જોઈએ કે કુસંસર્ગના કારણે બાળને ઠેર ઠેર દુઃખના દિવસો જોવા પડયા. ન મળ્યું કોઈ દિલસોજી દેનારૂં કે ન મળ્યું કોઈ આશરો આપનારૂં. માત્ર તિરસ્કાર, ધિક્કાર અને નિંદાના ભોગ થવું પડયું. એટલે પાપી સ્પર્શનના સંસર્ગમાં ન જ આવવું.

તેમજ અગમચેતી વાપરી સ્પર્શનથી અળગા રહેનારા મનીષીકુમારને આ ભવમાં કાંઈ દુઃખ જોવું પડ્યું નથી. પણ એના યશોગાન ગવાણા, જીવનની નિર્મળતાએ ગુણોનો વિકાસ સાધી આપ્યો. પરમાનંદ પદની પ્રાપ્તિ પણ થશે. અક્ષય અજર અમર અવ્યાબાધ, અનંત સુખના સ્વામી બનશે. આ રીતે દેશનાના અંતે સર્વમંગલ કર્યું.

દેવ, દાનવ માનવોના હૃદય નિર્મળ બન્યા યથાયોગ્ય બોધ પામી પ્રસન્નતા પૂર્વક આચાર્ય ભગવંતને નમસ્કારવિધિ કરી પોત પોતાના સ્થાને ગયા.

આચાર્ય ભગવંતે વિહારનો સમય જાણી ત્યાંથી અન્ય ગામે પધાર્યા.

મનીષી મુનીશ્વર સંયમનું સુંદર પાલન કરવા લાગ્યા, ક્રમે ક્રમે સાધનાની પગદંડીએથી આગળ વધતાં એજ ભવમાં ધ્યાનરૂપ મહાઅગ્નિ દ્વારા કર્મરૂપ કાષ્ઠ સમુહને ભસ્મીભૂત કરી, કૈવલ્ય પામી મોક્ષે પધાર્યા.

મુનિશ્રી મધ્યમબુદ્ધિ, રાજર્ષિશત્રુમર્દન વિગેરે સમાન કક્ષાના સાધુ ભગવંતો સુંદર રીતે સંયમની સાધના કરતાં અંતસમયે સમાધિ પૂર્વક કાળ કરી દેવગતિને પામ્યા અને બાળના માટે આચાર્ય ભગવંતે જે ભાવી ભાખેલું એ મુજબ જ બધું થયું. એ આત્મા નરકે ગયો.

"જ્ઞાની પુરુષોનું વચન કદિ મિથ્યા થતું નથી."

## સ્પર્શન કથાનક સંપૂર્ણ

૧ આ પ્રમાણે આચાર્ય પ્રબોધનરતિજી શત્રુમર્દન રાજાને ઉપદેશ આપે છે. કુસંસર્ગ ન કરવા માટે નંદિવર્ધન રાજકુમાર સમક્ષ વિદુર આ કથાનક કહી રહ્યો છે. સંસારનું સ્વરૂપ બતાવતાં સંસારીજીવ સદાગમની સમક્ષ અગૃહીત સંકેતા. પ્રજ્ઞાવિશાલા અને ભવ્યપુરૂષની આગળ આ વાર્તા રજુ કરી રહેલ છે. સંસારીજીવ જે વેળા નંદિવર્ધન હતો તે વેળાની વિગત જણાવી રહેલ છે.

આ મૂળ વાર્તાનો સંબંધ ૧૫૧ પેજથી છે.

## પ્રકરણ નવમું

# કનક શેખર

## કથાની અસર :

આ કથા વિદુરે રાજકુમાર નંદિવર્ધનને સંભળાવી અને જણાવ્યું કે, હે રાજપુત્ર ! ગઈ કાલે આ વાર્તા સાંભળવામાં મારો દિવસ પસાર થઈ ગએલો. એ કારણથી હું આપની સમક્ષ આવી શકયો ન હતો. "મને માફ કરજો."

કુમાર– હે ભદ્ર ! તેં ઘણું સરસ કર્યું. આ કથા અત્યંત અદ્‌ભુત છે. મને પણ એ સાંભળતાં ઘણો આનંદ થયો. તને ધન્યવાદ છે.

અરે ! વાર્તાની શરૂઆત કેટલી સરસ ! પાપમિત્રની મિત્રતા કેવી હોળી સળગાવે છે? એમાં જરા પણ શંકા જેવું નથી. બાળે સ્પર્શનની સોબત કરી અને ડગલે પગલે બિચારાને નરક સમી વેદનાઓ વેઠવી પડી. "પાપીની સોબત એ પાપ અને દુઃખનું કારણ છે."

નંદિવર્ધન કુમારના ઠાવકા વચનો સાંભળી વિદુરને

મનમાં થયું કે, કુમારને વાર્તા સાંભળી એનું રહસ્ય સમજાઈ ગયું જણાય છે. જે માટે વાર્તા કહેવાની હતી તે મારો મુદ્દો પાર પડયો છે. મારી ધારી અસર થઈ છે. પાપમિત્રની મિત્રતા દુ:ખદાયી છે એ વાત માન્ય કરી છે.

આ ઉપરથી સ્હેજે અનુમાન કરી શકાય છે કે કુમારને વૈશ્વાનરના ત્યાગ માટે બે અક્ષર કહીશ તો એ શાંતિથી અવશ્યમેવ સાંભળશે જ.

## પત્થર ઉપર પાણી અને વિદુરને તમાચો

હે અગૃહીત સંકેતા! વિદુર હિતશિક્ષા આપવાનો વિચાર કરી રહેલ છે, એ વખતે વૈશ્વાનર પણ નજીકમાં જ બેઠો હતો. મેં વિદુરને કથા માટે સારો અભિપ્રાય આપ્યો તે સાંભળી ગયો અને તેથી એકદમ ચમકી ઉઠયો.

અરે! નંદિવર્ધને બાળ અને સ્પર્શનની મિત્રતા અયોગ્ય જણાવી તે ઘણુંજ ખોટું થયું. મને આ વાત જરાય રુચિકર લાગતી નથી.

આ વિદુર ઘણો ચકોર અને ચબરાક છે. મારા માટે અતિદુષ્ટ છે. મારૂં વાસ્તવિક સ્વરૂપ જો નંદિવર્ધનને જણાવી દેશે, તો બનવા જોગ છે કે અમારી મિત્રતામાં ભંગાણ પડે. મારો ત્યાગ કરવા નંદિવર્ધન તૈયાર પણ થઇ જાય.

વિદુર—હે કુમારશ્રી! તમે વાર્તા બરોબર સાંભળી.

એમાં જે તત્ત્વ હતું તે આપ બરાબર સમજી ગયા. કાલે આ વાર્તા સાંભળતો હતો ત્યારે મને વિચાર આવેલો કે "અમારા રાજપુત્ર શ્રી નંદિવર્ધનને કોઈ પાપમિત્રની મિત્રતા ન થજો."

નંદિવર્ધન– આજીવનમાં પાપમિત્રની મિત્રતા એ તો મારા માટે બને જ નહિ. કોઈ પણ કાળે હું પાપમિત્રની મિત્રતા નહિ જ કરૂં, તું એ વાતની ખાત્રી રાખજે.

વિદુર– અમે પણ એજ મંગળ ભાવના રાખીએ છીએ.

આ પ્રમાણે જણાવી વિદુર તદ્દન સમીપમાં આવી મારા કાનની નજીક મુખ રાખી ધીરે ધીરે કહેવા લાગ્યો કે– મારે તમને એક અગત્યની વાત કહેવાની છે.

જનસમુહના કહેવા મુજબ આપનો મિત્ર વૈશ્વાનર દુષ્ટ સ્વભાવનો અને ઉદ્દામવૃત્તિનો જણાય છે, આપે એ વાતની સારીરીતે પરીક્ષા કરવી જોઈએ.

સ્પર્શનની મિત્રતાથી બાળને અતિદુઃખો સહેવા પડયાં. ઠેર ઠેર આપદાઓ વહોરવી પડી. તેમ કપટી મિત્ર વૈશ્વાનરની મિત્રતાથી આપને કાંઈ અનર્થ ન ભોગવવા પડે, આપદાઓ ન આવે, એ માટે જ મેં આપને વિનંતિ કરી છે. આ વાત આપ જરૂર લક્ષમાં લેજો.

હે અગૃહીતસંકેતા! મારી પાસે ગુપ્ત રહેલા વૈશ્વાનરે પણ આ વાત સાંભળી લીધી. એને હૃદયમાં આઘાત થયો.

મારા પ્રતિ સંકેત કરી જણાવ્યું, હે રાજપુત્ર ! "ક્રૂરચિત્ત" નામનું એક વડું આરોગી જાઓ. એટલે મેં પણ એક વડું ખાઈ લીધું.

વડું ખાધું અને તરત મુખ લાલચોળ તપાવેલા તાંબા જેવું બની ગયું. આંખો ચણોઠી જેવી રાતી બની ગઈ. કપાળમાં કરચલીયો પડી ગઈ. ભવાં ઉંચાં ચડી ગયા. દાંતોની બત્રીશી વચ્ચે હોઠને દાબી ક્રોધના આવેશ પૂર્વક ઉત્તેજના ભર્યા વાકયોથી વિદુરને દમદાટી આપતાં મેં કહ્યું.

પાપી! બેશરમ! નાલાયક! દુષ્ટ! તું મને શું બાળ જેવો મૂર્ખ સમજે છે?

નફ્ફટ ! ગધેડા ! ગુણીયલ અને વ્હાલા મારા પ્રિયમિત્ર વૈશ્વાનરને દુષ્ટ સ્પર્શન જેવો અધમ બતાવે છે? તું તારા મનમાં સમજે છે શું ?

આ જાતના ભર્ત્સનાજનક વચનો સાંભળી વિદુર ઠંડો હિમ જેવો બની ગયો. મારો ક્રોધ વધુ ભભૂકયો. એના ગાલ ઉપર જોરથી એક તમાચો લગાવી દીધો. પાંચ આંગળનો પંજો એના ગાલ ઉપર ઉપસી ગયો. હું એક લાંબુ પાટીયું લઈ મારવા દોડયો એટલે ડરનો માર્યો વિદુર ત્યાંથી નાશી છૂટયો. બિચારો વિલે મોઢે પિતાજી પાસે ગયો અને બધી આપવીતિ કહી સંભળાવી.

પિતાજીએ વિદુર પાસેથી સત્ય હકિકત સાંભળી

નિર્ણય કર્યો કે, હવે કોઇ ઉપાય નથી કે જે દ્વારા નંદિવર્ધન ને શાણો રાજકુમાર બનાવી શકાય. દુષ્ટ વૈશ્વાનરની મિત્રતાનો ત્યાગ એ અશકય બની ગયું છે. મિત્રતા છૂટશે નહિ "જે થવાનું હશે તે થશે, ભાવીભાવ" આ જાતનો નિર્ણય કરી મૌન બેસી રહ્યા.

આ તરફ મેં પણ બાકીનો અભ્યાસ પૂર્ણ કર્યો. વૈશ્વાનરના પ્રતાપે હું તેજસ્વી તો હતો, તેમાં પણ રતિ અને કામદેવને પ્રિય એવું યૌવન ખીલી ઉઠ્યું. હું યુવાવસ્થામાં આવ્યો. પિતાજીએ જુદો સુંદર મહેલ બનાવરાવ્યો એમાં સુંદર રાચરચલું સજાવ્યું, આનંદ પ્રમોદના સાધનો વસાવ્યા. અલ્પ પરિવાર અને નોકર સાથે મને ત્યાં રહેવા જણાવ્યું.

આ નવા મહેલમાં જાતજાત અને ભાતભાતની વિષય ઉપભોગોની વસ્તુઓ હતી. આનંદથી દિવસો જતાં હતાં દેવતાઓ દેવલોકમાં આનંદ કરે તેમ હું માનવ લોકમાં સુખોપભોગ કરતો હતો. એમ ઘણા દિવસો પસાર થયા.

**કનકશેખરનું આગમન :**

એકદા પિતાજીને નમસ્કાર કરી હું મારા મહેલ તરફ વળતો હતો ત્યાં પિતાજીના મહેલમાં મોટો કોલાહલ સંભળાયો.

કોલાહલ શા કારણે થયો એ જાણવા મને જિજ્ઞાસા થઈ. શું બન્યું હશે ? એ નિર્ણય કરવા કોલાહલ વાળી

દિશા ભણી વળ્યો ત્યાં સેનાપતિ શ્રી "ધવલ" મારી સન્મુખ આવતો જણાયો.

મારી નજીક આવી એણે મને ઝૂકીને નમસ્કાર કર્યા અને કહ્યું.

હે દેવ! મહારાજાધિરાજ શ્રી પદ્મમહારાજા મારા દ્વારા આપને આ જાતનો સંદેશો પાઠવે છે કે–

"તું અમને નમસ્કાર કરીને બહાર ગયો તેવો જ એક દૂત અમારી પાસે આવ્યો અને અમને જણાવ્યું કે, રાજા કનકચૂડનના પુત્ર "કનકશેખર" કુમાર કુશાવર્તનગરથી પિતાજીના અપમાનના કારણે રિસાઈને અહીં આવ્યા છે અને હાલમાં તે આપની નજીકના જ "મલયનંદન" ઉદ્યાનમાં પધારેલા છે. એ વિષયમાં આપને જેમ યોગ્ય લાગે તેમ કરો."

"એ કુમાર આપણા નિકટના સગા છે. આપણી નજીકના જ ઉદ્યાનમાં આવી પહોચ્યા છે. એનું યોગ્ય સન્માન કરી આપણે નગરમાં તેડી લાવવા જોઈએ. હે નંદિવર્ધન! તું પણ જલ્દી આવજે" આ સંદેશો કહેવા મને આપની પાસે મોકલ્યો છે.

મેં જણાવ્યું, "પિતાજીની જેવી આજ્ઞા" ત્યાર પછી મારો પરિવાર લઈ પિતાજીની સાથે સન્માનયાત્રામાં હું ભળી ગયો. એ વખતે મેં ધવલ સેનાપતિને પૂછ્યું કે આ "કનક-શેખર" કુમાર અમારો સ્વજન કેમ થાય છે. ?

સેનાપતિએ જણાવ્યું હે કુમાર ! શ્રી કનકચૂડ રાજા આપના માતાજી શ્રી નન્દાદેવીના ભાઇ થાય છે. અને શ્રી કનકચૂડ રાજાના પુત્ર કનકશેખર છે. તે રીતે શ્રી કનકશેખર આપના મામાનો દિકરો ભાઈ ગણાય.

વાતો કરતાં અમો કનકશેખર કુમારની પાસે પહોંચી ગયા. કનકશેખર તરત જ પિતાજીના ચરણોમાં ઢળી પડયો. પિતાજીએ પ્રેમપૂર્વક એને ઉભો કર્યો અને ભેટી પડયા.

ઉચિત વિવેક અને સજ્જનતાને છાજે તેવું ગૌરવ ભર્યું બહુમાન કરી ઘણાં આગ્રહ પૂર્વક રાજાશ્રી કનકશેખર કુમારને પોતાના મહેલે લઈ ગયા.

પૂજ્ય પિતાજી અને માતા શ્રી નંદાએ કનકશેખરને કહ્યું, હે કનકશેખર ! તું અહીં આવ્યો તે ઘણું સારું કર્યું તેં તારા નિર્મળ મુખચંદ્રના દર્શન કરાવી અતિ આનંદ આપ્યો. અમે ઘણા વખતથી તારા મુખને જોવા ઈચ્છતા હતા. હે પુત્ર ! આ રાજ્ય પણ તારા પિતાજીનું જ છે, એમ તારે માનવું. પારકું છે એવું મનમાં ન લાવીશ. કોઈ જાતનો બીજો વિચાર ન કરવો. તદ્દન સંકોચ વિના અહિં રહો. આ બધું અને અમે બધા તારાજ છીએ.

નિખાલસ અને સ્નેહભર્યાં વચનો સાંભળી કનકશેખરને ખૂબ શાંતિ થઇ. પિતાજીએ મારા મહેલની બાજુમાં જ રહેવા આલીશાન આવાસભુવન આપ્યું. નજીકમાં જ રહેવાના

કારણે અને વધુ સંપર્ક થવાના કારણે અમને પરસ્પર સ્નેહ થયો અને અમે મિત્ર બન્યા. અમારી દોસ્તી અતિગાઢ બની ગઈ.

એક દિવસે એકાંતમાં મેં કનકશેખરને પૂછ્યું. તમે તમારા પિતાજીના અપમાનના કારણે એ રાજ્ય તજી અહીં પધાર્યા છો, એ સંબંધમાં મારે તમને પૂછવા ઘણા વખતથી મન હતું પણ આજે મિત્રતાના લીધે જાણવાની દૃષ્ટિએજ પૂછું છું, કે "પિતાજી એ આપનું કેવી રીતે અને શા કારણે અપમાન કર્યું હતું. આપને વાત કહેવામાં વાંધો ન જણાતો હોય તોજ અમને જણાવો."

## શમાવહ ઉદ્યાનમાં દત્તમુનીશ્વર પાસે વ્રત સ્વીકાર

કનકશેખરે જણાવ્યું કે, મારા પિતાશ્રી કનકચૂડ અને માતા શ્રી ચૂતમંજરી મને વ્હાલ પૂર્વકજ રાખતા હતાં. આનંદપૂર્વક કુમાર અવસ્થામાં કુશાવર્તનગરમાં રહેતો હતો.

એક દિવસે હું આનંદ-પ્રમોદની ખાતર રમતા મિત્રોની સાથે નંદનવન સમા રળીયામણા "શમાવહ" ઉદ્યાનમાં પહોંચી ગયો.

શમાવહ ઉદ્યાનમાં શોકનાશક અશોક વૃક્ષના તળે સાક્ષાત ધર્મમૂર્તિ એક મુનીશ્વર ધ્યાન મગ્ન બેઠા હતા. મુનીશ્વરનું નામ "દત્ત" હતું. અમે સૌએ મુનીશ્વરને નમસ્કાર કર્યા મિત્રોની સાથે હર્ષ પૂર્વક મુનીશ્વરની સન્મુખ

વિનય પૂર્વક બેઠા, ધ્યાન પૂર્ણ કર્યા બાદ "ધર્મલાભ" એ આશીર્વાદ અમોને આપ્યો.

કોઈ અગમ્ય કારણ હશે કે જેથી મને મુનીશ્વર પ્રત્યે અતિસ્નેહ જાગ્યો. મેં એમને વિનંતિ કરી ધર્મનું સ્વરૂપ પૂછ્યું.

શ્રી દત્ત મુનીશ્વરે ઉપદેશ આપતાં જણાવ્યું કે ધર્મ બે પ્રકારનો હોય છે. એક સર્વવિરતિ રૂપ સાધુ ધર્મ અને બીજો દેશવિરતિ રૂપ શ્રાવક ધર્મ. આ બન્ને પ્રકારના ધર્મનું વિસ્તાર પૂર્વક અમારી સામે વર્ણન કર્યું.

મેં એ ધર્મમાંથી શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. મને ધર્મ સ્વીકારથી ઘણોજ આનંદ થયો. મિત્રોની સાથે હું ઘરે આવ્યો અને મુનીશ્વર શ્રીદત્ત અન્ય ગામે વિહરી ગયા.

ગૃહસ્થ ધર્મના સ્વીકારથી બીજા સુબાળકોનો સંસર્ગ વધતો ગયો. એ સુસંગના પ્રતાપે મારામાં ધર્મભાવના હતી તે વૃદ્ધિવંત બની અને પાસાણ ઉપર કોતરેલ રેખા જેવી દઢ અને કાયમી બની ગઈ. આ મારી ધર્મભાવનાથી મને કોઈ ચલાયમાન કરવા શક્તિમાન ન હતો.

## શ્રી દત્ત મુનીશ્વરનું પુનરાગમન અને પ્રશ્નોત્તર

જે મુનીશ્વરે મને ગૃહસ્થધર્મ આપેલો તે દત્ત મુનીશ્વર વિહરતા વિહરતા પુનઃ અમારા નગરની સમીપના "શમાવહ" ઉદ્યાનમાં પધાર્યા. મેં એ સમાચાર સાંભળ્યા અને તરતજ

ઉદ્યાનમાં પહોંચી ગયો. ભાવભીના હૃદયથી વિધિપૂર્વક વંદના કરી પૂછ્યું.

હે ભગવંત ! જિનશાસનમાં સારભૂત વસ્તુ કઈ છે? એ સારભૂત વસ્તુનું રહસ્ય શું છે? કૃપાવંત ! કૃપા કરી આપ મને સમજાવો.

ગુરુદેવ – અહિંસા, ધ્યાનયોગ, રાગાદિનિગ્રહ અને સાધર્મી અનુરાગ. આ ચાર વસ્તુઓ શ્રી જિનશાસનમાં સારભૂત વસ્તુ ગણાય છે.

મેં વિચાર કર્યો, મારા માટે અહિંસાધર્મનું સંપૂર્ણ પાલન કરવું એ અશક્ય છે. સર્વથા કોઈની કદાપિ હિંસા ન કરવી એ અતિદુષ્કર છે. ધ્યાનયોગની યોગ્યતા હાલમાં મારામાં જણાતી નથી. હજી હું વિષય ઉપભોગોને ત્યજી શકતો નથી, ધ્યાનયોગ તો મનને વશ કર્યા પછી બને માટે એ પણ અશક્ય છે. વળી રાગાદિ શત્રુઓનો વિજય એ તો ધ્યાનયોગ કરતાં પણ કઠણ છે. તત્ત્વ પરિણત પુરૂષો માટે શક્ય છે. મારાથી હાલમાં એ નહિ બને.

ગુરૂભગવંતે જે છેલ્લી વાત જણાવી તે બની શકે તેમ છે. સાધર્મી ભક્તિ અલ્પ પ્રમાણમાં પણ કરી શકું તેમ છું. ત્યાં જ મેં નિર્ણય કર્યો કે "હું શક્તિ મુજબ સાધર્મી ભકિત કરીશ" મુનીશ્વરને વંદના કરી હું મારા ભવને ગયો.

સાધર્મી ભક્તિના નિર્ણયની મેં પિતાજીને જાણ કરી. પૂજ્ય તાતશ્રીએ પણ એમાં પૂર્ણ અનુમતિ આપી. ત્યારથી હું મારા સ્વજનોની જેમ સાધર્મી બંધુઓની ભક્તિ કરતો હતો. એ વિષયમાં પિતાજીની આજ્ઞા હોવાથી કોઈ જાતનો વાંધો ન હતો.

દિવસે દિવસે ભક્તિભાવમાં વધારો થતો ગયો. મેં રાજ્યમાં ઘોષણા કરાવી કે "જે મહાનુભાવો પરમશ્રેયસ્કર મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના કરશે. એનો જપ કરશે, એ મહાનુભાવો પાસેથી કોઈ જાતનો કર લેવામાં આવશે નહિ. શ્રી મંત્રાધિરાજના જપ કરનારને દરેક કરથી મુક્તિ આપવામાં આવશે." આ રીતે મેં સાધર્મી બંધુઓને કરમુક્ત બનાવ્યા.

લોકોમાં ધર્મભાવનાની વૃદ્ધિ થવા લાગી, એ કારણે કોઈ દિવસે રથયાત્રા નિકળે, કોઈ દિવસે શાંતિસ્નાત્ર થાય. કોઈ વખત સિદ્ધચક્ર મહાપૂજન કે સાધર્મિવાત્સલ્ય કરવામાં આવે. અષ્ટાહ્નિકા મહોત્સવો પણ ઘણાં થાય.

આવા મહામંગલકારી ધર્મકાર્યો દ્વારા પરમ પ્રભાવક શ્રી ધર્મરાજાનું એકછત્રી રાજ્ય ચાલી રહ્યું હોય, તેવો ભાષ સૌને થતો હતો. જ્યાં જુવો ત્યાં ધર્મની આરાધના, આરાધનાને આરાધના. આરાધનના ભાવવાળું રાજ્ય બની ગયું.

## દુર્મુખ મંત્રીની ઈર્ષા અને ખટપટ :

જિનધર્મની સુંદર પ્રભાવના થતી જોઈ મિથ્યાદૃષ્ટિ

દુર્મુખમંત્રીના હૃદયમાં વિષ રેડાયું. અત્યંત દ્વેષ જાગૃત થયો. જિનશાસનની પ્રભાવના એ સહન ન કરી શકયો.

એક દિવસે મંત્રીએ એકાંતમાં બિરાજેલા પૂજ્ય પિતાજીને બહુજ કાળજી અને સફાઈ પૂર્વક મિઠા શબ્દોમાં વિનંતિ કરી.

દુર્મુખનું હૃદય દ્વેષના હલાહલથી ભર્યું હતું. મત્સ્ય મહામગરમચ્છ, ગ્રાહ, જલઘોડા વિગેરે ડરાવણા જલજંતુઓના સમુહથી સમુદ્ર જેમ મહાભયંકર જણાય છે તેમ મિથ્યાત્વ દ્વેષ, અજ્ઞાન, કદાગ્રહ વિગેરે દોષોના કારણે દુર્મુખનું હૃદય અત્યંત તેજો દ્વેષી હતું. એમાં માત્ર કાતીલ ઝેર ભર્યું હતું.

એણે પિતાજીને વિનંતિ કરતાં કહ્યું—

હે રાજન્ ! આપણા કુમાર કનકશેખર ધર્મના નામે રાજ્યનીતિનું મહાઉલ્લંઘન કરી રહ્યા છે. આ રીતથી રાજ્યનો વહીવટ ખોરવાઇ જશે. વ્યવસ્થા તંત્ર નબળું બની જશે. અમને કુમારશ્રીની નીતિ યોગ્ય જણાતી નથી. લોકોને કરમુક્ત કરવામાં આવશે તો સ્વતંત્રતાને વરેલા એ લોકો કયા અનર્થો નહિ આચરે ?

રાજ્યદંડના ભયથી લોક સમુહ મર્યાદાઓનું પાલન કરે છે. પણ કરમુક્ત થવાથી સ્વતંત્ર બનેલા તેઓ આપાણું કાંઈ પણ સાંભળશે નહિ. સ્વતંત્ર થતાં સ્વચ્છંદતા વધશે અને એમાંથી અનાર્ય આચરણો કરતાં શીખશે. આપાણું

શાસન આજ્ઞા ચાલશે નહિ, પછી આપશ્રી રાજા કોના ? રાજા તરીકે આપની ખ્યાતિ શું ? જ્યાં આપ આપની આજ્ઞા ન પળાવી શકો એ રાજ્યને રાજ્ય પણ કેમ કહેવાય ?

તેથી હે દેવ ! રાજ્યધર્મથી તદ્દન વિરુદ્ધ અને કદી કોઇ રાજાએ જીવનમાં નહિ અપનાવેલ એવું અનૈતિક કાર્ય કુમારશ્રીએ આદર્યું છે. આપ વિચાર કરશો તો આપશ્રીને પણ કુમારશ્રીની નીતિ સુંદર નહિ જણાય, વધુ આપને શું કહેવું ?

દુર્મુખની વાત સાંભળી પિતાજીએ કહ્યું કે હે મંત્રી ! તમારી વાત સાચી હોય તો તમેજ કુમારને મળી આ વિષયની વાતચિત કરી લેજો. અમે કુમારને કાંઈ પણ કહેવા માટે સમર્થ નથી. તમારે જાતે જ એ વિષયમાં પતાવટ કરી લેવી.

પૂ. પિતાજીની આજ્ઞા મેળવી દુર્મુખ મારી પાસે આવ્યો અને મને બધી વાત જણાવીને કહ્યું, હે કુમાર ! આ રીતે રાજ્યનીતિનું ઉલ્લંઘન કરો તે ઉચિત નથી. લોકોમાં અસદ અને અનાર્ય આચારો ફેલાશે. એ રાજ્યના તાબામાં નહિ રહે અને અનેક અનર્થો થશે. પિતાજીએ મારા દ્વારા આ નિવેદન જણાવ્યું છે.

દુર્મુખના ધર્મવિરોધી તેમજ ધર્મ ઘાતક શબ્દો સાંભળી મારા અંગેઅંગમાં કોપ વ્યાપી ગયો છતાં પણ મેં કોપને દાબી રાખ્યો. આકૃતિમાં પણ ફેરફાર ન થવા દીધો અને શાંતિપૂર્વક મેં દુર્મુખને જણાવ્યું.

હે આર્ય ! જો હું પરસ્ત્રીયોમાં આસકત રહેનારા અને ચોરી લૂટ કે ગૂંડાગિરી દ્વારા પ્રજાને રંજાડનાર લોકોનો પક્ષ લેતો હોઉં, એ લોકોને સાથ આપતો હોઉં તો આપે આ જાતની હિતશિક્ષા આપવી જોઈતી હતી.

જે મહાપુણ્યાત્માઓ પોતાના સાત્વિક ગુણો દ્વારા દેવતાઓને માટે પણ વંદનીય બનેછે. તેવા ગુણશીલ પુરૂષોની ભકિત કરવામાં, એમના પૂજા, સત્કાર, સન્માન કરવામાં કયા નીતિ–માર્ગનું ઉલ્લંઘન થાય છે ? આપ આ વાત મને સમજાવશો ?

વળી નિર્મળ હૃદયવાળા યશસ્વી શ્રાવક વર્ગને કર અને દંડથી મુકત કરવા છતાં પણ લેશમાત્ર અનીતિ આચરતા નથી. ન્યાય અને સદાચારના પંથે વિચરતા એ લોકો અસદાચાર કે અન્યાયનો આશ્રય લે એ કદી પણ સંભવતું નથી.

ત્રણ ભુવનના નાથ શ્રીજગન્નાથ પરમાત્મા જેમના નાથ હોય, એઓનું દાસત્વ કરનાર જ ખરેખરા રાજા છે. દેવાધિદેવના સેવક રૂપ રહેલા શ્રાવકોનું વાત્સલ્ય કરવું એજ રાજાની પવિત્ર ફરજ છે. આવો રાજા તેજ રાજા છે. એ વિનાના રાજાઓ રાજ્યના સ્વામી નથી પણ દાસ છે. ગુલામ છે.

આ પ્રમાણેના અમારા વર્તનમાં રાજ્યનીતિનું ઉલ્લંઘન ક્યાં થાય છે, તે આપ અમને જણાવો ! અમે જે કર્યું છે, એમાં રાજ્યનીતિ કે ધર્મનીતિનું જરા માત્ર ઉલ્લંઘન થતું નથી. આપ શા આધારે અમને કઠોર હિતશિક્ષા આપવા પ્રેરાયા છો ?

મારો સાધર્મી પ્રત્યેનો પ્રેમ એ એક કપટ છે અને ખોટો છે આવું કહેવા દ્વારા આપે આપના " દુર્મુખ " નામને સાર્થક બનાવ્યું છે.

આ જાતના મારા સ્પષ્ટ અને દઢ શબ્દો સાંભળી, મનના ભાવો સમજી લઈ દુર્મુખે વિચાર કર્યો કે કુમારનો જિનશાસન ઉપરનો રાગ અત્યંત ગાઢ છે, એ ચલિત બને તે સંભવિત નથી. તેમજ કુમારને છંછેડવામાં પણ મજા નથી.

આ વિષયમાં રાજાશ્રીની આજ્ઞા પ્રાપ્ત કરી લીધી છે એટલે અવસરે જે ઉચિત જણાશે તે કરીશું, પણ હાલમાં કુમારને કોપ ચડયો છે. એને શાંત કરૂં. ઉતાવળે આંબા ન પાકે. આવો વિચાર કરી મારા પ્રતિ બોલ્યો.

હે કુમારશ્રી ! મેં તો આપના હૃદયની પરીક્ષા માટે જ વાત પૂછેલી, એ માટે બીજો કોઈ વિકલ્પ આપે મનમાં કરવાનો જ નથી. આપનો જિનશાસન ઉપરનો રાગ અને સાધર્મી બંધુઓનું અપ્રતિમ વાત્સલ્ય જોઈ હું ખૂબ પ્રસન્ન થયો છું. પરીક્ષા માટે કહેલા મારા કઠોર વચનો મનમાં લાવશો નહિ. આ પ્રમાણે જણાવી મારી રજા લઇ રવાના થયો.

એના ગયા બાદ મને વિચારો આવ્યા કે, આ દુર્મુખ પાપી આત્મા છે. શઠશેખર અને ધૂર્તસમ્રાટ છે. પહેલાં અતિ–ગંભિરતા અને ઉંડી વિચારણા પૂર્વક મને વાત જણાવી પણ મારા ઉત્તરો સાંભળી વાતો ટાળવા પ્રયત્ન કર્યો.

વાત રજુ કરતી વેળા જે ભાવો અને મુખાકૃતિ હતા, તે મારા ઉત્તર સાંભળ્યાં પછી તરત જ બદલાઈ ગયા. વાતો ફેરવી નાખી. આ દુર્મુખ કહે શું અને કરે શું ? એ કાંઈ કહી શકાય નહિ. એના વિશ્વાસે રહેવું ઉચિત નથી કયે વખતે શું કરી બેસે ! ચેતવા જેવું છેજ.

આ જાતનો વિચાર કરી ગુપ્તચર "ચતુર" ને બોલાવ્યો. દુર્મુખ સાથે થયેલી વાતો જણાવી અને એની દરેક બાતમી મેળવી લાવવા રવાના કર્યો. એ કેટલાક દિવસો પછી પાછો આવ્યો. અને જણાવ્યું કે–

"આપની આજ્ઞા સ્વીકારીને અહિંથી હું સીધો દુર્મુખ પાસે ગયો. વિનય અને નમ્રતાથી મેં એમને પ્રસન્ન કર્યા. એમની સેવામાં રહી ગયો અને છેવટે અંગરક્ષક તરીકે ગોઠવાઈ ગયો. એમના વિશ્વાસુ તરીકેની મારી નિમણુંક થઈ. હું એમના ત્યાં શું બને છે એનું ઘણી જ બારીકાઈથી દેખભાળ કરવા લાગ્યો."

એક દિવસે દુર્મુખે ગામના સારા સારા શ્રાવકોને બોલાવ્યા અને એ આગેવાન શ્રાવકોને જણાવ્યું.

અરે ! કનકશેખરને તો ધર્મનું ભૂત વળગ્યું છે. એણે રાજ્યનો નાશ કરવા ધાર્યો છે, તેથી કુમાર તમને જે દાન માં આપે તે પદાર્થો અને રાજ્ય સંબંધી તમારો કર આ બધું જ તમારે ગુપ્ત રીતે મને આપી દેવું. આ વાતની

જાણ કુમારને ન કરવી. આ વાત જો કુમારને કરશો તો તમારે તમારા જીવનથી હાથ ખંખેરી નાખવા પડશે. તમે પછી જીવતાં રહો એ શકય નથી.

શ્રાવકોએ દુર્મુખની વાતનો સ્વીકાર કર્યો. ઈચ્છા ન હતી પણ મંત્રીની સત્તા હોવાથી સ્વીકાર્યા વિના ચાલે તેમ પણ ન હતું. અગ્રણી શ્રાવકો પોતપોતાના સ્થાને ગયા.

દુર્મુખે આ વાતની જાણ રાજાશ્રીને પણ કરી. રાજાશ્રીએ કાંઈ પ્રત્યુત્તર આપ્યો નહીં " આંખ આડા કાન કર્યા "

કનકશેખર આગળ જણાવે છે કે ચતુર પાસેથી વાત સાંભળી વિચાર કર્યો કે દુર્મુખે પિતાજીની આજ્ઞા પ્રાપ્ત કરી પહેલાં બધું મને જણાવેલ. જો પિતાજીની આજ્ઞા વિના કર્યું હોત તો એ શિક્ષાપાત્ર ગણાત. યોગ્ય શિક્ષા આપત. ધૃષ્ટતાનું ફળ બતાવી દેત.

પરંતુ પૂ. પિતાજી મૌન રહ્યા, આંખ આડા કાન ધર્યા અને એ રીતે મૂક સંમતિ આપી છે. પૂજ્ય પિતાજી સાથે લડવું ઝગડવું અને સામે થવું એ ઉચિત નથી. કારણ કે માત-તાતનો ઉપકારનો બદલો વાળવો એ અતિદુષ્કર છે. આ વાત શ્રી તીર્થંકર પરમાત્માએ જણાવી છે.

શ્રાવકો ઉપર કર અને દંડ ફરી વિના કારણે લાદવામાં આવ્યા છે. આ પરિસ્થિતિ હું મારી આંખોથી જોઈ શકવા સમર્થ નથી. એ કરતાં મારે અહીંથી કોઈ અપ-

રિચિત સ્થળે ચાલ્યા જવું એજ પરમશ્રેયસ્કર છે.

આ જાતનો નિર્ણય કરી કોઈને પણ જણાવ્યા વિના હું મારા વફાદાર અને સ્નેહી મિત્ર સાથે નિકળી પડયો. હે નંદિવર્ધન ! આ જાતનું પિતાજીનું અપમાન થયેલું છે અને તેથી હું અહીં આવ્યો છું.

નંદિનવર્ધને કનકશેખર પાસેથી જયસ્થલમાં આવવાનું કારણ જાણી લીધું અને પછી કહ્યું.

હે કુમાર ! તમે ઘણું જ ઉત્તમ કર્યું. જ્યાં આપણો પરાભવ થતો હોય અને સ્વમાન ઘવાતું હોય એવા સ્થળનો ત્યાગ કરવો એજ ઉત્તમ છે. રાજ્યને તિલાંજલિ આપી અહિં આવ્યા તે ઘણું સારૂં કર્યું.

"અરે ! સ્વમાનને પોતાની વ્હાલી સંપત્તિ ગણનારા સ્વમાની પુરૂષો પોતાના દેશમાં માન હાનિ થતી જુવે તો એનો પણ ત્યાગ કરે છે. સૂર્ય પણ પોતાનું તેજ ઓછું થાય છે, ત્યારે અસ્તાચલના અન્ય દ્વીપો ભણી ચાલ્યા જાય છે."

## કનક શેખરને પાછા તેડવા આવેલા મહા અમાત્યો

આ રીતે પરસ્પર રહેતાં, વાતો કરતા આનંદમાં અમારા ત્યાં દશ દિવસો પસાર થઈ ગયા અને અગ્યારમા દિને મારા મહેલમાં અમે બંને વાતો કરતાં બેઠાં હતાં, ત્યાં અમારા ઉપર પિતાજીનો સંદેશો આવ્યો.

પિતાજીએ અમને સભામાં બોલાવવા સંદેશો મોકલેલો. આજ્ઞા પાલન પૂર્વક અમે રવાના થઈ સભામાં ગયા. સભામાં પ્રવેશ થતાંની સાથે ત્રણ પુરૂષો સામે આવ્યા અને કનક શેખરને નમસ્કાર કરી, ચરણમાં મસ્તક ઝુકાવી દીધા.

કનકશેખરે આશ્ચર્ય પૂર્વક કહ્યું. અરે સુમતિ! અરે કેસરી !! અરે વરાંગ !! તમે અહિં કયાંથી? આ પ્રમાણે બોલતા પ્રેમ પૂર્વક એમને ઉભા કર્યા અને ભેટી પડયો. સૌ ખૂબજ હર્ષાવેશથી ભેટયાં.

મેં પૂછ્યું અરે કુમાર આ સૌ કોણ છે? ઉત્તર વાળતાં આનંદ વિભોર કનકશેખરે જણાવ્યું કે આ ત્રણે અમારા પૂજ્ય પિતાજીના માનનીય મહા અમાત્યો છે. પછી સૌએ પરસ્પર શુભ સમાચારો અને કુશળવાર્તા પૂછી, યોગ્ય સન્માન કરવામાં આવ્યું અને ત્રણે અમાત્યોને પિતાજીની સમીપમાં બેસાડવામાં આવ્યા. મારા પિતાશ્રી પદ્મરાજાએ કનકશેખરને જણાવ્યું કે—

હે કનક ! આ તારા પિતાજીના મંત્રીઓએ જે સમાચાર અમને જણાવ્યા છે તે તું સાંભળ.

"કુમારશ્રી મહેલમાં દેખાતાં નથી" આ જાતના શોક જનક સમાચાર દ્વારપાળો દ્વારા પિતાજી અને માતાજીને મલ્યા ત્યારે વજ્રના આઘાત જેવો હૃદય વિદારક આઘાત થયો. મૂર્છા આવી ગઈ. મૂર્છા ઉતરતાં હૃદયફાટ વિલાપ કરી

રહ્યાં છે. "મારો કનક, મારો કનક", એમ વારે વારે બોલેછે. અરે ! પાછા ધરતીપર ઢળી પડે છે. આસુંડાની ધારા વહેવાથી આંખો ફુલી ગઈ છે.

રાજ્યમાં કોઈ વસ્તુ એમના મનને સંતોષ કે આનંદ આપતી નથી. માતા શ્રી ચૂતમંજરીનો વિલાપ સૌને અકળામણ કરે છે. એમનો વિલાપ બીજાને પણ વિલાપ કરાવી મૂકે છે. એમનું કરૂણ આક્રંદન ભલભલાના હૈયાને પીગાળી દે છે. માત તાતના બેફાટ રૂદનથી પ્રજા પણ નિરાધારની જેમ ચોધાર આંસુઓ પાડી રહી છે. પરિસ્થિતિ ઘણી વિકટ કરૂણ અને દયા જનક બની ગઈ છે, મંત્રી મંડળે ભેગા મળી રાજા રાણીને કોમળ અને આશ્વાસન દેનારા શબ્દોથી શાંત કરવા પ્રયાસો કર્યા.

છતાં પણ એની ધારી અસર ન થઈ. રાજા રડે છે. ભાયાતો કારભારીયો, નગરજનો સૌ રડી રહ્યાં છે. વાતાવરણ ઘણુંજ ગમગીની ભર્યું બની ગયું છે. સૌના મુખ સુકા પાંદડા જેવા ફીકા ફ્ચ બની ગયા છે, કોઈને કાંઇ ગમ પડતી નથી. ચો તરફ આપના વિરહથી રુદન રુદન અને રુદન થઈ રહ્યું છે.

"ચતુર"ને થયું કે રાજા રાણી આવું કરૂણ આક્રંદન કર્યા કરશે તો એમનું હૃદય બેસી જશે અને થોડા સમયમાં સ્વર્ગે સીધાવશે તો પ્રજા સ્વામી વિહુણી બની જશે. માટે મારે કુમારશ્રીને માટે કાંઇક જણાવવું જોઈ એ, મારી બેદરકારી

કે ઉપેક્ષા વિપરીત પરિણામ લાવશે. આમ વિચારી એણે જણાવ્યું કે—

હે કૃપાવતાર! રાજાશ્રી !! "કુમારશ્રી કારણ વશાત્ બહાર ચાલ્યા ગયા છે. કુમારશ્રી હજુ અવશ્યમેવ જીવંત છે." ચતુર તરફથી ખાત્રી મળતા, રાજા રાણીના હૃદયમાં શાંતિ થઈ. જીવ કાંઈક હેઠો બેઠો. ધીરે ધીરે સ્વસ્થતા આવી એટલે ચતુરને પૂછ્યું.

હે આર્ય! કુમાર ક્યાં ગયા છે? શા માટે ગયા છે?

ચતુર – હે દયાળુ નરનાથ! કુમારશ્રીએ એ બાબત મને કાંઈ જણાવ્યું નથી. હું ચતુર છું એટલે મેં જાણી લીધું છે. અનુમાનથી મને એ વાતની જાણ થઈ ગઈ છે.

"એઓશ્રી જયસ્થળ ગયા હશે." કારણ કેશ્રી નંદાબા

(શ્રી નંદિવર્ધનના માતા) ઉપર તથા શ્રી પદ્મરાજા ઉપર બહુ પ્રેમ છે. એટલે હું અનુમાનથી આ જણાવી રહ્યો છું. કુમારશ્રી જયસ્થળ સિવાય બીજે ક્યાંય જાય, એ મને લાગતું નથી.

રાજાએ ચતુરની પ્રશંસા કરી અને ઘણું ઇનામ આપ્યું. આ અનર્થનું મૂળ દુર્મુખમંત્રી છે એમ જાણ થતાં, એને એના પરિવાર સાથે દેશ બહાર કર્યો.

આ વખતે જ મહારાજાશ્રી અને રાણીબાએ પ્રતિજ્ઞા

કરી, કે "જ્યારે કુમારના મુખને અમે જોશું ત્યારપછી જ અન્ન જળ લઈશું."

## વિશાળાથી દૂતનું આગમન

આજ દિવસે એક દૂત રાજાસાહેબને મળવા આવ્યો. દ્વારપાળે રાજાશ્રીની આજ્ઞા લઈ દૂતને સભામાં પ્રવેશ કરાવ્યો. દૂતે વિનયપૂર્વક રાજાને નમસ્કાર કર્યા અને રાજાએ યોગ્ય સત્કાર પૂર્વક બેસવા વિરામાસન આપ્યું; એ ઉપર દૂત બીરાજમાન થઈ વિનંતિ પૂર્વક એણે જણાવ્યું.

હે રાજરાજેશ્વર ! "વિશાલા" મહાનગરીના મહારાજાશ્રી "નંદન" છે. એમને "પ્રભાવતી" અને "પદ્માવતી" નામની બે પ્રિય રાણીયો છે. તેમાં રાણી પ્રભાવતીને "વિમલાનના" નામની સુપુત્રી છે. અને રાણી પદ્માવતીને "રત્નવતી" નામની ગુણવતી પુત્રી છે. આ બન્નેનો પરસ્પરનો પ્રેમ રતિ અને પ્રીતિ જેવો અગાધ છે. એક બીજા વિરહ સહન કરી શકતા નથી.

બે રાણીયોમાં પ્રભાવતી રાણીનો ભાઈ પ્રભાકર છે. તે પ્રભાકર કનકપુરનો રાજા છે. એમને વિભાકર નામે પુત્રછે.

પ્રભાકર અને પ્રભાવતીએ વિભાકર અને વિમલાજીનાના જન્મ પહેલાં એવી શરત કરી હતી કે આપણાં બેમાંથી કોઈ એકના ઘરે પુત્ર થાય અને બીજાના ઘરે પુત્રી થાય તો પોતાની પુત્રી બીજાના પુત્રને આપવી. આ શરત પ્રમાણે સત્ય પ્રતિજ્ઞાવાળા પ્રભાવતી રાણીએ પોતાની

પુત્રી વિભાકર વ્હેરે આપી દીધી હતી. વેવીશાળ થઈ ચૂક્યું હતું.

પરન્તુ વિમલાનનાએ એક દિવસે બંદીજનોના મુખથી કુમાર કનકશેખરના સાત્વિક ગુણોના ગીતો સાંભળ્યાં. ચારણોના મુખથી અતિ પ્રશંસા સાંભળી.

ગુણોની પ્રશંસા સાંભળવાના પ્રતાપે વિમલાનના કુમાર કનકશેખર ઉપર અનુરાગિણી બની ગઈ. અનુરાગની ઉત્કટતા એટલી વધી ગઈ કે વિમલાનના પોતાની શુદ્ધિ પણ વિસરી ગઈ. પોતાની દરેક પ્રવૃત્તિઓનો ત્યાગ કર્યો. વિરહવ્યથાને અનુભવતી વિરહિણી નવોઢાની જેમ ઉદાસીનતામાં ગરકાવ બની ગઈ.

કોઈ યોગિની રાત દિવસ ચોસઠ ઘડી પરમ કૃપાળુ પરમાત્માના ધ્યાનમાં લીન રહે; તેમ વિમલાનના રાત દિવસ કુમાર કનકશેખરના ગુણોમાંજ લીન રહેવા લાગી. આઠે પહોર કુમારશ્રીનું જ ધ્યાન ધરવા લાગી. પોતાનો પરિવાર, વૈભવ, કોઈ પણ એને આનંદ આપી શકતાં નથી. સંગીત કે કથાઓ એના મનને રીઝવી શકતાં નથી. ઉદ્યાનો સરોવરો, કે અન્ય આનંદ પ્રમોદના સાધનો એના મનને પ્રસન્ન કરી શકતા નથી. માત્ર કુમારશ્રીનું ધ્યાન.

વિમલાનનાની આ દશા જોઈ પરિવારમાં વિષાદની ઘેરી છાયા ફેલાઈ ગઈ છે. આવા મોટા ફેરફારનું કારણ કોઈના

જાણવામાં આવ્યું નથી. ઘણાં વિચારો કર્યાં છતાં સમજી શકાણું નથી.

છેવટે અતિનિકટ રહેનાર સ્નેહાળ શ્રી રત્નવતીએ વિચાર કર્યો કે બંદિજનો કુમાર કનક શેખરના ગુણો મધુર કંઠે ગાતા હતા. એ ગુણો મારી બહેન વિમલાનનાએ સાંભળ્યા ત્યારથી બહેનની આ દશા થઈ છે.

મારી બેનનું મન કનકશેખરે ચોર્યું જણાય છે. એથી બહેન અંતઃકરણ વિનાની બની ગઈ છે. એના દિલડાના ચોરની વાત પિતાજીને જણાવી દઉં. ચોરને પકડવો અને એને યોગ્ય સજા કરવી એ રાજધર્મ છે. પિતાજી યોગ્ય કરશે, એમ માની રત્નવતીએ એ વાત પિતાજી આગળ રજુ કરી દીધી.

આ હકિકત સાંભળી પિતાજીએ વિચાર કર્યો કે વિમલાનનાની માતા પ્રભાવતીએ પોતાના ભાઈના પુત્ર વિભાકરને વિમલાનનાને આપવાનું નક્કી કર્યું છે, પણ હાલની સ્થિતિ પ્રમાણે હું કાંઈ પ્રયત્ન નહિ કરૂં તો વિમલાનના થોડા સમયમાં જ મૃત્યુને ભેટી પડશે.

આ સ્વયંવરા વિમલાનનાને કનકશેખર પાસે મોકલાવી દઉં. એ એની મેળે કનકશેખર સાથે લગ્ન કરશે. આ માટે વધુ સમય પસાર કરવો યોગ્ય નથી.

---

૧. ભાટ ચારણ વિગેરે જાતોના લોકોને બંદી કહેવાય છે.

આ પ્રસંગથી વિભાકરને માઠું લાગશે પણ એને હું પાછળથી સમજાવી લઈશ. આ જાતનો વિચાર કરી પિતાજીએ વિમલાનના પાસે આવીને કહ્યું.

હે પુત્રી ! તું દિલગીર ન થા. ખેદ ન કર. કુશાવર્ત નગરે કનકશેખર પાસે જા. આ જાતના મધુર વચનોથી પુત્રીના દિલને શાંત કરી, નંદનરાજાએ વિમલાનનાને કુશાવર્ત નગરે મોકલવા યોગ્ય બંદોબસ્ત કર્યો.

એ વખતે વિમલાનનાની બહેન રત્નવતી પિતાજીના પાસે આવી. નમસ્કાર કરીને મધુર સ્વરે બોલી.

હે પિતાજી ! બહેન વિમલાનનાના વિના હું એક ક્ષણ પણ રહી શકું તેમ નથી, માટે આપ રજા આપો તો હું પણ બહેનની સાથે જ જાઉં.

પરન્તુ એક વાત આપને જણાવી દઉં કે હું કનક-શેખર કુમારને મારા પતિદેવ તરીકે નહિ સ્વીકારૂં. સ્રીયોમાં ગમે તેટલો પરસ્પર પ્રેમ હોય તો પણ શોક સ્રી તરીકેનો સંબંધ થાય તો એ પ્રેમ તરત તૂટી જાય છે. અને પરસ્પર વૈરભાવના બીજો રોપાય છે. એટલે હું કનકશેખરના કોઈ પ્રિય મિત્રની પત્ની બનીને રહીશ.

પિતાએ રત્નવતીને પણ સંમતિ આપી. સાથે જણાવ્યું કે મને પૂર્ણ શ્રદ્ધા છે કે તમે આપણા નિર્મળ કુળની યશોગાથાને કલંક નહિ લગાડો.

હે રાજન્ ! આ રીતે શ્રી નંદનરાજાની વિમલાનના અને રત્નવતી એ બન્ને પુત્રીયો ત્યાંથી અવિરત પ્રયાણ કરતા આજરોજ બહારના ઉદ્યાનમાં આવી પહોંચ્યા છે. એ બન્ને એ આ સંદેશો કહેવા મને આપની પાસે મોકલ્યો છે. હવે જેમ યોગ્ય લાગે તેમ કરો.

શ્રી કનકચૂડ મહારાજાએ આ વાત સાંભળી પ્રધાન મંડળમાંથી શ્રી શૂરસેન પ્રધાનને આજ્ઞા કરીને જણાવ્યું કે આ કન્યાઓને યોગ્ય આવાસો રહેવા માટે આપો, અને રાજશાહી સન્માન પૂર્વક એમની દરેક સગવડો સાચવજો. એમની સેવામાં ક્યાંય ગફલત કે બેદરકારી ન રહેવી જોઈએ.

બીજી બાજુ અમને ત્રણને આજ્ઞા કરી કે તમે ત્રણે શ્રી પદ્મરાજાની રાજધાની જયસ્થળ તરફ તરત રવાના થાઓ. મને ખાત્રી થાય છે કે કુમાર જરૂર ત્યાંજ ગયા હશે.

શ્રી કનકચૂડ મહારાજાને કનકશેખર કુમારના ગુણોથી આકર્ષાઈને આવેલી કન્યાઓ હર્ષનું કારણ બની હતી પણ એકાએક કહ્યા વિના કુમારનું પલાયન થવું અતિકષ્ટ આપતું હતું. કન્યાઓના આગમને એમાં વધારો કર્યો.

કુમારશ્રીના પિતા મહારાજાશ્રીએ અમને છેલ્લે જણાવ્યું કે તમે તરત જ ત્યાં જાઓ અને પદ્મમહારાજાને અમારી અવસ્થા અને કન્યાઓના આગમનની વાત જણાવશો. આ વિગત સાંભળી એઓ કુમારને સમજાવી અહીં મોકલશે.

તમે સાથે નંદિવર્ધન કુમારને પણ લેતા આવશો. રત્નવતીના પતિ તરીકે એઓશ્રી સુયોગ્ય છે.

આ રીતે અમને ત્રણને અહિં મોકલ્યા છે."

હે કુમાર કનકશેખર ! આ પ્રમાણે તારા પિતાજીના મંત્રીશ્વરોએ લંબાણ વિગત અમને કહી સંભળાવી છે. એટલે અમારે પણ કહેવું જોઈએ કે તમે બન્ને કુમારો જલ્દી પિતાજી કનકચૂડના પાસે સંતોષ અને આનંદ માટે જાઓ.

આમ કરવાથી અમને તમારો વિરહ થશે. તમારો વિરહ અમારા માટે પણ દુઃખદ છે. તમને મોકલવાં અમારૂં મન માનતુ નથી. પણ જવા માટેના કારણો મહત્ત્વના છે. એનો વિચાર કરીને અમારે તમને મોકલવા જોઈએ. માટે તમે બન્ને જાઓ.

## બન્ને કુમારોનું પ્રયાણ

પિતાજીની આજ્ઞા સાંભળી અમને હર્ષ થયો. અમે આનંદથી ચતુરંગ મહાસૈન્ય, અમાત્યવર્ગ, સામંતસમુહ અને જનગણ સાથે કુશાવર્ત નગર ભણી પ્રયાણ આદર્યું.

પ્રકરણ દશમું

# યુદ્ધમાં વિજય અને વિવાહ

[ સંસારીજીવ આ કથા શ્રી સદાગમ સમક્ષ અગૃહીત-સંકેતાને અનુલક્ષી સંભળાવી રહ્યો છે. એમાં પોતાના નંદિવર્ધન તરીકેના ભવની વાર્તા રજુ કરી રહ્યો છે. તેમાં આગળ ચલાવતાં જણાવે છે. ]

## રૌદ્રચિત્ત નગર

મેં અને કનકશેખરે કુશાવર્ત જવા પ્રયાણ આદર્યું. તે વખતે મારા અંતરંગ પ્રદેશમાં પ્રગટ વૈશ્વાનર મિત્ર હતો. તે વૈશ્વાનરે અને ગુપ્તમિત્ર પુણ્યોદયે પણ મારી સાથે જ પ્રયાણ આદર્યું.

આ પ્રયાણમાં અમો કેટલાક દિવસ ચાલ્યા ત્યાં અધવચ્ચે "રૌદ્રચિત્ત" નામનું નગર આવ્યું. આ નગર નરકમાં જવા માટે દ્વાર સમુ હતું. દુષ્ટ લોકોને રહેવા

માટે એ મુખ્ય સ્થળ હતું. અનર્થોની પરંપરા અને આપત્તિઓની ખાણ હતું. આ નગરમાં જાય એને આપત્તિ ન આવે, એ બને જ નહિ.

મારામારી કરવી, ખૂન કરવું, ચોરી, દગો, લૂંટફાટ વિગેરે ગૂનાહિત કૃત્યો કરવા એ આ નગરના રહેવાસીયો માટે ખૂબ સરલ ગણાતું હતું. વાતવાતમાં ઝગડો કરવો, અપશબ્દો બોલવા, ખોટા કલંક આપવા આ એમને મન રમત જેવું હતું. માટે જ આ નગર નરકના દ્વાર રૂપ ગણાતું હતું.

રૌદ્રચિત્ત નગરમાં " દુષ્ટાભિસંધિ " રાજા રાજ્ય કરતો હતો. તે અનીતિ કરવામાં ઘણો પાવરધો હતો. સાધુ સંતોનો દ્વેષી, ધર્મનો વિરોધિ, દુષ્ટ અને અધમ પુરૂષોને આશ્રય તેમજ સહાય કરનારો હતો. સ્વભાવે ક્રૂર અને દેખાવે રૌદ્ર અતિ ભયંકર હતો.

આ રાજાને "નિષ્કરૂણતા" નામની રાણી હતી જે પારકા દુઃખોમાં કાંઈ સમજતી નહિ. પોતાના પતિમાં અતિ પ્રેમ ધરનારી હતી. દયા ગુણ એનાથી બાર ગાઉ દૂર હતો. પૂતના રાક્ષસી જેવી ડરામણા શરીરવાળી હતી.

દુષ્ટાભિસન્ધિ રાજા અને નિષ્કરૂણતા રાણીને એક પુત્રી હતી. એનું નામ " હિંસા " હતું. તે અહિંના

૧, રૌદ્રચિત્ત–અતિભયંકર મનોવૃત્તિવાળું અંતઃકરણ

૨. દુષ્ટાભિસંધિ– અશુભ વિચારોમાં જેનું મન જોડાએલું રહે તે.

નગરવાસીયોને વહાલી હતી. નગરની સંપત્તિમાં વધારો કરનારી હતી. રૂપે રંગે બિહામણી છતાં રાજા રાણી અને નગરવાસિઓને વહાલી અને દેખાવડી લાગતી હતી.

"તામસચિત્ત" નામનું બીજું એક અંતરંગ નગર છે. ત્યાં મહામોહ નરેન્દ્રનો પુત્ર દ્વેષગજેન્દ્ર રાજ્ય કરે છે.

આ વાર્તામાં આગળ આવી ગએલું કે વૈશ્વાનરની માતા અવિવેકતા બ્રાહ્મણી છે. એ અવિવેકતા બ્રાહ્મણી દ્વેષગજેન્દ્રની રાણી થાય છે.

જે વખતે અવિવેકતા રાણી ગર્ભવતી બનેલી અને વૈશ્વાનર ગર્ભમાં જ હતો ત્યારે કોઈ કારણવશાત્ "તામસચિત્ત" નગરથી આ "રૌદ્રચિત્ત" નગરે આવેલી હતી.

હે અગૃહીતસંકેતા ! આ "તામસચિત્ત" નગર કેવું છે ? "દ્વેષગજેન્દ્રરાજા કેવા છે ? એમના રાણી અવિવેકતા કેવા છે ? તામસચિત્ત નગરથી શા માટે ચાલ્યા ગયા ? "રૌદ્રચિત્ત" નગરે શા માટે આવ્યા ? આ બધું આગળ ઉપર જણાવશું."

હે ! વિશાલનેત્રે ! આ બધા સ્વરૂપની મને એ વખતે જરા પણ ખબર ન હતી, હાલમાં શ્રી સદાગમના પ્રતાપે યથાર્થ ખ્યાલ મને આવી ગયો છે. એટલે હું તમને બરોબર જણાવી શકું છું.

## હિંસા સાથે નંદિવર્ધનના લગ્ન

અવિવેકતાને રૌદ્રચિત્ત નગરમાં આવ્યાને ઘણો સમય

થઈ ગયો હતો. ઘણો સમય રહેવાના કારણે દુષ્ટાભિસંધિ રાજા અને અવિવેકતાના પતિ દ્વેષગજેન્દ્ર એ બે પરસ્પર નિકટના સ્વજન–સંબંધી થતા હતા. એ કારણથી દુષ્ટાભિસંધિ અવિવેકતાને પોતાના સ્વામિની તુલ્ય માન્ય રાખતો અને પોતે એના સેવક તરીકે રહેતો.

જ્યારે હું મનુજગતિમાં આવ્યો અને એ વાતની અવિવેકતાને જાણ થઇ એટલે એ પણ રૌદ્રચિત્ત નગર તજીને મનુજગતિ નગરીમાં આવી. કારણકે એને મારા ઉપર ઘણો જ રાગ હતો. મારા ખાતર જ એ અહીં આવેલી હતી. અને મારી બાજુમાં રહી હતી.

જે દિવસે પદ્મરાજાના ત્યાં નંદાદેવીની કુક્ષીથી મારો જન્મ થએલો તેજ દિવસે અવિવેકતાએ વૈશ્વાનરને જન્મ આપેલો.

જ્યારે વૈશ્વાનર સમજણો થયો ત્યારે અવિવેકતાએ પોતાના સગા સંબંધીઓનો પરિચય કરાવી એ સંબંધી જ્ઞાન આપેલું. આ વૈશ્વાનર નાનપણથી જ મારી સાથે રહેતો આવ્યો છે.

કુશાવર્ત નગરભણી અમે પ્રયાણ આદરેલું અને અર્ધ માર્ગ થયો હશે. ત્યાં વૈશ્વાનરને વિચાર આવ્યો કે શ્રી નંદિવર્ધન કુમારને રૌદ્રચિત્ત નગરે લઈ જાઉં અને ત્યાં જઈ

૧ હું નંદિવર્ધન, સંસારીજીવ નંદિવર્ધનના ભવની પોતાની વાત રજુ કરી રહ્યો છે.

દુષ્ટાભિસંધિ રાજાને સમજાવી એમની પુત્રી હિંસા સાથે કુમારના લગ્ન કરાવી દઉં.

હિંસા સાથે કુમારશ્રીના લગ્ન થઈ જાય તો મારા ધારેલા કાર્યો પાર પડે. મારા ધારેલા કાર્યોમાં લગ્ન થયા પછી કુમારશ્રી પોતે જ ના નહિ કહે. આ જાતનો વિચાર કરીને મને જણાવ્યું. હે નંદિવર્ધન કુમાર! ચાલો આપણે રૌદ્રચિત્ત નગરે જઈએ.

મેં કહ્યું ભલે. પણ આ કનકશેખર કુમાર વિગેરેને પણ આપણે આપણી સાથે લઈ જઈએ.

વૈશ્વાનર— અંતરંગ પ્રદેશ છે. એકલા તમારે જ મારી સાથે આવવું કનકશેખર વિગેરે કોઈનું પણ આમાં કામ નથી. આપણે બે જ જઈશું.

મને વૈશ્વાનર ઉપર વિશ્વાસ હતો. પ્રેમ પણ ઘણોજ હતો હૃદય અજ્ઞાનથી ઢંકાએલું હતું. મિત્ર કોણ અને શત્રુ કોણ? હિતસ્વી કોણ અને અપકારી કોણ? આ સમજવા જેટલી મારી પાસે બુદ્ધિ ન હતી. આવા બધા કારણોથી હું વૈશ્વાનરનું વચન અમાન્ય ન કરી શક્યો અને એની સાથે રૌદ્રચિત્ત નગરે ગયો.

વૈશ્વાનરે સ્હેજમાં દુષ્ટાભિસંધિને સમજાવી દીધો અને હિંસાકુમારી સાથે મારા લગ્ન પણ તરત કરાવી દીધા. લગ્ન વિધિ પૂર્ણ થયા પછી અમને સન્માનભેર વિદાય આપી. અમો અમારા સૈન્યમાં આવી ભળી ગયા.

## વૈશ્વાનર અને નંદિવર્ધનની રસ્તામાં વાતચિત

વૈશ્વાનર— મિત્ર ! આપે હિંસાદેવી સાથે લગ્ન કરી મને ભાગ્યશાળી બનાવ્યો છે. હું કૃતાર્થ થયો છું.

નંદિવર્ધન— તારા પ્રતાપે જ એ કુમારીકા મળી છે. તારો આભાર.

વૈશ્વાનર— મારી એક ઈચ્છા છે કે આ હિંસાદેવી આપ પ્રતિ સદા પ્રેમાળ રહેતો ઘણું સારૂં.

નંદિવર્ધન— હિંસાદેવીનો પ્રેમ સદા રહે એનો શો ઉપાય છે? એનું મન કઈ રીતે મારા તરફ વાળી શકાય?

વૈશ્વાનર— અપરાધી કે નિરપરાધી કોઇ પણ પ્રાણી હોય એને મારી નાખવામાં જરાય વિચાર કરવો નહિ. મનમાં કરૂણા કે કુણાશ લાવવી નહિ. આ ઉપાય હિંસાદેવીને અનુકૂળ રાખવાનો છે.

નંદિવર્ધન— ભાઈ ! હિંસાદેવી મારા ઉપર પ્રેમાળ રહે એમાં મને શો લાભ ?

વૈશ્વાનર— વ્હાલા મિત્ર ! મારા કરતા પણ એનામાં ઘણી શક્તિ અને ઘણો અદ્‌ભુત પ્રભાવ છે.

જ્યારે હું પુરૂષને ભેટું છું ત્યારે એ પુરૂષની આંખો લાલ થાય, ભ્રકુટી ઉંચે ચડે, હોઠ દાંતો વચ્ચે દાબે, શરીર ધ્રુજે, જોરથી રાડો પાડે, ચહેરો વિકરાળ બની જાય, શરીર પરસેવાથી રેબઝેબ બની જાય અને બીજા ઉપર ધાક બેસાડી શકે.

પરન્તુ જો હિંસા અનુરાગવાળી બની જાય તો એના સામે થનાર પુરૂષના હાંજા ગગડી જાય, પ્રાણોનો વિયોગ થાય, બિચારો જીવન પણ જીવી શકે નહિ. માટે જ હું આપને નમ્રપણે વિનંતિ કરૂં છું. કે હિંસાદેવીનો આપ ઉપર અનુરાગ રહે એવું વર્તન કરજો.

નંદિવર્ધન— સારૂ, હું એમ કરીશ.

ત્યારબાદ હું રસ્તામાં આવતાં સસલા, હરણ, રોઝ, રીંછ, વાઘ, વરૂ, વાંદરા, વિગેરેનો શિકાર કરતો હતો, મારી ઈચ્છા મુજબ તિર્યંચ પ્રાણીઓને મારી નાખતો.

આવા વર્તનથી હિંસાદેવી મારા ઉપર પ્રસન્ન થયા. મારી ઉપર પ્રેમાળ બની ગયા ઘણોજ મારા ઉપર અનુરાગ થયો. હું અત્યંત પ્રભાવશાળી બની ગયો. મારાથી સૌ ધ્રુજવા લાગ્યા. આ પ્રત્યક્ષ પ્રભાવ જોઈ મને વૈશ્વાનરની વાતમાં વિશ્વાસ થયો.

ક્રમે ક્રમે પ્રયાણ કરતાં અમે કનકચૂડરાજાના પ્રદેશના સીમાડામાં આવી ગયા.

## અંબરીષ બહારવટીઆઓ સાથે ઝપાઝપી

અમે કનકચૂડ રાજાના પ્રદેશમાં પ્રવેશ કર્યો, ત્યાં સૌ પ્રથમ "વિષમકુટ" નામનો પર્વત આવ્યો.

આ પર્વતની ઉપર અને આજુબાજુ ખીણ પ્રદેશોમાં કનકચૂડ રાજાના રાજ્યને વારે વારે ઉપદ્રવ કરનારા અંબરીષ જાતિના બહારવટીયાઓ વસતા હતા.

અંબરીષ લોકો ઘણા બળવાન અને પરાક્રમી હતાં, છતાં કનકચૂડ રાજાએ એ લોકોને ઘણીવાર ભારે ત્રાસ અને યાતનાઓ આપી હતી, એટલે એના પુત્ર કનકશેખર આ રસ્તેથી પસાર થતો જાણી ઘેરો ઘાલી એમનો માર્ગ રૂંધી નાખ્યો.

અમને આ સમાચારની જાણ ન હતી, અમારૂં સૈન્ય શાંતિથી જઈ રહ્યું હતું અને નજીક આવ્યું એટલે અંબરીષોએ છાપો માર્યો. અચાનક અમારા ઉપર તૂટી પડયા.

અમારા સૈનીકો પણ બળવાન હતા, અંબરીષોથી ડરીને પાછા હઠીજાય એવા ન હતા. દેવ દાનવોના યુદ્ધની વાતો પુરાણોમાં આવે છે એની સ્મૃતિ અમારા યુદ્ધે કરાવી આપી.

બાણોનો મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો. દુષ્ટ અંબરીષ દુશ્મનોની સંખ્યા વધુ વિપુલ પ્રમાણમાં હતી અમારા સૈનિકો ઓછા હતા એટલે અમારા સૈન્યમાં ભંગાણ પડવા લાગ્યું. અમારૂં સૈન્ય હારી જવાની અણી ઉપર આવી ગયું. વશ્વાનરે મારામાં પ્રવેશ કર્યો, નવપરિણીતા હિંસા દેવીએ મને આંલિગન કર્યું, પુણ્યોદય પડખે આવી ઉભો રહ્યો અને હું સિંહગર્જના કરતો મેદાનમાં આવી પહોંચ્યો.

મેં શસ્ત્રોનો વરસાદ ચાલુ. કર્યો અને શત્રુઓના નાયક પ્રવરસેન સાથે મારૂં યુદ્ધ જામ્યું.

વૈશ્વાનરે મને એક વડું ખાવાનો આદેશ આપ્યો. મેં એના આદેશને માન આપી એક વડું ખાધું તરતજ સૂર્ય

જેવો તેજસ્વી બની ગયો. મારી સામે ઉભા રહેવાનું પ્રવરસેન માટે કપરૂં બન્યું. યુદ્ધે ભયંકર સ્વરૂપ લીધું.

છેવટે પ્રવરસેનનું ધનુષ ભાંગી ગયું. પુણ્યોદયના પ્રભાવથી અલ્પસમયમાં જ મેં શત્રુ સૈન્યમાં હાહાકાર મચાવી મૂક્યો. શસ્ત્ર અસ્ત્ર વિદ્યામાં નિષ્ણાત પ્રવરસેનનું ધનુષ મેં કાપી નાખ્યું, ત્યારે રથમાંથી કૂદકો મારી નીચે ઉતરી પડયો ક્રોધથી તલવાર હાથમાં લઈ મારા તરફ ધસ્યો.

નવવધુ હિંસાએ આલિંગન કરેલું હતું. એમાં પ્રવરસેનને સામે ધમધમતો આવતો જોઈ હું તાડૂકી ઉઠયો. અને હાથમાં અર્ધચંદ્રાકાર બાણ લઈ ધનુષની પણછ ઉપર ચડાવી કાન સુધી ખેંચી નિશાન તાકી છોડયું.

હાથી કમળને ઉખેડી નાખે તેમ અર્ધચંદ્રાકાર બાણે પ્રવરસેનનું મસ્તક ધડથી ઉખેડી દૂર કર્યું.

અમારા સૈન્યમાં હર્ષના પોકારો થવા લાગ્યા આકાશમાંથી દેવતાઓએ પુષ્પની વૃષ્ટિ કરી. "સર્વત્ર જય હો, નંદિવર્ધન કુમારનો જય હો"ના અવાજો થવા લગ્યા.

નાથ વિહૂણું બનેલું અંબરીષ સૈન્ય અમારે શરણે આવ્યું અને અમે અમારા સૈન્યમાં ભેળવી દીધું.

ત્યારબાદ વિષમકુટ પર્વતથી આગળ પ્રયાણ ચાલુ કર્યું. અનુક્રમે અમે કુશાવર્ત નગરે આવી પહોંચ્યા.

## વિમલાનનાના કનક શેખર સાથે અને રત્નાવતીના નંદિવર્ધન સાથે લગ્ન

શ્રી કનકચૂડ મહારાજાને અમારા આવી ગયાના સમાચાર મલ્યા. એમને ઘણો જ આનંદ થયો. આનંદ થવાના કારણે નગર પ્રવેશ ઉત્સવ કરાવ્યો. સ્વજન સંબંધી વર્ગનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું.

રાજાએ શુભ મુહૂર્ત જોઇ વિમલાનનાના શ્રી કનક શેખર સાથે લગ્ન કરાવ્યા અને એજ રીતે રત્નવતીના મારી (નંદીવર્ધન કુમારની) સાથે લગ્ન કરાવ્યાં.

રાજ્યની રીતરસમો પ્રમાણે દરેક ક્રિયાઓ થઈ ગરીબોને દાન દેવાયા, કેદીઓને છૂટા કરવામાં આવ્યા.

## વિમલાનના અને રત્નવતીનું અપહરણ

લગ્નના આનંદજનક મંગળ કર્તવ્યો પૂરા થઈ ગયા. એ વાતને ત્રણ ત્રણ દિવસના વહાણા પસાર થઈ ગયા પછી વિમલાનના અને રત્નવતી અમારી આજ્ઞા લઈને ફરવા માટે "ચુતચૂચુક" નામના ઉદ્યાનમાં ગયા હતાં અને ત્યાં આનંદથી રમત ગમતની ક્રીડાઓ કરી રહ્યાં હતાં.

એ વખતે હું અને કનકશેખર શ્રી કનકચૂડ મહારાજાની રાજ્યસભામાં બેઠાં હતાં. અચાનક મોટા ઘોંઘાટ થવા લાગ્યા. બહાર દાસીઓ જોરથી પોકારો કરવા લાગી.

કોલહલના કારણે રાજ્યસભા વિચારમાં પડી ગઈ. તરત જ સભા વિસર્જન કરવામાં આવી. પાછો અવાજ આવ્યો કે કોઈ દુષ્ટો વિમલાનના અને રત્નવતીનું અપહરણ કરી લઈ જાય છે. "દોડો દોડો પકડો પકડો" આ જાતના પોકારો

ચારે બાજુ થવા લાગ્યા.

અમારૂં સૈન્ય પણ તે જ વખતે એની પછવાડે પડ્યું.

## વિભાકર સાથે યુદ્ધ અને એમાં વિજય પતાકા

શત્રુ સૈન્યે રાતદિવસ અવિરત પ્રયાણો કરેલ તેથી તે શ્રમિત બન્યું હતું. અમારા સૈન્યમાં ઘણી સ્ફૂર્તિ હતી એટલે તીવ્ર ગતિએ એમનો પીછો પકડ્યો અને થોડી વારમાં જ એ સૈન્યની નજીક અમારૂં સૈન્ય પહોંચી ગયું.

શત્રુ સૈન્યમાં ભાટ અને ચારણો વિભાકરની યશોગાથા અને બીરૂદાવલીઓ ગાઈ રહ્યા હતા. વિભાકરની બીરૂદાવલીઓ સાંભળીને અમારા સૌના મનમાં નિર્ણય થયો કે–

શ્રી કનકચૂડ મહારાજાના ત્રણ અમાત્યોએ શ્રી પદ્મરાજાની સભામાં જણાવેલું હતું, કે વિમલાનનાના જન્મ પહેલાં જ એની માતાએ પોતાના ભાઈ પ્રભાકરના પુત્ર વિભાકર વેરે લગ્ન સંબંધ બાંધવાનું નક્કી કરેલ, તે જ વિભાકર આવી પહોંચ્યો જણાય છે અને નવોઢા વિમલાનના તેમજ રત્નવતીનું અપહરણ કરી પલાયન થઈ રહ્યો છે. આ જાતનો નિર્ણય કરી મેં કઠોર શબ્દો કહેવા ચાલુ કર્યા.

અરે અધમ! લુચ્ચા વિભાકર! પારકી સ્ત્રીના ચોર! બાયલા! પીઠ બતાવી કાં ભાગ્યો? સામો આવ! તારૂં શૌર્ય બતાવ? નામર્દાઈ કેમ કરે છે? તાકાત હોય તો લડી લે?

કઠોર શબ્દ પ્રહારોથી વિભાકર ઉત્તેજિત થઈ ગયો

અને ગંગા, યમુના અને સરસ્વતી નદીના પ્રવાહની જેમ ત્રણ બાજુથી વ્યૂહની રચના પૂર્વક અમારી ઉપર આક્રમણ કરવા ધસી આવ્યો.

શત્રુ સૈન્યના ત્રણ નાયકો ત્રણ બાજુથી સૈન્યને દોરવણી આપતા હતા. હું કનકચૂડ અને કનકશેખર એ ત્રણ નાયકોની સામે ગોઠવાઇ ગયા.

જે દૂત વિમલાનનના અને રત્નવતીના ઉદ્યાનમાં આગમન થયાના સમાચાર આપવા શ્રી કનકચૂડ રાજા પાસે આવેલો તે "વિકટ" દૂત મારી બાજુમાં જ હતો. મેં એને પૂછ્યું.

અરે વિકટ ! આ ત્રણ નાયકો કોણ છે ?

વિકટે જણાવ્યું, હે કુમાર ! એ બધાને હું બરોબર ઓળખું છું. એમના સૈન્યની વહેંચણી ત્રણ વિભાગમાં કરવામાં આવી છે. એમાં જે વચ્ચેનો એટલે આપણી સન્મુખ સૈન્ય વિભાગ છે તેનો સંચાલક શ્રી સમરસેન છે અને તે કલિંગ દેશનો અધિપતિ રાજા છે.

સમરસેન પાસે સૈન્યબળ ઘણું છે. વિભાકરના પિતાજી પ્રભાકર રાજાને સમરસેન સાથે સારી મિત્રતા છે. સમરસેનના સૈન્યના બળના કારણે જ પ્રભાકરરાજા પોતે જ સર્વના સ્વામી ન હોય એવા દમામ પૂર્વક વર્તે છે.

શ્રી કનકચૂડ રાજાની સન્મુખ સૈન્ય વિભાગના સંચાલક શ્રી દ્રુમરાજા છે. તેઓ વંગ દેશના અધિપતિ છે અને વિભાકરના મામા થાય છે.

શ્રી કનકશેખર કુમારની સામે જે સૈન્ય વિભાગ છે. એનું સંચાલન શ્રી પ્રભાકર મહારાજનો પુત્ર વિભાકર પોતે કરી રહેલા છે.

વિકટ આ રીતે મને શત્રુ સૈન્યના નાયકોની ઓળખ વિધિ કરાવતો હતો ત્યાં બંને સૈન્યમાં પરસ્પર યુદ્ધનો પ્રારંભ થઈ ચૂક્યો.

## યુદ્ધનું વર્ણન અને સમરસેનનું પતન

તીરો આકાશમાં પંખીના ટોળાની જેમ દેખાવા લાગ્યા. આકાશમાં અંધકાર છવાઈ જતો લાગ્યો. તલવારોના ઘર્ષણથી અગ્નિના કણીઆઓ આકાશમાંથી પડતા દેખાતા હતા. હાથી સામે હાથીયો ટક્કર ઝીલતા હતા અને એના પ્રચંડ અવાજોના કારણે કાનો બહેર મારી જતા હતા. ઘોડેસ્વારોના ઘોડાઓ હણહણાટ કરતા શત્રુ સૈન્યમાં ઘૂસી જતા હતા.

વૃક્ષ ઉપરથી ફળ પડે તેમ બન્ને સૈન્યના સૈનિકોના મસ્તકો કપાઈ કપાઇ પૃથ્વી ઉપર પડવા લાગ્યા. રથના યુદ્ધથી યુદ્ધ ભયંકર બન્યું. માર્ગમાં મોટો અવરોધ થતો હતો. રથોના તૂટી જવાના કારણે જવાઆવવામાં મોટી મુશ્કેલી ઉભી થઈ ગઈ હતી. મરેલા હાથીઓ વચ્ચે વિઘ્નભૂત થતાં હતાં. ઘણા પુરૂષો, ઘોડાઓ અને હાથીઓના મૃત્યુ થવાથી લોહીની નદીઓ વહેતી જણાઈ.

આવા ભયંકર યુદ્ધમાં મદોન્મત્ત શત્રુ સૈન્યે એકદમ જોરથી હુમલો કરી અમારા સૈન્યમાં ગાબડું પાડ્યું. સ્નાન

કરવા તળાવમાં પડેલા પાડાઓ તળાવનો બધો ભાગ ખૂંદી નાખે તેમ શત્રુસૈન્યને ખૂંદી નાખી ઠેઠ અમારી નજીક આવી પહોંચ્યા.

મારી સામે સમરસેન આવ્યો, કનક શેખરની સામે વિભાકર આવી પહોંચ્યો અને શ્રી કનકચૂડ સામે દ્રુમ ધસ્યો.

અવિવેકતાના પુત્ર વૈશ્વાનરે મને એક વડું ખાવાનો સંકેત કર્યો અને મેં તરતજ વડું મુખમાં મુકયું.

વડાના પ્રતાપે મારો દેખાવ અત્યંત ભીષણ બિહામણો બની ગયો. વહાલસોઇ હિંસાએ મને આલિંગન કર્યું એટલે મારી ક્રૂરતાએ મર્યાદા વટાવી દીધી.

મેં કટુ અને અપમાનજનક શબ્દોથી સમરસેનને ઉશ્કેર્યો. અતિ ગુસ્સે ભરાએલા તેણે અસ્ત્રોનો વરસાદ મારા ઉપર ઝીકયો પણ પુણ્યોદયના પ્રતાપે એની કાંઈ પણ અસર મારા ઉપર ન થઈ.

પછી દરેક શસ્ત્રોનો ઉપયોગ કરવા લાગ્યો એમાં પણ એને નિષ્ફળતા પ્રાપ્ત થઈ. અલ્પસમયમાંજ અમારા બેનું યુદ્ધ ઘણું ભયંકર થઈ ગયું. આ યુદ્ધને જોવા દેવો અને વિદ્યાધરો પણ આવ્યા અને આકાશમાં રહી જોવા લાગ્યા.

હિંસાએ યુદ્ધભૂમિમાં જ મને ગાઢ આલિંગન આપ્યું. એટલે મારી શકિત વધુ વિકસિત બની ગઈ. મેં શકિત નામનું અમોઘ હથીયાર હાથમાં લીધું અને એ લઈ બરોબર અવસર જોઈ સમરસેન ઉપર પ્રહાર કર્યો. એ પ્રહારથી

કાલિંગડુ તુટે તેમ એનું મસ્તક તુટી ગયું અને મસ્તકના કુરચે કુરચા ઉડી ગયા.

દ્રુમ શ્રી કનકચૂડ સાથે યુદ્ધ કરી રહયો હતો, મેં એને અપશબ્દોથી ઉશ્કેર્યો એટલે મારી તરફ ધસ્યો. મેં યુદ્ધનું આહ્વાન આપ્યું યુદ્ધ અલ્પકાળ ચાલ્યું. હિંસાએ કટાક્ષ નયનોથી મારા તરફ જોયું. મારો જુસ્સો વધી ગયો. અર્ધચંદ્રાકાર બાણ લઈ ધનુષની પણછ ઉપર ચડાવી. કાનસુધી ખેંચી છોડયું. તરત જ ધડ અને મસ્ત જુદા થઈ ગયા.

સમરસેન અને દ્રુમના મૃત્યુથી એમના સૈન્યો ભાગી પડયા અને અમારા સૈન્યમાં આનંદની કીકીયારીઓ થવા લાગી વિજયનો ઉલ્લાસ દેખાવા લાગ્યો.

## વિભાકરની મૂર્છા

બીજી તરફ વિભાકર અને કનકશેખરનુ યુદ્ધ ચાલુ છે. એ બન્નેએ બાણોથી યુદ્ધનુ મંગલાચરણ કરેલ પણ એ ખૂટી પડતા બીજા જે દેવાધિષ્ઠિત મોટા શસ્ત્રાસ્ત્રો હતા એનાથી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા.

વિભાકરના શસ્ત્રાસ્ત્રો ખૂટી ગયા એટલે તલવાર હાથમાં લઈ રથનો ત્યાગ કરી કનકશેખરને મારવા દોડયો. ક્રોધથી ધમધમી ઉઠેલા કનકશેખરે પણ છલાંગ મારી રથથી નીચે ઉતરી પડયો અને તલવાર લઇ સામો ત્રાટકયો.

થોડો વખત વિભાકર અને કનકશેખરની તલવારનો

પટ્ટાબાજી ઘણી સુંદર ચાલી. એક બીજા પોતાનો બચાવ પણ ઘણી સારી રીતે કરી જાણતા હતા. ઉભયપક્ષના સૈનિકોને આ જોવામાં રસ પડ્યો. એમાં લાગ જોઈ કનકશેખરે વિભાકરના મર્મ ભાગ ઉપર તલવારનો ઘા ઝીક્યો અને તરત જ તે જમીન ઉપર ઢળી પડ્યો.

અમારા સૈન્યમાં હર્ષના અવાજો થવા લાગ્યા પણ કનકશેખરે એ બંધ કરાવ્યા કનકશેખર ઘણા જ ઉદાર દિલનો ક્ષત્રિય નરવીર હતો.

તલવારના ઘાથી ભૂમીપર મૂર્છિત થઈને ઢળી પડેલા વિભાકરને કનકશેખર હવા નાખવા લાગ્યો. જલનો છંટકાવ કરી એની મૂર્છા દૂર કરી શાન્ત્વન આપ્યું.

મૂર્ચ્છા પૂર્ણ ઉતર્યાબાદ કનકશેખરે જણાવ્યું.

હે વિભાકર! તને ધન્યવાદ છે. આવા ભયંકર અને કટોકટીના યુદ્ધમાં પણ તે પોતાનું ક્ષાત્રતેજ ગુમાવ્યુ નથી અને સાત્વિકતા, હિંમત ધૈર્ય ખોયાં નથી.

હે શ્રેષ્ઠ ક્ષત્રિયવીર! હજુ તું ઉભો થા! ફરીથી આપણે યુદ્ધ કરીએ. તું એકવખત પડ્યો અને મૂર્ચ્છા આવી ગઈ એટલા માત્રથી તારી હાર થઈ અને હું વિજયી બની ગયો છું, એમ મારૂં માનવું નથી. ફરી તું રણમેદાને આવી જા. અને તારૂં ગૌરવભર્યું પરાક્રમ દેખાડ.

ઉદારદિલ કનકશેખરના ઉદાર શબ્દો સાંભળી વિભાકરને એના ઉપર સદ્ભાવ જાગ્યો. એની ઉદારતા, શૂરવીરતા, ધીરતા,

ગંભીરતા વિગેરે ગુણોથી આકર્ષાઈ જઈ કહે છે.

હે આર્ય ! અહંકારની ઉત્તેજના કરનાર અને અહંભાવને પોષણ આપનાર એવા યુદ્ધની વાત જતી કરો. આપણે યુદ્ધ કરવું નથી.

આપે મને માત્ર તલવાર યુદ્ધમાં જિત્યો છે એમ નથી પણ આપે આપના અલૌકિક ગુણોવડે અમારા મનને પણ જિતી લીધું છે. આપનું આચરણ મહાત્મા પુરૂષોને પણ પ્રશંસનીય છે. આપનું ચરિત્ર એક અદ્‌ભુત આદર્શ રૂપ અને અનુકરણીય છે.

આ પ્રમાણે હૃદયથી પ્રશંસા કરી રહેલા વિભાકરને કનકશેખરે પોતાના વડિલબંધુની જેમ નમ્રતા અને સભ્યતા પૂર્વક પોતાના રથમાં બેસાડયો.

## વિજયના સન્માન પૂર્વક નગર પ્રવેશ

અમારો વિજય થયો એટલે શ્રી કનકચૂડ મહારાજાએ સન્માન યાત્રાની તૈયારીયો કરી. અમને અને નવોઢા પત્નીઓને ગજરાજ ઉપર બેસાડયાં. રાજમાર્ગોની અને નગરની શોભા નિહાળતાં અમોએ પ્રવેશ કર્યો. શ્રી કનકચૂડ અને કનકશેખર આનંદમાં આવી ગએલા લોકોની હર્ષભરી નજર તળે થઇ પોતાના મહેલે પધાર્યા.

હું રાજમાર્ગોમાં મારી પ્રશંશાના પથરાએલા પુષ્પોની સૌરભ લેતો મારા મહેલે જઈ રહ્યો હતો.

ત્યાં રસ્તામાં નારીના ટોળા વાતો કરતાં હતાં કે

ધન્ય છે આ કુમારને, જેણે મહાબલવાન અને મદોન્મત્ત એવા સમરસેન અને દ્રુમરાજાને પોતાના બાહુબળથી હરાવ્યા છે. એના શૌર્યને અભિનંદન ઘટે છે. એની નિર્ભયતા, ચકોરતા, અને યુદ્ધલાઘવની કુશળતાને ધન્યવાદ છે.

પદ્મરાજાના સુપુત્ર નંદિવર્ધન કુમાર એ કોઈ સાધારણ માનવી નથી પણ દૈવી પુરૂષ છે. એ વિના આવું બળ, પરાક્રમ વિગેરે સંભવી શકે નહિ.

આ રત્નવતીને પણ ધન્યવાદ ઘટે છે જેને આવા મહાપરાક્રમી નરરત્નની પ્રિયતમા થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

અમોને પણ ધન્યવાદ ઘટે છે, કારણ કે રત્નવતીના પ્રિયતમના દર્શન કરવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો.

અરે! આ આપણી નગરીને પણ ધન્યવાદ હોજો કે જ્યાં આવા વીરનરના પગલા થવા દ્વારા પવિત્ર થવાનું સૌભાગ્ય મળ્યું. આવા નરનું ચરિત્ર જ પવિત્ર હોય છે કે જે આપણને એમની યશોગાથા ગાવાની નિર્મળ પ્રેરણા આપી આનંદનો અનુભવ કરાવે છે.

નગરનારીઓના મુખચંદ્રથી પ્રીતિજનક મધુરીપ્રશંસા ભરી વાણી સાંભળતો રથમાં બેસી હું દરબાર ગઢની નજીકમાં પહોંચ્યો.

## તારા મૈત્રક

સુહ્મલોકોના સ્વામી શ્રી જયવર્મા રાજાની પુત્રી મલય મંજરી હતી. તે શ્રી કનકચૂડ મહારાજાની પ્રિયરાણી હતી.

એમને એક પુત્રી હતી.

તે પુત્રી કામદેવને રતિ પ્રમોદ કરવા ક્રીડાંગણ સમી, દેવીઓને પણ ઈર્ષા ઉપજાવે તેવી સુવર્ણ રેખા જેવી રૂપવતી અને લાવણ્યવતી હતી, એનું નામ "કનકમંજરી" હતું.

મારો રથ રાજાના દરબારગઢ તરફ આવી રહ્યો હતો. તે વખતે કનકમંજરી ગોખમાંથી ઉભી ઉભી મને પ્રેમભરી નજરે નિહાળી રહી હતી. શિકારીના બાણથી ભોળી હરિણી વિંધાઈ જાય તેમ કનકમંજરી મને જોતાની સાથે જ કામદેવના બાણથી વિંધાઈ ગઈ.

હું પણ ચારે તરફ નજર ફેરવતો જતો હતો. અચાનક કનકમંજરી ઉપર મારી નજર ઠરી. થાકેલા અને તૃષાથી તૃષિત થએલા મુસાફરની પાણીની પરબ ઉપર નજર જાય અને એ વખતે એને જે શાંતિ થાય. તેમ મારી નજર પણ અમૃતપુંજસમી એ કન્યા ઉપર શાંત અને સ્થિર બની ગઈ.

કનકમંજરીની અને મારી કીકીયોએ એક બીજાને સ્નેહથી નિહાળવું પ્રારંભ કર્યું. અમારી તારામૈત્રી ત્યાં થઈ ગઈ.

અમારા બન્નેની નજર સ્તંભિત બની ગઈ, એકબીજાના હૃદય એકબીજા ઉપર આકર્ષાયા અને એક બીજાના હૃદયની ત્યાં આપ-લે થઈ ગઈ.

અમારી નજર એ વખતે એવી સ્થિર હતી કે અમને બીજું કાંઈ ભાન ન રહ્યું. પરંતુ મારો ચકોર સારથી તેતલી

આ તારામૈત્રક જોઈ ગયો અને હૃદયનો આશય પણ સમજી ગયો.

તેતલીને થતું કે તારામૈત્રક થાય તેમાં મારે વાંધો લેવાનો ન હોય. નંદિવર્ધન કુમાર અને કનકમંજરીનો મેળ પણ સુયોગ્ય ગણાય. પરન્તુ રસ્તામાં આ રીતે તારામૈત્રી થાય એમાં કુમારશ્રીની હિણપત ભરી નિંદા થશે. કદાચ કનકમંજરીને પણ સહન કરવાનો અવસર આવે. રથ જલ્દી હંકારી આવાસે પહોંચવું ઉત્તમ ગણાશે.

તેતલી સારથીએ રથ એકદમ હંકારી મુકયો અને વિખૂટાં પડેલાં બન્નેના હૃદય રડી ઉઠયાં.

## વિરહની વ્યથા

સારથી તેતલી મને મહેલમાં લઈ આવ્યો પણ મારૂં મન મારી પાસે ન હતું. મારૂં હૃદય કનકમંજરી પાસે મુકી આવ્યો હતો. જેમ તેમ કરી દિવસના કામો આટોપી લીધા. થોડો દિવસ પણ મહામુશિબતે પૂરો કર્યો, કામજ્વરથી પીડાતા એવા મારી દશા અંકુશબહાર થઈ ગઈ. જેવી મારી દશા થઈ રહી છે, એવી અથવા એથી પણ વધુ ખરાબ દશા કનકમંજરીની થતી હશે. એમ મને કલ્પના થઈ.

સંધ્યાનો સમય થવા આવ્યો એટલે સહસ્રરશ્મિ શ્રી સૂર્યનું તેજ મંદ બની ગયું. એને થયું કે નિસ્તેજ હાલતમાં અહીં રહેવું એના કરતાં સ્થાનાંતરે જવું વધુ યોગ્ય છે, એમ વિચારતો શ્રી સૂર્ય પણ અન્ય દ્વીપો ભણી ચાલ્યો ગયો.

દિવસ પૂરો થયો, સાયંકાલ આવ્યું. સાયંકાલને થયું મારો મિત્ર દિવસ ચાલ્યો જાય તો મારે રહેવું પણ નકામું છે. એ પણ પોતાના મિત્રની પછવાડે પછવાડે ચાલ્યો ગયો. "નિખાલસભરી મિત્રતાને વરેલા મિત્રનો વિયોગ સહેવો અતિમુશ્કેલ હોય છે."

સરોવરીયામાં ખીલેલી કમલિનીઓ કરમાઈ ગઈ નર ચક્રવાકોના દૂર વૃક્ષ ઉપર બેસવાથી માદા ચક્રવાકીયો બળતા હૃદયે વિલવતી બેઠી છે.

કાજળ જેવું કાળું અને કાદવ જેવું ઘાટું, તમાલ વૃક્ષના શ્યામ પત્રોથી ઢંકાએલું ન હોય એવું અંધકારનું સામ્રાજ્ય આ વિશ્વમાં સર્વત્ર વ્યાપક બની ગયું.

તમાલવૃક્ષ અને કાજળ જેવા મહાશ્યામ નાગરાજની ફણાંમાં રહેલો મણિ ઝાંખો પ્રકાશ અને ઉત્તમશોભાને આપે છે તેમ શ્યામલા રજનીમાં શ્યામગગનના તારલાઓ ઝાંખો પ્રકાશ અને ઉત્તમ શોભાને આપતાં હતાં.

ભયાનક અંધકારમાં રત્નરાશિઓ સારો એવો પ્રકાશ પાથરે છે તેમ વિશાળ સ્તંભો ઉપર શોભી રહેલાં દીવાઓ નગરમાં સર્વત્ર સુપ્રકાશ ફેલાવી રહ્યાં હતાં.

રાત્રીનો અર્ધ પ્રહર પૂર્ણ થવા આવ્યો હશે ત્યાં લાવણ્યવતી અને સૌભાગ્યવતી નારીના નિર્મળ ભાળ પ્રદેશમાં શીતલ ગુણકારી ચંદનનો ગોળમટોળ ચાંલ્લો શોભે તેમ પૂર્વદિશારૂપ સ્ત્રીના કપાળમાં દૂધની ધારા જેવો ધવલ ચંદ્ર

શોભવા લાગ્યો અર્થાત્ ચંદ્રમાએ પૂર્વ દિશામાં ઉદય પામી પોતાની જ્યોત્સના જગત ઉપર પાથરી.

શિખર ઉપર કળશ હોય તો મંદિર શોહામણું લાગે છે. મસ્તક ઉપર સુવર્ણ છત્ર ધરવામાં આવ્યું હોય તો રાજા શોહામણા લાગે છે. તેમ નિર્મળ આકાશમાં પૂર્ણકળાએ ખીલેલા શીતકિરણ ચંદ્ર વડે ઉદયાચલ પર્વત શોભવા લાગ્યો.

પરાક્રમશાલી સિંહ પોતાના પંજાઓ દ્વારા મંદોન્મત્ત હાથીઓના ગંડસ્થલોને સહેલાઈથી ચીરી નાખે છે, તેમ જગત રૂપ જંગલમાં ચારે બાજુ રખડતા, સ્વેચ્છાચારી અંધકારરૂપ હાથીઓના ટોળાને ચંદ્રમાએ પોતાના ઉજ્વલ પ્રકાશી કિરણો દ્વારા વેરવિખેર કરી નાખ્યા.

ચંદ્રમાએ પોતાના યશોગાનને ગાતા કિરણોરૂપ વિણાના તાર દ્વારા વિશ્વને આવરી લીધું. જાણે વિશ્વમાં સર્વત્ર કળીચૂનાની પોતાઈ ન કરી હોય? જાણે ક્ષીર સમુદ્રના દૂધ જેવા ફીણથી વિશ્વ છલોછલ ભરાઈ ન ગયું હોય? જાણે શ્વેત દિગ્ગજોના શ્વેત પ્રકાશથી શ્વેત ન બની ગયું હોય? એવું સોહામણું જગત જણાવા લાગ્યું.

કામદેવના બાણોનું કામ આપતા રજનપતિ શ્રીચંદ્રના કિરણો મને અને કનકમંજરીને વિરહવ્યથાથી અત્યંત આકુળ-વ્યાકુળ કરી મૂકતા હતા.

ત્રણ પહોરની નાની જેવી રાત અમારે મન સો પહોર કરતાં મોટી બની ગઈ. ચંદ્રજ્યોત્સનાવાળી રાત્રીનું

સુખદ અને શીતલ વાતાવરણ અમારા હૃદય માટે દુઃખદ અને દાહક નીવડતું હતું. અમારા હૈયા વલોવાઈ જતાં હતાં.

જલ વિનાના માછલાની જેમ શય્યામાં તરફડતા તરફડતા અમારી રાત્રી મહામુસીબતે પૂર્ણ થઈ.

સમુદ્રનો મહાવડવાનલ સમુદ્રના અગાધજલને ભેદીને મહાપ્રકાશની સાથે બહાર આવે તેમ પ્રકાશપુંજ શ્રી સવિતાનારાયણ પૂર્વદિશામાં ઉદયાચલ ઉપર ઉજ્વલ પ્રકાશની સાથે પ્રગટ થયા.

પૃથ્વી ઉપર દર્શન આપતા પહેલાં એવું વાતાવરણ સર્જાએલું જણાતું હતું કે જાણે સવિતાનારાયણ પોતાના કનકકાન્ત કિરણો વડે ઉદયાચલના નીચા શિખરોનું આલંબન લઈ સમુદ્રમાંથી બહાર ન આવી રહ્યાં હોય ?

જે વખતે સૂર્ય પૂર્વાકાશમા પ્રવેશ કરી રહ્યાં હતાં ત્યારે "કોક" જાતીય પક્ષીયોની હારમાળા પૂર્વ પ્રતિ પોતાનું મુખ રાખી પંક્તિબદ્ધ ઉભી હતી. જાણે સૂર્યદર્શનની ઉત્સુકતા ન ઉભરાતી હોય ?

રક્તકિરણ શ્રી સૂર્યના ઉદય થવાથી અષાઢીમેઘ જેવું શ્યામ અંધકાર ક્યાંય અલોપ થઈ ગયું, આ દૃશ્યમાન વિશ્વમાં અંધકારનું સ્થાન જ ન રહ્યું. એ કોઈ વનનિકુંજોની

---

૧ સંસ્કૃતમાં આ ઠેકાણે રાત્રી માટે "त्रियामा" શબ્દ વાપર્યો છે. त्रि-ત્રણ, यामा-પહોર. સૂર્યાસ્ત પછીનો અર્ધ અને ઉદય પહેલાનો અર્ધ પહોર એને "प्रदोष" "प्रभात" કહ્યાં છે.

ગાઢ ઝાડીમાં અને ગિરિ ગુફાઓમાં લખાઈને બેસી ગયું.

સહસ્રકિરણ શ્રી સૂર્યે પોતાના ઉષ્ણકિરણોની ઉષ્મા જગત ઉપર પાથરી એટલે કમળોએ એ કિરણના દર્શન દ્વારા પોતાની પાંખડીઓ વિકસ્વર કરી અને માનવીઓએ પણ પોતાના નેત્રરૂપ કમળોની પાંખડલીઓ ખીલવી. અર્થાત્ સૂર્યોદય થયો અને સૌ ઉંઘમાંથી મુક્ત બની જાગ્રત થયા.

આ રીતે દિવસના ઉદય થયાને સારો સમય પસાર થઈ ગયો. અને તેતલી સારથી મારા શયનખંડમાં આવી સન્મુખ ઉભો રહ્યો, છતાં કમળદળ જેવા વિશાળનેત્રવાળી કનકમંજરીના ધ્યાનમાં સ્થિર હોવાથી મને કાંઈ પણ ખ્યાલ ન આવ્યો. દિવસ ઉગ્યાનો અને તેતલીના આવ્યાની મને જાણ ન થઈ. હું મારી પ્રિયતમાના જ ધ્યાનમાં સ્થિતિપ્રજ્ઞ જેવો સ્થિર બની ગયો હતો.

## કનકમંજરીના વિવાહ માટે પિતાજીના વિચારો

મહારાજા શ્રી કનકચૂડ અને રાજકુમાર શ્રી કનક શેખર દિવાનખંડમાં વાતો કરતાં બેઠા હતાં. એ પિતા પુત્રના હૃદયની અંદર કલિંગાધિપતિ સમરસેન અને વંગાધિપતિ દ્રુમના પરાજય થવાથી આનંદ થઈ રહ્યો હતો.

પિતાએ પુત્રને જણાવ્યું. હે ભદ્ર! આપણા આ બે મહાન દુશ્મનનો પરાભવ કરનાર નંદિવર્ધન કોઇ સામાન્ય માનવી નથી એના ઉપકારનો બદલો કોઈ રીતે વાળી આપવા સમર્થ નથી. ગમે તેટલું કરીએ તો પણ ઋણ મુક્ત થઇ શકશું

નહિ. આપણે આપણા પ્રાણો એને ન્યોછાવર કરી દઈએ તો પણ એ ઋણ અદા થઈ શકશે નહિ. છતાં એક સુઅવસર આપણને મલ્યો છે એનો સહજ લાભ લઈએ તો કેમ ?

મલયમંજરી રાણીથી ઉત્પન્ન થએલી મારી બે પુત્રીઓ છે. મોટી મણિમંજરી અને નાની કનકમંજરી. એમાં મોટી મણિમંજરીને તો નંદિવર્ધનના મોટા ભાઈ શીલવર્ધનને આપી ચૂકયો છું. પણ કનકમંજરીના લગ્ન વિવાહ બાકી છે. તો એ આપણે નંદિવર્ધન કુમારને આપીએ તો કેમ ?

કનકશેખરે જણાવ્યું પિતાજી ! આ વિચાર ઘણોજ સુંદર છે. આ કનકમંજરી આપવા દ્વારા આપણે કુમાર સાથે સારો સંબંધ બાંધ્યો ગણાશે અને યોગ્યવસ્તુ આપી મનાશે. હું આપની ઇચ્છાને આધીન બનું છું. "આપની આજ્ઞા મારે પ્રમાણ છે."

રાજાશ્રી કનકચૂડે પોતાની વ્હાલસોઈ ગુણવતી પુત્રી કનકમંજરી મને આપવા માટે મારી પાસે મંત્રીશ્વર શ્રી "વિમલ" ને મોકલ્યાં.

આવતાંની સાથે મંત્રીશ્વરે મને વિનયપૂર્વક નમસ્કાર કર્યા. જણાવ્યું કે હે દેવ ! અમારા રાજાશ્રી કનકચૂડ મહા-રાજાએ આપને એક નમ્ર વિજ્ઞપ્તિ મોકલી છે.

અમારે કનકમંજરી નામની એક પુત્રી છે. રૂપ, લાવણ્ય અને ગુણોથી તે અદ્ભુત છે. બન્ધુવત્સલ કુમાર ! આપશ્રી અમારી આગ્રહ ભરી વિનતિથી અમારા મનના

સંતોષ ખાતર એ ગુણવતી કન્યાનો સ્વીકાર કરો અને અમને આનંદ આપો.

આ વાત સાંભળી મને ઘણો આનંદ થયો. જેની પ્રાપ્તિ માટે એક રાત્રી મેં મહા ઝંખનાઓમાં ગાળી છે. વિરહવ્યથાની કારમી વેદના સહન કરી રહ્યો છું, તેજ કનકમંજરી મને સહેજમાં પ્રાપ્ત થઈ રહી છે, પછી બીજું શું જોઈએ? મેં મારી પાસે રહેલા તેતલીના મુખ સામે જોયું.

મનોભાવને સમજી જવામાં ચતુર તેતલીએ તરત જણાવ્યું. હે કુમાર! આપે કુશાવર્ત નગરના મહારાજાશ્રીની વાતનો સ્વીકાર કરવો જોઈએ. આપને એ પોતાની લાડકવાયી સુયોગ્ય કન્યા આપે છે તો આપે પણ એમની પ્રાર્થનાની સ્વીકૃતિ આપી એમને મન સંતોષ આપવો જોઈએ.

મેં મંત્રીશને જણાવ્યું, હે આર્ય! તમારા મહારાજા શ્રીની વિનંતિનો હું આનંદભેર સ્વીકાર કરૂં છું. એમની વિનંતિને પાછી ઠેલવા હું અસમર્થ છું.

મંત્રીશ્વર વિમલે કહ્યું, "આપનો મહા ઉપકાર" એમ જણાવી એઓ ઉભા થઈ મને નમસ્કાર કરી મહારાજા શ્રી પાસે ગયા. મહારાજા શ્રી કનકચૂડે એજ દિવસની સંધ્યાએ ગોરજ મુહૂર્તમાં ઘણાજ આનંદ ઉલ્લાસ પૂર્વક અમારા બન્નેનો વિવાહોત્સવ કરાવ્યો અમારા બન્નેનો અગ્નિની સાક્ષીએ વિધિપૂર્વક હસ્તમેલાપ કરાવ્યો. કનક મંજરી અને હું લગ્નગ્રંથીથી બંધાયા.

મારા અને કનકમંજરીના મનોભિલાષની સફળતા

થવાથી અમને ઘણો આનંદ થતો હતો. અમારો પરસ્પર એવો વિશિષ્ટ પ્રેમ થયો કે એનું વર્ણન કોઈ પણ કવિયો એની કવિતા ન બનાવી શકે. કોઈ એનું વર્ણન ન આલેખી શકે

અમારા બન્નેના શરીર જુદા હતાં પણ આત્મા એક હોય એ જાતનો અમારો અવિહડ સ્નેહ થઇ ગયો. અમારા દિવસો આનંદ કલ્લોલમાં જવા લાગ્યા.

## વિભાકર વિગેરેને સન્માન ભરી વિદાય

કનકશેખર વિભાકરને પોતાના રથની અંદર બેસાડી નગરમાં લાવેલો. પણ યુદ્ધમાં એના શરીર ઉપર ઘણાં ઘા લાગેલા હતા, એટલે એની દવા અને સારવાર થતાં હતાં. સુંદર સારવારના લીધે થોડા દિવસોમાં આરામ થઈ ગયો. આરોગ્ય પણ સુંદર પ્રાપ્ત થયું અને અમારા બેની વચ્ચે મિત્રતા વિકસી ગઇ.

મહારાજાશ્રીએ યોગ્ય સન્માન કરી માનભેર રીતે વિદાયગીરી આપી એટલે પોતાના રસાલા સાથે પોતાના નગર ભણી પ્રયાણ કર્યું.

યુદ્ધમાં પ્રવરસેન બહારવટીયાના મારા હાથે મૃત્યુ થવાના કારણે શરણે આવેલા અંબરીષ જાતના બહારવટીયા ઓને હું અહીં સાથે લાવેલો, તે સૌને પણ પ્રેમપૂર્વક મુક્ત કરી વિદાય આપી.

અમારા માથે કોઇ ભય ન હતું, કોઈ ચિંતા ન હતી, સર્વ સંયોગો સાનુકૂળ હતા, પ્રેમાળ રત્નવતી અને કનક-

મંજરી પત્નીઓ હતી. એમની સાથે આનંદ સમુદ્રમાં કલ્લોલ કરતા શ્રી કનકચૂડ મહારાજાની રાજ્યધાનિ કુશાવર્ત નગરમાં અમારો ઘણો સમય પસાર થઈ ગયો.

## હિંસાદેવી અને વશ્વાનરની પ્રશંસા પણ પ્રભાવશીલ પુણ્યોદયનું વિસ્મરણ

આ રીતિની સર્વ સુખદાયક સાનુકૂળતાઓ પ્રાપ્ત થતી હતી એનું મુખ્ય કારણ મારો મિત્ર પુણ્યોદય હતો પણ હું એને કદાપિ સ્હેજ પણ સંભારતો નહિ.

એક વખતે રાત્રીના અંતિમ પ્રહરે વિચાર આવ્યો કે અરે! મારા ઉપર વૈશ્વાનરની કેવી અપાર પ્રીતિ છે? કેવી અખંડ લાગણી છે? અરે! એ વૈશ્વાનર પોતાના કામો પડતા મુકીને હંમેશા મારા કામોની જ ચિંતા કર્યા કરે છે. ઘણા કષ્ટો વેઠે છે. એનો સ્નેહ ઘણો સાચો અને પ્રશંસનીય છે, અરે! મારી પ્રિયા હિંસાનું પણ શૌર્ય અદ્ભુત છે. મિત્ર વૈશ્વાનરે જે એની શકિતની પ્રશંસા કરી હતી તે બરાબર એજ રીતે છે. એ પ્રશંસામાં જરાપણ અતિશયોક્તિ ન હતી.

મેં વંગાધિપતિ અને કલિંગાધિપતિ ઉપર વિજય મેળવ્યો, જગતમાં સારૂં માન સન્માન મેળવ્યું. મારી યશકીર્તિ સર્વત્ર વ્યાપક બની, પ્રેમાળ કનકમંજરીની પ્રાપ્તિ થઈ, આ બધો જો કોઈનો પ્રભાવ હોય તો એ મારી પત્ની હિંસા અને મિત્ર વૈશ્વાનરનો જ છે. હિંસા અને વૈશ્વાનર ન હોત તો આ સુખસાહ્યબી પણ મારી પાસે

ન હોત.

તેથી જે આ મારા પ્રિય સાથીદારોની પ્રશંસા કરશે તેજ મારા મિત્રો અને સ્નેહીઓ ગણાશે, બીજા બધાને વિરોધી અને દુશ્મન ગણાવાના રહેશે. આ જાતની વિચારણા દ્વારા મારામાં વડાં ખાધાં વિના ઉત્તેજના અને ક્રોધ થવા લાગ્યા હું પોતેજ સાક્ષાત વૈશ્વાનરના રૂપને ધારણ કરવા લાગ્યો. ઉત્તેજના કે ક્રોધ લાવવા માટે વડાં ખાવાની જરૂરત ન રહી.

મારો સ્વભાવ ક્રોધી અને ચીડીયો બની જવાના કારણે નિરપરાધી અને શાંત મારા પરિવાર ઉપર હું ક્રોધ કરવા લાગ્યો. મારા સ્વભાવમાંથી નમ્રતા અને મધુરતાએ વિદાય લીધી હતી. માત્ર હલાહલ કડવાશ ભરી રહેણી કહેણી બની ગઈ. નોકર ચાકર પરિવાર ઉપર રોષ, તાડના, તર્જના કરવાનું પણ બાકી રાખતો ન હતો.

મારામાં હિંસા અતિ આસકત બની હતી, એ વારંવાર આલિંગન કરતી. એ આલિંગનના પરિણામે સત્પુરૂષોને નિંદનીય એવું શિકારનું વ્યસન મારામાં દાખલ થઈ ગયું. શિકારનો એવો શોખ લાગ્યો કે રોજનો કાર્યક્રમ થઈ પડયો.

મારામાં શિકારનો અને ક્રોધનો દુર્ગુણ મોટા પ્રમાણમાં છે એ વાતનો ખ્યાલ કનકશેખરને આવી ગયો. એના હૃદયમાં ઘણું દુઃખ થયું. અરે ! આ નંદિવર્ધનનું આચરણ કુળમાં દૂષણ લગાડનારૂં છે. કુલકીર્તિને ઝાંખી પાડશે. વગર વિચારેલું

આ શું આચરી રહ્યો છે?

હિંસા અને વૈશ્વાનર ઉપર પ્રેમ રાખવાના કારણેજ એ દરેક પાપમાં પ્રવૃત્તિ કરે છે. અને ધર્મથી ઘણો દૂર સુદૂર રહે છે. હું એને શિકાર આદિ પાપકર્મો કરતાં અટકાવું. જો એ પાપકર્મો કરતાં અટકે તો એનામાં બીજા ગુણો સહેલાઈથી આવી શકે તેમ છે. નંદિવર્ધન એક શ્રેષ્ઠ રાજકુમાર બની શકે તેમ છે

હું એકલો એને એકાન્તમાં આ વાત કરીશ, તો કદાચ એની ધારી અસર ન પણ થાય, મારૂં ધારેલ કાર્ય પાર ન પડે, કહેલું વ્યર્થ થાય એ કરતાં પિતાજીની હાજરીમાં બે શબ્દ કહીશું તો સારૂં રહેશે. પિતાજીની શરમથી પણ પાપ કરતાં અટકશે.

આ જાતનો વિચાર કરી કનકશેખરે બધી વાતોથી પિતાજીને માહિતગાર કર્યા. નિર્ણય કર્યો કે અવસર જોઈ એને સુધારવાની વાત આપણે જણાવીશું.

એક દિવસે હું મહારાજા કનકચૂડની સભામાં ગયો, મહારાજા નમસ્કાર કરી યોગ્ય આસને બેઠો, મહારાજાએ મારી શૂરવીરતા બલ પરાક્રમ, યુદ્ધ કૌસલ્ય વિગેરેની પ્રશંસા કરી. કનક શેખરે કહ્યું પિતાજી! આપ જે પ્રશંસા કરી રહ્યા છો, તે બધુંજ બરોબર છે. કુમાર નંદિવર્ધન એવા જ સુયોગ્ય વ્યક્તિ છે. મને પણ એમના ઉપર ઘણું બહુમાન છે.

પરન્તુ શ્વેત વસ્ત્રને કાદવ મલીન બનાવે છે તેમ

કુમારને પણ કુસંસર્ગ દોષિત બનાવે છે. જો કુમારને કુમિત્રોનો કુસંસર્ગ ન હોય તો ઘણુંજ ઉત્તમ ગણાય.

મહારાજા શ્રી–અરે! નંદિવર્ધન કુમારને કુમિત્રોનો સંસર્ગ કેમ સંભવે? એ તો ન માન્યામાં આવે તેવી વાત છે.

કનકશેખર–હે તાતપાદ! નંદિવર્ધન કુમારને વૈશ્વાનર સાથે મિત્રતા છે અને હિંસાને પોતાની પ્રિય પત્ની તરીકે સ્વીકાર્યા છે. વૈશ્વાનર મહાદુષ્ટ વ્યક્તિ છે અને હિંસા એ અધમકોટીની સ્ત્રી છે

હે પિતાજી! કાશના ફુલો તદ્દન નકામા ગણાય છે, તેમ કુમિત્ર અને કુભાર્યાના સંસર્ગથી કુમારશ્રી નંદિવર્ધનના ગુણો સર્વથા નકામા જેવા ગણાય છે. એના બધા ગુણો કુમિત્ર અને કુભાર્યાના પ્રતાપે ઢંકાઈ જાય છે.

મહારાજાએ જણાવ્યું કે જો એમ જ હોય તો દુષ્ટ-મિત્ર અને અધમ પત્નીનો ત્યાગ કરવો જોઈએ. એજ પરમ કલ્યાણનો શ્રેયસ્કર માર્ગ છે.

જીવનમાં મિત્ર બનાવવાં હોય તો એવા મિત્ર બનાવવાં કે જે આપણને પાપમાર્ગે જતાં અટકાવે, પત્ની પણ એવી બનાવવી કે આત્માનો આ ભવ અને પરભવ સુધારે. જે બન્ને ભવ બગાડે એવા મિત્ર અને પત્ની શા કામના?

બળતા અગ્નિમાં ઘી હોમાય અને ભડકો થાય તેમ પિતા પુત્રની હિતશિક્ષા સાંભળીને મારો ક્રોધ અગ્નિ મહા-

જ્વાળાઓ સાથે ભભૂકી ઉઠયો. મારૂં મુખ ક્રૂરતા ભર્યું લાલચોળ બની ગયું. હું નિષ્ઠૂર વચનોથી તાડૂકી ઉઠયો.

અરે ! મુડદાલ !! મારા પ્રિયમિત્ર વૈશ્વાનરને અને મારી પ્રિય પત્ની હિંસાને દુષ્ટ કહો છો ? અરે ! એ તો મારા જીવન-પ્રાણાધાર છે. અરે નાલાયક ! એટલો વિચાર પણ તને નથી આવતો કે " મારૂં આ રાજ્ય કોના પ્રતાપે છે ? "

અરે, મૂર્ખના સરદાર ! મદોદ્ધત અને શૂરવીર અંગ કલિંગના અધિપતિ રાજાઓને હિંસા અને વૈશ્વાનર સિવાય શું તમારો બાપ જિતી શકવાનો હતો ? દુષ્ટ ! મારા મિત્ર અને પત્નીને પાપી કહેનાર તું કોણ છે ?

કનકશેખરને તાડૂકી કહ્યું. અરે ! બદમાશ !! શું તું મારા કરતાં પણ ડાહ્યો થઇ ગયો છે ? બાયલા ! તું મને શું જોઈ શિખામણ આપવા નિકળી પડયો છે ? તારૂં સંભાળ વાંદરા ! તને કોણે ડહાપણ કરવા કહ્યું ? હરામખોર ! તારા મનમાં શું સમજે છે ?

મારૂં આવું આચરણ જોઈ પિતા-પુત્રને ઘણું આશ્ચર્ય થયું. મારી મૂર્ખતા ઉપર એ પિતા-પુત્ર હસી પડયા.

મારા મનમાં થયું, અરે ! આ પિતા-પુત્ર મારી મશ્કરી કરે છે ? દુષ્ટો હસીને મારૂં અપમાન કરે છે ? નાલાયકોને ખબર લઈ નાખું. શું એ લોકો મને સમજે છે ? બાયલાઓને

હમણાં જ ખબર પાડી દઉં એમ વિચારી કમરમાંથી છરી ખેંચી કાઢી અને કહ્યું.

અરે બાયલાઓ ! ઘરમાં ડંફાસ હાંકનારાઓ ! ! આવી જાઓ મારી સામે ! હિંસા અને વૈશ્વાનર કેવા છે એ તમને હમણાં જ બતાવી આપું. જોઈ લો ચમત્કાર, પછી ચૂંચૂં કરવાનું જ નહિ રહે.

હાથમાં ચળકતી ખૂલ્લી છરીના કારણે હું ભયાવહ બની ગયો. ક્રોધથી શરીર લાલચોળ બની ગયું. મુખ વિકારાળ થઇ ગયું. બહુ જોરથી બોલવાના કારણે જીભ બહાર લટકવા લાગી. હું સાક્ષાત્ યમરાજ કરતાં વધુ ભયંકર દેખાવા લાગ્યો. સભાજનો આ જોઇ ભયના માર્યા ભાગી ગયા. માત્ર નિર્ભય એવા કનકચૂડ અને કનકશેખર બેસી રહ્યા.

હે અગૃહીતસંકેતા ! પિતા–પુત્રના પુણ્યોદયના પ્રતાપે તેમજ એમનું તેજ સહન નહિ કરી શકવાના કારણે, વળી ભવિતવ્યતા એવી જ હશે એટલે કોઈને પણ નુકશાન કર્યા સિવાય હું સભામાંથી નીકળી ક્રોધથી ધમધમતો મારા આવાસે પહોંચી ગયો.

હું રાજા અને યુવરાજને આ દિવસથી દુશ્મન ગણવા લાગ્યો. મારા દુષ્ટસ્વભાવથી રાજા અને યુવરાજે પણ મારી અવગણના કરી. મને બોલાવતાં નહિ. હું પણ બોલતો નહિ. અમારા પરસ્પર અબોલા થયા. અમારા વચ્ચે જે શિષ્ટાચાર જોઈએ તે પણ ન રહ્યો. જનમજનમનાં દુશ્મન જેવા બની ગયા.

## પ્રકરણ અગ્યારમું

# વિજય પતાકા

## દૂતનું આગમન અને જયસ્થલ પ્રતિ પ્રયાણ

એક દિવસે પિતાની રાજધાનિ જયસ્થલ નગરથી 'દારૂક' દૂત આવ્યો. મેં એ દૂતને તરતજ ઓળખી લીધો. એનું સુંદર આગત સ્વાગત કર્યું. પછી એણે પોતાના આગમનની વાત રજુ કરી.

હે કુમારશ્રી ! આપણા રાજ્યના સંરક્ષક અને સંવર્ધક શ્રી પ્રભાકર, શ્રીમતિધન અને શ્રી બુદ્ધિવિશાળ મહામંત્રીઓએ ભેગા મળી આપની પાસે મને મોકલ્યો છે.

આ સાંભળી મને ફાળ પડી. હૈયામાં આકુળતા વ્યાકુળતા થઈ આવી. આમ કેમ ? પિતાજીએ સમાચાર ન મોકલાવતાં મહામંત્રીઓએ સમાચાર કેમ પાઠવ્યાં ? શું કાંઈ નવાજુની બનવા પામી છે ? શું કાંઈ અમંગળ હશે ? શું કાંઈ આપત્તિ હશે ? બેબાકળા થઇ મેં દારૂકને પૂછ્યું.

આર્ય ! પિતાજીના તો કુશળ સમાચાર છે ને ?

દારૂકે જણાવ્યું કે મહારાજાધિપતિ તો કુશળ છે, પણ વંગદેશના અધિપતિ યવન રાજાએ આપણા રાજ્યના બાહ્યપ્રદેશ ઉપર કબજો મેળવી રાજધાનિને ઘેરો ઘાલ્યો છે. જયસ્થળની ચારે બાજુ દુશ્મનોએ પોતાના દળો પાથર્યાં છે.

આપણી સેનાએ સારીરીતે સામનો કર્યો પણ યવનાધિપતિનું સૈન્યબળ વધુ હતું અને કપટ કરવામાં કુશળ હતો તેથી આપણું સૈન્યદળ પાછુ હઠ્યું. સૈનીકોમાં ભંગાણ પડ્યું.

મહારાજાધિરાજ શૌર્યશાલી છે, ગંભીર હૃદયવાળાં છે, છતાં સન્યના નાશીપાસ થવાના કારણે એઓ પણ વિહ્વળ બની ગયા. એમને પણ હૃદયમાં મુંઝવણો થવા લાગી. એઓશ્રી ચિંતાતુર થઇને કિલ્લા બંધ નગરીમાં બેઠાં છે.

રાજ્યના મહામંત્રીઓએ એક ગુપ્ત સભાભરી દુશ્મન સૈન્યને પાછા હઠાવવાની મંત્રણાઓ કરી. ઘણી મંત્રણાઓને અન્તે એમને માત્ર એક જ માર્ગ દેખાણો, કે નંદિવર્ધન રાજકુમાર પધારે અને યવન રાજાને યુદ્ધ આપે, તો જ આપણો વિજય છે. અન્યથા અસંભવ છે.

આ યવન મહાન બલિષ્ઠ છે, પરાક્રમી છે, છતાં મોટા વિષધરને ગરૂડનું નાનું બચ્ચુ હંફાવી શકે, તેમ નાના છતાં નંદિવર્ધન કુમાર આ મહાદુશ્મનને મારી હઠાવશે, એટલે આપણે નંદિવર્ધન કુમારને બોલાવવા દૂત મોકલીએ.

આપણે સૌએ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે આ વાતની જાણ મહારાજાશ્રીને નથી કરવાની. ફક્ત નંદિ-

વર્ધન કુમારનેજ જણાવવાની છે. કારણ કે મહારાજાશ્રીને કુમારશ્રી ઉપર ઘણો પ્રેમ છે એટલે કદાચ આવું જોખમી સાહસ કરવાની ના પાડે. મોહથી લડાઈમાં ન આવવા જણાવે તો ? માટે આપણે જ કુમારશ્રીનેજ કહેવરાવી દેવું. પછી કુમારશ્રીને યોગ્ય લાગશે તેમ કરશે.

આ પ્રમાણે સર્વસંમતિથી એક નિર્ણય થયા પછી મને આપશ્રી પાસે આ સમાચારો આપી મોકલ્યો છે. હવે આપને જે યોગ્ય લાગે તે આપશ્રી ફરમાવો, પણ આ વાત મહારાજાશ્રીથી ગુપ્ત રાખવા વિનંતિ છે.

આ વાત સાંભળતાં જ હિંસા અને વૈશ્વાનર આનંદથી તાળીઓ પાડી કુદવા લાગ્યા. અરે! યુદ્ધ તો આપણા માટે એક આનંદનો ઉત્સવ છે. આ વાત ઘણીજ આવકાર દાયક છે, સહર્ષ વધાવી લેવા જેવી છે.

તરત જ મેં મારા સૈન્યને પ્રયાણ તૈયારી કરવાની આજ્ઞા કરી. ચતુરંગી સૈન્ય થોડા સમયમાંજ તૈયાર થઈ ગયું. શ્રી કનકચૂડ રાજા અને યુવરાજ કનકશેખરને કહ્યા સિવાય જ હું મારા સૈન્યની સાથે જયસ્થળ પ્રતિ રવાના થયો. તે વખતે પત્ની કનકમંજરી પણ સાથે હતી. એની મોટી બહેન મણિ-મંજરી પણ કનકમંજરીના પ્રેમના લીધે સાથેજ આવી.

માર્ગમાં હું વૈશ્વાનર અને હિંસાદેવી સાથે જુદી જુદી વિચારણાઓ, વાર્તાઓ અને વિનોદ કરતો હતો. એ રીતે

કેટલાક દિવસના પછી અમો અમારા નગરની નજીકના પ્રદેશમાં આવી પહોંચ્યા.

## યવનરાજ સાથે યુદ્ધમાં વિજય

અમારા નગરની ચારે બાજુ ઘેરીને પડેલી દુશ્મનોની સેનાને જોઈને યુદ્ધમાટેની અમે તરત જ તૈયારી કરી લીધી અને એકદમ જોરથી ધમધમતો છાપો માર્યો.

સંપૂર્ણ તાકાત પૂર્વક સામનો કરવા ધસી આવતી અમારી સેનાને જોઈને યવનરાજાનું સૈન્ય પણ અભિમાન પૂર્વક અમારો સામનો કરવા તૈયાર થઈ ગયું.

કલ્પાંત સમયે ઘૂઘવાટા કરતાં પૂર્વ સમુદ્ર અને પશ્ચિમ સમુદ્રનું મિલન થાય અને તે વખતે જે ભયંકર વાતાવરણ સર્જાય એવા વાતાવરણની ઝાંખી અમારા બે સૈન્યના યુદ્ધે કરાવી આપી.

હસ્તિસૈન્ય હાથીઓને હંફાવતું હતું. અશ્વદળો એક બીજાના ઘોડાઓને પરાસ્ત કરતાં વતાં. પાયદળ પોતાનું પૂરેપૂરૂં શૌર્ય બતાવવું હતું. રથદળ દુશ્મનોને સાફ કરતું આગેકૂચ કરી રહ્યું હતું.

થોડી વાર બરોબર યુદ્ધ જામ્યું. ત્યાં યવનરાજે અમારા સૈન્યને હંફાવી નાખ્યું અને અમારૂં સૈન્ય પીછેહઠ કરવા લાગ્યું આ જોઈ મારો ક્રોધ ભભૂકી ઉઠયો. સિંહ જેમ હાથી ઉપર ધસે તેમ હું યવનરાજ પ્રતિ ધસ્યો.

યુદ્ધપ્રિય એવા અમારા બન્નેના રથો સામસામા આવી

ગયા. થોડીવારના યુદ્ધ પછી અમારા રથો તદ્દન નજીક આવી ગયા. અવસર જોઈ મેં મારા રથ ઉપરથી એક છલાંગ મારી અવનરાજાના રથની ઉપર ચડી બેઠો. તરત જ તલવારનો એક ઝટકો માર્યો, ત્યાં આ યવનરાજનું મસ્તક ધડથી જૂદું થઈ ધરતી ચાટતું થઈ ગયું.

યવનરાજના મૃત્યુથી યુદ્ધમાં મારો વિજય થયો. દેવતાઓએ અને વિદ્યાધરોએ મારા ઉપર પુષ્પવૃષ્ટિ કરી. મારા પરાક્રમની યશોગાથા કરવા લાગ્યા.

મારા સૈન્યમાં હર્ષ અને વિજયના અવાજો થવા લાગ્યા. મારો "જયકાર" કરવા લાગ્યા. દૂશ્મનરાજાના સૈન્યે મારી આધીનતા સ્વીકારી અને મારી આજ્ઞામાં આવી ગયા.

## પિતાજીએ સન્માન પૂર્વક કરાવેલ નગરપ્રવેશ

"નંદિવર્ધ કુમારે યુદ્ધમાં વિજય મેળવ્યો છે અને યવનરાજને પરાજય આપ્યો છે" આ સમાચાર પિતાજીને મલ્યા ત્યારે એમના હર્ષનો પાર ન રહ્યો. પિતાજીનો પરિવાર અંતઃપુરની રાણીયો, મંત્રીઓ, સામંતો, નગરના મહા-નાગરિકો વિગેરેને સાથે લઈ નગર બહાર હર્ષ પૂર્વક મારી સામે આવ્યા.

પિતાજીને જોતાં જ હું મારા રથથી નીચે ઉતરી ગયો અને પૂજ્ય પિતાજીના ચરણ કમળમાં નમી પડયો. પિતાજીએ મને વહાલથી ઉભો કરી ભેટી પડયા. મારા મસ્તક ઉપર ચૂંબન કર્યું.

ત્યાદ બાદ મેં માતાજીના પવિત્ર ચરણ કમળમાં વંદના કરી. માતાજી પણ વહાલથી ઉભો કરી મને ભેટી પડયા. પ્રેમથી મારૂ મસ્તક સૂંઘ્યું અને ચૂંબન[1] કર્યું. એમની આંખમાં હર્ષના આસુડા આવી ગયા અને પ્રેમથી બોલ્યા.

વ્હાલા ! પુત્ર આ તારી માતાનું હૃદય વજ્રથી બનેલું જણાય છે, જો એમ ન હોય તો એના પ્રેમાળ પુત્રના વિયોગમાં સેંકડો ટૂકડા કાં ન થઇ ગયા ? પણ ટૂકડા ન થયા એ વસ્તુ જ એમ જણાવે છે કે બેટા ! તારી માનું હૃદય ઘણુ કઠણ છે

નગર દુશ્મનોએ ઘેરી લીધું, વળી અમારૂ ભાગ્ય કાંઈક તેજ હશે એટલે જ તું આકર્ષાઈને અહીં આવ્યો છે. હે બેટા! તું દીર્ઘાયુષી થા ! તું સુખી થા !

મારી પ્રશંસા સાંભળી શરમથી મેં મુખ નીચું કર્યું. પણ હૈયામાં હરખાતો હતો. પછી માતાજી અને પિતાજીની સાથે રથમાં બેઠો. મોટા આડંબર પૂર્વક નગર પ્રવેશ કરાવવામાં આવ્યો. અમે દરબાર ગઢમાં પહોંચ્યા એટલે માત પિતાજીને નમસ્કાર કરી હું મારા આવાસે ગયો. નગર જનોએ મારો ભાવભીનો ઘણોજ સત્કાર કરેલો એટલે મારૂં મન ઘણું પ્રસન્ન હતું.

---

[1] પૂર્વકાળમાં એવો રીવાજ હતો કે જ્યારે નાના સ્વજનો ભેગા થતા ત્યારે વડિલો એનું મસ્તક સૂંઘે કે મસ્તકમાં ચૂંબન કરે, આજે પણ કોઈ કોઈ જાતમાં આ રીવાજ છે.

યુદ્ધમાં વિજય અને આ માન સન્માન પુણ્યોદયને આભારી હતા. એ વિના કાંઈ સંભવી શકે તેમ ન હતું, છતાં હિંસા અને વૈશ્વાનરના પ્રતાપે જ વિજય માન સન્માન પ્રાપ્ત થાય છે એ જાતની મિથ્યા માન્યતામાં હું મશગૂલ હતો.

## શિકારની લત

દિવસનો કાર્યક્રમ પતાવી રાત્રે શયનખંડમાં મહાવિશાળ અને આરામદાયક પલંગમાં કનકમંજરી સાથે સુઈ રહ્યો.

પ્રાતઃકાળમાં વહેલા ઉઠી શિકાર માટે જંગલ ભણી જતો રહ્યો. શિકાર દ્વારા મેં ઘણા પ્રાણીઓનો સંહાર કર્યો. રાજી થતો સંધ્યા સમયે શિકારેથી પાછો વળ્યો.

એ વખતે પૂજ્ય પિતાજીએ વિદુરને પૂછ્યું. હે ભદ્ર ! આજે કુમાર કેમ દેખાયા નહિ ?

ઉત્તરમાં એણે જણાવ્યું, હે રાજન્! હું કુમારશ્રી સાથેની અમારી જુની મિત્રતાને યાદ કરી મળવા માટે વહેલો એમના આવસે ગયેલો. ત્યાં કુમારશ્રી જોવામાં આવ્યા નહિ એટલે મેં પરિવારને પૂછ્યું.

પરિવારે જણાવ્યું કે કુમાર શ્રી શિકાર માટે જંગલમાં ગયા છે. રાત પૂરી થતાં પહેલાંજ અહીંથી શિકાર માટે ગયા છે. માટે તમને મહેલમાં કુમારશ્રી મળશે નહિ. રાત્રે આવજો.

મેં પૂછ્યું, શું આજે કુમારશ્રી શિકારે ગયા છે કે પછી રોજ શિકારે જાય છે?

ઉત્તર મળ્યો કે રોજ જાય છે. હિંસાદેવી સાથે કુમાર-શ્રીના લગ્ન થયાં ત્યારથી રોજનો એ કાર્યક્રમ બની ગયો છે. જ્યાં સુધી શિકાર ન કરે, ત્યાં સુધી એમનુ. મન બેચેન રહે છે. શિકાર પછીજ કુમારમાં સ્ફૂર્તિ અને પ્રસન્નતા દેખાય છે.

હે દેવ! આ સાંભળી મને ભારે આઘાત થયો. મને વિચાર આવ્યો કે વિધાતાએ અમને જબરો ફટકો માર્યો છે. એક પછી એક કુમારશ્રીને કુસંસર્ગ થાય છે. અને અમને ફટકા ઉપર ફટકા પડે છે.

પહેલાં દુષ્ટ વૈશ્વાનર એક અપલખણો મિત્ર હતો અને તે આજે પણ છે જ. એમાં અધુરામાં પૂરૂં મહાપાપિણી સાંપણ જેવી હિંસા કયાંથી આવી ટપકી અને કુમારશ્રીની પ્રિયતમા બની ગઈ? એ પ્રિયમિત્ર પ્રિયતમાએજ કુમારશ્રીના જીવનને બરબાદ કરી નાખ્યુ છે.

હવે અમારે શું કરવું? આ વિષયની ચિંતામાંજ મારો આજનો આખો દિવસ પસાર થયો છે. આપશ્રીએ કુમારને નથી જોયા એમાં પણ મને લાગે કે શિકાર કરવા ગયા હશે અને મારી જેમ આપશ્રીને પણ ન મલ્યા હોય.

આ સાંભળી પિતાજીને કારમો આઘાત થયો. એમનું મન નિરાશ અને ઉદ્વિગ્ન બની ગયું. વિદુરને કહ્યું. આર્ય વિદુર! શિકાર કરવાના શોખને મહાપાપ ગણવામાં આવે છે. અમારા વંશમાં પૂર્વે થઈ ગએલ રાજાઓએ કદી પણ શિકાર કર્યો નથી. શિકારના અવગુણથી આપણાં વંશજોની કીર્તિને

કલંક લાગશે. નિર્મળ યશને ધક્કો પહોંચશે.

કુમારના શિકારના શોખને દૂર કરાવવો હોય તો આપણે એની ભાર્યા હિંસાને દૂર કરાવવી જોઈએ. હિંસાને દૂર કરાવશું તો જ કુમારનું હિત સાધી શકાશે. અન્યથા મોટી મુશ્કેલી છે.

વિદુરે જણાવ્યું, રાજન્ ! પેલા વૈશ્વાનર જેવી જ આ છે. કુમારના અંતરંગ પ્રદેશમાં રહેલી છે. કુમારશ્રીના મન ઉપર એણે પોતાના અધિકાર સારી રીતે જમાવ્યો છે. આપણા કહેવાથી જાય એવી એ નથી.

છતાં કુમારને એના સંગથી દૂર કરવો હોય તો પહેલાં જે નિમિત્તજ્ઞ "જિનમતજ્ઞ" આવેલા તેઓ હાલમાં અહીં પધારેલા છે. તો આપણે એમને અહીં બોલાવી આ બાબતનો રસ્તો પૂછીએ.

## જિનમતજ્ઞ સાથે વિચારણા

પિતાજીએ વિદુરને જ કહ્યું, તું જા અને "જિનમતજ્ઞ" ને વિનય પૂર્વક તેડી લાવ.

વિદુર ગયો અને જિનમતજ્ઞને સાથે લઈ પિતાજી પાસે હાજર થયો. પિતાજીએ સારો સત્કાર કરી આવકાર પૂર્વક યોગ્ય આસન ઉપર બેસાડયા અને જે વાત પૂછવાની હતી તે વાત વિનયપૂર્વક રજુ કરી દીધી.

જિનમતજ્ઞ આસન લગાવી ધ્યાન ધરી વિચાણાના અન્તે બોલ્યા. હે રાજન્ ! હિંસાદેવીના સકંજામાંથી નંદિવર્ધનને

છોડાવવાનો એક ઉપાય છે. એ સિવાય બીજો એક પણ ઉપાય ફલીભૂત થવાનો નથી. એ ઉપાય તમને દેખાડું છું. તમે ધ્યાન પૂર્વક સાંભળો.

મેં આપની સન્મુખ પહેલાં "ચિત્તસૌન્દર્ય" નગરનું વર્ણન કરેલું હતું. તેમાં "શુભપરિણામ" રાજા રાજ્ય કરે છે. એમને "નિષ્પ્રકંપતા" નામના મહારાણી છે. એમના સુપુત્રી "ક્ષાંતિદેવી" છે.

તેમજ આ મહારાજાને સદાચારશીલા અને નિર્મળ હૃદયવાળા "ચારૂતા" નામના બીજા મહારાણી છે. એમને ગુણીયલ "દયા" નામે સુપુત્રી છે. એ ગુણીયલ સુપુત્રી વિશ્વના સર્વપ્રાણીઓને આનંદ આપનારી, મુનિ ભગવંતો અને સજ્જન જનોને હૃદયવલ્લભા છે. સારા સારા યોગીઓની એ ચાહના પ્રાપ્ત કરતી હોય છે.

આવી સુકન્યા "દયા" નંદિવર્ધનને પ્રેમથી પરણશે ત્યારે "હિંસા" આપમેળે જ ઉચાળા ભરશે. પછી આપને ચિંતા કરવાનું કારણ નહિ રહે. હિંસા અગ્નિસમી દાહક સ્વભાવની છે અને દયા હિમ જેવી શીતળ સ્વભાવની છે. અગ્નિ અને પાણીની જેમ એ બન્નેનો પરસ્પર વિરોધ છે. જ્યાં એક હોય ત્યાં બીજાને સ્થાન જ હોતું નથી.

રાજા–હે જિનમતજ્ઞ! દયા નંદિવર્ધન સાથે ક્યારે લગ્ન કરશે?

જિનમતજ્ઞ–દયાના પિતાજી શ્રીશુભપરિણામ રાજા

આપશે ત્યારે ?

રાજા—શ્રી શુભપરિણામ રાજા પોતાની સુકન્યા કયારે નંદિવર્ધન કુમારને અપાશે ?

જિનમતજ્ઞ—નંદિવર્ધન સારી ચાલ ચલગતનો થશે ત્યારે.

રાજા—નંદિવર્ધન કુમાર સારી ચાલચલગત વાળો કયારે બનશે ?

જિનમતજ્ઞ—આ પ્રશ્નનો ઉત્તર આપણે પહેલાં મળેલા એ વખતે જ આપને જણાવી દીધો હતો.

શ્રી શુભપરિણામ રાજાના પણ ઉપરી શ્રી કર્મપરિણામ મહારાજા છે.

એજ શુભપરિણામ રાજાને દબાણ કરી શકે. બીજા કોઈનું પણ ત્યાં ચાલી શકે નહિ. તેથી કર્મપરિણામ મહારાજા જ્યારે નંદિવર્ધનકુમાર ઉપર સુપ્રસન્ન થશે, પછી એ પોતાના બધાં કુટુંબી સગા-સંબંધીને બોલાવી સૌની સલાહ સૂચના લેશે. એમાં જ્યારે પોતાને ઉચિત જણાશે તો શુભપરિણામ રાજાને આદેશ આપશે, કે હવે નંદિવર્ધનને "દયા" આપો. પછી જ શુભપરિણામ રાજા "દયા" કન્યા આપશે.

હું જ્યોતિષ શાસ્ત્રના ગણિત અને ફલાદેશ વિભાગના આધારે આપને પૂર્ણ ખાત્રી આપું છું કે અમારી વાત ભવિષ્યમાં અમૂક સમયમર્યાદા વટાવ્યા પછી એ સ્વરૂપે ચોક્કસ બનશે. એમાં જરાએ શંકા કરવા જેવું નથી.

રાજા–પુત્રની બાબતમાં પણ ઉપેક્ષા કરવી યોગ્ય છે? ચિંતા થાય એ તો સ્વાભાવિક છે. એના સુધારનો પ્રયત્ન કરવો જોઈએ. બેદરકારી દાખવી કેમ પાલવે?

જિનમતજ્ઞ—પણ આવી વાતમાં અમારા કે તમારાથી શું થઈ શકે તેમ છે? જો કુમારને બહારનો કોઈ ઉપદ્રવ હોત અને એ વિષયમાં તમે ઉપેક્ષા કરી હોત તો અયોગ્ય ગણાત. પણ આ કાંઇ બહારના ઉપદ્રવની વાત નથી. આમાં તમારો જરા પણ દોષ નથી. આ અંતરંગ દોષ છે. આમાં અમારૂં કે તમારૂં કાંઈ પણ ચાલે તેમ નથી. એટલે ઉપેક્ષા અને મૌન સિવાય બીજો કોઈ ઉપાય આપણા હાથમાં નથી.

રાજા—"જેવી આપની આજ્ઞા".

ત્યાર પછી રાજાએ યોગ્ય સન્માન કરી શ્રીજિનમતજ્ઞને વિદાય આપી.

પ્રકરણ બારમું

# વિધિની વક્રતા

## યુવરાજ પદની તૈયારી અને રંગમાં ભંગ

જિનમતજ્ઞને ચાલ્યા ગયાને ઘણા દિવસો થઈ ગયા. પિતાજીને વિચાર આવ્યો કે નંદિવર્ધનને યુવરાજપદે સ્થાપીએ. એટલે એમણે મંત્રી મંડલ ભેગું કર્યું અને સૌની સલાહ-સૂચન લઈ, શુભદિવસે મને યુવરાજપદે સ્થાપવાનો નિર્ણય કર્યો.

ઉત્સવની તડામાર તૈયારીયો થવા લાગી. સારા સારા અધિકારીઓને આમંત્રણો અપાયા, વિધિવિધાન માટે રાજ્યના વડા પુરોહિત એમના સાથીદારો સાથે આવી પહોંચ્યા. દૂર દૂરથી પ્રેક્ષકોની સંખ્યા પણ વિપુલ પ્રમાણમાં આવી ગઈ.

યુવરાજ પદની સ્થાપનાનો મંગલ દિવસ આવી પહોચ્યો. રાજ્યસભામાં રાજ્ય સિંહાસન ઉપર મહારાજાશ્રી આરૂઢ થયા. અન્તઃપુર, મહા મંત્રીઓ, ઉમરાવો, સામંતો, સેનાધિપતિ, અગ્રગણ્યનાગરીકો, સત્તાધિકારીવર્ગ અને સામાન્ય પ્રેક્ષક ગણ પણ આ પ્રસંગ જોવા હાજર થઇ ગયો.

પિતાજીએ મને બોલાવ્યો અને હું પણ સભામાં ગયો.

એટલામાં દ્વારાપાળ મહારાજશ્રીની સન્મુખ આવી નમસ્કાર કરી જણાવ્યું. હે રાજેશ્વર! શ્રીઅરિદમન મહારાજના મંત્રીશ્વર શ્રી "સ્ફુટવચન" આપની સેવામાં હાજર થવા ઈચ્છે છે.

રાજા– એમને સન્માન પૂર્વક અહીં લાવો.

મંત્રીશ્વર સ્ફુટવચન સભામાં પ્રવેશ્યા અને રાજાને ઝૂકીને નમસ્કાર કર્યાં. રાજાએ મંત્રીશ્વરને છાજે તેવું આસન આપ્યું અને પૂછ્યું. આપ શા કાજે પધાર્યા છો?

સ્ફુટવચને નમ્રતા પૂર્વક જણાવ્યું, હે રાજરાજેશ્વર! શાર્દૂલપુરના અધિપતિ અને પુરૂષોમાં સિંહસમાન શ્રી અરિદમન મહારાજા છે આપશ્રી એમના સુપરિચિત પણ છો

એમને શ્રી "રતિચૂલા" મહારાણી છે. અને એમની એક પુત્રી છે, તે સાત્વિક ગુણોરૂપ રત્નોની મંજુષા છે. સ્વભાવમાં આનંદિ, નિર્મળ હૃદયના અને યશસ્વિની છે. એનું નામ મદનમંજુષા છે.

મદનમંજુષાએ લોકમુખથી આપના કુમાર શ્રી નંદિવર્ધનના અદ્ભુત ચરિત્રને સાંભળ્યું. કુમારશ્રીની નિર્મળ યશકીર્તિ સાંભળી એ અત્યન્ત આસક્ત બની ગયા છે. નંદિવર્ધન કુમાર ઉપર અતિગાઢ રાગ થઈ ગયો છે.

મદનમંજુષાએ માતા શ્રી રતિચૂલાને એ વાત જણાવી અને રતિચૂલાએ મહારાજા શ્રી અરિદમનને એ વાતથી માહિતગાર કર્યા. પોતાની ઇચ્છા પણ એ માટેની છે એ પણ જણાવ્યું. મહારાજા અરિદમનને એ વાત સુયોગ્ય જણાઈ એટલે પોતાની સુકન્યા નદિવર્ધનને અપવા માટે મને આપશ્રી પાસે મોકલ્યા છે. "આપ યોગ્ય આજ્ઞા ફરમાવો".

સ્ફુટવચન મંત્રીની વાત સાંભળી શ્રી પદ્મમહારાજાએ પોતાના મંત્રી મતિધન પ્રતિ જોયું.

મતિધને જણાવ્યું, રાજરાજેશ્વર શ્રી અરિદમન રાજા એ એક શ્રેષ્ઠ રાજવી છે. વીર ધીર અને ગંભીર સત્પુરૂષ જેવા સુયોગ્ય છે. એવા રાજવી સાથે આપણો સંબંધ થાય ઇચ્છિનીય ગણાય. આજના મંગળ પ્રસંગે મંત્રી શ્રી સ્ફુટવચનની વાતનો સ્વીકાર કરી એમના મનને સંતોષ આપવો જોઈએ, એવો અમારો નમ્ર અભિપ્રાય છે.

મહારાજા શ્રી પદ્મે મંત્રી મતિધનની સલાહથી સ્ફુટવચનની વિનતિનો સ્વીકાર કર્યો.

## વાતાવરણમાં ઉગ્રતા અને સ્વફુટવચનનું ખૂન

એ વખતે મેં સ્ફુટવચનને પૂછ્યું, અરે! સ્ફુટવચન! તમારૂં નગર અહીંથી કેટલું દૂર થાય છે?

સ્ફુટવચન—બસો પચાસ યોજનમાં એક ગાઉ ઓછું છે.

નંદિવર્ધન–તમે ખોટું ન બોલો. બસો પચાસ યોજનમાં એક ગાઉ ઓછું છે.

સ્ફુટવચન—ના. બરોબર બસો પચાસ યોજન છે.

નંદિવર્ધન—અરે ! બાલ્યવયમાં હું અભ્યાસ કરતો હતો ત્યારે વિશ્વાસુ આપ્ત પુરૂષો દ્વારા મેં સાંભળેલું અને એ વાત મેં બરોબર યાદ પણ રાખી છે, તમે આંકડો ભૂલી ગયા લાગો છો, મારા સાંભળવામાં જરા પણ ભૂલ હોઈ શકે નહિ.

સ્ફુટવચન–કુમાર ! તમે આવું ન બોલો, કારણકે હું પગલે પગલા માપીને કહી રહ્યો છું. હું પોતે ગણીતશાસ્ત્રી છું. મારી ગણત્રીમાં કોઇ દિવસ ભૂલ થઈ નથી. તમને "એક ગાઉ ઓછો છે" એમ જણાવી બનાવ્યા લાગે છે. તમે ભોળવાઈ ગયા લાગો છો. અમારૂં નગર બસો પચાસ યોજન છે. એમાં જરા પણ ન્યૂન નથી.

ભર સભામાં આ દુષ્ટ, હરામખોર મને જુઠ્ઠો ઠરાવે છે ? આવો વિચાર આવ્યો અને હિંસા તેમજ વૈશ્વાનર મને જોરથી ભેટી પડયા. યોગશક્તિથી બંનેએ મારા શરીરમાં પ્રવેશ કર્યો. હું પ્રલયકાળના અગ્નિ જેવો ભયંકર બની ગયો.

હે અગૃહીતસંકેતા ! તમાલવૃક્ષ જેવી શ્યામ ચળકતી, રાફડામાંથી નીકળતા શ્યામ સર્પની ભ્રમણા ઉત્પન્ન કરતી તલવાર મેં મારા કટી પ્રદેશમાંથી કાઢી.

આ વખતે મારા ગુપ્તસહોદર અને સહાયક પુણ્યોદયને વિચાર આવ્યો કે મારે ચાલ્યા જવાનો અવસર આવી ગયો છે. આટલા વખત સુધી હું ભવિતવ્યતાની આજ્ઞાથી રહ્યો

હતો, પણ હવે તો રહેવાની જરૂરત રહી નથી. નંદિવર્ધન સાથેની મારે ઘણા વખતથી મૈત્રી તજવાની હતી. એ અયોગ્ય બની ગયો હતો પણ એ વખતે ભવિતવ્યતાની શરમ હતી. આ પ્રસંગે જઈશ તો ભવિતવ્યતા કાંઈ પણ કહેશે નહિ. આવો વિચાર કરી પુણ્યોદય પલાયન થઇ ગયો.

મારા હાથમાં વિદ્યુત જેવી ચળકતી અને તિક્ષ્ણધાર વાળી તલવાર જોઈને લોકોએ હાહારવ મચાવી મૂક્યો. હું કૂદીને અરિદમનના મંત્રી સ્ફુટવચન પાસે જઈ પહોંચ્યો અને એકજ ઝાટકે એના મસ્તકને વધેરી નાખ્યું. જાણે કાલિકા દેવી આગળ બેંબેં કરતા બકરાને એક ઝટકે ન વધેર્યું હોય ?

## ખૂન ઉપર ખૂન

અરે પુત્ર ! આ તેં શું અકાર્ય કર્યું ? અરે વત્સ ! તેં શું અઘટિત કર્યું ? એમ બોલતા મારા પિતાજી એકદમ દોડતા મારા તરફ આવ્યા.

હું સર્વથા અવિવેકી બની ગયો. પાપનો ભય કે લોક નિંદાનો ભય પણ ન રહ્યો. પિતાનો ઉપકાર અને સબંધ વિસરી ગયો. એમના વાત્સલ્ય અને લાગણીને ભૂલી ગયો. મારા પાલનહાર અને જીવનદાતા તરીકેના મુખ્ય ઉપકારને મેં સ્મૃતિમાં ન રાખ્યા. મારા પૂજ્ય પિતાજી એ વખતે દુશ્મન જણાયા. મારો પક્ષ ન કર્યો તેથી સ્ફુટવચનની જેમ તલવારના એક ઝટકાથી પિતાજીનું મસ્તક પણ ધડથી જુદું કરી નાખ્યું.

ત્યાર પછી, હે પુત્ર ! સાહસ ના કર ! સાહસ ના કર ! એમ બરાડા પાડતા મારા માતાજી ઉતાવળે ઉતાવળે મારી સામે આવી ગયા અને તલવાર ઝૂંટાવી લેવા મારો હાથ બળપૂર્વક પકડી લીધો.

અરે ! મારી માં પણ વિરોધીઓના પડખે ઢળી ગઈ ? દુશ્મનને મારતાં મને રોકે છે ? એ પણ દુશ્મન બની બેઠી છે. મને ધન્યવાદ ન આપતાં, ઠપકો આપે છે ? આવો દુર્વિચાર કરીને કસાઈ જેમ ગાયને ઉભી ઉભી ચીરી નાખે તેમ મેં પણ તલવારથી મારી માંને ત્યાંના ત્યાંજ ચીરી નાખી.

પછી તો, અરે સ્વામીનાથ ! આ શું અઘટિત કરો છો ? અરે ભાઈ ! આ શું કરવા બેઠો છે ? અરે કુમાર ! આ શું કરવા ધાર્યું છે ? આ પ્રમાણે રાડો પાડતાં મારી પત્ની રત્નવતી, મારો ભાઈ શીલવર્ધન અને મારી મોટી ભાભી મણિમંજરી ત્યાં દોડી આવ્યા અને તલવાર ખૂંચાવી લેવાનો પ્રયત્ન આદર્યો.

મને થયું, અરે ! આ બધાજ દુશ્મનોએ મારી વિરોધનો જ વિચાર કરી રાખ્યો જણાય છે. આ પાપીઓએ ભેગા મળીને જ કાવત્રું ઘડી કાઢયું લાગે છે. આવા વિચારથી મારો ક્રોધ વધુ ભભૂકી ઉઠયો અને એ ત્રણે પાપાત્માઓને એક એક ઝાટકે યમરાજના મંદિરે પહોંચાડી દીધા.

આ અઘટિત સમાચારો સાંભળીને મારી પ્રેમાળ પ્રિયતમા કનકમંજરી હે આર્યપુત્ર ! અરે આર્યપુત્ર ! આ શું

કરી રહ્યા છો? એમ બોલતી બોલતી ત્યાં આવી.

અરે! આ પણ મારા શત્રુઓ સાથે મળી ગઈ છે? મને આ રીતે તર્જના કરે છે અને મારી સામે બોલે છે? અરે! મારૂં હૃદય પણ મારૂં શત્રુ બની ગયું જણાય છે. આ કનકમંજરીના શત્રુ ઉપરના પ્રેમને હમણાંજ ઓગાળી નાખું. ખબર પડે કે શત્રુ સાથે દોસ્તી રાખવાથી શું ફળ મળે છે. આવા વિચારોથી એના ઉપરનો મારો સ્નેહ સર્વથા ઉતરી ગયો. હૃદયમાં વાત્સલ્યનું નામ નિશાન ન રહ્યું.

હિંસા દેવી અને વૈશ્વાનર મારામાં ખૂબ જોર કરી રહ્યાં હતાં. હજુ સુધી મને મારા ક્રૂર આચરણ બદલ ભાન થતું ન હતું. મારામાં ક્રૂરતાએ વધારે જોર પકડ્યું. યમરાજા કરતાં પણ વધુ ભયંકર બની ગયો. તલવાર ઉગામી અને કેળના કોમળ ઝાડ જેવી, દયામણી પ્રિયા કનકમંજરીને ત્યાં જ ચીરીને બે ફાડ કરી નાખી.

## છોકરાઓની મશ્કરી અને એક માસની મને કેદ

આ ધમપછાડામાં મારૂં પહેરેલું ધોતિયું નીકળી ગયું અને મારામારીમાં વચ્ચે પવન જોરથી ફૂકાણો એટલે ઉપલા વસ્ત્ર ખેસ વિગેરે પણ પડી ગએલા. હું તદ્દન નગ્ન અવસ્થામાં આવી ગયો. માએ જણ્યા જેવી મારી દશા થઈ.

એક તો હું નગ્ન થયો, મારા માથાના વાળ વિખરાઇને ભૂંડા ભૂત જેવા બની ગયા, હાથમાં લોહી નીતરતી તલવાર

અને શરીર પણ લોહીથી ખરડાએલું એટલે હું સાક્ષાત્ મહાક્રૂર વેતાલ રાક્ષસ જેવો દેખાવમાં બની ગયો. મારો આવો દેખાવ જોઈ છોકરાઓ ખીખી કરી હસવા લાગ્યા. "નંદિ નાગો, નંદિ નાગો" એમ કહી મશ્કરી કરવા લાગ્યા. કઠોર હૃદયવાળો હું તલવાર લઈ છોકરાઓને મારવા દોડયો. એટલે મંત્રીઓ, સામંતો, સ્વજનો અને બીજા મને પકડવા તેમજ તલવાર છીનવી લેવા એક સાથે મારા ઉપર ધસી આવ્યા.

મારા પરાક્રમથી યમરાજની જેમ સૌને હણતો હણતો કેટલીક જમીન હું ઓળંગી ગયો. જંગલી હાથીને થકવી થકવીને આધીન કરવામાં આવે તેમ મને થકવી થકવીને આખરે પકડી લીધો. મારી તલવાર પડાવી લેવામાં આવી.

હું તદ્દન અશક્ત બની ગયો. પછી મજબુત દોરડાઓથી બાંધવામાં આવ્યો. ઘણા કઠોર, અપમાન ભર્યા અને તિરસ્કાર ભર્યા શબ્દોની મારા ઉપર ઝડીઓ વરસવા લાગી. હું રડવા લાગ્યો. પણ મારી દયા કોઈ ચિંતવતું ન હતું. ભૂત વળગેલા માણસની જેમ બલજબરીથી મને કેદખાનામાં ઠોંસી દેવામાં આવ્યો.

કેદખાનાની સાંકડી ઓરડીમાં મને સ્થાન આપ્યું. હું આરામથી બેસી શકું એટલી પણ જગ્યા ન હતી. હાથપગ સખત બાંધેલા એટલે એ પણ પહોળા લાંબા થઈ શકતા ન હતા. ગૂંગળાતો ત્યાં જ બેસી રહ્યો.

ભૂખ તરસથી રીબાતો, થાકથી પીડાતો, ક્રોથી ધમધમતો, મૂખેથી જેમ તેમ બબડતો, કંટાળાથી બારણા સાથે માથુ અફળવાતો, આ રીતે જેલની કોટડીમાં મારો સમય જઇ રહ્યો હતો. નિદ્રા પણ મારી વેરણ થઈ ગઈ. ઉજાગરા ઉપર ઉજાગરા થવા લાગ્યા.

સંતાપ રૂપ અગ્નિથી મારૂ હૃદય શેકાતું હતું. નારક કરતા વધુ વેદના મને થઇ રહી હતી. દુઃખ, દુઃખ ને દુઃખ. મારી અવદશાની સીમા ન હતી. મનમાં જ ધુંવાપૂવાં થતો હતો. આ દશા એક માસ ભોગવી.

ભાગ્ય સંયોગે એક રાત્રે મને ઘસઘસાટ ઉંઘ આવી ગઇ. એ વખતે ક્યાંકથી ઉંદર આવી ચડયો અને મારા હાથે પગે બાંધેલા દોરડા એણે કાપી નાખ્યા. જાગ્યો ત્યારે હું બંધનથી મુક્ત હતો. બારણા ઉઘાડી જેલખાનની બહાર નિકળી પડયો.

દરબારગઢ તરફ નજર ફેરવી જોયું તો બધાં જ ઘસઘસાટ ઉંઘતા જણાયાં. ચોકીદાર પણ નિદ્રાદેવીને આધીન બન્યાં હતાં. કોઈ પણ જાગતું જણાયું નહિ. એ વખતે મને વિચાર આવ્યો કે આ નાગરના નાગરિકો અને દરબારગઢના રાજકીય પુરૂષો મારા દુશ્મનો છે. એ પાપીઓએ મને અત્યાર સુધી ઘણો દુઃખી કર્યો છે.

આ વિચાર કરતાં હિંસા અને વૈશ્વાનર મારા શરીરમાં પ્રવેશ્યાં અને એજ વખતે ધગધગતા

અંગારાનો ભરેલો અગ્નિકુંડ મારી નજરે ચડયો. મને થયું કે વૈર લેવાનો આ સમય સુંદર છે અને ઉપાય પણ બરોબર છે. શરાવલામાં અંગારા ભરી ભરી દરબાર ગઢમાં અને નગરમાં ફેકું જેથી બધુંજ ભડભડ ભડકે બળવા લાગે અને બળીને ખાખ થઈ જાય.

આ જાતનો નિર્ણય કરી દુરાત્મા એવા મેં જ્યાં સહેલાઈથી આગ લાગે એવા પ્રદેશોમાં અંગારા ભરી ભરી ફેંકવાની શરૂઆત કરી. એમાં અચાનક પવન ફુંકાવા મંડયો એટલે વધુ અનુકૂળતા થઈ.

નગરમાં બધે જ આગ લાગી. આગે ભયંકર સ્વરૂપ લીધું. આવાસોમાંથી કરૂણ આક્રંદનના અવાજો આવવા લાગ્યા. નગર ભડભડથી જવાળાઓથી ઘેરાઈ વળ્યું. આવવા જવાના માર્ગોમાં અવરોધો થઈ ગયા. આગથી બળીને પડી ગએલા મકાનોએ રસ્તા વચ્ચે ઘણી મુશ્કેલી ઉભી કરી. મહામુશીબતે હું નગર બહાર નિકળ્યો અને ભાગવા લગ્યો.

કેટલાક ચોકીદારો મારી પાછળ દોડયા. એ લોકોને મારા ઉપર ચોર અને પર રાજકીય દુશ્મન તરીકેની શંકા ગઇ. "પકડો, પકડો" એમ અવાજ કરતાં મારી પછવાડે પડયા.

મારૂં બળ ખલાસ થઈ ગયું હતું. શરીર દુબળુંપાતળું અને સુકલકડી બની ગયું હતું. આરક્ષકો મારી પછવાડે દોડયા એટલે એમનો ભય મને થથરાવતો હતો. તેથી બનતી તાકાતે હું દોડવા લાગ્યો. દોડતાં દોડતાં ભયાનક અરણ્ય

પ્રદેશમાં પહોંચી ગયો.

અણીદાર ખીલા અને કર્કશ કાંકરાથી મારા પગ વિંધાઈ ગયા હતાં. લોહીની ધારા વહેતી થઈ હતી. એમાં અવળે રસ્તે ચડી ગયો અને રસ્તો દેખાતો બંધ થઇ ગયો. એક ટેકરો આવ્યો અને હું એ ઉપર ધીરે ધીરે ચડવા લાગ્યો. ચડતાં ચડતાં અચાનક પગ ખસ્યો અને ધડડડ ધબ કરતો ખાડામાં ગબડી પડયો. માથું નીચે અને પગ ઉપર. શરીરે ઘણી ઇજા થઈ, ઉઠવાની તાકાત પણ ના રહી.

## ચોરપલ્લીમાં

અચાનક એ ટેકરા ઉપર કયાંકથી કેટલાક ચોરો આવી ચડયા. ખાડામાં ગબડેલા મને જોઈ એઓ વાતો કરવા લાગ્યા કે આ માણસને બીજા દેશમાં વેચશું તો સારૂ એવું ધન આપણને પ્રાપ્ત થશે. ઉપાડીને આપણા સ્વામી પાસે હાજર કરીએ તો સારૂં.

એ વખતે મારૂં શરીર તાકાત હિન હતું, ઉઠવા જેટલી શક્તિ ન હતી અને હિંમત પણ ન હતી. છતાં ચોરોના શબ્દો સાંભળી હિંસા અને વૈશ્વાનરે મને ઉત્તેજિત કર્યો. મારામાં જોમ આવ્યું અને તરત ઉભો થઈ ગયો.

એક ચોરે પોતાના સાથીદારને કહ્યું, અલ્યા! પેલો ઉભો થયો છે. જરા સાવધાન રહેવા જેવું છે. એ કાંઇક પેરવીમાં પડયો છે, આપણી સાથે લડવા માગે છે અથવા પોબારા ગણી જવા ઇચ્છે છે. પછી પકડવો મુશ્કેલ થશે.

ધનુષ લઈને મને ધબાધબ ઝીકવા જ મંડયા. મને પકડયો અને મારા હાથ પાછળ કરી મયૂરબંધથી મને સજ્જડ બાંધ્યો. હું ઘણી ગાળો દેતો હતો પણ કોઈ સાંભળવા જ તૈયાર ન હતું. જુનું, મેલું, ફાટેલું કપડું મને ઓઢાડવામાં આવ્યું. બળદીયાને પરોણાના ઘોંચા મારીને હાંકવામાં આવે તેમ મને પણ ગડદા, પાટુ, ઠૂંસા મારતા ધકેલવા માંડયા. વચ્ચે માર પણ ખાવો પડતો.

કનકપુરની નજીકમાં આવેલી "ભીમનિકેતન" નામની પોતાની પલ્લીમાં લઈ ગયા. એમના સ્વામી "રણવીરને સોંપી દેવામાં આવ્યો.

પલ્લીપતિ રણવીરે આજ્ઞા કરી. અરે! આ માણસને લઈ જાઓ, એને સારી રીતે ખવરાવી પીવરાવી તાજો માતો કરો. તાજા માતો થયો હશે તો વેચવામાં આપણને સારૂં મૂલ્ય ઉપજશે.

પલ્લીપતિ રણવીરની આજ્ઞાથી એક શામળો બિહામણો ભીલ મને પોતાના ઝુંપડે લઈ ગયો. મારા બંધનો ભીલે છોડી નાખ્યા. મેં ભીલ ઉપર ગાળોનો વરસાદ વરસાવવો ચાલુ કર્યો. ગાળો સાંભળી ભીલ ક્રોધે ભરાણો અને લાકડી લઈ મને ખૂબ જ ઝુડયો.

ભીલના મનમાં થયું કે માલીકે મને સોંપ્યો ન હોત તો આને આજે જ પૂરો કરી નાખત. પણ માલીકની આજ્ઞા નથી એટલે લાચાર છું.

એક કુટલા ઠીકરામાં જેવું તેવું મને ખાવા આપ્યું. રાજમહેલના સુંદર ભોજન યાદ આવ્યા. આ ખાવા માટે મન માને નહિ, પણ ક્ષુધા એવી સખત લાગેલી કે એ નફરત ભર્યું ભોજન મારે કમને ખાવું પડયું. મારૂં પેટ પાતાળે પહોંચેલું એટલે ખાધા સિવાય ચાલે તેમ હતું જ નહી.

પ્રતિદિન આ ભોજન મને ભીલ આપતો અને કચવાતે મને હું ખાતો. જીવતાં છતાં મરેલા જેવી મારી દશા હતી. તુચ્છ ભોજન પણ પેટ ભરીને ન મળતું. મારા શરીરમાં માંસ, લોહી જણાતાં જ ન હતાં. હાડપિંજર ઉપર ચામડું મઢયું હોય એવો મારો દેખાવ બની ગયો.

## કનકપુરમાં બંદી થઇને જતાં વિભાકરનું ઓળખવું :

મહા પાપી દુષ્ટાત્મા આ ચોર લોકોની પલ્લી ઉપર કનકપુરના મહારાજાના લશ્કરે છાપો માર્યો. ચોરોને આ વાતની જાણ થતાં પલ્લી છોડી જંગલ તરફ નાસી ગયા. રાજાની આજ્ઞાથી લશ્કરે પલ્લીને લુંટવી ચાલુ કરી. એમાં જેટલા માણસો હતા એને પકડવામાં આવ્યા. મારો વારો પણ આવી ગયો. અમને સૌને પકડી કનકપુર લઇ જવામાં આવ્યા.

મહારાજા શ્રી વિભાકર કેદ થયેલા દરેક ચોરોને જોવા લાગ્યા. એમાં મને પણ જોયો. મને જોતાં જ વિચારમાં પડી ગયા. અરે ! આ શું આશ્ચર્ય ? આ તો દાવાનળથી દાઝી ગયેલા વૃક્ષના ઠુંઠા જેવો શ્યામ કેદી નંદીવર્ધન કુમાર જેવો જણાય છે.

પરંતુ નંદિવર્ધન રાજકુમાર ચોરના ટોળામાં ક્યાંથી હોય ? એ સંભવિત ન ગણાય. "विधेः विचित्राणि चरित्राणि" ભાગ્યની રમત જુદી જ હોય. કર્મો ક્યારે કેવી કરૂણ દશા કરે એ કાંઈ કહી ન શકાય. આ નંદિવર્ધન કુમાર પણ હોઇ શકે.

મને બારીકાઈથી નિરીક્ષણ કરી જોવા લાગ્યા. છેવટે નિર્ણય કર્યો કે આ નંદિવર્ધન કુમાર જ છે. એમણે પુરાણા પ્રેમને પલ્લવિત કરી સિંહાસનથી ઊભા થઈ મને ભેટી પડયા.

આ પ્રસંગને નિહાળી સભા આશ્ચર્ય વિમૂઢ બની ગઇ. શ્રી વિભાકર નરપતિએ પ્રેમ પૂર્વક પોતાના અર્ધાસન ઉપર બેસાડયો. ઉદાર દિલે એમણે પૂછ્યું, "હે બંધુ ! આ શું હકીકત છે ? આપની આવી કઢંગી દશા કેમ થઈ ?"

## સન્માન આપનાર વિભાકરનું ખૂન

મેં મારી અવદશાનું સત્ય કારણ કહી સંભળાવ્યું.

વિભાકરે કહ્યું, ઓ બંધુ ! આ આપે સુંદર કર્યું ન ગણાય. માતા, પિતા, ભાઇ, ભગિની, ભાર્યા, મંત્રી વિગેરેની ક્રૂર હત્યાઓ જન્મ જન્માન્તરો સુધી મહાક્લેશ અને યાતનાઓનું કારણ બને છે. દુર્ગતિ, દુઃખ અને સંતાપ એ એના ફળો હોય છે. આ કાર્ય કરૂણા વિનાનું અને આપને ન શોભે તેવું ગણાય.

વિભાકરની હિતશિક્ષા સાંભળી હિંસા અને વૈશ્વાનરની આધીનતાના કારણે મને વિચાર આવ્યો "આ પણ મારો

શત્રુ છે.” મેં જે સારૂં કાર્ય કર્યું છે તેને તે નઠારૂં જણાવે છે. મારા કાર્યની પ્રશંસા કરવી દૂર રહી, મને ધન્યવાદ આપવા દૂર રહ્યા અને ઉપરથી હિતશિક્ષા આપવા બેસી ગયો.

અવસર આવવા દો, આને પણ પૂરો કરવો જ જોઇશે. હાલમાં મારી પાસે સમય નથી અને મારવા માટેના શસ્ત્રો પણ નથી. સમય મળે જરૂર બોધપાઠ આપીશ જ, ખેર.

આવા વિચારોથી મારા મુખ ઉપર કાળીમા છવાઈ ગઈ. વિભાકરે આ જોઈ વિચાર્યું કે, મેં નંદિવર્ધનને સત્ય વસ્તુ જણાવી તેથી એના હૃદયમાં દુઃખ થયું છે. હું જે કહું છું તે એને અરૂચિકર જણાય છે. મારે શામાટે એને અપ્રિય જણાવવુ ? એવું કહેવાથી મને પણ શો લાભ ? આવા વિચારથી વિભાકરે વાત ફેરવી નાખી.

મંત્રીશ્વરોને કહ્યું. “ આ કેદી તરીકે આવેલા મહાનુભાવ ચોર નથી પૈણ શ્રી પદ્મમહારાજા અને શ્રી નંદાદેવીના સુપુત્ર નંદીવર્ધન કુમાર છે. મારા પ્રિયમિત્ર છે. જીવન, શરીર, સ્વજન અને સંપત્તિથી અધિક વહાલાં છે. મારા ઉપકારી છે. ભાગ્યની અમીનજરથી એમનું મીલન થયું છે. પ્રિયમીલન નિમિત્તે આજે આનંદોત્સવ કરાવો.”

મંત્રીશ્વરોએ એ રીતે જ આજ્ઞાનું પ્રપાલન પણ કર્યું.

મને શુદ્ધોદક અને ઉષ્ણોદકથી સ્નાન કરવામાં આવ્યું. મારો શારીરીક શ્રમ દૂર થઈ ગયો. શરીરમાં સ્ફૂર્તિ અને કાંતિ આવી. સુંદર વસ્ત્રાલંકારો આપ્યા. પુષ્ટિકારક અને

અને સ્વદિષ્ટ ભોજન કરાવ્યું. શ્રી વિભાકર મહારાજાએ જ સ્નેહપૂર્વક પોતાના જ હસ્તથી તાંબૂલ ખાવા માટે આપ્યું.

અમો સૌ આરામગૃહમાં ગયા અને ત્યાં વિરામ આસનો ઉપર આરામ લેવા બેઠાં એ વખતે મતિશેખર મંત્રીએ મને પૂછ્યું.

કુમારશ્રી ! શુભનામધેય મહારાજાધિરાજ શ્રી પ્રભાકર નરેશ્વર સ્વર્ગ ગામી થયા એ વાત આપશ્રીએ જાણી હશે?

મંત્રીશ્વરે મહારાજા પ્રભાકરના સ્વર્ગગમનની વાત કરી પણ એ વખતે હું "પ્રભાકરના પુત્ર વિભાકરને કેમ મારી નાખવો" એ ચિંતામાં મનથી રોકાએલો હતો. મારૂં મન મંત્રીની વાત તરફ ધ્યાન આપતું ન હતું, છતાં મેં માથુ હલાવી એ વાતને સંમતિ આપી. મહારાજાના સ્વર્ગગમનના સમાચારો મને મળ્યા છે, એ દેખાડવાનો મેં ડોળ કર્યો.

પિતાજીના મૃત્યુ સંબંધી વાતથી વિભાકરના નયનોમાંથી આંસુ સરી પડયાં. રડતાં ચહેરે મને જણાવ્યુ, હે બન્ધુ ! પિતાજી પરલોકવાસી થયા છે, એટલે પિતાજીનું સ્થાન આપે લેવું જોઈએ. આ અમે, અમારૂં રાજ્ય, અમારૂં નગર આ બધું આપને આધીન કરીએ છીએ. આપ અમારા અને રાજયના સ્વામી થાઓ, અમે આપના સેવક થઈને કાર્ય કરીશું. આપની ઈચ્છા મુજબ અપ રહો.

મારામાં હિંસા અને વૈશ્વાનરનો પ્રભાવ જોર શોરથી

ચાલુ જ હતો વિભાકરની વિનમ્ર વિનતિ પ્રતિ મેં ધ્યાન ન આપ્યું. મેં મૌન ચાલુ રાખ્યું. કશો ઉત્તર ન આપ્યો. આભાર પ્રદર્શક બે બોલ પણ ન કહ્યા.

દિનપતિ શ્રી સૂર્યે અસ્તાચલ ભણી વિદાય લીધી રાત્રીના પ્રારંભમાં રાજ્યસભા ભરવામાં આવી. રાજ્યકીય કાર્યોની પરિસમાપ્તિ પછી સભા વિસર્જન કરવામાં આવી.

શયન ખંડમાં જવાનો સમય થયો, મારા સ્નેહના ખાતર વિભાકરે એ રાત્રે વહાલી પત્નીઓને પોતાના શયનખંડમાં આવવા ના કહી. પ્રેમ અને વિશ્વાસને લીધે પોતાના જ પલંગમાં મને સુવાડયો. અમે બંને એકજ શય્યામાં પોઢયાં.

હે સુલોચને ! શય્યામાં પોઢયા પછી હિંસા અને વૈશ્વાનરે મને ઉત્તેજિત કર્યો. “અરે ! આ વિભાકરે તને કહ્યું હતું કે માત, તાત, આદિની જે હત્યાઓ કરી તે કાર્ય ઘણું ક્રૂર ગણાય. તને શોભે નહિ. આવી હિતશિક્ષા આપવા ડાહ્યો થયો હતો. ચેત ! ચેત ! એ તારો દુશ્મન છે. અત્યારે સુંદર અવસર મલ્યો છે. તક ઝડપી લઈ લાભ લે. વિભાકર આરામથી નિદ્રાધીન બન્યો છે. પાસે નગ્ન તલવાર પડી છે. ઉભોથા ! કાયરતા ખંખેર ! સાવધાન ! લે તલવાર હાથમાં ! તારા દુશ્મનનું મસ્તક એક ઝાટકે વધેરી નાખ !”

હું શય્યામાંથી નીચે ઉતરી પડયો. તલવાર હાથમાં લીધી. સ્નેહમૂર્તિ અને મારામાં વિશ્વાસ રાખનાર વિભાકરની

ગરદન ઉપર બરાબર કસીને ઘા ઝીકયો. મસ્તક ધડથી વિખૂટું પડી ગયું. લોહીની ધારાઓ વહી નિકળી.

પહેરે લુગડે હું ગામ બહાર નિકળી ગયો. મને મારા પાપકર્મની જાણ થવાનો ભય લાગતો હતો. રખેને વિભાકરના સૈનિકો મારો પીછો પકડે. આ ભયથી આડા અવળા ઉજ્જડ માર્ગે પંથ કાપવા લાગ્યો. પરિણામે ભયંકર અટવીમાં અટવાઈ ગયો. ભયંકર વનના ભયંકર ભેંકાર સહન કરવો પડતો હતો. શ્રમ, ક્ષુધા, તૃષા વિગેરે દુઃખનો પાર ન રહ્યો. યાતનાઓના ઓળા નીચે આવી પડયો.

## કુશાવર્ત નગરમાં

ભૂખ, તરસ, થાક, દુઃખ ભોગવતો ભોગવતો એક દિવસે કુશાવર્ત નગરના સીમાડે પહોંચી ગયો. બહારના ઉદ્યાનમાં આરામ લેવા બેઠો હતો. ત્યાં કનકશેખરના પરિચારકો ફરવા આવેલા. એમણે મને ઓળખી લીધો અને રાજાશ્રી પાસે જઈ મારા ઉદ્યાનમાં આવ્યાના સમાચાર આપ્યા.

સમાચાર મળતાં જ એમને થયું કે નંદિવર્ધન કુમાર એકલા અહીં આવ્યા છે, તેનું કાંઈ કારણ હોવું જોઈએ, એવો વિચાર કરતાં કનકચૂડ મહારાજા અને કનકશેખર યુવરાજ અલ્પપરિવારને સાથે લઈ સામે આવ્યા. એમણે મારૂં ઉચિત આતિથ્ય કર્યું. પછી કનકશેખરે એકાતમાં મને પૂછયું.

ભાઈ નંદિવર્ધન ! આમ એકલા આવવાનું શું કારણ બન્યું ?

મને થયું કે જો હું મારી સત્યવાત જણાવીશ તો એ આને નહિ ગમે. ન ગમે તેવી વાત કહેવાનો શો અર્થ? કહેવા જતાં બધેથી વિપરીત ઉત્તર સાંભળવા પડે છે. એમ વિચારી કહ્યું.

ભાઇ ! એ વાત તું જવાદે, વાતમાં કાંઈ માલ નથી. ન સાંભળવી એજ વધુ ઉત્તમ છે.

શું એ વાત મારાથી પણ ગુપ્ત રાખવા જેવી છે? મેં કહ્યું, હા.

હે મિત્ર! એમ ન બને. તારે એ વાત મને જણાવવી પડશે. એના વિના મને ચેન નહિ પડે. ગુપ્ત વાત હશે તો બીજાને એની જાણ નહિ થવા દઉં. તું વિશ્વાસ રાખ. મારાથી તું છાનું છાનું રાખે એ કાંઈ ઠીક કહેવાય?

હે સરોજનેત્રે! મને વિચાર થયો કે આ કનકશેખર મારી આજ્ઞાનો અનાદર કરે છે? ઠીક ત્યારે, આ ભાઈસાહેબને પણ મજા બતાવી દઉં! એમ વિચારી મારી કમરમાંથી મેં કટારી ખેંચી કાઢી.

હાથ ઉગામી કનકશેખરને કટારી મારવા દોડ્યો ત્યાં કનકચૂડ વિગેરે બેબાકળા થઈ દોડી આવ્યા.

કનકશેખરની ધર્મશ્રદ્ધાથી અને એના સાત્વિક ગુણોથી આકર્ષાએલા દેવતાએ એ બધાનાં જોતાં જ ત્યાંથી ઉપાડ્યો અને ક્ષણવારમાં કનકચૂડના દેશની સીમાના છેડે મને મૂકી દીધો.

## અંબરીષ જાતના ચોરોને ત્યાં થએલી મારી દુર્દશા

જે સીમાડે મને મૂકવામાં આવ્યો તે અતિ ભયંકર હતો. ત્યાંથી અંબરીષ ચોરોની પલ્લી ઘણી નજીકમાં હતી. અંબરીષ ચોરો મારી સમીપમાં આવ્યા.

મારો એક હાથ ઉગામેલો અને એમાં કટારી, આંખોના ડોળા કાઢેલા, ભવાં ઉપર ચડેલા, કપાળમાં ક્રોધથી કરચલીયો પડેલી, એવી આકૃતિમાં પત્થરમૂર્તિ જેવો જડ થઇ ગએલો.

વીરસેન વગેરે ચોરોએ મને તરત ઓળખી લીધો. એમની સાથે મારે પહેલાં યુદ્ધ થએલું એમાં હું વિજયી બનેલો. તેથી મને પોતાના સ્વામી તરીકે સ્વીકારેલો. એટલે તરત જ મારા ચરણોમાં ઝૂકી પડયાં.

હે સ્વામિન્! આપ આવી પરિસ્થિતિમાં શાથી આવી પડયા? શું બન્યું? એમ મને વારંવાર પૂછયું. પણ હું ઉત્તર આપવા સર્વથા અસમર્થ હતો કારણ કે દેવતાના પ્રભાવથી હું નિર્જીવ મૂર્તિ તુલ્ય બની ગયો હતો. મારી જીભ પણ ચાલતી ન હતી.

મને મુંગો જોઈ ચોરોને ઘણું આશ્ચર્ય થયું. બેસાડવા માટે સુંદર આસન લાવ્યા પણ હું બેસી શકવા સમર્થ ન થઈ શકયો. દેવતાએ બરોબર સજ્જડ કરી મૂકયો હતો.

મારી આવી અવદશા જોઈ એ લોકો દીન જેવા બની ગયા. એમના મુખો પણ દયામણા બાળકો જેવા થઇ ગયા. આ જોઈ દેવતાને એ લોકો ઉપર કરુણા આવી અને મને છૂટો કર્યો. મારા અંગોપાંગ હાલવા ચાલવા લાગ્યા. એ જોઈ અંબરીષોને ઘણો હર્ષ થયો. આસન ઉપર પ્રેમપૂર્વક બેસાડયો.

બેસાડીને મને પૂછ્યું કે આપની આવી હાલત કેમ?

મારા મનમાં થયું. અરે! જ્યાં જ્યાં જાઉં છું, ત્યાં આનો આ એક જ પ્રશ્ન? આ લોકોને બીજો કાંઈ ધંધો જ નથી? આ પાપાત્માઓને માત્ર પારકીજ પંચાત કરવાની છે? મને સુખપૂર્વક બેસવા પણ દેતા નથી. પ્રશ્નોની ઝડીયો વરસાવે અને ઉપરથી કહે કે તમે ખોટું કર્યું.

હજી મારામાં હિંસા અને વૈશ્વાનરનું જોર સારા પ્રમાણમાં હતું. તરત જ હાથમાં રહેલી કટારી હુલારી એક પછી એક જુઠાના સરદારને યમમંદિરે પહોંચાડવા લાગ્યો. કેટલાયને પહોંચાડી દીધા.

ઘણાં અંબરીષોએ ભેગા થઈ મને પકડી લીધો. હાથમાંથી કટારી પડાવી લઈ ચોરને બાંધે તેમ મને જોરથી મુશ્કેટાટ બાંધ્યો. એ વખતે દુખીયારા આ પ્રકરણને જોતાં અંતરમાં દુઃખી થયેલા સહસ્રકિરણ શ્રી સૂર્ય દેવતા પણ અસ્તાચલ ભણી ચાલ્યા ગયા.

રાત્રીના સમયે અંબરીષ ચોરોની વિશાળ સભા ભરવામાં આવી. "મારા આ પ્રકરણની વિચારણા કરવી" એ એમનો મુસદ્દો હતો. એના ઉપર વિચાર કરી, શું કરવું એ નિર્ણય લેવા માટે જ સભા ભરવામાં આવેલી. રજુઆત એક જણે કરી કે અરે, આ નંદિવર્ધન પહેલેથી આપણો શત્રુ હતો. પહેલાં યુદ્ધમાં આપણા શિરોછત્ર સ્વામી શ્રી પ્રવરસેનને આ દુષ્ટે મારી નાખેલ. આ વખતે દગાથી આપણા નિશસ્ત્ર ઘણા આગેવાનોને મારી નાખ્યા. આ નંદિવર્ધનને મારી નાખવો? અથવા બીજી સજા કરવી? કે શું કરવું?

સૌએ મળી ઘણાં વિચારો કર્યા અને અંતે એક નિર્ણય લેવામાં આવ્યો.

નંદિવર્ધનને યુદ્ધમાં આપણી હાર થયા પછી સ્વામી તરીકે સ્વીકારેલો. દેશ. વિદેશમાં એ વાતની જાહેરાત થઈ એથી મારવો ઠીક ન ગણાય. પોતાના સ્વામીની હત્યા કરી ગણાશે. સ્વામીદ્રોહી તરીકે આપણને અપયશ મળશે. માટે હત્યા કરીશું નહિ.

કેડમાં અગ્નિ રાખી ન મૂકાય તેમ નંદિવર્ધનને આપણી પલ્લીમાં રાખી ન શકાય. રાખીએ તો બીજી આપત્તિ વેઠવી પડે. એટલે એને બાંધી દૂર દેશાંતરમાં લઇ જવો અને ત્યાં જીવતો તજી દેવો. જે જીવો મહા અપરાધી હોવા છતાં વધ્યકોટીમાં ન આવે, તેમને આવી સજા કરવામાં આવે છે.

સૌએ આ નિર્ણયને માન્ય રાખ્યો.

એક ગાડલું મંગાવવામાં આવ્યું. મને ગાડા સાથે મજબુત રીતે બાંધવામાં આવ્યો. હું મોટેથી રડવા લાગ્યો તેથી મોઢામાં ડૂચા ભરી દેવામાં આવ્યા.

સારા તેજસ્વી વેગીલા બળદની જોડી ગાડલે જોડવામાં આવી. ગાડલું હંકાર્યું અને એક રાતમાં બાર યોજનની ભૂમિ ઓળંગી ગયા. એ રીતે પંથ કાપતા કાપતા “શાર્દૂલપુર” નગરની નજીકમાં આવેલ “મલ-વિલય” ઉદ્યાનમાં આવી પહોંચ્યાં.

ઘડામાં પુરેલા સર્પને સાવધાની પૂર્વક તજવામાં આવે તેમ મને તજીને ચોર લોકો પોતાની પલ્લી પ્રતિ વિદાય થઈ ગયા.

પ્રકરણ તેરમું

# મહારાજા અરિદમન

## મલવિલય ઉદ્યાનમાં વિવેક કેવળી

"મલવિલય" ઉદ્યાનમાં શીતળ અને શુદ્ધ પવન વાતો હતો. નિત્યવૈર ધરનારા પ્રાણીઓના વૈર શાન્ત થઈ જતા હતાં. વનલક્ષ્મી ચારે બાજુ ખીલી રહી હતી. છએ ઋતુઓએ પોતાનો પ્રભાવ બતાવવા પત્ર, પુષ્પ, ફલ વિગેરેના રૂપમાં ત્યાં વિદ્યમાનતા નોંધાવી.

પંછીઓના સમુહ આનંદિત થઈ કલકલ અવાજ કરતાં હતાં. ભમરાઓના વૃંદે સંગીતના સૂરોની જેમ મધુર ગણ-ગણાટ ચાલુ કર્યો. મોર ટહુકયાં અને કોયલ ટહુકી. સૌના હૃદયમાં આનંદ અને ઉમંગ જણાતા હતા. મારા હૃદયમાં શાંતિનું સ્થાન ન હતું, છતાં અહીં શાંતિ થતી જણાઈ.

આકાશમાર્ગે દેવતાઓ આવ્યા. એમણે ઉદ્યાન ભૂમિને સ્વચ્છ બનાવી. રજકણો ન ઉડે એટલા માટે જળ છંટકાવ કર્યો. ચો તરફ પુષ્પવર્ષા કરવામાં આવી. ઉદ્યાનના મધ્યભાગમાં વિશિષ્ટ રચનાવાળું સુવર્ણ કમળ બનાવવામાં આવ્યું. કોઈ મહાપુરૂષ એ સુવર્ણ કમળ ઉપર બેસી દેશના આપે એવી

વ્યવસ્થા હતી.

ઉદ્યાનમાં સર્વ વ્યવસ્થા સુવ્યવસ્થિત બની ગઇ એટલે દેવતાઓ શ્રી "વિવેક કેવળી"ના આગમનની પ્રત્તિક્ષા કરવા લાગ્યા. જે માર્ગેથી પધારવાના હતા, એ તરફ વારંવાર નિહાળવા લાગ્યા.

જેમની અધિરતા પૂર્વક રાહ જોતા હતા, તે શ્રી વિવેક કેવળી પધાર્યા. એઓ સૂર્ય સમા તેજસ્વી અને ચંદ્રસમ શીતળ હતા. ગુરૂપણાના સર્વ ગુણોને વરેલા અને આદર્શમૂર્તિ હતા. રાજહંસ માનસરોવરમાં ખીલેલ કમળપુષ્પ ઉપર બેસે તેમ શ્રી વિવેક કેવળી સુરવર વિરચિત જ્યોતિર્મય સુવર્ણકમળ ઉપર બિરાજમાન થયા.

સભાસ્થિત દેવોએ વિનય પૂર્વક વંદના કરી. નરનારીઓએ પણ એ રીતે વંદના કરી. સૌ યોગ્ય સ્થાને દેશના સાંભળવા બેઠા.

કેવળી ભગવંતની પ્રતિભા સહન કરવામાં અસમર્થ હિંસા અને વૈશ્વાનર મારા શરીરમાંથી બહાર નિકળી, ઉદ્યાન સભાના ક્ષેત્રની મર્યાદા બહાર જઇ અવળું મુખ કરીને બેઠા. હિંસા અને વૈશ્વાનરના વિરહ પ્રતાપે હું શાંતમૂર્તિ ક્ષમાશીલ મુનિ જેવો બની ગયો.

## રાજા શ્રી અરિદમનનું આગમન અને કેવળી ભગવંતની દેશના

"ઉદ્યાનમાં કેવળી ભગવંત શ્રી વિવેકાચાર્ય પધાર્યા છે"

આ સમાચાર શાર્દૂલપુરના રાજવી શ્રી અરિદમનને મળતાં અત્યંત હર્ષમાં આવી ગયા, કેવળી ભગવંતને વંદન કરવા પોતાના પુત્રી મદન મંજુષા, પોતાના અંતઃપુર અને પોતાના મંત્રીમંડલ વિગેરે રાજકીય પરિવાર સાથે મલવિલય ઉદ્યાનમાં પધાર્યાં.

સભાભૂમિમાં આવતાં અગાઉ મુગટ, છત્ર, શસ્ત્ર, પગરખા અને ચામર આ રાજ્યચિન્હોનો[1] ત્યાગ કર્યો. ગુરૂભગવંતની સમીપમાં જઈ વંદના કરી. અન્ય મુનિભગવંતોને પણ વિધિવત્ વંદના કરી. ગુરૂભગવંતના ગુણોની નિર્મળ અંતકરણ પૂર્વક સ્તુતિ કરી, શુદ્ધ ભૂમિ જોઈ દેશના સાંભળવા બેઠા. અન્ય જનસમુદાય પણ ત્યાં દેશના શ્રવણ કરવા બેસી ગયો.

શ્રી વિવેક કેવળી ભગવંતે મોહ તિમિરનો નાશ કરનારી દેશના આપી. દેશના સાંભળી ઘણાં ભાવિકોના હૃદય નિર્મળ બન્યા. આવરણો કેટલાય દૂર થઇ ગયા. કોઇએ ભવતારણી પ્રવ્રજ્યા સ્વીકારી, તો કોઇએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો સમ્યકત્વ અને માર્ગાનુસારીતા ગુણને કેટલાય પામ્યા.

---

૧ ત્યાગી પુરૂષો પાસે જતાં અગાઉ રાજ્યસત્તા અને પોતાની મહત્તા દર્શાવતી વસ્તુઓનો રાજાએ ત્યાગ કરવાનો હોય છે. આર્યદેશોમાં ત્યાગી પુરૂષોની મહત્તા કેટલી છે. અને એમના પ્રતિ કેવો આદર હોય છે એ આ રાજ્યચિન્હોના ત્યાગ કરવાની સુરીતિથી આપણને ખ્યાલ આવે છે.

## નંદિવર્ધન માટે પ્રશ્ન

રાજાને થયું કે આચાર્ય ભગવંત કેવળજ્ઞાનના ધારક છે. એમના જ્ઞાનના પ્રકાશમાં કાંઈ અજ્ઞાત રહેતું નથી. સર્વકાળ અને સર્વભાવના જાણ છે. એટલે મારા મનમાં રહેલી શંકાને પૂછી સમાધાન મેળવું. આ વિચાર કરી ગુરૂદેવને પૂછ્યું.

ગુરૂદેવ! આ મારી પુત્રી મદનમંજુષા છે. મહારાજા શ્રી પદ્મના સુપુત્ર શ્રી નંદિવર્ધન કુમાર સાથે તેનું વેવિશાળ કરવા માટે જયસ્થલ નગરે મારા મંત્રી શ્રી સ્ફુટવચનને મોકલ્યાં હતા, આજે એ વાતને મહિનાના મહિના વહી ગયા. સ્ફુટવચનની તપાસ કરવા ઘણા રાજપુરૂષોને મોકલ્યા, પણ એનો કાંઈ પત્તો લાગ્યો નહિ.

શોધ કરવા ગએલા પુરૂષો પાછા આવ્યા. એમણે જણાવ્યું કે જયસ્થળનગર બળીને ભસ્મીભૂત બની ગયું છે. દેશ પણ ઉજ્જડ વેરાન બની ગયો છે. મંત્રીશ્વરની શોધ અમારે કયાં અને કેવી રીતે કરવી? જયસ્થળમાં બળેલા ખંડેરો જ ખંડેરો દેખાય છે. બીજું કાંઈ નજરે ચડતું નથી.

આ વાત સાંભળી મને ઘણું જ દુઃખ થયું. અરે! આવો સુંદર પ્રદેશ વેરાન કાં બની ગયો હશે? શું કુદરતી ઉત્પાત થયો હશે કે અંગારાનો વરસાદ વરસ્યો હશે? કોઈ દુશ્મન દેવતાએ બાળી નાખ્યું નહિ હોય ને? કે કોઈ મુનિને સંતાપ આપ્યો હોય અને એમણે શ્રાપ આપી

બાળીને ખાખ તો નહિ કર્યું હોય ને? નગરમાં આગ લાગવાથી આવો બનાવ બન્યો હશે કે વિરોધી દુશ્મનોએ ચારેબાજુ આગ લગાડી નગર બાળી નાખ્યું હશે?

મેં ઘણાં વિચારો કર્યા. પણ નગર કેમ બળી ગયું, આજુબાજુનો પ્રદેશ કેમ ઉજ્જડ બની ગયો એ આજ સુધી મારા સમજવામાં આવ્યું નથી. એનો કાંઈ નિવેડો લાવી શક્યો નથી. મને એ સંબંધી દુઃખ હતું અને સંશય પણ હતો. એમાં આપશ્રીના પતિતપાવન દર્શન થવાથી દુઃખ તો વિદાય થઈ ગયું. મારો શોક ઓગળી ગયો. આપનું નિષ્કલંક અને નિર્મળ મુખારવિંદ નિહાળતાં આનંદ આનંદ થઈ ગયો પણ મારી શંકાનું સમાધાન થયું નથી.

## પ્રશ્નોત્તર

વિવેક કેવળી–રાજન્! સામે નજર કરો. આ સભાક્ષેત્રની નજીકમાં જેના હાથપગ મજબુત બાંધેલા છે, મોઢામાં ડૂચા ભરેલા છે, અને વાંકો વળી ગયેલો, દીન દુખીયો માનવી દેખાય છે?

અરિદમન–હાજી ગુરૂદેવ! હું એ માનવીને સારી રીતે જોઈ શકું છું.

વિવેક કેવળી–એ માનવીએ જ જયસ્થલ નગર બાળીને ભસ્મીભૂત કરી નાખ્યું છે.

અરિદમન–હે ભગવંત! આ માનવી કોણ છે?

વિવેક કેવળી–નરપતિ! એ પોતે જ આપના જમાઈ-

રાજ નંદિવર્ધન કુમાર છે.

અરિદમન–ઓ ભંતે ! આ આપ શું કહી રહ્યા છો ? નંદિવર્ધન કુમારે આવું અપકૃત્ય શા માટે કર્યું હશે ? અહીં આવી દશામાં ક્યાંથી આવી પડયો ?

આ પ્રશ્નના ઉત્તરમાં ગુરૂદેવે સ્ફુટવચન મંત્રી સાથે શ્રી પદ્મરાજાની સભામાં જીભાજોડી થતાં નંદિવર્ધને હત્યા કરી અને પછીનો બધો ઈતિહાસ કહ્યો. છેલ્લે ચોરો મલવિલય ઉદ્યાનમાં મુકી ગયા એ જણાવ્યું.

મારૂં આ ચરિત્ર સાંભળી સભામાં સૌને આશ્ચર્ય થયું. અરિદમન રાજા પણ આશ્ચર્યથી આભા બની ગયા. રાજાને કરૂણા આવી અને મનમાં વિચાર કર્યો કે આ બિચારાને બંધન મુક્ત કરી દઉં અને મોઢામાંથી ડુચા દૂર કરૂં.

પણ બીજી ક્ષણે વિચાર ફરી ગયો. આના બંધનો છોડાવા યોગ્ય નથી. ગુરૂભગવંતે હમણાં જ આ ભાઈ સાહેબના પરાક્રમો આપણને જણાવ્યા છે. જો આને છોડીશું તો અહીંયા જ કંઈક ઉત્પાત કરશે અને આપણને ધર્મદેશના સાંભળવામાં વિઘ્ન થશે. બંધાએલો છે એજ હાલમાં સારો છે. જેમ છે તેમ જ પડયો રહેવા દો. આવા ક્રૂર આત્મા દયાપાત્ર પણ નથી રહેતા. એમની દયા કરવા જતાં બીજાને આપત્તિના ભોગ થવું પડતું હોય છે.

અરિદમન રાજાને બીજી શંકા થઇ અને ગુરૂ ભગવંતને પૂછ્યું.

હે ભગવંત! ઉદ્યાનમાં સર્વ જાતીય વૃક્ષો હોય છે અને એ ઉદ્યાનની શોભા ગણાય છે, તેમ નંદિવર્ધન કુમારમાં સર્વ જાતિય ગુણો હતા અને એથી જગતમાં યશસ્વી અને શોભારૂપ ગણુતો હતો એમ અમે સૌએ એ સાંભળેલું. તો આવા ગુણુશીલ આત્માએ અતિક્રૂર દુષ્કર્મ કાં કર્યું હશે?

વિવેક કેવળી–આ ક્રૂર કર્મ કરવામાં બિચારા નંદિવર્ધનનો કંઈ વાંક નથી. ખરી રીતે એ સર્વગુણોનું સ્થાન છે. પરમ ગુણુશીલ પુરૂષરત્ન છે.

અરિદમન–જો આપ કહો તેમ હોય, તો પછી દોષ કોનો?

વિવેક કેવળી–રાજન્! પેલી બાજુ જુવો. ત્યાં એક શ્યામ વર્ણું માનવીનું યુગલ દેખાય છે?

અરિદમન–જી ભંતે! બરોબર દેખાય છે.

વિવેક કેવળી–આ બધા દોષનું કારણુ એ યુગલ છે.

અરિદમન– એ યુગલમાં એક નર છે ત્યારે બીજી નારી જણાય છે.

વિવેક કેવળી–તમે જોયું છે તે બરોબર છે.

અરિદમન–ભદંત! આ બે કોણુ છે?

વિવેક કેવળી–એ "મહામોહ" રાજાનો પૌત્ર અને "દ્વેષગજેન્દ્ર"નો પુત્ર થાય છે. એની માતાનું નામ "અવિવેકતા" છે. એનું નામ "વૈશ્વાનર" છે. માતાપિતાએ પહેલાં "ક્રોધ" નામ આપેલું, પણ મોટો થતાં એનામાં ગુણો ઘણાં વધવા લાગ્યા તેથી સબંધીઓએ ગુણને અનુરૂપ એનું નામ

"વૈશ્વાનર" પાડ્યું.

અરિદમન–પેલી શ્યામ વર્ણા નારી કોણ છે ?

વિવેક કેવળી–દ્વેષગજેન્દ્રનો પ્રિય સંબંધી "દુષ્ટાભિસંધી" રાજા છે. એને "નિષ્કરુણતા" રાણી છે. એમના આ પુત્રી થાય છે અને એનું નામ "હિંસા" છે.

અરિદમન–ભગવન્ત ! આ બેનો નંદિવર્ધન કુમાર સાથે સંબંધ કેવી રીતે થયો ?

વિવેક કેવળી– આ બન્ને જણા નંદિવર્ધન કુમારના અંતરંગ રાજ્યના મિત્ર અને પત્ની તરીકે રહેલાં છે. નંદિવર્ધન એમને આધીન બની ગયો છે. પોતાનું હૃદય મિત્ર અને પત્નીને આપી દીધું છે. તેથી ધર્માધર્મ, હિતાહિત, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેયનું ભાન કે હેયોપાદેયના વિવેકનો ખ્યાલ જરા પણ જાણી શકતો નથી.

બાળપણમાં વૈશ્વાનરની મિત્રતાના કારણે નિરપરાધ બાળકોને મારતો, અધ્યયન આપનાર અધ્યાપકની મશ્કરી કરતો અને હિતશિક્ષા આપનાર વિદુર જેવા શાણા માનવીને પણ ઘણો મારેલો.

યુવાવસ્થામાં વૈશ્વાનર અને હિંસા એ બન્ને એના પ્રિય સાથીદાર બન્યા. નિરપરાધી પ્રાણીઓની શિકાર દ્વારા હત્યાઓ આદરી, શિકારને વ્યસન બનાવી દીધું. જનતામાં ઉદ્વેગ ફેલાવ્યો. ક્રૂરતા ભર્યાં યુદ્ધો કર્યા. તમારા મંત્રી સ્ફુટવચનની નિર્મમ હત્યા કરી. માત, તાત, ભ્રાત, ભાર્યા, ભગિની વિગેરેના

ખૂન કર્યા. નગરને ભડકે બળતું કરી નાખ્યું. વિભાકર જેવા સ્નેહી ઉપકારીને યમમંદિરે વિશ્વાસઘાતથી પહોંચાડી દીધો. કનક શેખર જેવા ધર્માત્માને મારવા પ્રયત્ન કર્યો. ચોરોના આગેવાનોની ક્રૂર હત્યાઓ કરી અને દુઃખી થતો આ ઉદ્યાનમાં એ આવી પહોંચ્યો છે.

હે રાજન્! આ બધા અપરાધોનું મૂળ હિંસા અને વૈશ્વાનર છે. નંદિવર્ધન કુમાર અનંતજ્ઞાન અનંત દર્શન, અનંત ચારિત્ર વિગેરે અનંતગુણનો અધિપતિ આત્મા છે. ગુણીયલ અને ભાગ્યવંત છે.

અરિદમન– ભંતે ! અમે તો જનવાયકા દ્વારા આપના કથન કરતાં નંદિવર્ધનને જુદી રીતે સાંભળેલા. અમે તો સાંભળ્યું હતું કે નંદિવર્ધન કુમાર નિર્મળ કુળ અને નિર્મળ ગોત્રમાં ઉત્પન્ન થયા છે. અને એમનામાં ઘણા ગુણો છે. કુળની કીર્તિ ઘણી વધારી છે. નગરમાં સૌને એમનાથી સંતોષ હતો.

મોટા થતાં સૌને પોતાના ગુણોથી આકર્ષી લીધા હતા. મહાપરાક્રમી શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવા દ્વારા એમના યશની પ્રભા ચોતરફ ચંદ્રની જ્યોત્સ્નાની જેમ ફેલાઈ હતી. એમના ગુણની યશોગાથા સાંભળતા મારી પુત્રી મદનમંજુષા એમના પ્રતિ આકર્ષાણી હતી. વળી જે કાંઈ સારૂં ગણાય એ બધું નંદિવર્ધન કુમારમાં હતું. તો એ વખતે આ હિંસા અને વૈશ્વાનર યુગલ સાથે ન હતું ?

વિવેક કેવળી–એ વખતે પણ આ યુગલ હતું. પરંતુ

નંદિવર્ધન ગુણીજનમાં ગવાતો એનું કારણ બીજું જ હતું.

અરિદમન–ભગવંત ! શું કારણ હતું ?

વિવેક કેવળી–એ વખતે "પુણ્યોદય" નામનો કુમારનો ગુપ્ત મિત્ર અને સહચર સાથે હતો. એ પુણ્યોદયમિત્રના કારણે જ અવગુણી કુમારમાં ગુણો જણાતાં હતાં. સર્વત્ર યશ ફેલાતો હતો. યુદ્ધોમાં વિજયધ્વજ પણ એ ગુપ્ત સહચરને જ આભારી હતા, છતાં અલ્પમતિ નંદિવર્ધન માનતો હતો કે આ બધું હિંસા અને વૈશ્વાનરના સહયોગથી જ થાય છે.

પુણ્યોદયને થયું કે આવાના મિથ્યાભિમાનને પોષવું એ ઠીક ન ગણાય. દુષ્કર્મોના કારણે નંદિવર્ધન ઉપરનો સ્નેહ ઉભગી ગયો. જે વખતે સામાન્ય પ્રસંગમાં મંત્રી સ્ફુટવચનની હત્યા કરી ત્યારે જ પુણ્યોદય પણ રીસાઈને ચાલ્યો ગયો.

પુણ્યોદયના ચાલ્યા ગયા પછી હિંસા અને વૈશ્વાનરની શક્તિમાં વધારો થયો. એમણે નંદિવર્ધન પાસે એક પછી એક અનર્થો કરાવવાની શરૂઆત કરી અને આખરે આવી દયાજનક પરિસ્થિતિમાં લાવી મૂક્યો.

અરિદમન–ભગવંત ! નંદિવર્ધન સાથે હિંસા અને વૈશ્વાનરનો સંબંધ કેટલા વખતથી થયો છે ?

વિવેક કેવળી–એ બન્નેનો સંબંધ અનાદિ કાળથી થએલો છે. ગુપ્ત રીતે સાથે જ રહેતા હતા. પરન્તુ શ્રી પદ્મરાજાના–

ત્યાં શ્રી નંદાદેવીની કુક્ષીથી નંદિવર્ધન કુમાર તરીકે જન્મ થયો ત્યારથી હિંસા અને વૈશ્વાનર પ્રગટ દેખાવમાં આવ્યા.

અરિદમન–નંદિવર્ધન કુમાર અનાદિ કાળનો છે?

વિવેક કેવળી–હા, એ અનાદિ કાળનો છે.

અરિદમન—જો એમ હોય તો શ્રી પદ્મરાજા અને શ્રી નંદાદેવીના પુત્ર છે, એવી પ્રસિદ્ધિ કેમ થઈ શકે ?

વિવેક કેવળી–"હું પદ્મરાજાનો પુત્ર છું" એ મિથ્યાભિમાન માત્ર છે. મિથ્યાભિમાનની વાત ઉપર કોઈ મદાર બાંધી શકાય નહિ.

અરિદમન–તો પછી નંદવર્ધનને ક્યાંનો માનવો?

વિવેક કેવળી–સત્ય હકિકતમાં નંદિવર્ધન કુમાર અસંવ્યહાર[1] નગરનો રહેનારો છે. તેથી તે અસંવ્યહારી કુટુંબનો ગણાય. આનું ખરૂં નામ તો સંસારીજીવ છે.

અરિદમન–ભદંત ! આ વિષયમાં મારી બુદ્ધિ પહોંચતી નથી. તો આપ કૃપા કરી વિસ્તાર પૂર્વક સમજાવો, તો જ હું આ વિષયના ગૂઢ રહસ્યને સમજી શકીશ.

વિવેક કેવળી–સાવધાન બની સાંભળો.

## ભવ પ્રપંચ

ગુરૂદેવે આ વખતે અસંવ્યવહાર નગરીથી આજસુધીનો મારો કરૂણ ઇતિહાસ સંભળાવ્યો.

અરિદમન રાજા પવિત્ર પુરૂષ હતો. સાધુભગવંતોના સમાગમમાં આવતો રહેતો હતો. અંતર નિર્મળ હતું. થોડા

---

૧ જુઓ પૃષ્ઠ ૭૭ પ્રકરણ ચોથું.

સમય પછી આત્મકલ્યાણના કલ્યાણપ્રદ માર્ગે પ્રયાણ કરનારો હતો. ભગવંતના વચનમાં સુશ્રદ્ધાળુ હતો, એટલે મારૂં ચરિત્ર સાંભળી એમને વિચાર આવ્યો કે પૂજ્ય ગુરૂદેવે નંદિવર્ધનના ચરિત્ર કહેવાના બહાના હેઠળ સંપૂર્ણ ભવપ્રપંચ બતાવી આપ્યો છે. અને ગુરૂદેવને પૂછ્યું. ગુરૂદેવ ! હું જે રીતે સમજ્યો છું તે બરોબર છે ને ?

વિવેક કેવળી–તમોએ જે વિચાર્યું છે તે બરોબર છે.

અરિદમન–આપશ્રીએ નંદિવર્ધનનું ચરિત્ર કહ્યું તે એનામાં જ આવું વર્તન હોય કે બીજા કોઈ પ્રાણીઓ માટે પણ આવું સંભવી શકે ?

વિવેક કેવળી સંસારમાં રહેતા સર્વ પ્રાણીઓ માટે આ જાતનું વર્તન સંભવી શકે છે. કારણ કે કર્મ પરિણામ મહારાજાના આદેશથી ભવિતવ્યતા દરેક પ્રાણીઓને જુદા જુદા ભવોમાં રખડપટ્ટી કરાવે છે. ત્યાં ક્રોધ, માન, માયા, લોભ વિગેરે અનેક શત્રુઓ ઘણે ઠેકાણે ઘણા આત્માઓને નંદિવર્ધનની જેમ અનેક દુઃખો ભોગવવા પામર બનાવે છે. ક્રોધાદિને આધીન બનેલા તેઓ દીન હીન બનીને અસંખ્ય યાતનાઓ અને દુઃખો ભોગવે છે.

અરિદમન—આપશ્રીએ નંદિવર્ધનનું સર્વ ચરિત્ર સંભળાવ્યું, એ દુઃખો શા શા નિમિત્તે થયા એ જણાવ્યું. આ વાત નંદિવર્ધને સાંભળી છે અને એજ રીતે જીવનમાં અનુભવી છે. તો આપના બોધની એના હૃદય ઉપર કાંઈ

અસર થઈ છે કે નહિ ?

વિવેક કેવળી-રાજવી ! ઉપદેશની અસર તો નથી થઈ પણ આ પ્રકારના મારા કથનથી એને મહાઉદ્વેગ જાગ્યો છે.

અરિદમન-શું આ જીવ અભવ્ય[1] તો નથી ને ?

વિવેક કેવળી-અભવ્ય નથી. પરન્તુ મારા હિતસ્વી વચનો એને નથી ગમતા. એમાં હજુ હિંસા અને વૈશ્વાનરની અસરો રહેલી છે. એની અસરતળે હોવાને લીધે સારી વસ્તુઓ ઉપર પણ અણગમો થાય છે.

વૈશ્વાનર એટલે ક્રોધ. એમાં પણ નંદિવર્ધનને અનંત અનુબંધ વાળો ક્રોધ છે મુનીંદ્રોએ 'અનંતાનુબંધી ક્રોધ' એવું નામ આપેલું છે. જ્યાંસુધી આ ક્રોધ હોય ત્યાં સુધી આત્માને સમ્યકત્વગુણની પ્રાપ્તિ થતી નથી અને નરકગતિમાં અનંતાનુબંધી કષાયો આત્માને લઈ જાય છે. આના પ્રતાપે નંદિવર્ધનને ઘણો કાળ સંસારમાં રખડવાનું છે. સંસારમાં હજુ ઘણા ઘણા દુઃખો એને ભોગવવાના બાકી છે.

અરિદમન-આ રીતે જોતા વૈશ્વાનર મહાશત્રુ ગણાયને ?

વિવેક કેવળી-હા ચોક્કસ.

અરિદમન-વૈશ્વાનર માત્ર નંદિવર્ધનનો મિત્ર થઈને રહ્યો છે કે બીજા આત્માઓ સાથે પણ મિત્રતા રાખી છે ?

## ત્રણ કુટુંબો

વિવેક કેવળી-આ વિશ્વમાં પ્રત્યેક આત્માને ત્રણ જાતના કુટુંબીજનો હોય છે.

---

૧ જે આત્મામાં મોક્ષમાં જવાની યોગ્યતા નથી હોતી તે અભવ્ય.

નમ્રતા, સરલતા, ઉદારતા, સંતોષ, ક્ષમા, જ્ઞાન, દર્શન ચારિત્ર, સત્ય શૌચ, નિર્મમત્વ વિગેરે પ્રથમ કક્ષાના કુટુંબી જનો છે. આ અંતરંગ પ્રદેશના કુટુંબીજનો છે. યોગી પુરૂષની જેમ ઘણીવાર દેખાય છે અને ઘણી વખત અદૃશ્ય પણ બની જાય છે. સમષ્ટિની અપેક્ષાએ અનાદિ અનંત અને વ્યક્તિની હિસાબે સાદિ અનંત, તેમજ સચ્ચિદાનંદ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિમાં આ કુટુંબ પરમ સહાયક થાય છે. પરહિત કાજે ઉદ્યમશીલ રહેવાનો આ કુટુંબીઓનો સ્વભાવ હોય છે.

અંતરંગ કુટુંબના બીજા સભ્યો ક્રોધ, માન, માયા, લોભ, અજ્ઞાન, હિંસા, અસત્ય, ચૌર્ય, મૈથુન, વાસના, ભય વિગેરે છે. આ કુટુંબ પણ દરેક જીવને હોય છે. ભવ્યોને પણ હોય છે. ભવ્યો મોક્ષમાં જતાં અગાઉ આ બધાનો સંપૂર્ણ નાશ કરે છે. પછી જ મોક્ષ થઈ શકે. અભવ્ય આત્માઓ સાથે અનાદિ અનંત નિત્ય સંબંધ આ કુટુંબ રાખે છે.

આ કુટુંબ પણ અંતરંગ છે. પ્રથમ કુટુંબની જેમ પ્રગટ થવું અદૃશ્ય થવું આ કુટુંબીઓને પણ સંભવે છે. વાસ્તવિક રીતે આ કુટુંબ અસાહજીક[1] છે. અકલ્યાણને કરનારૂં, સંસારની વૃદ્ધિ કરનારૂ, દુઃખોને વધારનારૂં અને મોક્ષથી દૂરને દૂર રાખનારૂં છે.

માતા, પિતા, ભાઈ, ભગિની, ભાર્યા, ભાભી,પુત્ર, મિત્ર, વિગેરે ત્રીજા પ્રકારનું કુટુંબ છે. આ બાહ્યકુટુંબ ગણાય છે.

---

૧ અસાહજીક આત્માની વિભાવદશામાંથી ઉત્પન્ન થએલું.

અનિયત અને અલ્પ સમયની મર્યાદા વાળુ હોય છે.

આ કુટુંબ કેટલીવાર હિતને કરે છે અને કેટલીવાર અહિત પણ કરે છે. આ કુટુંબનો એક નિયમ નથી. બાહ્ય-કુટુંબ સંસારવૃદ્ધિનું કારણ થઈ શકે છે અને મોક્ષ સહાયક પણ બની શકે છે. જે આત્માની જેવી ભવિતવ્યતા હોય તેવું બાહ્યકુટુંબ મળે છે.

હે રાજન્ ! જે ત્રણ કુટુંબનું વર્ણન કર્યું એમાં બીજા કુટુંબમાં વૈશ્વાનરનો સમાવેશ થઈ જાય છે. એટલે વૈશ્વાનર પણ દરેક આત્માનો મિત્ર છે. એ રીતે હિંસાનો પણ આમાં સમાવેશ થઈ શકે છે અને દરેક આત્માની પત્ની તરીકે ગણી શકાય.

આવી પરિસ્થિતિમાં સમજુ માનવીઓએ શું કરવું જોઈએ તે તમે સાંભળો.

સમતા, નમ્રતા, સરલતા, નિર્લોભિતા આદિ કુટુંબી જનોને જીવનમાં અપવાનવા જોઈએ. એ કુટુંબીજનોનું પાલન, પોષણ અને સંવર્ધન કરવું જોઈએ.

ક્રોધ, મદ, માન, માયા, હિંસા, ભય વિગેરે બીજા પ્રકારના અભ્યંતર કુટુંબીજનોનો પરિત્યાગ કરવો જોઈએ. સદા એના નાશ માટે જાગૃત રહેવું જોઈએ. જો આમને આધીન થયા તો ભવની ભયંકર ભૂતાવળમાં ફસાવી દુઃખના ડુંગર તળે ચગદી નાખશે.

માત, તાત, ભ્રાત, મિત્ર પુત્ર, પત્ની પરિવારવાળું

ત્રીજું કુટુંબ ઘણેભાગે અંતરંગ બીજા કુટુંબીજનોને પોષણ કરે છે. એટલે આ પણ પરિત્યાગ યોગ્ય જ ગણાય.

પ્રથમ કુટુંબનો સ્વીકાર, બીજાનો નાશ અને ત્રીજાનો પરિત્યાગ ત્યારે જ બની શકે કે જ્યારે સર્વ કલ્યાણમાળાના કારણભૂત પરમપાવની ભાવગતી દીક્ષાનો પ્રાણીઓ સ્વીકાર કરે.

## અરિદમન રાજાએ અમાત્ય આદિ સાથે કરેલો દીક્ષા સ્વીકાર

ગુરૂભગવંતના મુખથી તત્ત્વપૂર્ણ વાતો સાંભળી રાજાનું અંતઃકરણ શ્રદ્ધા, ભક્તિ અને પ્રીતિથી મઘમઘી ઉઠયું. બે હાથ જોડી પૂજ્ય ગુરૂભગવંતને નમ્રતાં પૂર્વક વિનંતિ કરી.

હે દયાના સાગર ! ભગવંત ! પૂર્વના પ્રબળ પુણ્યોદયના પ્રકર્ષના પ્રતાપે આપનાં જેવા પરમ પતિત પાવન પૂજ્યતમ પુરૂષોત્તમ ગુરૂભગવંતનો પુણ્ય સંયોગ પ્રાપ્ત થયો છે. તો હે કરૂણાના સ્વામી ! કરૂણા કરી જગતના પ્રાણીમાત્રને અભયદાન દેનારી દીક્ષા મને આપો.

વિવેક કેવળી–ધન્યવાદ. ધન્યવાદ. આવા ઉત્તમ કાર્યમાં વિલંબ ન કરવો જોઈએ. તમારી ભાવના ઘણી ઉત્તમ છે અને તમે ઘણાં સુયોગ્ય છો !

અરિદમન રાજાએ પોતાની સમીપમાં બેઠેલા વિમલ મતિમંત્રી તરફ નજર ફેરવીને મંત્રીશ્વરને જણાવ્યું.

હે મંત્રી ! પૂજ્યપાદ ગુરૂભગવંતના પુણ્યપ્રતાપે મને તત્ત્વજ્ઞાન સમજાઈ ગયું છે. કંચન, કામિની, કુટુંબ અને

કાયા ત્યાગ કરવા લાયક છે, અને ક્રોધાદિ કષાયો, અજ્ઞાન મિથ્યાત્વાદિ અંતરંગ કુટુંબનો મૂળથી નાશ કરવાનો છે. એ માટે સર્વજ્ઞ પ્રણિત માર્ગની મારે દીક્ષા અંગીકાર કરવાની છે. તો આ દિવ્ય અવસરને ઉચિત જે કરવાનું હોય તે ઉચિત રીતે કરો.

વિમલમતિ–હે દેવ ! મારે એકલાએ જ અવસર ઉચિત કરવાનું છે એમ નહિ, પણ આ આપના અન્તઃપુર, આપના સામન્તો અને આ સભાજનોએ પણ અવસરોચિત કરવાનું છે.

રાજાના મનમાં થયું કે મંત્રીના બોલવામાં કાંઈ રહસ્ય રહેલું છે. મેં તો દીક્ષા અવસરને ઉચિત જિનમહોત્સવ, રથયાત્રા, દાન, સાધર્મિકવાત્સલ્ય વિગેરે કરવાના આશયથી જણાવેલું પણ મંત્રીએ ગૂઢ ઉત્તર આપ્યો છે. એમાં ઉંડું રહસ્ય જણાય છે. તેથી રાજાએ ફરી પૂછ્યું.

મંત્રી ! એ કાર્યો માટે તમે જ સમર્થ છો, બીજા એમાં શું કરી શકવાના હતા ? એમની જરૂર પણ શી છે ?

વિમલમતિ–હે નરનાથ ! અમારા શિરછત્ર એવા આપે જે માર્ગ અપનાવવા ધાર્યો છે, એ આપના પવિત્ર અંતઃપુર, અમાત્યવર્ગ, સામન્તો અને સભાજનો માટે પણ સર્વથા સુયોગ્ય છે.

કારણ કે પૂ. ગુરૂભગવંતે પ્રત્યેક આત્માને ત્રણે કુટુંબો હોય છે. એમ આપણને જણાવ્યું છે. અને દરેક આત્માઓએ એ ત્રણ કુટુંબમાંથી પ્રથમનો સ્વીકાર, બીજાનો નાશ અને

અને ત્રીજાનો પરિત્યાગ કરવો જોઈએ એમ જણાવ્યું છે. આપશ્રીના એકલા માટે આ ઉપદેશ નથી આપ્યો.

અરિદમન–જો સૌ આ રીતે ભાગવતી દીક્ષા સ્વીકારે તો આપણા પરમ સૌભાગ્યની અને આનંદની વાત ગણાય.

વિમલમતિ–અરે! જેમાં આત્મહિત થતું હોય, એવો માર્ગ અપનાવવા કયો સુજ્ઞ ઉદ્યમશીલ ન બને?

આપ્રમાણે રાજા અને મંત્રીનો વાર્તાલાપ સાંભળીને ભારેકર્મી આત્માઓમાં કંપારી છૂટી. અરે! આ મંત્રી અમને જબરજસ્તીથી દીક્ષા અપાવી દેશે. આ તો આપણે માથે આપત્તિ આવી ગઈ. વિષય વાસનામાં આસક્ત હતા તેઓ થથરી ઉઠયા. મંત્રીએ આ બલા કાં ઉભી કરી. લાગ મળે ઘર ભેગા થવાનો વિચાર કરવા લાગ્યા.

જે આત્માઓ લઘુકર્મી હતા, એમને રાજા–મંત્રીની વાતથી ઘણો આનંદ થયો. શાન્ત અને સમજુ પ્રાણીઓને આ વાત ગમી ગઇ. એ સૌએ રાજાને વિનંતી કરી કે, આપશ્રીની જે આજ્ઞા થશે એનું પાલન કરવા અમો તૈયાર છીએ. આવા પુણ્ય અવસરનો લાભ કયો શાણો માનવી જતો કરે?

આ સાંભળી રાજાને ઘણો જ આનંદ થયો.

રાજા અને અન્ય મુમુક્ષ આત્માઓ ઉદ્યાનની સમીપમાં રહેલા "પ્રમોદવર્ધન" નામના જિનમંદિરે ગયા. હર્ષોલ્લાસ અને ભક્તિભાવ પૂર્વક સવિધિ સ્નાત્રપૂજા કરી. અષ્ટપ્રકારી

વિધિથી પરમાત્માની પૂજા કરી.

યાચકોને ખૂબ દાન આપવામાં આવ્યા. કારાવાસમાં રહેલા કેદીઓને મુક્ત કરવામાં આવ્યા. વ્યવહારને અનુરૂપ બીજા કાર્યો પણ કર્યાં.

છેલ્લે પોતાના પુત્ર "શ્રીધરકુમાર"ને બોલાવી અરિદમન રાજાએ રાજ્યાભિષેક કર્યો. રાજ્યતિલક કરવામાં આવ્યું અને મસ્તકે રાજમુકુટ પહેરાવામાં આવ્યો. રાજ્યનો ત્યાગ કરી અરિદમન રાજા વિગેરે સૌ શ્રી વિવેક કેવળી ભગવંત પાસે આવ્યા. વિનંતિ પૂર્વક દીક્ષા આપવા જણાવ્યું.

યોગ્ય આત્માઓ જાણી ગુરૂભગવંતે દીક્ષા આપી અને દેશના આપતાં જણાવ્યું કે–

હે મહાનુભાવો ! જે અપૂર્વ ભાવથી તમે સૌએ દીક્ષા અંગીકાર કરી છે એ રીતે જ પાલન કરજો. વિષયોનો વિપાક ઘણોજ કટુ અને ઝેરી હોય છે. કષાયો તો એથી પણ આગળ વધે તેવા ભયંકર હોય છે. વિષય અને કષાય એજ સંસાર છે. સંસારના નાશ માટે વિષય અને કષાયનો ત્યાગ આવશ્યક છે. વિષયકષાયનો નાશ એટલે સંસારનો નાશ. વિષય કષાય રૂપ અભ્યંતર શત્રુના નાશ માટે જ તમે સૌએ દીક્ષા લીધી છે. આ દીક્ષાનું પાલન અપ્રમત્ત પણે કરી આત્મમંગલ કરશો.

દેશના પછી સર્વમંગલ કર્યું. દેવતાઓ પોતપોતાને સ્થાનકે ગયા. શ્રી વિવેક કેવળી ભગવંતે સાધુ ભગવંતો સાથે અન્યત્ર વિહાર કર્યો.

પ્રકરણુ ચૌદમું

# ઉપસંહાર

## નંદિવર્ધનની દશા

હે ભદ્રે ! અગૃહીતસંકેતા ! અમૃતથી પણુ અધિક મીઠા અને મધુરાં ગુરૂભગવંતના વાચનામૃતો મને ન ગમ્યા. એમની દેશનાએ મને વધુ પરિતાપ આપ્યો.

સર્વ કેદિઓના બંધન છોડવામાં આવેલા, ત્યારે મારા બંધનો પણુ છોડવામાં આવેલ. હુ મુક્ત બન્યો હતો. દેવો ગયા અને ગુરૂ ભગવંતોએ વિહાર કર્યો એટલે હિંસા અને વૈશ્વાનરે ફરી મારા શરીરમાં પ્રવેશ કર્યો.

એ બેનો પ્રવેશ થતાં મારૂં હૃદય ફરી ભયંકર બન્યું. મને વિચાર આવ્યો કે દારિદ્રી સાધુઓએ મને આ નગરમાં ઘણો વગોવ્યો છે, મારી દુષ્ટતાનો પરિચય આપી દીધો છે. મારી લઘૂતા ફેલાવી છે. એટલે અહિં રહેવાથી મને જરાય લાભ નથી. બીજે ચાલ્યા જવું એજ વધારે સારૂં છે. આવો વિચાર કરી હું "વિજયપુર" પ્રતિ રવાના થયો.

## ધરાધર સાથે યુદ્ધ અને નંદિવર્ધનનું મરણ

હે અગૃહીતસંકેતે ! વિજયપુર નગરમાં "શિખરી" નામના રાજા હતા. એમને "ધરાધર" પુત્ર હતો. ધરાધર ગુણ અને સ્વભાવથી મારા સરખો હતો. એને વૈશ્વાનર મિત્ર અને હિંસા પત્ની તરીકે હતા. એ પણ પરાધીન તો હતો જ. મારા જેવો ક્રૂર અને નિર્દય હત્યારો હતો. પિતાએ દુષ્ટ સ્વભાવના કારણે ધરાધરને કાઢી મૂકયો. જંગલની અંદર રસ્તામાં મને સામે મલ્યો. મેં વિજયપુર તરફ જવાનો રસ્તો પૂછ્યો.

પરન્તુ દેશનિકાલની સજા થએલી હોવાના કારણે તે ઘણો જ આકુળ વ્યાકુળ હતો. એનું ધ્યાન મારા પ્રશ્ન તરફ ન હતું. મારા શબ્દો એના કાનમાં ગયા જ નહિ, ત્યારે મેં વિચાર કર્યો કે અરે ! આ ભાઈ સાહેબ મારા પ્રશ્નની પણ બેદરકારી રાખે છે ? મારા તરફ ધ્યાન આપતો નથી ?

હિંસા અને વૈશ્વાનરની પ્રેરણાથી મેં તરતજ કમરમાંથી કટાર કાઢી. હિંસા અને વશ્વાનરે ધરાધરને પણ ઉશ્કેર્યો એટલે એણે પણ મ્યાનમાંથી તલવાર બહાર ખેંચી કાઢી.

એક સાથે એકદમ જોરથી એકબીજા ઉપર અમે તૂટી પડયા અને પ્રહાર ઉપર પ્રહાર કરવા લાગ્યા. છેવટે અમે બંને ઘાયલ થઈ ઢળી પડયા.

હે કમળનેત્રા ! એક ભવમાં ભોગવી શકાય એવી જે અમારી પાસે ગૂટીકા હતી તે જીર્ણ થઇ ગઇ એટલે ભવિતવ્યતાએ અમને બીજી ગૂટિકા આપી.

## છઠ્ઠી નારકીમાં

આ જગતમાં "પાપિષ્ઠ નિવાસ"[૧] નામનું એક નગર છે. એમાં એક ઉપર એક એમ સાત પાડાઓ આવેલા છે, ત્યાં પાપિષ્ઠ નામના કુલપુત્રકો રહે છે. ભવિતવ્યતાએ આપેલી ગોળીના પ્રતાપે હું અને ધરાધર "પાપિષ્ઠ નિવાસ" ના "તમઃપ્રભા" નામના છઠ્ઠા પાડામાં ગયા. અમને પાપિષ્ઠ કુલપુત્રકનું રૂપ આપવામાં આવ્યું. અમો ત્યાંના વતની કહેવાણા.

ત્યાં ગયા પછી અમારા બેનું સામન્ય વેર હતું તે ઘણું વધી ગયું. એકબીજાને વારંવાર પ્રહાર કરતા અને મારતા હતા. આ પ્રમાણે દુઃખમાં સમય વીતાવતાં અમે બાવીશ સાગરોપમ પસાર કર્યા. ત્યાં સુખનો અંશ ન હતો. માત્ર દુઃખ જ હતું.

## ભવપરંપરા

બાવીસ સાગરોપમ પુરા થયા એટલે ભવિતવ્યતાએ અમને બન્નેને નવી ગોળી આપી. એના પ્રતાપે અમો પંચાક્ષનિવાસ નગરમાં પહોંચી ગયા અને ત્યાં ગર્ભજ સર્પ રૂપે ઉત્પન્ન થયા. પૂર્વના ક્રોધના લીધે અમારો વૈરભાવ જાગૃત થયો અને અમે યુદ્ધ કરવા લાગ્યા.

એ રીતે લડતાં અમારી ગોળી પૂર્ણ થઈ એટલે બીજી ગોળી આપી ભવિતવ્યતા અમને પાપિષ્ઠ નિવાસ નગરના ધુમપ્રભા નામના પાંચમાં પાડામાં લઈ ગઈ.

---

૧ પાપિષ્ઠ નિવાસ–સાતે નારકીનું સમુચ્ચય નામ રાખવામાં આવ્યું છે.

અહીં પણ અમે પરસ્પર ખૂબ લડયા. એ રીતે લડતાં લડતાં સત્તર સાગરોપમનો સમય મહાદુઃખમાં પસાર કર્યો. એ દુઃખનું વર્ણન વાણીથી કરી શકાય તેમ નથી.

ત્યાંથી વળી ભવિતવ્યતા અમને પંચાક્ષનિવાસ નગરમાં લઈ ગઇ અને ગોળીના પ્રયોગથી અમારૂં સિંહનું રૂપ બનાવ્યું. સિંહ તરીકે પણ અમે ઘણું લડયા અને વૈરની પરંપરા ચાલી. ગોળી જીર્ણ થતાં નવી ગોળી આપી.

એટલે એના બળે ભવિતવ્યતા અમને બન્નેને પાપિષ્ઠ નિવાસ નગરના પંકપ્રભા નામના ચોથા પાડામાં લઈ ગઈ. ત્યાં અમે પાપિષ્ઠ કુલપુત્રકો થયા. પરસ્પર કુટાતા પીટાતા અમે દસ સાગરોપમનો સમય પસાર કર્યો. એ સમયે અમારા ઉપર જે દુઃખના દરિયા ઠલવાયા એનું વર્ણન પણ કોઈ કરી શકે નહિ, એવું દુઃખ અમે વૈશ્વાનરના કારણે સહન કર્યું.

વળી ત્યાંથી ઉપાડી અમને બન્નેને ભવિતવ્યતાએ બાજ પક્ષીનું રૂપ આપ્યું. અમારા બન્નેમાં રહેલો વૈશ્વાનર ત્યાં પણ ઝળકી ઉઠયો અને એના પ્રતાપે અમારે મોટી મોટી લડાઈઓ થઈ.

વળી ભવિતવ્યતાએ નવી ગોળીનો પ્રયોગ કરીને પાપિષ્ઠ નિવાસ નગરીના વાલુકાપ્રભા નામના ત્રીજા પાડામાં અમને લઈ ગઈ. ત્યાં પણ અમે એક બીજાને તાડના તર્જના કરતાં. એક બીજાના ભૂક્કા બોલાવી દેતા.

એ ઉપરાંત ત્યાં ક્ષેત્રની ઘણી પીડાઓ થઈ, વળી પરમાધામી દેવતાઓએ ત્યાં અમને ઘણો ત્રાસ આપ્યો. અનેક જાતજાતના દુઃખો ભોગવતાં અમારો સાત સાગરોપમનો કાળ પસાર થયો.

ત્યાર પછી એક નવીન ગોળી આપીને ભવિતવ્યતા અમને પંચાક્ષનિવાસ નગરમાં લઈ આવી. અમને નોળીયાનું રૂપ આપ્યું. આટલી હેરાનગતિઓ અમે વેઠતા આવ્યા તો પણ અમારૂં વેર શાંત ન થયું. અમારી મારામારી બંધ ન થઈ. ક્રોધ અને ઈર્ષા બંધ ન થયાં. નોળીયા તરીકે પણ અમો એક બીજાને પ્રહાર કરતાં લોહી લુહાણ બનાવતા હતા.

એમ કરતા આપેલી ગોળી જીર્ણ થતાં નવી ગોળી અમને આપી. એ ગોળીના પ્રભાવથી પાપિષ્ઠ નિવાસ નગરના શર્કરાપ્રભા નામના બીજા પાડામાં ગયા. અમારૂં રૂપ ઘણુંજ બીભત્સ બનાવ્યું. એક બીજાનો દાટ વાળી નાખવાનો અમારો પ્રયત્ન ચાલુ જ રહેતો. પરમાધામીની અને ક્ષેત્રની વેદનાઓ પણ ચાલુ જ હતી. આ રીતે ત્રણ સાગરોપમનો સમય અમે દુઃખમાં જ પસાર કર્યો.

આ રીતે એક વાર "પાપિષ્ઠનિવાસ" નગરમાં અને "પંચાક્ષનિવાસ" નગરમાં, ત્યાંથી પાછા "પાપિષ્ઠનિવાસ" નગરમાં. એમ અહિંથી ત્યાં અને ત્યાંથી અહીં હડસેલા ખાતા અને પેલા ધરાધર સાથે લડાઈ કરતા રહેતા. આ પ્રમાણે ભવિતવ્યતાના યોગે અનેક રૂપો ધારણ કર્યા.

ઓ અગૃહીત સંકેતા ! મારી એક ગોળી પૂરી થાય ત્યાં બીજી નવી ગોળી આપે અને મારૂં રૂપ પરાવર્તન કરે. તેથી અસંવ્યવહાર નગર સિવાય બધેજ રખડવું પડે.

આ રીતે ઘાણીના બળદની જેમ ગોળ ગોળ ફરતાં મારો અનંતકાળ પસાર થયો. એ ચક્રાવામાં અસંવ્યવહાર નગર બાકાત રહેતું. એ સિવાય બધે ફેરો કરી આવ્યો.

## પ્રજ્ઞાવિશાલાની ચિંતવના

સંસારીજીવ પોતાનું વર્ણન કરતો હતો ત્યાં પ્રજ્ઞા વિશાલાએ વિચાર કર્યો કે, આ ક્રોધ વૈશ્વાનર ઘણો જ ભયંકર જણાય છે. હિંસા એ પણ ક્રોધથી બે આંગળ વધે એવી ભયંકર છે.

કારણ કે હિંસા અને વૈશ્વાનરને પરાધીન થએલો આત્મા મહાદુઃખ સંતાપોને જ સહન કરે છે અને પોતાના ભવ્ય માનવભવને હારી બેસે છે. એટલું જ નહી પણ એ બેને વશ બની નવી વૈર પરંપરા ઊભી કરે છે અને દુઃખમાં વધારો કરે છે.

હિંસા અને વૈશ્વાનરની શત્રુતા અનુભવ સિદ્ધ છે. આગમ શાસ્ત્રોમાં ડગલે પગલે એ વાત આવે છે. એ વાતનો પોતાના જીવનમાં અનુભવ હોવા છતાં પણ ક્રોધ–વૈશ્વાનરને તજી શકતા નથી. હિંસાનો ત્યાગ કરી શકતા નથી. કેટલો પરાધીન બની ગયો છે એ પણ પોતે સમજી શકતો નથી.

## શ્વેતપુરમાં આહેર

સંસારીજીવ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સદાગમની સાન્નિધ્યમાં ભવ્યપુરૂષ અને પ્રજ્ઞાવિશાલાની હાજરીમાં પોતાની વાત આગળ ચલાવતાં જણાવે છે કે—

સુલોચને ! અગૃહીતસંકેતે ! આ રીતે અનંતકાળ અનેક સ્થાનોએ રખડાવીને એક વખત ભવિતવ્યતા મને શ્વેતપુર નગરમાં લઇ ગઈ. મને ત્યાં આહેરનું રૂપ આપવામાં આવ્યું. મારો જુનો પુરાણો મિત્ર વૈશ્વાનર છૂપાઇ ગયો. અદૃશ્ય જેવો બની ગયો.

વૈશ્વાનરના અદૃશ્ય થવાના કારણે મારામાં કાંઈક શાંતિનો ગુણ આવ્યો. હું સાધારણ રીતે ગમ ખાતાં શિખ્યો. શીલધર્મ કે સંયમ વિગેરે વિશિષ્ટ આચરણ વાળું વર્તન ન હતું, છતાં દાનરૂચિ, ધર્મશ્રદ્ધા વિગેરે મધ્યમ ગુણવાળું મારૂં જીવન બન્યું, પરન્તુ એ બધું ઘર્ષણ-ધૂર્ણન ન્યાયની જેવું હતું.

મને આ રીતે સુધરેલો અને મધ્યમ ગુણવાળો જોઈ ભવિતવ્યતા મારા ઉપર પ્રસન્ન થઈ અને મારા જુના ગુપ્ત સહચર પુણ્યોદયને મારી સામે હાજર કરીને મને જણાવ્યું.

આર્યપુત્ર ! આપ સિદ્ધાર્થ નગરે પધારો. ત્યાં આપે

---

૧ ઘર્ષણ-ધૂર્ણન ન્યાય. નદીમાં અથડાતા પીટાતા પત્થર કેટલાક ગોળ થઇ જાય છે પણ કોઈ એને ગોળમટોળ કરવા જતું નથી. એમ આત્મા પણ વિકાશ ક્રમમાં ભવોમાં અથડાતો પીટાતો આગળ આવતો જાય છે. આમાં અનંત કાળ નીકળી જાય છે.

આનંદપૂર્વક રહેવાનું છે. આ પુણ્યોદય પણ આપની સાથેજ આવશે અને આપના વફાદર સેવક તરીકે રહેશે.

મેં શાહી હુકમને મક્કમતાથી પાલન કરાવનાર મારા પત્નીની આજ્ઞા માન્ય કરી. તે વખતે મારી જુની ગોળી જીર્ણ થઈ એટલે એક ભવ ચાલે એવી નવીન ગોળી મને આપવામાં આવી.

## અંતિમ અભિલાષા

इत्थं विपाकविरसं चरितं निशम्य,
बालस्य पद्मतनयस्य च सम्यगेतद् ।
स्पर्शं क्रुधं वधमतिं च विमुञ्चतोच्चै
र्भव्याः भवाब्धितरणे यदि वोऽस्ति वाञ्छा ॥

હે ભવ્યાત્માઓ ! તમે સંસાર સમુદ્ર પાર કરવા ઈચ્છા ધરતા હો,

તો–

સ્પર્શનની મિત્રતાના કારણે બાલની કેવી કરૂણા જનક અને હાસ્યાસ્પદ સ્થિતિ થઈ તેનો વિચાર કરો !

અને સ્પર્શનની મિત્રતા તજી દો ! !

તેમજ

મહારાજ શ્રી પદ્મ અને મહારાણી શ્રી નંદાદેવીના પુત્ર નંદિવર્ધન કુમારની મનથી માનેલા પ્રિયમિત્ર વૈશ્વાનર અને પ્રિયપત્ની હિંસાના કારણે કેવી કફોડી સ્થિતિ થઈ? કેવી ત્રાસજનક દશા ભોગવવાનો વારો આવ્યો ? એનો અંતર

સાથે વિચાર કરી વૈશ્વાનર અને હિંસાને સદા માટે સર્વથા ત્યાગ કરો!!!

इति आचार्यश्री श्रीचन्द्रसूरीश्वरशिष्यावतंसाचार्य श्री देवेन्द्रसूरिविरचिते उपमितिभवप्रपञ्चकथासारोद्धारे पञ्चमः प्रस्तावः समाप्तः

इति श्री तपागच्छीयाचार्य श्री विजयहर्षसूरिशिष्यावतंस पंन्यासप्रष्ठश्रीमंगलविजयगणिवराणं सत्प्रेरणया तपागच्छीयाचार्य श्री बुद्धिसागरसूरीश पट्टधराचार्य श्रीकीर्तिसागरसूरिपट्टधराचार्य श्री कैलाससागरसूरिलघु शिष्येण मुनिक्षमासागरेण

कृतो गूर्जरभाषायां भावानुवादात्मकः प्रथम-द्वितीय-तृतीय प्रस्तावस्वरूपोऽयं श्री उपमितिभवप्रपञ्चाकथासारोद्धारस्य प्रथमो विभागः समाप्तः

સમાપ્ત!!

# ઉપમિતિ સારોદ્ધાર

ભાગ ૧

